मजूर कल्याण प्रवृत्ति.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂર કલ્યાણ પ્રવૃત્તિ

[અમદાવાદ શહેરને મધ્યમાં રાખીને કરેલી તપાસ]

હીરાલાલ ભગવાનદાસ જરીવાલા

६३ग/२

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
२६६५२

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या ६३ श/२
पञ्जिका संख्या २६८५३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મહાદેવ દેસાઈ સ્મારકમાળા પુ૦ ૩

મજૂર કલ્યાણ પ્રવૃત્તિ

(અમદાવાદ શહેરને મધ્યમાં રાખીને કરેલી તપાસ)

હીરાલાલ ભગવાનદાસ જરીવાળા

પ્રકાશક તરફથી ભેટ

CHECKED 1973
Initial

નવજીવન કાર્યાલય
અમદાવાદ–૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૯

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૧,૦૦૦

પોણાબે રૂપિયા

મે, ૧૯૫૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

સ્વ. મહાદેવભાઈના સ્મરણાર્થે શરૂ કરવામાં આવેલી આ માળામાં અત્યાર સુધીમાં નીચેનાં બે પુસ્તકો પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે :

૧. ગાંધીજી (એક અધ્યયન) લે૦ શાંતિલાલ મગનલાલ દેસાઈ.

૨. ગુજરાતનું ગોધન (ગુજરાતનાં પશુઉછેર ક્ષેત્રોની તપાસ) લે૦ કમલાપતિ અંબાલાલ શુકલ.

તે માળાનું આ ત્રીજું પુસ્તક છે.

શ્રી મહાદેવ દેસાઈ સ્મારક ટ્રસ્ટની મદદથી વિદ્યાપીઠમાં શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય ઈ. સ. ૧૯૪૭ થી ચાલે છે. તેના વિદ્યાર્થીને, પોતાના અભ્યાસના એક વિષય તરીકે, પોતે પસંદ કરેલા કોઈ એક પ્રશ્નની તપાસ કરી તે ઉપર નિબંધ લખવાનો હોય છે. તેવા નિબંધોમાંથી છપાવવા યોગ્ય નિબંધો આ માળામાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. ભાઈ હીરાલાલ જરીવાળા સને ૧૯૫૦ માં સ્નાતક થયા. તે અંગે આ નિબંધ તેમણે તૈયાર કર્યો હતો. તેના પરીક્ષકો તરીકે, અમદાવાદમાં મુંબઈ સરકાર તરફથી ચાલતા મજૂર કલ્યાણ કેન્દ્રના તે વખતના અધિકારી શ્રી. મોહનલાલ વ્યાસ અને અમદાવાદ મજૂર મહાજન સંઘના સમાજસુધારા વિભાગના અધિકારી શ્રી. મનહરલાલ શુકલ હતા. તે બંનેએ નિબંધને પાસ કરી પહેલી શ્રેણીને લાયક ગણ્યો હતો અને કેટલાક સુધારાવધારા સાથે છપાવવા યોગ્ય માન્યો હતો. તેમની સૂચના મુજબ તેમાં જરૂરી સુધારાવધારા કરીને તે બહાર પાડવામાં આવે છે. તેમાં સરકાર, મજૂર મહાજન અને મિલમાલિકો તરફથી મજૂરોને માટે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ તપાસવામાં આવી છે. આશા છે કે, મજૂરોની ઉન્નતિ માટે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ સમજવા માટે આ નિબંધ ઉપયોગી થશે. શ્રી. મોહનલાલ વ્યાસે આ પુસ્તકનો ઉપોદ્‌ઘાત લખી આપીને આ નિબંધને અદ્યતન કરવામાં સવિશેષ મદદ કરી છે, તેની આ સ્થળે સાભાર નોંધ લઉં છું.

તા. ૨૪-૪-'૫૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાનિબંધ લખ્યો હતો. સમાજસેવા વિદ્યાલયે આ નિબંધ પ્રગટ કરવાનું ઉચિત માન્યું છે. દેશની આજની પરિસ્થિતિમાં મજૂર કલ્યાણ પ્રવૃત્તિઓનું સ્થાન અતિ મહત્ત્વનું છે. આ પ્રવૃત્તિઓનો ઉત્તરોત્તર વિકાસ થતો જાય છે. એવે વખતે આ પ્રકાશન મજૂર કલ્યાણ પ્રવૃત્તિ-ઓમાં કામ કરતા કાર્યકરોને અને આ કાર્યમાં રસ લેતા અન્ય વાચકોને ઉપયોગી થઈ પડશે.

પાંચ મહત્ત્વનાં પગલાં

આ મહાનિબંધ લખાયા પછીનાં ત્રણ વર્ષના ગાળામાં મજૂર વર્ગની સ્થિતિ સુધારવામાં દૂરગામી પરિણામો લાવનાર પાંચ મહત્ત્વનાં પગલાંઓ લેવાયાં છે: એક તો સન ૧૯૪૮ ના રાજ્ય–વીમા-ધારાનો, સન ૧૯૫૨ માં દિલ્હી અને કાનપુરમાંથી અમલ કરવો શરૂ કર્યો તે; બીજું સન ૧૯૫૨ નો ઔદ્યોગિક મજૂરો માટેનો પ્રોવિડંટ ફંડનો કાયદો; ત્રીજું પંચવર્ષીય યોજનામાં જાહેર થયેલી મજૂરોના ઉત્કર્ષ અંગેની રાજ્યનીતિ અને કાર્યક્રમ; ચોથું ઔદ્યોગિક મજૂરો માટે સરકારી રાહત અને સસ્તા વ્યાજે લોન પૂરી પાડતી વસવાટોની યોજના; અને પાંચમું મુંબઈ રાજ્યમાં મજૂર કલ્યાણ પ્રવૃત્તિઓના સંચાલન માટે અલગ ભંડોળની સ્થાપના કરતો કાયદો. આ પાંચે પગલાંઓની વિગતવાર માહિતી વાચકોને ઉપયોગી હોવાથી અત્રે આપું છું.

સામાજિક વીમાની યોજના મજૂરોની આર્થિક ચિંતાઓ દૂર કરવા માટે છે. મજૂરવર્ગ નાની મોટી અનેક આર્થિક વિટંબણાઓથી ઘેરાયેલો રહે છે. બેકારીનો હાઉ એને હમેશાં ડારે છે. એને ખબર નથી હોતી કે ક્યારે એ બેકાર બની જશે. એની નોકરીની સ્થિરતા નથી. ઘડપણમાં એનું શું થશે એ ચિંતા સતત રહ્યા કરે છે. જ્યાં સુધી એના કાંડામાં જોર છે ત્યાં સુધી તેને હિંમત હોય છે. પરંતુ વૃદ્ધાવસ્થા કોઈને છોડતી નથી, અને એ વખતે એની કૌટુંબિક જવાબ-દારીઓનું શું થશે એ વિચારો તેને વ્યાકુળ બનાવે છે. માંદગીમાં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવડો માર પડે છે. આવક બંધ થાય અને સારવારનો ખર્ચ વધે. બચત પાસે હોય નહિ અને નાણું કોઈ ધીરે નહિ. આ હાલતમાં શું કરવું એ વિચાર એને સતત મૂંઝવે છે. દરેક મજૂરને તેના જીવનકાળમાં વેવિશાળ, લગ્ન, સીમંત, આણુંપરિયાણું, સગાંવહાલાંને ત્યાં પ્રસંગો, મરણક્રિયાઓ, ધાર્મિક પ્રસંગો વગેરેમાં અનેક સામાજિક કાર્યો કરવાનાં આવે છે. આ વખતે ખરચાઓ થાય એ સ્વાભાવિક છે. જ્યાં સુધી આપણા રીતરિવાજોમાં સાદાઈ, સરળતા અને કરકસર દાખલ ન થાય ત્યાં સુધી ઇચ્છા અનિચ્છાએ આ બધાં કાર્યો વિધિસર પાર પાડવાં રહ્યાં. એને પહોંચી વળવાની ચિંતા પણ મજૂરોને રહે છે.

આ ચિંતાઓ કેટલેક અંશે દૂર થઈ શકે એ માટે ભારત સરકારે ઔદ્યોગિક મજૂરો માટે રાષ્ટ્રીય વીમાની યોજના સન ૧૯૪૮ માં ઘડી હતી. તેનો અમલ સન ૧૯૫૨ માં દિલ્હી અને કાનપુરથી શરૂ કરવામાં આવ્યો છે. આનો લાભ અત્યારે દોઢ લાખ મજૂરોને મળતો થયો છે. પરંતુ ધીમે ધીમે આ યોજના ભારતનાં તમામ ઔદ્યોગિક સ્થળોમાં અમલમાં આવી જશે ત્યારે તે ૨૫ લાખ મજૂરોને આવરી લેશે.

આ યોજના અનુસાર મજૂરોને ચાર પ્રકારના લાભ મળે છે: (૧) માંદગી દરમિયાન મફત દાક્તરી સારવાર અને આઠ અઠવાડિયાં એટલે કે ૫૬ દિવસની અડધા પગારે રજાઓ; (૨) સ્ત્રી કારીગરને પ્રસૂતિ પહેલાં છ અઠવાડિયાં અને પ્રસૂતિ પછી છ અઠવાડિયાં એમ કુલ બાર અઠવાડિયાંની અડધા પગારે કે રોજના બાર આના જે વધુ હોય તે હિસાબે રજાઓ; (૩) કારખાનામાં ફરજ બજાવતાં થયેલી ઈજા માટે રોકડ મદદ અથવા જો ઈજાને લીધે કાયમી ખોડ રહી જાય તો કામ કરવાની ઘટેલી શક્તિના પ્રમાણમાં કાયમી આર્થિક મદદ અને (૪) અકસ્માતમાં જો મરણ નીપજે તો કુટુંબના આશ્રિતોને યોગ્ય વળતર અને મદદ.

આજે પ્રસૂતિમાં મદદ અને અકસ્માતમાં થયેલી ઈજા માટે વળતરના કાયદાઓ મુંબઈ રાજ્યમાં અમલમાં છે. તેના કરતાં આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોજના કેટલેક અંશે વધુ ઉદાર છે. આ યોજનાનો જે જે વિસ્તારોમાં અમલ થશે ત્યાં ત્યાં અત્યારે મુંબઈ રાજ્યના પ્રચલિત બન્ને કાયદાઓનો અમલ આપોઆપ બંધ થશે.

ઉપરની નવી યોજના ફરજિયાત છે. દરેક કારીગરને તેમાં દાખલ થવું પડે છે અને પગારના પ્રમાણુમાં અઠવાડિયે બે આનાથી માંડીને સવા રૂપીઆ સુધીનો ફાળો પડતો હિસ્સો આપવો પડે છે. કામદારો જે હિસ્સો આપે તેના કરતાં બમણો હિસ્સો માલિકને આપવાનો રહે છે. સરકાર વહીવટી ખર્ચમાં ફાળો આપે છે. આ રીતે આ યોજનામાં સરકાર, કામદારો અને માલિકો એમ ત્રણેનો ફાળો આવી જાય છે. આ યોજનાનો વહીવટ પણ ત્રણેના પ્રતિનિધિઓનું બનેલું એક મંડળ ચલાવે છે. આ મંડળની કાયમી સમિતિ વહીવટ પર દેખરેખ રાખે છે અને યોજનાનું સંચાલન કરે છે

પ્રૉવિડંટ ફંડની યોજનાનો કાયદો સન ૧૯૫૨ માં અમલમાં આવ્યો. આ કાયદો હાલ તુરત તો સિમેન્ટ, સિગારેટ, લોખંડ, પોલાદ, નાનાં મોટાં મિકેનીકલ અને ઇલેકટ્રીકલ ઓજારો અને કાપડના ઉદ્યોગમાં કામ કરતા કારીગરોને લાગુ પડશે. રાજ્ય વીમા યોજનામાં ઘડપણમાં રાહત આપવાની કોઈ જોગવાઈ નથી.એ ઊણપ પૂરી કરવા માટે આ કાયદો કરવામાં આવ્યો છે. આ કાયદા અનુસાર કામદારોને મોંઘવારી સાથે સાથે પગારની જે રકમ મળે તેના સવા ૭ ટકા એટલે રૂપિયે એક આનો પ્રૉવિડંટ ફંડમાં ભરવાનો રહેશે અને એટલી જ રકમ માલિક તરફથી ઉમેરવામાં આવશે. જો કોઈ કામદારને પોતાનો હિસ્સો વધારે આપવો હશે તો પોણા નવ ટકા એટલે રૂપિયે દોઢ આના સુધી ભરી શકશે. પરંતુ માલિકનો ફાળો રૂપિયે એક આનો રહેશે. આ યોજનાથી કામદારોને જરૂરી રાહત મળી રહેશે. જો કે આ રાહત પૂરતી નથી. વૃદ્ધાવસ્થા માટે કાયમી જીવાઈ મળવી જોઈએ. પરંતુ દેશના આજના આર્થિક સંજોગો જોતાં જે જોગવાઈ થઈ છે એનાથી સંતોષ માનવો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા દેશના ઇતિહાસમાં પંચવર્ષી યોજના એક સીમાચિન્હ બની રહેશે. આ યોજનાનો હેતુ રાષ્ટ્રીય સંપત્તિ વધારવાનો, તેની ન્યાયી વહેંચણી કરવાનો, લોકોમાં એકબીજાની કમાણી વચ્ચે જે વિશાળ અંતર પડી ગયું છે તે દૂર કરવાનો, મૂઠીભર માણસોના હાથમાં એકઠો થયેલો અમર્યાદિત ધનસંગ્રહ ઘટાડવાનો અને દરેક વ્યક્તિને પોતપોતાની શક્તિઓનો પૂર્ણ વિકાસ થાય એ માટેની પૂરેપૂરી તક મળે એવી સામાજિક પુનર્રચના કરવાનો છે. આ હેતુ પરિપૂર્ણ કરવા માટે શક્તિશાળી, સમજદાર અને કર્તવ્યનિષ્ઠ શ્રમજીવીવર્ગ આવશ્યક છે, એટલે પંચવર્ષી યોજનામાં આજના દબાયેલા, કચડાયેલા, શોષિત અને વિષમ પરિસ્થિતિમાં જીવન જીવતા મજૂરવર્ગને ઊંચો લાવવા માટે તેની જીવનની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે પૌષ્ટિક ખોરાક, પૂરતાં કપડાં, હવા-ઉજાસ, આધુનિક સગવડવાળાં ઘરો; શિક્ષણ, સંસ્કારસિંચન, વૈદકીય મદદ, શરીરસ્વાસ્થ્ય અને સામાજિક ઉત્કર્ષની પ્રવૃત્તિઓ માટેની સગવડો સંતોષકારક પ્રમાણમાં મળી રહે એ માટે માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરવામાં આવ્યા છે અને આવશ્યક કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

મજૂરોના ઉત્કર્ષ માટે સૌથી મહત્ત્વનો પ્રશ્ન ઉદ્યોગની સાથેના તેના સંબંધોનો છે. આ અંગે આયોજન પંચે જણાવ્યું છે કે, મજૂરોને ઉદ્યોગના સહભાગીદાર ગણવા જોઈએ, તેમનું ગૌરવ જાળવવું જોઈએ, તેમને આદર આપવો જોઈએ અને ઉદ્યોગના સંચાલનમાં તેઓનો અસરકારક અવાજ હોવો જોઈએ. સંચાલકો અને કામદારોની સંયુક્ત સમિતિઓ દ્વારા અગત્યના બધા જ નિર્ણયો લેવાવા જોઈએ. મજૂરોને તેમનાં મહાજનો બાંધવાનો અધિકાર મળવો જોઈએ અને ઉદ્યોગની બંને પાંખો વચ્ચે કોઈ પણ મતભેદ ઊભા થાય તો પરસ્પર વાટાઘાટથી સમજૂતી થવી જોઈએ. વાટાઘાટથી નિકાલ ન આવે તો મધ્યસ્થી, સમાધાન પંચ કે લવાદીથી પતાવટ થાય. આ ઉપરાંત આયોજન પંચે કેટલાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપસ્થિત થતા ઔદ્યોગિક ઝઘડાઓ માટે માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરી નાખવા ભલામણ કરી છે. આવા સિદ્ધાંતો જો મજૂરોના પ્રતિનિધિઓ અને માલિકો મળીને ન કરી શકતા હોય તો સરકારે નક્કી કરી આપવા માથે લીધું છે. પગારને લગતા મતભેદો માટે પગારપંચો (વેઇજ બોર્ડ) રચવાની ભલામણ કરેલી છે.

આયોજન પંચે જણાવ્યું છે કે, સરકાર તરફથી ચાલતા ઉદ્યોગોમાં પગારનું ધોરણ ખાનગી ઉદ્યોગો કરતાં ઓછું ન હોવું જોઈએ. કામગીરીની સ્થિતિ નમૂનેદાર હોવી જોઈએ અને સંચાલકોની સહાનુભૂતિ કામદારો પ્રત્યે હોવી જોઈએ.

ઉદ્યોગને પૂરતા પ્રમાણમાં કારીગરો મળી રહે એ માટે તાલીમ આપવાનો પ્રબંધ કરવાની ભલામણ આયોજન પંચે કરી છે. આ કાર્ય અંગે અત્યારના ભરતી ખાતાની પુનર્રચના કરવાનો પ્રશ્ન વિચારણા હેઠળ છે. એ ઉપરાંત ઉદ્યોગની ઉત્પાદનશક્તિ વધારવા સંશોધન કાર્ય થઈ રહ્યું છે.

આયોજન પંચે મજૂરોના જીવનને સ્પર્શતા "રેશનાલાઈઝેશન"ના અતિ મુશ્કેલ અને મહત્ત્વના પ્રશ્ન અંગે આવકારદાયક સ્પષ્ટતા કરી છે. અમુક શરતોએ "રેશનાલાઈઝેશન" થઈ શકે એમ જણાવ્યું છે. આ શરતો એ છે કે, કારીગરોને તેમના કામ અંગેની ફરજો નક્કી કરવામાં આવે, કામનો બોજો નિષ્ણાતો નક્કી કરી આપે, કામગીરીનું ધોરણ એકસરખું મૂકવામાં આવે, નવાં યંત્રો અખતરા રૂપે લાવવામાં આવે, નવા માણસોની ભરતી બંધ થાય, કોઈ પણ કારીગર બેકાર ન બને, ધંધાદારી તાલીમની વ્યવસ્થા થાય અને ઉદ્યોગને "રેશનાલાઈઝેશન"થી જે લાભ થાય તેમાંથી વાજબી હિસ્સો મજૂરોને મળે.

મજૂરોના વસવાટોનો પ્રશ્ન આજે ઘણો મૂંઝવણભર્યો બન્યો છે. એવી ગણતરી કરવામાં આવે છે કે, મોટાં શહેરોમાં કામ કરતા ૧૭ સંતાપ[illegible] કારીગરોમાંથી આશરે પાંચ લાખ જેટલાને રહેવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મકાનો નથી. આ સ્થિતિ નિવારવા ભારત સરકારે ઔદ્યોગિક મજૂરો માટે એક યોજના તૈયાર કરી છે. આ યોજનામાં રૂા. ૨,૭૦૦ માં એક ઘર તૈયાર થાય એવો અંદાજ બાંધવામાં આવ્યો છે. જો સહકારી ગૃહમંડળીઓ આવાં ઘરો બાંધે તો સરકાર તેને ૨૫ ટકા રકમ રાહત તરીકે આપે અને ૫૦ ટકા રકમ સવા ચાર ટકાના વ્યાજે લોન તરીકે આપે. કારખાનાંના માલિકોને પણ મજૂરો માટે ઘરો બાંધવા માટે આ શરતોએ લોન મળે છે. રાજ્ય-સરકારો જો ઘરો બાંધે તો તેને ૫૦ ટકા રાહત અને ૫૦ ટકા લોન આપવામાં આવે છે. આ યોજનાનો અમલ શરૂ થઈ ગયો છે અને આશા છે કે, આ યોજના જેમ જેમ આગળ વધતી જશે તેમ તેમ ઔદ્યોગિક મજૂરોના વસવાટોનો પ્રશ્ન હળવો બનશે.

મુંબઈ રાજ્યમાં મજૂર કલ્યાણ પ્રવૃત્તિઓનો સતત વિકાસ થતો રહે એ માટે મજૂર કલ્યાણ ફંડની સ્થાપના કરતો એક કાયદો ઘડવામાં આવ્યો છે. આ કાયદાથી કારખાનાંમાં થતા મજૂરોના દંડની અત્યાર સુધી જમા થયેલી રકમ, નહિ લઈ જવામાં આવેલા પગારોની રકમ, હવે પછી થનારા દંડની રકમ, માલિકોએ સ્વેચ્છાએ આપેલી રકમ વગેરે રકમો આ ફંડમાં લઈ જવામાં આવશે. આ નાણાંનો ઉપયોગ મજૂરહિતની પ્રવૃત્તિઓમાં થશે.

મજૂરહિતનાં આ પાંચે પગલાંઓ શ્રમજીવી વર્ગના ઉત્કર્ષમાં મહત્ત્વનો ભાગ ભજવશે.

અંતમાં હું એટલું જ જણાવીશ કે, સમગ્ર પ્રજાની ઉન્નતિ માટે શ્રમજીવી વર્ગના ઉત્કર્ષની પ્રવૃત્તિઓ આવશ્યક છે એમ સૌ કોઈ હવે તો સ્વીકારે છે. આ સંજોગોમાં મજૂર કલ્યાણ પ્રવૃત્તિઓ વધુને વધુ વિકાસ પામતી રહેશે. આથી આ પ્રકાશન સામાજિક કાર્યકરોને માર્ગદર્શક થઈ પડશે એમાં શંકા નથી.

મોહનલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

	પ્રકાશકનું નિવેદન		૩
	ઉપોદ્ઘાત	શ્રી મોહનલાલ વ્યાસ	૫
૧.	ઔદ્યોગિક ક્રાન્તિ		૩
૨.	હિંદમાં યંત્રોદ્યોગ		૧૫
૩.	મુંબઈ ઇલાકાની મજૂર કલ્યાણ પ્રવૃત્તિ		૨૧
૪.	અમદાવાદ મજૂર મહાજન સંઘ અને તેની પ્રવૃત્તિઓ		૩૦
૫.	સરકાર તરફથી ચાલતી પ્રવૃત્તિઓ		૬૫
૬.	મિલમાલિકો તરફથી ચાલતી કલ્યાણ પ્રવૃત્તિઓ		૧૦૪
૭.	ભારત સરકારનો કારખાનાનો કાયદો		૧૨૦
૮.	સામાજિક સલામતી		૧૨૫
૯.	નવરાશની વૃદ્ધિ		૧૨૮
૧૦.	વ્યસનો – મજૂરોનો સામાજિક સડો		૧૩૧
૧૧.	ત્રિપક્ષે કરવા જેવાં કામો		૧૩૩
	પરિશિષ્ટ		
	પુસ્તકોની યાદી		૧૩૯

સતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂર કલ્યાણ પ્રવૃત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧લું

ઔદ્યોગિક ક્રાન્તિ

માનવી જીવનનો પાયો પરસ્પર સહકાર, શરીરશ્રમ અને પુરુષાર્થ ઉપર રચાયો છે. તેની ભૌતિક કે આર્થિક બાજુ જીવન-પોષક ઉત્પન્ન છે; તેની નૈતિક બાજુ સર્વ વચ્ચે પરસ્પર મેળ પોષતા સદ્‌ગુણો અને સુટેવો છે; તેની નાગરિક બાજુ નાગરિક તરીકેના સમૂહ જીવનના ગુણો છે; તેની આધ્યાત્મિક બાજુ પણ તેમાંથી આપોઆપ ફલિત થાય છે – તે છે સમાજમાં પોતાના કાર્ય કે સ્વધર્મના પાલન દ્વારા પોતાનાં વિકાસ અને ઉન્નતિ. આ જ વસ્તુને આજની ભાષામાં કહેવી હોય તો, એ ગાંધીજીનો સર્વોદયનો સિદ્ધાન્ત છે.

આ સિદ્ધાન્તને સમગ્ર સમાજને લાગુ કરવો જોઈએ. તે સારુ આજ સુધી દબાયેલા અને પછાત રહેલા વર્ગને સમાજમાં પહેલો ઉઠાવવો જોઈએ. આ દૃષ્ટિએ આધુનિક જમાનામાં મજૂરોની ઉન્નતિનો પ્રશ્ન ખાસ ધ્યાન ખેંચે છે; અને તેથી મજૂર કલ્યાણ પ્રવૃત્તિ આ જમાનામાં અગત્યનું સ્થાન ધરાવે છે. તે એમના જીવનને ઉન્નત કરનારી સંજીવની છે.

આ પ્રવૃત્તિ અર્વાચીન યુગમાં કરોડો માનવીઓને સ્પર્શ કરે છે. તેનો હેતુ સમાજના આર્થિક, સામાજિક અને રાજકીય જીવનમાં મજૂરને યોગ્ય સ્થાન પ્રાપ્ત કરાવવાનો અને તેની સર્વાંગી ઉન્નતિ કરવાનો છે. આધુનિક પ્રજાતંત્રના ઉદયથી આ પ્રવૃત્તિને વધુ ઉત્તેજન મળ્યું છે. કોઈ પણ પ્રજાતંત્રે પોતાના માલિકોને (અર્થાત્ નાગરિકોને)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો કેળવવા જ રહ્યા. એ ખ્યાલ પ્રથમ ઇંગ્લંડમાં ઊભો થયો. તેનું પ્રતિપાદન અમેરિકામાં જેફરસને આ પ્રમાણે કર્યું હતું: "મારા મનમાં એ વસ્તુ તો સ્વતઃસિદ્ધ બાબત તરીકે ઠસી ચૂકી છે કે, આપણી સ્વતંત્રતા આપણા પ્રજાજનોના હાથમાં જ સુરક્ષિત રહી શકે તેમ છે. પણ તેથી જ એ પ્રજાજનો અમુક પ્રમાણમાં કેળવાયેલાં હોવાની આવશ્યકતા એક વ્યાપક યોજના મુજબ પાર પાડવી, એ રાજતંત્રનું મુખ્ય કામ હોવું જોઈએ. કોઈ પણ પ્રજાતંત્રનું કામકાજ સરળ રીતે ચાલે તે માટે સર્વસામાન્ય એવી વ્યાપક કલ્યાણ પ્રવૃત્તિની ઓછામાં ઓછી અમુક માત્રા આવશ્યક છે. બીજી બાજુ યંત્રોદ્યોગના વધતા જતા પ્રસારને કારણે પણ કેળવાયેલા બુદ્ધિશાળી કારીગરો અને મજૂરોની જરૂર ઊભી થઈ છે. તેથી પોતાની તેમ જ જનતાની જરૂરિયાતને પહોંચી વળવા પ્રજાતંત્રે પોતાના મજૂરોને સંસ્કાર અને શિક્ષણ એક યા બીજી રીતે આપવાં જ રહ્યાં."

સૌથી પ્રથમ આવી પ્રવૃત્તિઓ દયા કે ધર્મથી પ્રેરાઈ કેટલાક માલિક કરતા. પણ આજે હવે ઈશ્વર-પ્રેરિત કે ન પ્રેરિત એવા ધર્મતંત્રની ભૂમિકા ઉપર તેનું મંડાણ કરવાને બદલે, એક સામાન્ય પ્રયોજન સિદ્ધ કરવા માટે દાખવવામાં આવતાં સહકાર અને સહાય-વૃત્તિના વૈજ્ઞાનિક તેમ જ સામાજિક ખ્યાલોની ભૂમિકા ઉપર તેનું મંડાણ કરવામાં આવે છે. આમ આધુનિક યુગમાં કલ્યાણ પ્રવૃત્તિનો નાગરિકતાની પરિભાષામાં વિચાર કરવામાં આવે છે અને સાથે સાથે મનુષ્ય કેળવાય એવો હેતુ હોય છે. આ પ્રવૃત્તિ કેવા સંજોગોમાં ઉદ્દ્ભવી તે જોવા માટે આપણે ઇતિહાસ તરફ વળવું પડશે અને અઢારમી સદીમાં ડૂબકી મારી ઔદ્યોગિક ક્રાન્તિને સમજવી પડશે.

ઔદ્યોગિક ક્રાંતિનો આરંભ ઇંગ્લંડમાં ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં થયો. ત્યાંથી તે પશ્ચિમ યુરોપના દેશોમાં અને પછી અન્યત્ર પ્રસરી. સ તા... ક્રાંતિ હતી, પરંતુ તેનાં પરિણામો બહુ જ દૂરગામી આવ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા માનવીના ઇતિહાસકાળની બીજી કોઈ પણ વસ્તુ કરતાં દુનિયાભરના લોકોના જીવન ઉપર એણે વધારે અસર કરી.

એને લીધે વરાળથી ચાલતાં પ્રચંડ યંત્રો વપરાશમાં આવ્યાં અને અનુકૂળ જગ્યાઓએ મોટાં મોટાં કારખાનાં ઊભાં થયાં. આથી ઇંગ્લંડની સૂરત બદલાઈ ગઈ. હરિયાળા અને આહ્લાદક ગ્રામપ્રદેશને બદલે ત્યાં આગળ ઘણેખરે ઠેકાણે નવાં નવાં કારખાનાંઓ ઊભાં થયાં અને ધુમાડાના ગોટેગોટા કાઢતાં તેમનાં ઊંચાં ઊંચાં ભૂંગળાંઓ આસપાસના પ્રદેશને કાળો બનાવવા લાગ્યાં. કોલસાના ડુંગરો અને કચરાના ઢગલાઓની હારમાળાઓ વચ્ચે આવેલાં આ કારખાનાંઓ આંખને જોવાં ગમે એવાં નહોતાં. આવાં કારખાનાંઓની બાજુમાં ઊભાં થયેલાં ઔદ્યોગિક નગરો પણ કોઈ પણ પ્રકારની યોજના વિના ગમે તેમ અવ્યવસ્થિત રીતે ઊભાં થયાં હતાં, કેમ કે કારખાનાંઓના માલિકોને તો વધારે ને વધારે પૈસા કેમ કમાવા એ જ એક માત્ર તેમનો હેતુ હતો. આવાં નગરો વિશાળ, કદરૂપાં અને ગંદાં હતાં, પરંતુ ભૂખમરો વેઠતા મજૂરોને તો આ બધું તેમ જ કારખાનાંઓની નુકસાનકારક પરિસ્થિતિ ચલાવી લીધા સિવાય છૂટકો નહોતો.

વળી મોટા જમીનદારોએ નાના નાના ખેડૂતોને નિચોવીને તેમની જમીન પચાવી પાડી, તેથી ઇંગ્લંડમાં બેકારી વધી ગઈ અને પરિણામે ત્યાં આગળ રમખાણો થયાં અને ગેરવ્યવસ્થા વધવા પામી. આરંભકાળમાં તો આ નવા ઉદ્યોગોએ પરિસ્થિતિ ઊલટી વધારે બગાડી. ખેતીના ધંધાને ભારે ધક્કો લાગ્યો અને તેથી બેકારી વધવા પામી. વળી નવી નવી શોધો થતી ગઈ તેને પરિણામે મજૂરોનું સ્થાન યંત્રોએ લીધું. એથી કરીને મજૂરોને કામ પરથી ફારેગ કરવામાં આવ્યા અને પરિણામે મજૂરોમાં રોષની લાગણી પેદા થઈ. મોટા ભાગના મજૂરો નવાં યંત્રોને ધિક્કારવા લાગ્યા અને ભાંગફોડ કરવાની હદ સુધી પણ તેઓ ગયા. યુરોપમાં આવી રીતે યંત્ર ભાંગવાનો ઇતિહાસ બહુ લાંબો છે. પરંતુ જ્યારે એ સંજોગો અનુકૂળ થયા ત્યારે ઇંગ્લં...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમખાણો છતાંયે યંત્રોએ પોતાની જડ ઘાલી. યંત્રો પ્રત્યે મજૂરો રોષે ભરાય એ બહુ જ સ્વાભાવિક હતું. આમ ગણ્યાં ગાંઠ્યાં કારખાનાંઓ અનેક ગૃહોદ્યોગો તથા ઘર આગળ કામ કરનારા અસંખ્ય કારીગરોને હજમ કરી ગયાં. ઘર આગળ કામ કરનારા કારીગરો યંત્રો સાથે સ્પર્ધા કરી શકે એમ નહોતું, એટલે પોતાના જૂના ઉદ્યોગધંધા છોડીને, જેમને તેઓ ધિક્કારતા હતા તે જ કારખાનાંઓમાં મજૂર તરીકે કામગીરી શોધવાની અથવા તો બેકારોના સમૂહમાં ભળી જવાની તેમને ફરજ પડી. ગૃહોદ્યોગો એકે સપાટે પડી ભાગ્યા એમ ન કહી શકાય, પરંતુ ઠીક ઠીક ત્વરાથી તે નિર્મૂળ થયા.

યંત્રો દ્વારા થતા ઉત્પાદનથી માલ એટલો સસ્તો પડવા લાગ્યો અને તેની માંગ એટલી વધી પડી કે શરૂઆતમાં તો મજૂરોને વધારે ને વધારે રોજી આપીને પણ રોકવામાં આવ્યા; અને રેલવે દાખલ થતાં તો મજૂરોની માગ બેસુમાર વધી પડી. કારખાનાંમાં તથા રેલવેના કામમાં સારી રોજી મળવા લાગી, એટલે ખેડૂતોનાં ટોળેટોળાં પોતાનાં ખેતી અને ગૃહોદ્યોગો છોડીને કારખાનાંવાળાં શહેરોમાં ઊતરી પડયાં. ખેતીનો ધંધો બિલકુલ છોડી દઈને મિલોમાં બનતો તૈયાર માલ આખી દુનિયાને પૂરો પાડવા માટે આખી દુનિયાનું કારખાનું બનવાનું બીડું ઇંગ્લંડે ઝડપ્યું. યંત્રોથી બેકારી પેદા થાય એવો યંત્રો સામે જે તાત્વિક વિરોધ હતો તે નવા નવા ધંધા નીકળતાં અને તેમાં નવું નવું કામ મળતાં ઇંગ્લંડ પૂરતો તો જાણે ખોટો જ ઠર્યો. જ્યાં ઇંગ્લંડનો તૈયાર માલ જતો હતો ત્યાંના ખેડૂતોની અને કારીગરોની શી દશા થતી હતી તે જોવાની કોઈને, ખાસ કરીને ઇંગ્લંડને તો, ફુરસદ જ નહોતી. બીજા દેશની દશાનું તો ઠીક, પણ પોતાને ત્યાં યંત્રોએ જે કેર વર્તાવવા માંડયો હતો તે તરફ પણ તે જોઈ શકયું નહીં. વસ્તુઓના ભાવ ઘટયા, એજન્ટો અને શેરહોલ્ડરોને મોટા નફા મળવા લાગ્યા, બજારમાં નાણું વધુ પ્રમાણમાં ફરતાં થયાં ... પહેલાં જોઈ કે જાણી પણ ન હોય તેવી તેવી વસ્તુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોને વાપરવા મળતી થઈ ગઈ. લૅન્કેશાયર અને માન્ચેસ્ટર જે નાનાં ગામડાં જેવાં હતાં, તે દસ વર્ષમાં તો મોટાં શહેર બની ગયાં. પરંતુ મૃગજળ જેવી આ ઊજળી ઉષા ઉપર થોડા જ વખતમાં કાળું વાદળું ઊતરી આવ્યું. ગામડાંનાં શહેર તો બન્યાં, પણ એ શહેરની વધતી જતી વસ્તી માટે રહેવાનાં ઘરોની, પાણીની, દીવાબત્તીની કે સ્વચ્છતા સાચવવાની કશી જ સગવડો નહોતી; અને તે માટે કેટલાય વખત સુધી કશા વ્યવસ્થિત પ્રયત્નો પણ ન થયા.

પરિણામ એ આવ્યું કે, માન્ચેસ્ટરમાં બે લાખ માણસની વસ્તી થઈ ગઈ, છતાં શહેરમાં એક પણ સાર્વજનિક બાગ કે રમવાનું મેદાન નહોતું. દક્ષિણ વેલ્સમાં થોડાક માણસો ધનાઢ્ય થઈ પડ્યા, પણ મજૂરોને તો પીવાનું પાણી લેવા એક માઈલ દૂર જવું પડતું અને હાથમાં ડોલ પકડીને આખી રાતની રાત હારમાં ઊભા રહેવું પડતું. એ સમૃદ્ધ પ્રદેશના મુખ્ય શહેરમાં પણ પાણી માટેની કશી સાર્વજનિક વ્યવસ્થા નહોતી, તેમ નહોતી કશી બત્તીની કે ગટરની વ્યવસ્થા. વેલ્સના લોકોને નદીનું પાણી જેવું મળે તેવું પીવું પડતું; અને તેથી એ પ્રદેશમાં મરણ-પ્રમાણ ત્રણ ગણું વધી ગયું.

જ્યાં પાણીની જ જોગવાઈ ન હોય ત્યાં બાળકોની કેળવણી માટે શાળા અથવા તો લોકોનાં દિલ બહલાવવા માટેના બાગબગીચા કે એવાં બીજાં કશાં સાધનોની તો વાત જ શી? કોઈક ભલા મિલ-માલિક તરફથી રવિવારે એટલે રજાને દિવસે ચાલતી શાળા ક્યાંક રડીખડી જોવામાં આવે, તે સિવાય મજૂરો કે તેમનાં બાળકો માટે ભણવાનાં કશાં જ સાધન નહોતાં. સ્વચ્છ, સુવાસિત અને રમ્ય ગ્રામપ્રદેશોમાં કારખાનાં દાખલ થતાં. તે પ્રદેશો ગંદા અને વરવા બની ગયા. ત્યાં નવી વસ્તી માટે જે નવાં મકાનો બંધાયાં તેમાં ન મળે કોઈ જાતની યોજના, કે ન મળે કોઈ જાતની સગવડો. ફક્ત ભાડાં ખાવા માટે લોકો રહેવાનાં ખોલકાં ઊભાં કરવા લાગ્યા. તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજવાળાનું તો નામનિશાન ન મળે. એક એક નાની ઓરડીમાં કેટલાંય કુટુંબો ખડકાઈને પડી રહેતાં.

કારખાનાંનાં મકાનો પણ રેઢિયાળ જ બંધાતાં. નીચાં બાંધણી, નાની સાંકડી બારીઓ અને હવા અજવાળાની કોઈ જાતની વ્યવસ્થા નહીં. મજૂરોમાં બે ભાગનાં તો બાળકો અને સ્ત્રીઓ, ત્યાં અનીતિની તો વાત જ ન પૂછો. સ્ત્રી મજૂરોને પોતાની નોકરી કાયમ રાખવા માટે પોતાની જાત વેચવી પડતી. મજૂરીના દર પણ શરૂઆતનો થોડો વખત વધારે રહ્યા. પછી તો ઘણાં માણસો મજૂરી કરવા આવવા લાગ્યાં એટલે દર ઘટવા માંડ્યા. કારખાનાંમાં મજૂરોને આરામ લેવા માટે બેસવાની કે હાથ મોં ધોવા માટે પાણીની કે નાસ્તો કરવા અથવા ખાવા બેસવા માટેની કશી જ વ્યવસ્થા ન મળે. અકસ્માતોને લીધે મરણ અથવા કાયમની અપંગતા નીપજે એવી ઈજાઓ તો સર્વસાધારણ હતી; અને અકસ્માતથી અપંગ થયેલા માણસને અથવા તે મરી ગયો હોય તો તેના આશ્રિતોને કશી નુકસાની કે બદલો આપવાની કશી વ્યવસ્થા કાયદામાં નહોતી.

આ રીતે મજૂરોની દશા કરુણાજનક હતી, છતાં કારખાનાં તથા મજૂરોનાં ઘરોમાં કાયદાથી સુધારો કરવાના દરેક પ્રયાસનો માલિકો તનતોડ વિરોધ કરતા હતા. આમ કરવું એ મિલકતના હકમાં નિર્લજ્જ દખલરૂપ નથી? એમ પૂછવામાં આવતું. આ જ મુદ્દા પર ખાનગી ઘરોને ફરજિયાત રીતે સારું કરાવવાની બાબતનો પણ વિરોધ કરવામાં આવતો. ગજા ઉપરવટના કામ તથા ધીમા ભૂખમરાથી ગરીબ બિચારા મજૂરો મરી રહ્યા હતા. નેપોલિયન સાથેના વિગ્રહો બાદ દેશ સાવ નાદાર થઈ ગયો હતો અને સર્વત્ર આર્થિક મંદીનું મોજું ફરી વળ્યું હતું. મજૂરવર્ગને એને લીધે સૌથી વિશેષ વેઠવું પડ્યું. સ્વાભાવિક રીતે જ કારખાનાંના મજૂરો પોતાનાં મંડળો રચીને તે દ્વારા પોતાનું રક્ષણ કરવા તેમ જ તેમની સ્થિતિ સુધારવા માગતા હતા. પરંતુ સતા[illegible]ના તેમને અટકાવવામાં આવ્યા. ઇંગ્લંડનો શાસકવર્ગ ફ્રાન્સની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રાંતિથી એટલો બધો ભયભીત થઈ ગયો હતો કે, ગરીબ બિચારા મજૂરો સભામાં એકત્ર મળીને પોતાનાં દુઃખો તથા ફરિયાદોની ચર્ચા કરે તે અટકાવવા માટે કાયદા ઘડવામાં આવ્યા.

પરંતુ મજૂરોને સભામાં એકત્ર થતા રોકવાના કાયદાથી પરિસ્થિતિ સુધરી નહીં. એથી તો ઊલટા તેઓ ઉત્તેજિત થયા અને જીવ પર આવી ગયા. તેમણે ગુપ્ત મંડળો બાંધ્યાં, પોતાની વાત ગુપ્ત રાખવાની પરસ્પર પ્રતિજ્ઞા લીધી અને મધરાતને સમયે એકાંત સ્થાને તેઓ સભા ભરવા લાગ્યા. કોઈ વિશ્વાસઘાત કરીને બાતમી આપતું અથવા તો તેમને શોધી કાઢવામાં આવતા ત્યારે કાવતરાંના આરોપ માટે તેમના પર મુકદ્દમા ચાલતા અને ભીષણ સજાઓ કરવામાં આવતી. આથી મજૂરો કેટલીક વાર ગુસ્સે ભરાઈને યંત્રો ભાંગી નાખતા, તો કોઈ વાર કારખાનાને આગ લગાડતા અને પોતાના માલિકોનું ખૂન પણ કરી બેસતા. આખરે ૧૮૨૫ની સાલમાં મજૂરોનાં મંડળો સામેના પ્રતિબંધો અમુક અંશે દૂર કરવામાં આવ્યા અને મજૂર મહાજનો રચાવા લાગ્યાં. જેમને કંઈક ઠીક પગાર મળતો હતો એવા કસબી મજૂરોએ આ મહાજનો અથવા મંડળો બાંધ્યાં. કોઈ પણ જાતનો કસબ ન જાણનાર અણઘડ મજૂરો તો લાંબા સમય સુધી અસંગઠિત જ રહ્યા. મજૂરોની ચળવળે આમ સામુદાયિક કાર્ય દ્વારા મજૂરોની સ્થિતિ સુધારવા માટે રચાયેલાં મજૂર મહાજનોનું સ્વરૂપ ધારણ કર્યું.

આ દરમિયાન એક કારખાનાના માલિકે — કે જેનું નામ ડેલ હતું — દયાથી પ્રેરાઈ પોતાના મજૂરો માટે લેનાર્ક શહેરમાં એક આદર્શ કારખાના માટે યોજના ઘડી. પહેલવહેલાં એને આ વિચાર સ્ફૂર્યો અને પોતાના પૂરતો મર્યાદિત રાખી મજૂરોના હિતમાં જે કાંઈ કરવા જેવું લાગ્યું તે એણે કર્યું. વળી તે ઉપરાંત માન્ચેસ્ટર શહેરમાં લોકોનાં સ્વાસ્થ્ય અને સુખાકારી માટે ચાંપતાં પગલાં લઈ શકાય તેવા કંઈક નિયમો ઘડવામાં આવ્યા; અને તેનો ભંગ કરના...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા ન્યાયાધીશની નિમણૂક થઈ. આમ મજૂર હિતાર્થે છૂટાછવાયા પ્રયત્નો થયા છતાંયે સમગ્ર મજૂરો વિશે કોઈ વિચાર થયો નહીં.

આ જ સમયે માન્ચેસ્ટરનાં કારખાનાંના માલિકોમાં એક દયાળુ પુરુષ પેદા થયો. માણસ-જાત માટે તેને ભારે હમદર્દી હતી અને મજૂરોની ત્રાસજનક દશા જોઈ તેને ભારે આઘાત થયો. આ પુરુષનું નામ રૉબર્ટ ઑવન હતું. તેણે પોતાનાં કારખાનાંઓમાં ઘણા સુધારા કર્યા અને પોતાના મજૂરોની સ્થિતિ સુધારી, છતાંયે ડેઇલ માફક સંતોષ ન પામતાં તેણે કારખાનદારોના પોતાના વર્ગમાં પણ ચળવળ ચલાવી અને મજૂરો પ્રત્યે વધારે સારો વર્તાવ રાખવા માટે તેઓને સમજાવ્યા. કંઈક અંશે એના પ્રયાસોને લીધે બ્રિટિશ પાર્લામેન્ટે માલિકોના લોભ અને સ્વાર્થવૃત્તિમાંથી મજૂરોને ઉગારવા માટે પહેલવહેલો કાયદો પસાર કર્યો. આ ૧૮૧૯નો કારખાનાનો કાયદો હતો. આ કાયદાનો એક નિયમ એવો હતો કે, નવથી અઢાર વરસનાં છોકરાં પાસેથી એક દિવસમાં ૧૨ કલાકથી વધારે કામ ન લેવું. મજૂરોની સ્થિતિ કેવી ભયાનક હતી તેનો આ ઉપરથી કંઈક ખ્યાલ આવશે.

એમ કહેવાય છે કે, ૧૮૩૦ની સાલમાં રૉબર્ટ ઑવને 'સોશિયાલિઝમ' એટલે કે સમાજવાદ શબ્દ પહેલવહેલો વાપર્યો હતો. આ નવા સમાજવાદમાં બધા લોકોને સમાનતાના ધોરણ પર મૂકવાની અનિશ્ચિત અને અસ્પષ્ટ ઇચ્છા કરતાં ઘણું વધારે હતું. આ સમાજવાદ વધારે ચોક્કસ અને નિશ્ચિત હતો અને ઉત્પાદનની નવી કારખાના-પદ્ધતિને લાગુ પડવા માટે તે યોજાયો હતો. એમાં મજૂરોના કલ્યાણનો સ્પષ્ટ ખ્યાલ હતો. ઑવનનો ખ્યાલ એવો હતો કે, મજૂરોની સહકારી મંડળીઓ હોવી જોઈએ તથા કારખાનાંઓમાં તેમનો ભાગ હોવો જોઈએ. ઇંગ્લંડ અને અમેરિકામાં તેણે આદર્શ કારખાનાંઓ અને વસાહતો સ્થાપી અને તેમાં તેને થોડેઘણે અંશે સફળતા મળી. પરંતુ પોતાના વર્ગના કારખાનાના માલિકોનું કે સરકારનું માનસ ફેરવવામાં તે નિષ્ફળ સ તા[illegible] પરંતુ તેના સમયમાં તેની અસર બહુ ભારે હતી. એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા કલ્યાણ પ્રવૃત્તિના પ્રયાસોથી છૂટાછવાયા કેટલાક પ્રયત્નો આ દિશામાં થયા. તેનો એક નમૂનો નીચે આપ્યો છે:

૧૮૪૫માં એક નમૂનેદાર કારખાનામાં નીચે પ્રમાણે કલ્યાણ પ્રવૃત્તિ મજૂરો માટે ચલાવાતી હતી, જેમાં ૬૮ બાળકો અને ૩૭૮ બીજા કામદારો હતા. કંપનીનું નામ એન. એસ. એમ. કંપની હતું.

પ્રવૃત્તિઓ: કારખાનાના ચોગાનમાં જ દવાખાનાની વ્યવસ્થા, જેમાં એક ડૉક્ટર પૂરા સમય માટે વાર્ષિક પાઉંડ ૨૦૦ના પગારથી રોકવામાં આવ્યા હતા. વધારે બીમારને કંપનીના ખર્ચે ઇસ્પિતાલ માટે સગવડ મળતી. આઠ મહિનામાં ૬૩૪ સર્જરી કેસો અને ૫૩ કુટુંબના કેસો આવ્યા હતા.

કેળવણી: એક શાળા, જેમાં કારખાનાનાં તેમ જ મજૂરોનાં ૨૦૦ બાળકો આવતાં હતાં. અહીં વાચન, લેખન, ગણિત, ભૂગોળ, ઇતિહાસ અને સીવણ શીખવવામાં આવતું. રાતના ૮ થી ૯ રાત્રીશાળા ચાલતી, જેમાં હાજરી અનિયમિત રહેતી. દર રવિવારે સવારે ૯ થી ૧૧ ધાર્મિક શિક્ષણનો વર્ગ ચાલતો, જેમાં ૩૦૦ થી ૩૫૦ હાજરી રહેતી.

પુસ્તકાલય: એક નાનું સરખું પુસ્તકાલય હતું, જેમાં વાર્તાઓ, આત્મકથાઓ, ઐતિહાસિક પુસ્તકો, કળા, વિજ્ઞાન, પ્રવાસ ઇત્યાદિ વિષયો પર ૩૦૦ પુસ્તકો હતાં. તે ઉપરાંત માસિકો અને દૈનિકો પણ આવતાં.

સેવિંગ્સ બૅન્ક: દર શનિવારે ખોલવામાં આવતી. તેમાં ૬ પેન્સથી ૫ શિલિંગ સુધી પૈસા એકી વખતે મૂકી શકાતા. એના પર ૫% વ્યાજ આપવામાં આવતું.

તે ઉપરાંત એક સંગીતવર્ગ ચાલતો, જેમાં ૨૪ મજૂરો આવતા હતા. દંડની રકમને માંદગી રાહત ફંડમાં લઈ જતા. સારું અને નિયમિત કામ કરનારને પિકનિક ટિકિટો આપવામાં આવતી. તે ઉપરાંત મજૂરોની દેખભાળ અને સંભાળ માટે 'લેબર ચેપલીન' પણ નીમવામાં આવતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar


મજૂર કલ્યાણ પ્રવૃત્તિ
ઉદ્યોગધંધાનું શિક્ષણ
પુસ્તકાલય, વાંચનાલય
પ્રવાસ-પર્યટન
કામગીરીની સુધારણા
પૂરતો પગાર
પેન્શનની યોજના
અકસ્માતમાં રાહત
બેકારી અને બીમારી માટે વીમો
સામાજિક સુધારણા
વ્યસનોની નાબૂદી
સામૂહિક પ્રવૃત્તિ
પ્રૌઢ શિક્ષણ ભજન કીર્તન
સામાન્ય શિક્ષણ
યોગ્ય વસવાટ
સ્વાસ્થ્ય માટે સગવડો
વ્યા. શાળા રમતગમતો ઈ૦

સતા

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદ ધીરે ધીરે એ પ્રવૃત્તિ ખીલી અને ૧૯૦૫માં સરકાર તરફથી જ યુરોપના આગળ પડતા દેશોમાં કલ્યાણ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી, જેમાં નીચે મુજબ માણસો કામો કરતા :

સામાજિક સ્ત્રી કાર્યકરો	૫	
વ્યાયામ ને રમતગમત માટે શિક્ષિકા	૩	
દાંતનો ડૉક્ટર	૧	
ડૉક્ટર	૧	
નર્સ	૧	
સામાજિક મંત્રી અને તંત્રી	૧	
સામાજિક સમિતિ : સભ્ય સંખ્યા	૬	
કાર્યવાહક ,, ,, ,,	૮	ભાઈઓ
,, ,, ,, ,,	૩	બહેનો

આ ઉપરાંત નર્સિંગ ક્લાસ, સીવણ વર્ગ, ગૂંથણ વર્ગ, ભરત, રાંધણ તેમ જ ફૂટબૉલના વર્ગો પણ ચાલતા. સંગીત અને વ્યાયામ શાળાઓ, ચર્ચાસભા, ક્રિકેટ ક્લબ, ટૅનિસ ક્લબ, સ્વીમિંગ ક્લબ વગેરે પ્રવૃત્તિઓ પણ ચલાવવામાં આવતી.

ત્યાર બાદ પશ્ચિમનાં ઔદ્યોગિક કેન્દ્રોમાં આ પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર વિકસી અને આજે એ પ્રવૃત્તિઓ મુખ્યત્વે શારીરિક, માનસિક તેમ જ સામાજિક વિકાસના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ઊભી કરવામાં આવે છે; અને સ્વાસ્થ્ય, સલામતિ અને સ્વાવલંબનને માટે આગ્રહ રાખી મજૂર જીવનને ઉન્નત બનાવવાનો પ્રયત્ન કરે છે.

આજે એમાં નીચેના મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે : (૧) પૂરતો પગાર (૨) કામગીરી માટે સારી સ્થિતિ (૩) સ્વાસ્થ્ય માટે સગવડો (૪) ખાવાપીવાની તેમ જ આરામ માટેની કારખાનાંઓમાં સગવડો (૫) વસવાટ માટેની યોજના (૬) નબળાને યોગ્ય કામ માટેની સગવડો (૭) શિક્ષણની યોજના (૮) માલિ[illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂર બંનેની ઉદ્યોગમાં સરખી જવાબદારી (૯) પેન્શનની યોજના (૧૦) બેકારી તેમ જ બીમારી વગેરે વખતે વીમાની યોજના ઇત્યાદિ.

આમાંની ઘણીખરી પ્રવૃત્તિ તો કાયદાથી ઊભી થઈ છે. પણ સ્વેચ્છાએ જે વ્યવસ્થા માલિકો અને મજૂરો વચ્ચેની સમજૂતીથી ઊભી થાય છે તે આ પ્રવૃત્તિમાં ખૂબ અગત્યનો ભજવે છે. એ રીતે આજે ત્રણેના—મજૂર, માલિક અને સરકાર—પ્રયત્નોથી આ પ્રવૃત્તિ ચાલે છે.

આમ આપણે યુરોપમાં યંત્રોદ્યોગની શરૂઆત અને તેમાંથી થયેલો મજૂર પ્રવૃત્તિનો વિકાસ ટૂંકામાં જોયો. હિંદમાં તેની શરૂઆત કેવી રીતે થઈ અને તે પ્રવૃત્તિઓનું કેવું સ્વરૂપ છે તે હવે જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨જુ

હિંદમાં યંત્રોદ્યોગ

૧૯મી સદીના વચગાળાના સમયથી હિંદમાં યંત્રોદ્યોગનો આરંભ થવા લાગ્યો. બંગાળમાં બ્રિટિશ મૂડીથી શણનો ઉદ્યોગ શરૂ થયો. રેલવેના આગમને યંત્રોદ્યોગની ખિલવણીમાં મદદ કરી અને ૧૮૮૦ની સાલ પછી હિંદની મૂડીથી મુંબઈ તથા અમદાવાદમાં સૂતરની મિલો શરૂ થઈ. આરંભમાં, હિંદનો વેપાર ઈંગ્લંડના વેપારનો હરીફ બને તે પહેલાં, હિંદી માલ પર ભારે જકાત નાખીને તથા તે ખરીદવાની મના કરીને, બ્રિટિશ સરકારે ઈંગ્લંડમાં હિંદના વેપારને ચગદી નાખ્યો. એથી આગળ જઈને તેમણે હિંદના ઉદ્યોગો ઉપર અને ખાસ કરીને મુંબઈ તથા અમદાવાદના ખીલતા જતા સુતરાઉ કાપડના ઉદ્યોગ પર ટાઢું પાણી છાંટયું. હિંદની આ મિલોમાં ઉત્પન્ન થતા માલ ઉપર કર અથવા વેરો નાખવામાં આવ્યો. એ કર સુતરાઉ માલ ઉપરની મુલકી જકાતને નામે ઓળખાતો હતો. આમ હિંદમાં હિંદના માલ ઉપર જ જકાત નાખી અંગ્રેજોએ એક અસાધારણ અને અવનવી વસ્તુનો અમલ કર્યો.

આ રીતે અનેક વિઘ્નો હોવા છતાં હિંદમાં ધીમે ધીમે આધુનિક ઉદ્યોગધંધા ખીલવા લાગ્યા. હિંદનો ધનિકવર્ગ ઔદ્યોગિક ખિલવણીને માટે વધારે ને વધારે પોકાર કરવા લાગ્યો. સરકારે ૧૯૦૫માં વેપાર અને ઉદ્યોગખાતું ખોલ્યું. આ ખાતું ખોલવા છતાંયે મહાયુદ્ધ થયું ત્યાં સુધી તેણે કશું કામ કર્યું નહીં. ઉદ્યોગોનો વિકાસ થવાને લીધે શહેરોનાં કારખાનાંઓમાં કામ કરનારો ઔદ્યોગિક મજૂરોનો વર્ગ ઊભો થયો.

આ મજૂરોને તરત જ સમજાઈ ગયું કે, તેઓને મજૂરી થોડી વધારે મળતી હતી એ ખરું, પણ તેથી એમને ઝાઝો લાભ થાય એમ નહોતું. શહેરમાં દરેક વસ્તુ મોંઘી હતી અને ત્યાં આગળ એકંદરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન-નિર્વાહનો ખરચ ઘણો વધારે થતો હતો. તેમના વસવાટની જગ્યા અંધારી અને અતિશય ગંદી હતી; અને તેઓને તેમની તંદુરસ્તીને હાનિકારક એવાં ગંદાં, ભેજવાળાં અને અંધારિયાં ઘોલકાંઓમાં રહેવું પડતું હતું. કારખાનામાં જે પરિસ્થિતિમાં તેમને કામ કરવાનું હતું તે પણ અતિશય ખરાબ હતી. ગામડાંઓમાં ઘણી વાર તેમને ભૂખે મરવું પડતું હતું એ ખરું, પરંતુ તાજી હવા અને સૂર્યનો પ્રકાશ તો ત્યાં તેમને પૂરતા પ્રમાણમાં મળતાં હતાં. કારખાનાંના મજૂરોને તાજી હવા તો મળતી જ નહીં અને સૂર્યનો પ્રકાશ પણ બહુ ઓછો મળતો. વળી તેમને મળતી મજૂરી શહેરની મોંઘવારીમાં ઉદર-નિર્વાહ ચલાવવા માટે પૂરતી નહોતી. સ્ત્રીઓ તેમ જ બાળકોને કલાકોના કલાક કામ કરવું પડતું. નાના બાળકની માતા કામમાં ખલેલ ન પડે એટલા ખાતર પોતાનાં બાળકને અફીણ કે ઘેન ચડાવે એવા બીજા પદાર્થો ખવડાવતી. આવી ખરાબ પરિસ્થિતિમાં ઔદ્યોગિક મજૂરોને કારખાનાંઓમાં કામ કરવું પડતું હતું. તેઓ અતિશય દુઃખી હતા. આથી તેમનામાં અસંતોષ પેદા થવા લાગ્યો અને તેથી કેટલીક વાર અતિશય નાસીપાસ થઈને હડતાલ પણ પાડતા. પરંતુ તેઓ દુર્બળ અને અસંગઠિત દશામાં હતા, તેથી તેમને કામ આપનાર કારખાનાંના શ્રીમંત માલિકો સહેલાઈથી કચડી નાખતા. એમાં એ માલિકોને ઘણી વાર સરકારની સહાય પણ મળતી. અનેક કડવા અનુભવો પછી ધીમે ધીમે મજૂરો સંઘકાર્યનું મહત્ત્વ સમજ્યા અને તેમણે મજૂર મહાજનો બાંધ્યાં.

આ ભૂતકાળની સ્થિતિનું વર્ણન છે એમ કોઈ રખે માને. આજે હિંદમાં મજૂરોની હાલતમાં કંઈક સુધારો થયો છે ખરો; કારખાનાંના મજૂરોને રક્ષણ આપનારા કેટલાક કાયદાઓ પણ પસાર કરવામાં આવ્યા છે. આમ છતાંયે સોલાપુર, મુંબઈ, અમદાવાદ કે કારખાનાંઓ હોય એવે બીજે કોઈ સ્થળે જઈને મજૂરોનાં ઘરો જોશો તો આજે પણ કમકમાટી છૂટે એવાં માલૂમ પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સ્થિતિને સુધારવા હિંદમાં પ્રથમ કલ્યાણ પ્રવૃત્તિ કોણે અને ક્યાં શરૂ કરી એ ચોક્કસપણે ન કહી શકાય, છતાંયે એટલું કહી શકાય કે જ્યાં જ્યાં યુરોપિયન તેમ જ પારસી ભાઈઓની મિલો હતી, ત્યાં ત્યાં તેમણે પરદેશ સાથેના વહેવાર તેમ જ ત્યાંની કંઈક પરિસ્થિતિના અનુભવ ઉપરથી પોતાનાં કારખાનાંમાં કંઈક ને કંઈક રાહત કાર્યો દાખલ કરી કલ્યાણ પ્રવૃત્તિઓની શરૂઆત કરી હતી.

પહેલવહેલાં કારખાનાં સ્થપાયાં ત્યારે આગળપાછળનાં ગામોમાંથી લોકો મજૂરીએ આવતા. આ વખતે કેટલાક શેઠિયાઓ દયાથી પ્રેરાઈ કેટલીક વખત પોતાના મજૂરોને મૂઠી મૂઠી ચણા આપતા, કે જેથી તે ખાઈ પાણી પી રાહત લઈ શકે. કેટલાક શેઠિયાઓએ કારખાનાની પાસે ચાલીઓ બાંધી આપી. કેટલાકે દવાખાનાં, નિશાળ વગેરે ચાલુ કર્યાં. આ શરૂઆત લગભગ ૧૯૦૪–૦૫ થી મદ્રાસની બકિંગહામ મિલમાં તેમ જ મુંબઈ તથા અમદાવાદની તાતાની મિલોમાં થઈ એમ જણાય છે.

જેમ જેમ કારખાનાંઓ દેશમાં વધતાં ગયાં તેમ તેમ અહીંની આબોહવાને લીધે મજૂરોનું કામ ત્રાસજનક બનતું ગયું. કેટલીક જગાએ તો ઉનાળાની ઋતુમાં ગરમીનું પ્રમાણ ૧૨૦° કરતાં પણ વધુ રહેતું; અને વળી હવા પણ ગરમ, ગંદી અને ધૂળનાં રજકણોથી ભરેલી રહેતી; અને સાથે સાથે કામના કલાકોનું પણ ઠેકાણું રહેતું નહીં. આથી કામના કલાકનો ઘટાડો અને મિલના હવામાનની પરિસ્થિતિમાં સુધારો કરવાની જરૂર હતી. તેમના કામના કલાકો ઘટાડવામાં જીવન ધોરણ ઊંચું આવે એવો કંઈ હેતુ ન હતો, પણ માનવતાની દૃષ્ટિએ હવામાનને અનુકૂળ થઈ કામ આપવાનો પ્રશ્ન હતો.

આ માટે આપણા દેશમાં પહેલો કારખાનાનો કાયદો સને ૧૮૮૧માં પસાર થયો. તે તો ૧૮૦૨ના ઇંગ્લંડના કાયદાને પણ ચઢી જાય એવો હતો! તેમાં સાત વર્ષથી નીચેનાં બાળકને કારખાનામાં ન રોકવાનું ઠરાવ્યું હતું! બાર વર્ષ સુધીનાંને જ બાળક ગણવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતાં અને બાળક પાસે નવ કલાકથી વધારે કામ ન લેવાનું ઠરાવવામાં આવ્યું હતું! પણ ત્યાર પછી તો લોકોની તેમ જ સરકારની દયાબુદ્ધિ વિશેષ જાગૃત થઈ છે. મધ્યવર્તી સરકારે તથા પ્રાંતિક સરકારોએ જુદા જુદા કાયદા કર્યા છે. ફેકટરી ઍકટમાં અનેક સુધારા થયા છે; અને સને ૧૯૩૪ના ઇન્ડિયન ફેકટરી ઍકટ મુજબ સંચા ખાતામાં કૃત્રિમ ભેજનું પ્રમાણ કેટલું રાખવું, અતિશય ગરમી સામે મજૂરોને રક્ષણ આપવું, જે કારખાનામાં ૧૫૦ કરતાં વધારે મજૂરો કામ કરતા હોય ત્યાં મજૂરોને આરામના વખતમાં બેસવા માટે છાયાવાળી જગ્યા કરી આપવી, સ્ત્રીઓ માટે છ વર્ષથી નાનાં બાળકોને રાખવા યોગ્ય ઓરડાની વ્યવસ્થા રાખવી વગેરે બાબત નિયમો ઘડવાની પ્રાંતિક સરકારોને સત્તા આપવામાં આવી છે. તાજેતરમાં જ ૧૯૫૦ના કારખાનાના કાયદામાં મજૂર કલ્યાણના સઘળા નિયમોની જોગવાઈ કરવામાં આવી છે. દા. ત. સ્વચ્છ અને ઠંડા પીવાના પાણી અંગે, જાજરૂ, પેશાબખાનાં, થૂંકદાની વગેરે અંગે, નાહવાધોવાની સગવડો અંગે, વૈદકીય મદદ અંગે વગેરે. આનો વિગતવાર ઉલ્લેખ આગળનાં પ્રકરણોમાં આવશે.

વળી કારખાનાંમાં કામ કરતી સ્ત્રીઓને માટે કેટલાક ખાસ નિયમો કરવામાં આવેલા છે. સવારના છ વાગ્યા પહેલાં અને સાંજના સાત વાગ્યા પછી સ્ત્રીઓને તથા બાળકોને કારખાનાંમાં ન રાખી શકાય. જે ક્રિયાઓ શરીરને નુકસાનકારક તથા બીજી રીતે જોખમકારક હોય તેમાં સ્ત્રીઓને રોકવાની મનાઈ છે.

સ્ત્રીઓને સુવાવડ દરમિયાન કાંઈ ને કાંઈ રાહત આપવાના કાયદા સને ૧૯૨૯ પછી જુદા જુદા પ્રાંતમાં જુદા જુદા વર્ષમાં પસાર થયા છે. મુંબઈ પ્રાંતમાં સુવાવડની આઠ અઠવાડિયાંની રજા હકથી મળે છે. રજા દરમ્યાન ચાલુ પગાર અથવા રોજના બાર આના બેમાંથી જે ઓછું હોય તે આપવામાં આવે છે. આ ઉપરાંત સ્ત્રીઓનાં નાનાં બાળકો માટે કારખાનામાં ઘોડિયાં રાખવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરજિયાત છે તથા સ્ત્રીઓને વખતોવખત બાળકોને ધવડાવવા માટે જવાની રજા આપવામાં આવે છે.

કારખાનાંમાં કામ કરનારા મજૂરોને કામ ઉપર હોય ત્યારે કાંઈ અકસ્માત નડે તો પહેલાં તો કારખાનદારોની એ વિષે કશી જવાબદારી નહોતી. એમ કહેવામાં આવતું કે કારખાનદાર અને મજૂર વચ્ચે કરારનો સંબંધ છે. એ કરારની રૂએ મજૂરને એની રોજી આપવામાં આવે છે. મજૂર કામ કરે અને એના બદલામાં એને રોજી મળે. પછી એ માંદો થાય અને બીજે દિવસે કામ પર ન આવે તેમાં જેમ કારખાનદાર કશી જવાબદારી આજે પણ માથે નથી રાખતો તેમ શરૂઆતમાં કારખાનાં ઉપર કામે હોય તે વખતે અકસ્માત થાય તેની જવાબદારી તે માથે નહોતો રાખતો. છતાં કારખાનદાર માણસ તો છે જ; એટલે તેને ઇસ્પિતાલમાં મોકલી આપે અને ભલો હોય તો મજૂર ખાટલે રહે ત્યાં સુધીનું ખાવા કરવાનું પણ આપે, પણ તે પરોપકારની અને દયાની દૃષ્ટિએ, કાયદેસર ફરજ તરીકે નહીં. આ સ્થિતિમાં સુધારો કરવા વડી સરકારે સને ૧૯૨૩માં વર્કમેન્સ કૉમ્પેન્સેશન ઍક્ટ પસાર કર્યો. ત્યાર બાદ એ કાયદામાં ઘણા સુધારા કરવામાં આવ્યા છે. આ કાયદાની રૂએ અકસ્માતથી થયેલી ઈજાના પ્રમાણમાં મજૂરને નુકસાનીનો બદલો આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. અકસ્માતને લીધે મજૂર થોડા દિવસ માટે કામ ન કરી શકે ત્યારે તેના પગારના પ્રમાણમાં અમુક બદલો આપવામાં આવે છે; અને અકસ્માતથી મરણ નીપજે ત્યારે અમુક બદલો નક્કી કરેલા ધોરણ મુજબ આપવામાં આવે છે.

આમ મજૂરોની સ્થિતિ સુધારવા સરકારે થોડું ઘણું કર્યું છે. છતાંયે આ કાયદાઓનો પૂરતો અમલ થાય તે માટે મજૂર મહાજનોની આવશ્યકતા છે. મજૂર મહાજનનાં મુખ્ય કામો એ ગણી શકાય :

(૧) પોતાના હકો અને હિતોનાં સંરક્ષણ અને વર્ધન માટે લડવાનું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) પોતાની અંદરોઅંદર ભ્રાતૃભાવ, સંપ અને સહકારની લાગણી કેળવી પોતાની શક્તિ વધારવાનું અને પોતાની સર્વાંગીણ ઉન્નતિ સાધવાનું.

પહેલું કામ લડાયક છે, જ્યારે બીજું રચનાત્મક છે. આ રચનાત્મક કામ અનેક રીતે ચાલે છે. તેમાં એકબીજાને માંદેસાજે અંગત મદદ કરવાથી માંડીને મહાજન તરફથી તબીબી રાહત માટે દવાખાનાં અને ઇસ્પિતાલો ચલાવવાનું કામ થાય છે. કેળવણીની બાબતમાં મજૂરોની સ્થિતિની તથા વિવિધ વિષયોની માહિતી આપનારી પત્રિકાઓ, વ્યાખ્યાનો, પુસ્તકાલયો, પ્રૌઢ-શિક્ષણના વર્ગો, બાળકો માટે મજૂર શાળાઓ, વિકાસગૃહો તથા છાત્રાલયો વગેરે ચલાવવાની પ્રવૃત્તિઓ ચાલે છે. મજૂરો દારૂ તથા બીજાં ખરાબ વ્યસનોમાં ન પડે તે માટે સ્વચ્છ અને આહ્‌લાદક જગ્યામાં તેમને નિર્દોષ પીણાં મળી શકે અને ત્યાં મનોરંજનના બીજા રસિક અને બોધક કાર્યક્રમો હોય એવી હોટલો અને ક્લબો ચલાવવામાં આવે છે. વળી કરકસર કરવાની, નિર્વ્યસનતા અને સંયમ તરફ વાળવાની, સ્વચ્છતા અને સુઘડપણાનો શોખ ઉપજાવવાની, સંસ્કારિતા અને નીતિમત્તાવાળા આચાર વિચાર કેળવવાની, ટૂંકમાં તેમને ઊંચા પ્રકારનું સમાજોપયોગી જીવન ગાળતા કરવાની વિવિધ પ્રવૃત્તિઓ મજૂર મહાજન તરફથી ઉપાડવામાં આવે છે. જે મજૂર મહાજન આવાં રચનાત્મક કામો તરફ ધ્યાન આપે છે તે જ વધારે બળવાન થાય છે અને મજૂરોનું હિત વધારે ને વધારે સારી રીતે સાધી શકે છે.

આપણા દેશમાં કારખાનાંના કામદારોએ પહેલું સંયુક્ત કાર્ય કર્યાનો દાખલો સને ૧૮૮૪માં કામદારોની એક પરિષદે ફૅક્ટરી કમિશનને એક મોટી અરજી મોકલ્યાનો છે. બાદમાં પહેલા મહાયુદ્ધ પછી મજૂરોમાં વર્ગ-ચૈતન્યનો ઉદય થાય છે અને અખિલ ભારતીય ટ્રેડ યુનિયનની સ્થાપના થાય છે. આ જ સમયે મહાત્મા ગાંધીજીએ સ... અમદાવાદમાં મજૂર મહાજનની સ્થાપના કરી, કે જેનો પાયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. અનસૂયાબ્હેને નાંખ્યો હતો. આજે દુનિયામાં આ એક વિશિષ્ટ પ્રકારનું મહાજન છે, કે જે પોતાના વાજબી હકો સત્ય અને અહિંસાના રસ્તે પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. બીજાં વિવિધ પ્રકારનાં મજૂર મંડળો પણ સ્થપાયાં છે.

આજે હિંદમાં મુખ્યત્વે ત્રણ પ્રકારનાં મજૂર મંડળો કામ કરે છે:

(૧) ટ્રેડ યુનિયન કોંગ્રેસ (સામ્યવાદી)

(૨) ઇન્ડિયન નેશનલ ટ્રેડ યુનિયન કોન્ગ્રેસ (રાષ્ટ્રવાદી)

(૩) હિંદ મજદૂર સભા (સમાજવાદી)

આજે આ ત્રણે દળો મજૂરોને પોતાના પ્રભાવ નીચે લાવવા માટે પ્રતિસ્પર્ધા કરી રહ્યાં છે; એટલે જોઈએ તેવું મજૂર કલ્યાણ પ્રવૃત્તિનું કામ થતું નથી. તે પ્રવૃત્તિનું જે કંઈ આછુંપાતળું દર્શન થાય છે તે ફક્ત અમદાવાદ મજૂર મહાજનની પ્રવૃત્તિમાં થાય છે. આપણે અમદાવાદની કલ્યાણ પ્રવૃત્તિઓ જોતા પહેલાં મુંબઈ ઇલાકામાં ત્રિપક્ષ તરફથી ચાલતી કલ્યાણ પ્રવૃત્તિઓનો ટૂંકો પરિચય કરી લઈએ.

પ્રકરણ ૩ જું

મુંબઇ ઇલાકાની મજૂર કલ્યાણ પ્રવૃત્તિ

મુંબઈ ઇલાકો રૂની પેદાશની દષ્ટિએ તેમ જ કાપડ ઉદ્યોગમાં રોકાયેલા માણસોની દષ્ટિએ હિંદમાં સૌથી મોખરે છે. હિંદની કુલ્લે ૪૦૭ મિલોમાંથી ૨૦૩ મિલો મુંબઈ ઇલાકામાં છે. તેમાંની મોટા ભાગની મિલો મુંબઈ (૮૪) અમદાવાદ (૭૦) અને સોલાપુરમાં (૫) છે. એમાં મુંબઈમાં ૨,૨૦,૬૮૧ અને અમદાવાદમાં ૧,૩૦,૦૬૧ અને સોલાપુરમાં ૨૧,૦૦૦ કારીગરો કામ કરે છે.

તે ઉપરાંત સુરત, નવસારી, વડોદરા, ભાવનગર, વીરમગામ, ભરૂચ, પૂના, હુબલી, બારસી, ગડગ અને ગોકાકમાં પણ છૂટીછવાઈ મિલો છે. આ બધાં સ્થળોએ મિલમાલિકો તેમ જ મજૂર મહાજનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફથી કઈ કઈ કલ્યાણ પ્રવૃત્તિઓ ચાલે છે તે જોઈએ. સરકાર તરફથી મુંબઈ ઇલાકામાં ચાલતી પ્રવૃત્તિઓને એક જુદા જ પ્રકરણમાં ચર્ચીશું.

મુંબઈ : કેટલીક મિલોમાં જાજરૂ, પેસાબખાનાં તેમ જ સ્નાનગૃહો તદ્દન આધુનિક સગવડથી સજ્જ એવાં સાધનોથી બનાવેલાં છે. ઘણી-ખરી મિલોમાં આ સગવડો કારખાનાંના કાયદામાં જણાવ્યા પ્રમાણે બનાવેલી છે. પણ પીવાના પાણી માટેની ફરિયાદો અવારનવાર કેટલીક મિલોમાંથી સંભળાય છે, જ્યારે ફક્ત ૩૦ % મિલોએ જ ભોજન કરવા માટે માંડવાઓ ઊભા કર્યા છે. તેનો વિસ્તાર ૩૦'×૧૦' અથવા ૫૦'×૪૫' નો હોય છે. તેમાંના કેટલાક વ્યવસ્થિત અને સારા ન રખાતા હોવાથી મજૂરો પોતાના વિભાગમાં કે બહાર જમી લેવાનું વધારે પસંદ કરે છે.

અહીંના મિલમાલિક મંડળમાં જોડાયેલી દરેક મિલમાં ઘોડિયા-ઘર, અનાજની દુકાનો, આરામ માટેની સગવડો, દવાખાનાં, કેન્ટીન વગેરે હોય છે. દવાખાનાં માટે કાયમી ડૉકટરો રાખે છે. કેટલીક મિલોમાંથી ડૉકટરોને મજૂર વસવાટોમાં પણ તપાસ માટે મોકલે છે. દરેક મિલમાં સ્ત્રી–કામદારોનાં બાળકોની સંભાળ માટે ઘોડિયાઘર રાખેલાં છે, જે તાલીમ પામેલી નર્સની દેખરેખ નીચે ચાલે છે. તે ઉપરાંત મિલનો ડૉકટર ઘોડિયાઘરની અવારનવાર તપાસ કરે છે. કેટલીક જગ્યાએ ખાસ સ્ત્રી–ડૉકટરની પણ નિમણૂક કરેલી હોય છે. ત્યાંનાં ઘોડિયાઘરોનો દિવસે દિવસે વધારે ઉપયોગ થવા માંડ્યો છે. કેટલીક જગ્યાએ બાલપ્રદર્શનો ભરી તંદુરસ્ત બાળકોને ઇનામો પણ આપવામાં આવે છે. ફક્ત બે મિલ સિવાય કેન્ટીનો ચાલુ કરવામાં આવ્યાં છે. આ કેન્ટીનોમાં તાજેતરમાં ન્યુ કૈસરે હિન્દ મિલનું કેન્ટીન ધ્યાન ખેંચે છે. મિલે મજૂરો માટે કરેલ આ કેન્ટીનમાં એકી સાથે પાંચસો માણસો ભોજન લઈ શકે તેવી સંપૂર્ણ સગવડ કરવામાં આવી છે. વળી આ ભોજનઘરમાં હવા ઉજાસ માટે સુંદર વ્યવસ્થા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા સાથે દીવાલો પણ આંખને ઠંડક આપે તેવા રંગોથી રંગવામાં આવી છે. આ ઉપરાંત આ ભોજનઘરમાં રેડિયોની, સિનેમા બતાવવાની વગેરે જોગવાઈ પણ કરવામાં આવી છે.

આમ કેટલીક મિલોમાં ઉત્તમ પ્રકારનાં કેન્ટીનો છે, જ્યાં ચા અને નાસ્તો મજૂરોને મળી શકે છે. કેટલીક મિલો જાતે જ કેન્ટીનો ચલાવે છે જ્યારે કેટલીકમાં કૉન્ટ્રાક્ટરો ચલાવે છે. જ્યાં કૉન્ટ્રાક્ટરો મારફત ચલાવે છે ત્યાં સ્વચ્છતા વગેરેની ખામી માલૂમ પડે છે. માલ વગેરે પણ જોઈએ તેવો સારો નથી હોતો. આ માટે સરકાર તેમ જ મ્યુનિસિપાલિટીએ પૂરતા પ્રમાણમાં ધ્યાન આપવાની જરૂર છે. કેટલીક મિલોએ અનાજની દુકાનો તેમ જ જીવનની જરૂરિયાતની વસ્તુઓના ભંડારો પણ ખોલ્યા છે. તેમાં પડતર ભાવે સારો માલ આપવામાં આવે છે. કાપડની દુકાનો પણ હોય છે, જેમાં કંઈક રાહત આપવામાં આવે છે. આવા ભંડારો ને દુકાનોના લગભગ બધા જ કારીગરો લાભ લેતા હતા, પણ કાપડનું રેશનિંગ આવતાં કાપડની દુકાનો બંધ કરવી પડી હતી.

ઉપરાંત કેટલીક સહકારી મંડળીઓ, ટેકનિકલ શાળા વગેરે પણ ચલાવવામાં આવે છે.

મુંબઈમાં વિવિધ વિચારસરણીવાળા મજૂર સંઘો ચાલતા હોવાથી મજૂર કલ્યાણ પ્રવૃત્તિની દિશામાં જોઈએ તેવી પ્રગતિ તેઓ તરફથી થઈ નથી; કારણ ત્યાં આગળ એક પણ એવો સંઘ નથી કે જેનો કાબૂ મજૂરો ઉપર પૂરો હોય. આથી કોઈ પણ યોજના કલ્યાણ પ્રવૃત્તિ અંગેની થઈ શકી નથી. ફક્ત રાષ્ટ્રીય મજૂર સંઘ તરફથી કેટલાક મજૂર લત્તાઓમાં પ્રૌઢ-શિક્ષણના વર્ગો ચલાવવામાં આવે છે.

મજૂરોના વસવાટનો પ્રશ્ન પણ એક મૂંઝવણભર્યો પ્રશ્ન છે. ૨૧ મિલોએ પોતાના મજૂરોને મકાનો આપ્યાં છે, જેમાં ૩,૩૫૪ એક ખંડી ઓરડીઓ છે, ૯૩૯ બે ખંડી ઓરડીઓ છે, જ્યારે ૮ ત્રણ ખંડી કે તેથી વધારેની છે. આ ઓરડીઓને ચાલ કહેવામાં આવે છે. આમાંની મોટા ભાગની ઓરડીઓ ૧૦'×૧૦' અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫'×૧૦' હોય છે. જાજરૂ અને પાણીની સગવડો સમૂહ માટે એકત્ર હોય છે. કેટલીકમાં વીજળીની બત્તીની સગવડ હોય છે જ્યારે કેટલીકમાં રસ્તા પર જ ફક્ત બત્તી હોય છે, પણ ઓરડાઓમાં વીજળી આપવામાં નથી આવી. આ ચાલો સામાન્ય રીતે મિલની આસપાસ જ હોય છે. ખાસ કરીને આવી ઓરડીઓમાં ૭ થી ૮ માણસો રહેતા હોય છે, જેનું ભાડું રૂ. ૩ થી રૂ. ૫ હોય છે.

મુંબઈના મ્યુનિસિપલ કૉરપોરેશને પણ મજૂરોના વસવાટના પ્રશ્નમાં રસ લઈ ૧૧,૦૦૦ ઓરડીઓ તેમ જ ૩,૦૦૦ શેડ બાંધ્યા છે. તે ઓરડીઓનું ભાડું રૂ. ૫ થી રૂ. ૧૦॥ છે જ્યારે શેડનું ભાડું રૂ. ૨॥ થી રૂ. ૬ છે.

તે ઉપરાંત ૧૯૨૦ માં મજૂરોના વસવાટ માટે સરકારે રૂ. ૫ કરોડ ખર્ચી ૫૦,૦૦૦ ઓરડીઓ બાંધવાનો વિચાર કર્યો હતો. તેમાંથી ૧૬,૫૨૪ ખોલીઓ બંધાઈ, જેની સરેરાશ કિંમત રૂ. ૨,૦૬૪ પડી. આ ચાલો સિમેન્ટથી બાંધી હતી અને તે મિલોથી દૂર હતી. તદુપરાંત તેમાં હવા, ઉજાસ, જાજરૂ, પાણી, વીજળી વગેરેની વ્યવસ્થા પણ જોઈએ તેવી ન હતી. આથી આ ખોલીઓ વર્ષો સુધી ખાલી પડી રહી. ૧૯૩૭ માં સરકારે આ ચાલોની સુધારણા માટે એક સમિતિ નીમી, જેનાં સૂચનો પ્રમાણે રૂ. ૪ લાખ ખર્ચી જોઈતા સુધારાવધારા કર્યા બાદ તેમાં ધીરે ધીરે મજૂરો રહેવા આવવા લાગ્યા.

છતાં પણ મુંબઈના ૫૪% મજૂરો ખાનગી મકાનમાલિકોની ચાલોમાં રહે છે. તે ચાલો મુખ્યત્વે એક ઓરડીઓની બનાવેલી હોય છે. તેનું ભાડું રૂ. ૬ થી રૂ. ૭ હોય છે અને હવા, ઉજાસ કે પાણીની પણ પૂરતી સગવડ હોતી નથી.

મુંબઈમાં ઘરો માટે એક પણ સહકારી હાઉસિંગ સોસાયટી મજૂરોની અત્યાર સુધી થઈ નથી.

દિવસે દિવસે મકાનોની તંગી વધતી જાય છે. ૧૯૩૫ માં એક ઓરડીમાં રહેનાર ૭૩·૮૬% હતા, જ્યારે ૧૯૪૦ માં તે આંકડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૧% બન્યો હતો. આજે તેમાં સરેરાશ ૪થી ૬ માણસ રહેતા હોય છે. તે ઉપરાંત હજારો માણસો જગ્યાને અભાવે ફૂટપાથ પર રાતના આશરો લેતા માલૂમ પડે છે.

અમદાવાદમાં મિલમાલિકો, મજૂર મહાજન તેમ જ સરકાર તરફથી સારા પ્રમાણમાં આ પ્રવૃત્તિ વિકસી છે. આ ત્રણેની વિગતવાર પ્રવૃત્તિઓ આગળ ઉપર જોઈશું.

તે ઉપરાંત સોલાપુર, સુરત, નડિયાદ, વીરમગામ, ગડગ વગેરેમાં મિલમાલિકો તરફથી છૂટુંછવાયું કામ થયું છે. સોલાપુરમાં દરેક મિલમાં દવાખાનું, ઘોડિયાઘર તેમ જ કેન્ટીનો ચલાવવામાં આવે છે. એક મિલમાં તો ઇસ્પિતાલ પણ છે, જેનો લાભ મજૂરો તેમ જ તેના કુટુંબીઓ મફત લઈ શકે છે. ત્યાં એક મોટી "સ્પોર્ટ્સ કલબ" પણ ચાલે છે. ત્યાંની એક મિલમાં તો નીચે પ્રમાણેની ગ્રેચ્યુઇટી પણ અપાય છે:

૧૫	વર્ષની	નોકરી	૩ માસનો પગાર
૨૦	,,	,,	પણ ૨૫ થી ઓછી માટે ૪ માસનો પગાર
૨૫	વર્ષથી વધારે ,,		૫ માસનો પગાર

ત્યાંના દરેક માલિકે પોતાના મજૂરો માટે ચાલો બાંધી છે. ઓરડીઓ ૧૦' × ૧૨' અથવા ૧૫' × ૧૦'ના માપની છે. મકાન ભાડું રૂ. ૧॥ થી રૂ. ૨॥ છે. સ્થાયી મજૂરોને ઓરડીઓ ભાડે આપવામાં આવે છે. ખાનગી ચાલીઓ તો અંધારી અને ગંદકીથી ભરપૂર છે. વળી કેટલાક મજૂરો મ્યુનિસિપલ જગ્યામાં ઝૂંપડાંઓ ઊભાં કરીને રહે છે. તે ઝૂંપડાંઓ રહેવા લાયક તો નથી જ હોતાં.

બીજાં ઔદ્યોગિક કેન્દ્રોમાં ફક્ત ગડગ સિવાય બધે દવાખાનાં છે. ગડગવાળા ઇસ્પિતાલમાં મોકલવાનો બંદોબસ્ત કરે છે અને ખર્ચ આપે છે. ગોકાક અને બારસીમાં કેટલાંક દવાખાનાં આધુનિક સગવડ તેમ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોશિયાર ડૉક્ટરથી ચલાવવામાં આવે છે. ઘોડિયાઘર, કેન્ટીનો વગેરેની પણ સગવડો છે. અનાજ તેમ જ કાપડની દુકાનો પણ ચલાવવામાં આવે છે. બારસીની એક મિલમાં આ દુકાનો સહકારી પદ્ધતિએ ચાલે છે. ગોકાક અને બારસીમાં પ્રાથમિક તેમ જ અંગ્રેજી શાળા પણ ચલાવવામાં આવે છે. બારસીની બે મિલોમાં ને ગડગની એક મિલમાં સહકારી ધીરાણ મંડળીઓ પણ છે. લગભગ બધા જ મજૂરો એના સભ્ય છે. એક શૅર રૂ. ૫) નો છે. શૅરના રોકાણ જેટલા અથવા ૧/૮ પગાર જેટલા રૂપિયા સભ્યોને ધીરવામાં આવે છે. બારસી તેમ જ ગોકાકની કેટલીક મિલોમાં પ્રૉ. ફંડની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. બારસીમાં ૧૦ % મજૂરો અને ગોકાકમાં ૫૦ % મજૂરો મિલમાલિકોની ચાલીઓમાં રહે છે. ગોકાકથી મિલ દૂર હોવાથી ત્યાં મકાનો બાંધવામાં આવ્યાં છે. કદાચ આખાયે પ્રાંતમાં આ મકાનો સારામાં સારાં હશે. વીજળીથી સજ્જ એવા બબ્બે ઓરડાઓ હોય છે. જાજરૂ, પેસાબખાનાં, સ્નાનગૃહ, ક્રીડાંગણ તેમ જ ઇતર સગવડો પણ ઘણી જ સારી છે. આરોગ્ય અને સ્વચ્છતા જળવાઈ રહે તેની દેખભાળ માટે ખાસ માણસોની નિમણૂક કરવામાં આવે છે. બાળકોને રમવા માટેનાં સાધનો પણ છે. આટલી સગવડ હોવા છતાંયે મકાનોનું ભાડું ફક્ત રૂ. ૨॥ થી રૂ. ૪) લેવામાં આવે છે.

ભાવનગરમાં વિશિષ્ટ પ્રકારની કલ્યાણ પ્રવૃત્તિઓ ચાલે છે. ત્યાં બે મિલો છે: ન્યુ જહાંગીર વકીલ અને મહાલક્ષ્મી. તેમાં લગભગ ૪ થી ૫ હજાર કારીગરો કામ કરે છે. તે ઉપરાંત ત્યાં આગળ ગોદી કામદારોનો એક મોટો વર્ગ છે, જેની સંખ્યા લગભગ ૮ હજાર હશે. અહીં મજૂર કાર્યકર્તા અને માલિકો વચ્ચે મીઠા સંબંધ છે. આથી કેટલીક કલ્યાણ પ્રવૃત્તિઓ બંને ભેગા મળી ચલાવે છે; જેવી કે બાલવાડી, સંસ્કારકેન્દ્ર, યુવક મંડળ, વાંચનાલય, ગ્રંથાલય ઇત્યાદિ. સંસ્કારકેન્દ્ર મહાલક્ષ્મી મિલ તરફથી ચાલે છે. તે ઉપરાંત એક મજૂર કલ્યાણ કેન્દ્ર સૌરાષ્ટ્ર સરકાર તરફથી ચાલે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યાર સુધી આ વિભાગ દેશી રાજ્યમાં હોવાથી કામ કરવામાં કેટલીક નડતરો હતી, છતાંય ત્યાં સારા કાર્યકરોને લીધે જેટલું કામ થયું છે તેટલું સંગીન થયું છે; અને જોતાં તરત જ આંખે ઊડીને વળગે છે. વળી એમાં આર્થિક વિકાસ જ નથી થયો, પણ સાથે સાથે સામાજિક તેમ જ રાજકીય વિકાસ પણ થયો છે. અમદાવાદ ને મુંબઈ જેટલો મકાનનો પ્રશ્ન એ લોકોને મૂંઝવતો નથી છતાંયે ત્યાં પણ હવા, ઉજાસ ને સગવડવાળી ચાલો બંધાય તે ઇષ્ટ છે.

એક વખત ત્યાં આગળ મજૂર ભાઈઓમાંથી ઉત્સાહી મજૂર ભાઈઓ ભેગા થયા અને નાકે ડૂચો દઈએ તોપણ દુર્ગંધ મોઢામાંથી પ્રવેશી જાય એવી પડતર જગ્યાએ દિવસો સુધી વહેલી સવારે કોદાળી, પાવડા અને ત્રિકમ લઈને કામે લાગી ગયા. આમ આખો દિવસ કારખાનામાં મજૂરી પર એ ભાઈઓ જાય અને વહેલામોડા ક્રીડાંગણ માટે આ ઉકરડા જેવી જગ્યાને સરખી કરવા લાગી જાય. કાળી મહેનત પાસે અને નિઃસ્વાર્થ નિર્ધાર પાસે કશું અશક્ય નથી. જોત-જોતામાં સ્થાન ચોખ્ખું અને સપાટ બનાવી દીધું. એક વખતની વેરાન અને દુર્ગંધ મારતી જગ્યા વૈકુંઠશું નાનકડું આંગણું બની ગયું. આવી રીતે મહેનતનું જે ફળ ઊગ્યું તે મજૂર બાળકો માટેનું શિશુવિહાર–કલ્લોલતું બાલકુંજ. ત્યાં રોજ સવાર સાંજ બાલપંખીઓનો મેળો ભરાતો થયો.

ત્યાં સામાન્ય રીતે રોજ સાંજે સાડા પાંચ વાગ્યે બાળકો આવે છે. દેશી રમતો અને સાધનોવાળી કસરતોનું કામ વ્યવસ્થિત ચાલે છે. ક્રીડાંગણની સંપૂર્ણ તાલીમ પામેલા ભાવનાશાળી અને સેવાભાવી મજૂર મિત્રો મળી ગયા છે. જુદી જુદી ટુકડીઓમાં તાલીમ આપવાની સગવડ થઈ છે. પણ ક્રીડાંગણ તે માત્ર કસરત કરવાનો અખાડો નથી. ત્યાં શરીરની સાથે બુદ્ધિના વિકાસનો પણ વિચાર થાય છે; વાર્તા અને બાલગીતો ગવાય છે; દાંડિયા રાસ અને નાટકોની જમાવટ થાય છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાનની દીપમાળ જેવા ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારો ઊજવાય છે; નાનાં મોટાં પ્રવાસ પર્યટનો યોજાય છે અને ગ્રીષ્મ તાલીમ વર્ગો ગોઠવાય છે. આવું આવું ઘણું થયું છે અને છતાં ઘણું વધારે કરવા કાર્યકરો ઇચ્છે છે.

ગરમીની લાંબી રજાઓમાં બાળકો એદીની જેમ પડયાં રહે અથવા ભટકયાં કરે તેના કરતાં ઉદ્યમી બને અને તેમની વૃત્તિ સાચે માર્ગે વળે તે માટે ગ્રીષ્મ તાલીમ વર્ગ ચલાવવામાં આવે છે. આ વર્ગ દર મે માસમાં ત્રણ અઠવાડિયાં ચાલે છે. તેમાં વિદ્યાર્થીઓ પોતાની સાથે વાળુ અને પાથરણુ લઈને આવે છે. સાંજના સાડા પાંચથી રાતના સાડા નવ સુધી કસરત, રમત, ઇતરજ્ઞાન વર્ગ, દાંડિયા રાસ, સમૂહ ગીતો વગેરે ચાલે. રાતના સૂવાનું પણ શિશુવિહારના મેદાનમાં જ. દિવસના એમને તાલીમ આપનાર મજૂરમિત્રો કારખાનામાં કામે જાય એ સમય દરમિયાન બાળકો કાંતણ, સફાઈ, રમત, વાચન ઇત્યાદિ પ્રવૃત્તિ ચલાવે. દર ત્રીજે દિવસે શહેરમાં કારખાનાં દ્વારા ચાલતા ઉદ્યોગો જોવા જાય અને પોતાનું જ્ઞાન વધારે. આ વર્ગમાં જોડાનાર બાળકોને સવાર સાંજ દૂધ અને નાસ્તો આપવામાં આવે છે. આ બદલ કશું લેવામાં નથી આવતું. સામાન્ય વ્યવસ્થા માટે ફક્ત રૂપિયા બે ફી લેવામાં આવે છે. બાળકો આ પ્રવૃત્તિમાં ખૂબ રસ લે છે. એના સાલવાર આંકડા નીચે પ્રમાણે છે :

ગ્રીષ્મ વર્ગની સાલવાર સંખ્યા

સાલ	છોકરા	છોકરી	કુલ
૧૯૪૩	૯૭	૮	૧૦૫
૧૯૪૪	૬૩	૭	૭૦
૧૯૪૫	૫૮	૫	૬૩
૧૯૪૬	૭૧	૧૧	૮૨

તે ઉપરાંત શિશુવિહાર એક નાનુંશું પુસ્તકાલય પણ ચલાવે છે, તેમાં એક હજાર જેટલાં બાલોપયોગી પુસ્તકો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લાં પાંચ વરસથી આ સંસ્થા "શિશુવિહાર" નામનું એક હસ્તલિખિત માસિક પણ કાઢે છે. આ માસિક દિનપ્રતિદિન પ્રગતિ કરી બાળ-કુમાર-ભોગ્ય માસિક તરીકે છપાવી પ્રસિદ્ધ કરી શકાય એટલી હદ સુધી પહોંચ્યું છે.

ત્યાં છેલ્લાં બાવીશ વર્ષથી લોકસેવા કરતા મજૂર મિત્રોનું મંડળ છે. તેનું નામ છે "આનંદ મંગળ મંડળ." તેના નામ ઉપરથી ઉદ્દેશ સ્પષ્ટ થાય છે કે: "ગુજારો કરવા પ્રામાણિકપણે રોજી મેળવ્યા પછી જીવનની કળા ખીલવવા આનંદ કરવો. પરંતુ એ આનંદ એવો હોવો જોઈએ કે જેમાંથી પોતાનું અને સમાજનું મંગળ થાય."

ત્યાં એક બૅન્ડ તાલીમ વર્ગ ચલાવવામાં આવે છે. તેમાં યુવકોને ડ્રમ, ફ્લુટ, બ્યૂગલ, બૅગપાઈપ વગેરેની સમૂહગત તાલીમ આપવામાં આવે છે.

અવારનવાર મજૂર બહેનોનો સંસ્કાર વર્ગ પણ ચલાવવામાં આવે છે, જેમાં બાળઉછેર, સ્ત્રીઓનાં દર્દો અને તેની સંભાળ ઇત્યાદિનું શાસ્ત્રીય જ્ઞાન આપવામાં આવે છે.

તે ઉપરાંત, મજૂર લત્તામાં જ મજૂરોની શારીરિક ઉન્નતિ માટે એક વ્યાયામશાળા ચલાવવામાં આવે છે. આ સંસ્થા વડવા વ્યાયામ મંદિરના નામથી ઓળખાય છે. વળી સવારમાં બાલવાડીઓ, સંસ્કાર કેન્દ્રો તેમ જ રાતના રાત્રીશાળાઓ પણ ઠીક ઠીક પ્રમાણમાં ચાલે છે.

ત્યાંના મજૂરભાઈઓ વિવિધ વેચાણ કરનારી સહકારી મંડળી પણ ચલાવે છે. તેમાં જીવનની જરૂરિયાતની સઘળી ચીજો ચોખ્ખી પણ સસ્તા ભાવે વેચવામાં આવે છે. વેચાણ અને હિસાબ માટે મજૂરભાઈઓ જ પોતાના ફુરસદના સમયમાં અવૈતનિક રીતે કામ કરે છે.

ત્યાંના ભાઈઓએ એક સ્વિમિંગ બાથ પણ ઊભો કર્યો છે. તેમાં મજૂરીનું ખર્ચ એક પાઈ પણ થયું નથી. આથી એના બાંધકામનો ખર્ચ ફક્ત રૂ. ૭) હજાર આવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ અનેકવિધ પ્રવૃત્તિઓ ત્યાંના મજૂરભાઈઓ જ ચલાવે છે. આ એની ખાસ વિશેષતા છે. પોતાના જીવનમાં આમ દરેક સ્થળના મજૂરભાઈઓ રસ લે તો ત્યાંના જેવું સરસ વાતાવરણ બધે ઊભું થઈ શકે. આ રીતે આ ભાઈઓનાં કાર્યો બીજા મજૂરભાઈઓ માટે અનુકરણીય છે.

પ્રકરણ ૪ થું

અમદાવાદ મજૂર મહાજન સંઘ અને તેની પ્રવૃત્તિઓ

મુખ્ય પ્રવૃત્તિઓ

કામગીરી અંગે	આર્થિક	આરોગ્ય
ફરિયાદ ખાતું	બચત ઉત્તેજન	વ્યાયામ શાળા
કાયદા વિભાગ	સહકારી બેન્ક	દવાખાનાં
આંકડા ખાતું		પ્રસૂતિગૃહ

શૈક્ષણિક	વસવાટ	સામાજિક
શાળા	ઘર મંડળી	વિકાસ મંદિર
છાત્રાલય		સિનેમા
અભ્યાસગૃહ		સેવાદળ
મજૂર વિદ્યાલય		દારૂબંધી પ્રચાર
ગાંધી વિચાર વર્ગ		લત્તા ખાતું
પુસ્તકાલયો-વાચનાલયો		ગ્રામવિકાસ
		મજૂર સંદેશ
		પત્રિકાઓ-પુસ્તિકાઓ
		સંશોધન વિભાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાપના અને વિકાસ–આપણા દેશમાં કાપડ ઉદ્યોગના ક્ષેત્રમાં મુંબઈ પછી અમદાવાદ એ બીજું મહત્ત્વનું ઔદ્યોગિક મથક છે. અહીં ૧૮૫૭માં શાહપુર મિલની પ્રથમ સ્થાપના થઈ. ૯૩ વર્ષના ગાળામાં કુલ ૮૯ મિલો સ્થપાઈ. કેટલીક સંજોગવશાત્ ૧૯૩૪ થી ૧૯૩૯ના ગાળામાં બંધ પડી. ૧૯૫૦માં આ શહેરની ૭૦ મિલોમાં ૧,૩૦,૦૬૧ મજૂરો કામ કરે છે. એમાં સ્ત્રી કામદારોની સંખ્યા ૧૮,૮૨૯ છે. ત્રાકની કુલ સંખ્યા ૧૯,૭૫,૮૯૯ છે ને સાળની કુલ સંખ્યા ૪૩,૦૦૭ છે.

૧૯૪૬ના ઑગસ્ટથી ૧૯૪૭ના જુલાઈ સુધીના વર્ષમાં આ શહેરની મિલોએ ૨,૯૨,૧૯૮ ગાંસડી રૂ વાપર્યું. ૧૫,૮૦,૪૯૦૦૦ રતલ કાપડ વણ્યું. ૧,૩૦,૦૬૧ મજૂરોને રૂ. ૧૧,૭૧,૮૧૨૩૨ પગાર અને મોંઘવારી તરીકે, અને રૂ. ૯૨,૫૮,૨૪૩ બોનસ તરીકે ચૂકવ્યા.

શહેરની ૭૦ મિલોમાં થઈને દર મહિને મજૂરોનો માત્ર માસિક પગાર જ રૂા. ૪૧ લાખ ૩૪ હજાર અને આશરે રૂ. ૫૭ લાખ મોંઘવારી ભથ્થું ચૂકવાય છે. એટલે કે બારે માસ દિવસની પ્રત્યેક મિનિટે રૂ. ૨૪૫ અથવા તો રોજ રોજ રૂપિયા સાડા ત્રણ લાખથીયે વધુ રકમ મજૂરીની ચૂકવાય છે.

આમ અનેક વર્ષોની જહેમત બાદ આ શહેર ઉદ્યોગની પહેલી પંક્તિનાં મથકોમાં આવી શક્યું છે. અહીંના મજૂરો મોટે ભાગે ગુજરાત અને સૌરાષ્ટ્રનાં ગામોમાંથી આવેલા છે. તે ઉપરાંત મજૂરોની થોડી નાનીશી સંખ્યા દેશના જુદા જુદા ભાગોમાંથી પણ આવેલી છે. એક પેઢી પહેલાં અહીંના મજૂરો બીજાં મથકોના મજૂરોની જેમ અસંગઠિત દશામાં હતા; કામના કલાકો ઘણા વધુ પડતા હતા; પગાર તદ્દન નજીવો હતો; કેળવણીનું નામનિશાન ન હતું; કામગીરીની સ્થિતિ બહુ જ ત્રાસદાયક અને કઢંગી હતી; અને મજૂરોને યંત્રકામના એક સાધનરૂપે ગણવામાં આવતા. માણસ તરીકે તેમની કશી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણતરી કરવામાં આવતી નહીં. આ દુઃખદ પરિસ્થિતિમાં મજૂર-વર્ગમાં જાગ્રતિ આવવી કે પોતાની સ્થિતિ સુધારવા માટે વ્યવસ્થિત પ્રયાસ કરવાની ભૂખ જાગવી એ અશક્ય હતું. સને ૧૯૧૪–૧૮માં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. તેને પરિણામે ભાવોમાં ભારે ઉછાળો આવ્યો, પણ પગારો નીચા રહ્યા અને તેથી મજુરોને પોતાનો જીવનનિર્વાહ ચલાવવો મુશ્કેલ બન્યો. આ મુશ્કેલીને પરિણામે મજૂર વર્ગમાં બેચેની ને જાગૃતિ પેદા થઈ. આ જાગૃતિનું મૂર્ત સ્વરૂપ એ અમદાવાદ મજૂર મહાજન સંઘ.

આમ એ સંસ્થાનું બીજ આજથી ૩૦ વર્ષ પહેલાં નંખાયું એમ કહી શકાય. જેમ બી વાવ્યા પહેલાં ખેતર સારી રીતે ખેડાયેલું હોય તો પાક સારો ઊતરે, તેવી જ સ્થિતિ મજૂર મહાજનના સંબંધમાં બનેલી. મજૂર મહાજનની સ્થાપના થઈ તેનાં ત્રણ ચાર વર્ષ પહેલેથી જ શ્રીમતી અનસૂયાબહેને મજૂર વર્ગમાં કેળવણીનું કામ શરૂ કર્યું હતું. તેમણે શરૂઆતમાં બાળકોની કેળવણીનું કામ હાથ ધર્યું હતું અને કેટલાક મિત્રોની મદદથી મજૂરો માટે રાત્રીશાળાઓ પણ ખોલી હતી. મજૂર મહોલ્લાઓમાં તેઓ ફરતાં અને મજૂરોના સંપર્કમાં આવી તેમની તકલીફો સમજવા પ્રયત્ન કરતાં. આ વખતે મજૂરોનો મોટો ભાગ તદ્દન પછાત, અભણ, વહેમીલો અને અતિશય કંગાલ હતો. આવા વર્ગમાં કેળવણીનો પ્રચાર કરવો એ અતિશય મુશ્કેલ કામ હતું, છતાં પણ ખંત અને ધીરજથી શ્રીમતી અનસૂયા-બહેન પોતાનું કામ આગળ ધપાવે જતાં હતાં. આમ તેમનું કામ, જે કેળવણી ને સામાજિક પ્રવૃત્તિ પૂરતું મર્યાદિત હતું, તે અમદાવાદમાં શરૂ થયેલ મજૂર કલ્યાણ પ્રવૃત્તિનું પ્રથમ સોપાન ગણી શકાય.

અમદાવાદના મજૂરોના સદ્‌ભાગ્યે એમના મહાજનને હરહંમેશ પૂજ્ય ગાંધીજીની દોરવણી મળી. વળી તે ઉપરાંત આજ દિન સુધી શ્રી. શંકરલાલ બૅન્કર, શ્રી. ખંડુભાઈ દેસાઈ અને શ્રી. ગુલઝારીલાલ નંદા જેવા એકનિષ્ઠ સેવકોએ મહાજનનું સુકાન સંભાળ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મહાજનનું ધ્યેય પૂ. ગાંધીજીની વિચારસરણીને અનુસરી મજૂરોની સર્વદેશીય ઉન્નતિ કરવાનું છે. છેક ૧૯૨૦માં અમદાવાદના મજૂરોને જણાયું કે, જો તેમણે તેમની સામાજિક ઉન્નતિ સાધવી હોય તો પૂ. ગાંધીજીએ બતાવેલા માર્ગે રચનાત્મક પ્રવૃત્તિઓ ચલાવવી જોઇએ. તે માટે તેમણે ખાતાવાર મહાજનોની સ્થાપના કરી. દા. ત. થ્રોસલ ખાતાનું મહાજન, ફ્રેમ, કાર્ડબ્લો ખાતાનું મહાજન, ઇજનેર મિકેનિક ખાતાનું મહાજન, તાણા, વાઇન્ડિંગ, મુકાદમ અને તેલવાળાનું મહાજન.

ઉપર પ્રમાણે જુદાં જુદાં મહાજન એકઠાં થઈને અમદાવાદમાં મજૂર મહાજન સંઘ બનેલ છે. દરેક મહાજન પોતાનું પ્રતિનિધિ મંડળ ચૂંટે છે અને કાર્યવાહક મંડળ પણ ચૂંટે છે. સમસ્ત ઉદ્યોગને લગતા તથા બધા મજૂરોને લગતા પ્રશ્નોનો નિકાલ ઉપર જણાવેલાં મહાજનોના સંયુક્ત પ્રતિનિધિમંડળની સભામાં કરવામાં આવે છે.

આ આખીયે ચળવળ અમદાવાદમાં ઊભી થઈ અને અમદાવાદની ભૂમિમાં જ તેનો વિકાસ થયો છે. તેની આખીયે કાર્યવાહી અને રોજબરોજ ઊભા થતા પ્રશ્નોની પતાવટની રીત પણ અહીંની જ આપમેળે ઊભી થયેલી પેદાશ છે. એ રીતે એ સંસ્થા અને તેની કાર્યનીતિ અને રીતિ અનોખી છે, એટલું જ નહીં પણ, સંપૂર્ણપણે સ્વાશ્રયી અને સ્વદેશી છે. મહાજનના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દર વર્ષે મહાજનનું અંદાજપત્ર તપાસે છે; તેની દરેક વિગતની ચકાસણી અને તપાસ કરે છે; અને બધું સમજી લઈ જરૂરી સુધારાવધારા સાથે તે મંજૂર કરે છે. સંસ્થાની બધી નાણાંકીય લેવડદેવડથી તેઓ માહિતગાર રહે છે અને એના સંચાલનમાં ભારે રસ લે છે.

પોતાનું કામ સ્વમાન જાળવી અસરકારક રીતે મજૂર મહાજન કરી શકે તે માટે ઉપર કહ્યું તે મુજબ મજૂર મહાજન સંપૂર્ણપણે સ્વાવલંબી છે અને પોતાની આવકમાંથી જ પોતાની બધી પ્રવૃત્તિઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચલાવે છે. એની સભ્ય સંખ્યા રોજબરોજ વધતી ગઈ છે તે નીચેના આંકડાઓ પરથી દેખાશે :

સાલ	સભ્ય સંખ્યા	સાલ	સભ્ય સંખ્યા
૧૯૨૦	૧૬,૪૫૦	૧૯૪૩	૫૪,૩૧૮
૧૯૨૩	૧૬,૧૦૦	૧૯૪૫	૬૨,૮૦૨
૧૯૨૯	૧૭,૨૭૫	૧૯૪૮	૯૦,૩૩૫
૧૯૩૯	૨૩,૭૬૬	૧૯૪૯	૧,૦૪,૧૮૦

આમ આજે દર મહિને રૂ. ૬૦ હજાર જેટલી રકમ મહાજનમાં લવાજમ તરીકે આવે છે. પગારના દિવસે મિલોના પગાર થાય તે સ્થળે મહાજનનું લવાજમ ઉઘરાવવાનો હક, અમદાવાદના મજૂરોએ લાંબી લડત પછી મેળવ્યો છે. આજે મહાજનના સભ્યો મજૂરોના પ્રતિનિધિઓ પાસેથી આ લવાજમ ઉઘરાવે છે.

આ સંસ્થાએ જે સુંદર અને સૂચક પ્રગતિ કરી છે તેનું કારણ એક જ છે કે, તેણે પોતાની બધી કામગીરી માટે તાલીમ પામેલા આખો સમય કામ કરતા કાર્યકર્તાઓ રોકેલા છે. આ કાર્યકર્તાઓ મજૂરોની રોજબરોજની ફરિયાદો સાંભળે છે, તેના નિકાલનું કામ કરે છે, મજૂરોના સતત સંપર્કમાં રહે છે અને તેમનામાંજ અનેક રચનાત્મક પ્રવૃત્તિઓ ચલાવે છે. તેથી કાર્યકર્તાઓ અને મજૂર સમુદાય વચ્ચે એકપણાની ને સૌ એક કાર્યને વરેલા છે એવી લાગણી પેદા થવા પામી છે.

આમ એકતાની લાગણીથી એ વટવૃક્ષ ખૂબ ફૂલ્યુંફાલ્યું છે. આજે અમદાવાદના ૧,૩૦,૦૦૦ મજૂરોમાંથી એના ૧,૦૪,૧૮૦ એટલે ૮૦% સભ્યો છે. તેમાં ૯૫,૦૪૩ પુરુષો અને ૯,૧૩૭ સ્ત્રીઓ છે. (૧૯૪૯)

ફરિયાદ ખાતું–હવે આપણે મહાજનની મુખ્ય પ્રવૃત્તિઓની વિગતો જોઈશું. આ મહાજન મજૂરોના રોજબરોજના કામને અંગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભી થતી અનેકવિધ ફરિયાદો તરફ પ્રથમ ધ્યાન આપે છે. મજૂરો પોતાની ફરિયાદો મહાજનની ઑફિસમાં નોંધાવે છે અને મહાજનના કાર્યકર્તાઓ તેનો ઉકેલ કરવા મથે છે. આજ સુધીમાં આવી હજારો ફરિયાદોનો ઉકેલ કરવામાં આવ્યો છે, જેનો ખ્યાલ નીચેના કોઠા પરથી આવશે :

સાલ	ફરિયાદોની સંખ્યા
૧૯૨૭	૫૯૨
૧૯૩૪	૩,૪૭૮
૧૯૪૦–૪૧	૭,૯૦૧
૧૯૪૭–૪૮	૯,૧૭૭
૧૯૪૮–૪૯	૧૮,૩૭૫

ફરિયાદોના આંકડાઓ પરથી મજૂર અને માલિકના સંબંધનો ખ્યાલ આવે છે અને મજૂરોની જાગૃતિ અને સમજણનો પણ ખ્યાલ આવે છે.

આ ફરિયાદોને તપાસતાં માલૂમ પડે છે કે, આમાંની મોટા ભાગની ફરિયાદો એટલે લગભગ ૨૫% પગાર બાબત, ગેરકાયદેસર દંડ અને અમાનુષી વર્તાવ બાબતની છે; જ્યારે બાકીની કેટલીક હાજરી અંગે, કામના કલાક અંગે, પરિસ્થિતિ અંગે તેમ જ રજાઓ અને સ્વાસ્થ્યની સગવડો અંગેની છે.

૧૯૪૮–૪૯માં નોંધાયેલી ૧૮,૩૭૫ ફરિયાદોમાંથી ૧૧,૨૯૨માં સફળતા મળી હતી અને ૮૦૪માં સમાધાન થયું હતું. ૨૫૦નો લેબર કોર્ટ દ્વારા અને ૬૦નો ઈન્ડસ્ટ્રિયલ કોર્ટ દ્વારા નિકાલ કરવામાં આવ્યો હતો.

આ ખાતામાં વેતનથી પણ સેવાભાવી અને યોગ્ય માણસોને રાખેલા હોવાથી ખૂબ સારી રીતે કામ ચાલે છે. સાચું પુછાવો તો આજે મજૂર મહાજનનું હૃદય જ આ ફરિયાદ ખાતું છે. એની સફળતા પર, કામગીરી પર મજૂર મહાજનનો સારોયે આધાર છે. જેટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર રીતે આ ખાતું ફરિયાદોનો ઉકેલ કરશે અને દિનપ્રતિદિન મજૂરોની ફરિયાદો ઓછી કરવામાં મદદરૂપ નીવડશે, તેટલી જ સંગીન રીતે મજૂરોના વિકાસનો પારો ઊંચો ચઢતો જશે. આ ખાતું એટલે સરકાર, માલિક અને મજૂરનાં કાર્યો તેમ જ વર્તનની પારાશીશી. ફક્ત આ ખાતા પરથી જ સારાયે ઉદ્યોગનો સાચો ખ્યાલ આવી શકે છે.

આ મહાજન દ્વારા થયેલ મજબૂત સંગઠનને લીધે અમદાવાદના મજૂરો વધારે જાગૃત થયેલા છે. એમનું જીવન ધોરણ સુધરેલું માલૂમ પડશે. એમનું અજ્ઞાન દૂર થયેલું દેખાશે અને નાગરિક તરીકેના હકો અને ફરજો બજાવતા માલૂમ પડશે. તેઓ પોતાનો કારભાર પોતે જ ચલાવે છે, એટલું જ નહીં પણ, શહેરના કારભારમાં પણ મ્યુનિસિપાલિટીના સભ્યો તરીકે ચૂંટાઈને જાય છે અને સક્રિય ભાગ લે છે. તે ઉપરાંત તેઓમાંથી ઘણા સામાજિક કાર્યકરો થયા છે, અને કેટલાક કાર્યકર્તાઓ તો પ્રાંતિક તેમ જ મધ્યસ્થ ધારાસભામાં સભ્યો તરીકે ચૂંટાઈને ગયા છે અને ત્યાં પણ મજૂરોના પ્રશ્નમાં ખૂબ રસ લઈ મજૂર જગતની સારી સેવા બજાવી રહ્યા છે.

આમ હોવા છતાંયે અમદાવાદની મિલોની કામગીરીની સ્થિતિમાં હજી ઘણા સુધારા માટે અવકાશ છે અને મજૂરોના પગારનું ધોરણ જીવનનિર્વાહ માટે જરૂરી ગણાય તે કરતાં હજુ પણ નીચું છે. તેમ છતાં બીજાં મથકોની સરખામણીમાં મહાજનના પ્રયાસથી અમદાવાદમાં જે સુધારા થયા છે તે નોંધપાત્ર છે.

મુંબઈના મજૂરો એક વેળા પગારની બાબતમાં ૨૦ % જેટલી સરસાઈ ભોગવતા હતા. પણ અત્યારે અમદાવાદના મજૂરોનો પગાર મુંબઈ કરતાં ૧૦ % વધુ છે. અમદાવાદના મજૂરોને જે મોંઘવારી ભથ્થું મળે છે તે દેશના બીજા ભાગોના મજૂરો કરતાં વધુ છે. જીવનનિર્વાહના ખર્ચની વધઘટ પ્રમાણે તે આપોઆપ નક્કી થાય છે. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરાંત ઉદ્યોગના મોટા ભાગના ધંધાઓ માટે પગારના દરો મુકરર કરવામાં આવ્યા છે.

મજૂર મહાજનની સ્થાપના થઈ તે જ વખતે પૂ. ગાંધીજીએ મજૂરોના જીવનના સર્વાંગીણ વિકાસ ઉપર ખૂબ ભાર મૂક્યો હતો. આ વસ્તુને ધ્યાનમાં રાખી મહાજન મજૂરો માટે અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવે છે, જેમાં આવકના ૭૦ થી ૮૦ % ખર્ચવામાં આવે છે. વળી મંડળની સ્થાપના અને શોભા શ્રીમતી અનસૂયાબહેને કરેલી કલ્યાણ પ્રવૃત્તિની શરૂઆતમાં જ છે; અને આજે પણ તેઓ પોતાની મોટી ઉંમર થયા છતાં આ પ્રવૃત્તિમાં રસ લે છે અને કાર્યકર્તાઓનો આ પ્રવૃત્તિ માટેનો જુસ્સો ટકાવી રાખે છે.

આજે મજૂર મહાજનની બીજી મુખ્ય પ્રવૃત્તિઓમાં નિશાળો, વાચનાલયો, ગ્રંથાલયો, સમાજસુધારણા વિભાગ, ઇસ્પિતાલ, પ્રસૂતિગૃહ, અભ્યાસગૃહ, લત્તા વિભાગ, મજૂર વિદ્યાલય, વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, રાહતના કેસોમાં મદદ, ગ્રામસેવા વિભાગ, અર્ધ-અઠવાડિક 'મજૂરસંદેશ', મજૂર સહકારી બેંક, મજૂર મહાજન ખાદીહાટ, સંશોધન વિભાગ ઇત્યાદિ ચાલે છે. આનું હવે વિભાગ વાર દિગ્દર્શન કરીશું.

(क) શિક્ષણ

આ મહાજને મજૂરોમાં શિક્ષણ સંબંધી વિકાસ ધીમે પણ મજબૂત ડગલે ૩૦ વર્ષમાં કર્યો છે. શરૂઆતના દિવસોમાં મજૂરીના કલાકો વધારે હતા ત્યારે મજૂરોમાં નિરક્ષરતા મોટા પ્રમાણમાં હતી. આથી ૧ જૂન ૧૯૨૦માં પૂ. ગાંધીજીએ કામના કલાક ૧૦ કરાવ્યા કે જેથી મજૂરો બાકીના સમયમાં કંઈક શિક્ષણ પ્રાપ્ત કરી શકે.

આ વખતે મહાજનને લાગ્યું કે, મજૂરોને શિક્ષણ આપવાની સૌથી પ્રથમ ફરજ સરકાર, માલિક તેમ જ મ્યુનિસિપાલિટીની છે. પણ તેઓએ જ્યારે શિક્ષણમાં ખાસ કશું કર્યું નહીં અને હજારો અજ્ઞાન મજૂરોને તેમ જ સેંકડો અબૂધ બાળકોને મહાજને આમતેમ ફરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયાં ત્યારે મહાજન હાથ જોડીને કેમ બેસી રહે? આથી મજૂરલત્તાઓમાં શાળા તેમ જ રાત્રીશાળાઓ શરૂ કરી અને જેટલા વધુમાં વધુ પૈસા, શક્તિ અને સમય આ પ્રવૃત્તિ પાછળ ખર્ચાય તેટલા ખર્ચવા શરૂ કર્યાં. હવે જ્યારે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત થયું છે ત્યારે આ કામ જરા હળવું થયું છે. છતાંયે મહાજન આજે છ પ્રાથમિક શાળાઓ ચલાવે છે. તેનો ૮૫૦ મજૂર બાળકો લાભ લે છે. તે ઉપરાંત મજૂર બાળકો સારું જીવન ગુજારતાં શીખે અને સંસ્કાર પામે તે માટે (આજે વીસ વર્ષથી) બે અભ્યાસગૃહો (છાત્રાલયો) ચલાવવામાં આવે છે. ત્યાં વિદ્યાર્થીઓ પોતાના શાળાના સમય બાદ રહી વાતાવરણને અનુકૂળ બની મનની અને શરીરની કેળવણી પામે છે; સ્વાશ્રય અને સ્વમાનના પાઠ શીખે છે; વ્યસન અને સુટેવનો ભેદ સમજતાં શીખે છે. વળી સાથે સાથે કાંતણ પણ શીખવવામાં આવે છે કે જેથી સંસ્કારની સાથે સાથે શ્રમનિષ્ઠા પણ પેદા થાય.

આ અભ્યાસગૃહો ચમનપરા તેમ જ ખાનપુર જેવા ભરચક મજૂર લત્તાઓમાં જ છે.

આ ઉપરાંત મજૂર મહાજન તરફથી જમનાદાસ ભગવાનદાસ મજૂર કન્યાગૃહ મજૂર બાલિકાઓ માટે ચલાવવામાં આવે છે. અહીં બાલિકાઓને ફક્ત અક્ષરજ્ઞાન પૂરતું જ માર્ગદર્શન આપવામાં નથી આવતું, પણ તેઓ સમાજમાં કેવી રીતે ભળી શકે, પોતાના કુટુંબને કેવી રીતે વ્યવસ્થિત અને સ્વચ્છ રાખી શકે, સમાજમાં આદર્શ ગૃહિણી તરીકે સાદા અને સંસ્કારી જીવનથી કેવી રીતે જીવી શકે એની પણ તાલીમ આપવામાં આવે છે.

શહેરના જુદા જુદા લત્તાઓમાં સંસ્કાર કેન્દ્રો પણ ખોલવામાં આવ્યાં છે કે જ્યાં તદ્દન નાની ઉંમરનાં બાળકો, શાળામાં જતાં બાળકો તેમ જ તેમનાં માતાપિતાઓને સારા સંસ્કાર મળે. આ કેન્દ્રો પર વિવેક, વિનય, સ્વચ્છતા, સત્યનિષ્ઠા, પ્રામાણિકતા, ભ્રાતૃભાવ વગેરે સદ્‌ગુણોનો ફેલાવો કરવાનો પ્રયત્ન મહાજનના કાર્યકર્તાઓ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂર પ્રતિનિધિઓ અને આગેવાનોની મદદ વડે કરી રહ્યા છે. તે ઉપરાંત આ કેન્દ્રો પર ભજન સમારંભો ગોઠવાય છે; સફાઈ કાર્યક્રમો રાખવામાં આવે છે: અને રમતગમતના મેળાવડાઓ પણ રાખવામાં આવે છે કે જેથી મજૂર કુટુંબો જ્ઞાન સાથે ગમ્મત મેળવી શકે.

આ સાથે સાથે મજૂર મહાજન તરફથી મજૂર વિદ્યાલયનો એક નાનો છતાંયે અનોખો અખતરો શરૂ કરવામાં આવ્યો છે. પૂજ્ય ગાંધીજીએ મહાજન સમક્ષ હંમેશાં એ આદર્શ મૂક્યો હતો કે, મજૂરોના કાર્યકર્તાઓ ને મજૂર આગેવાનો મજૂરવર્ગમાંથી ઊભા થાય અને તેઓ પોતાની બધી પ્રવૃત્તિઓ ચલાવે એ સ્થિતિ પેદા કરવી જોઈએ, અને તે માટે એવી તાલીમ મળે એવી વ્યવસ્થા કરવી જોઈએ. ૧૫ મી ઑગસ્ટ ૧૯૪૭ને રોજ આપણો દેશ આઝાદ થતાં, આઝાદ દેશના નાગરિક તરીકે મજૂરો પર બીજી અનેક જવાબદારી આવી પડી છે. રાજકીય સ્વાતંત્ર્ય આવ્યું છે, પણ હજી આર્થિક અને સામાજિક સ્વાતંત્ર્ય મેળવવાનું છે. હજુ વર્ગવિહીન અને શોષણરહિત સમાજ સ્થાપવાનો છે ને સર્વોદય સમાજ ઊભો કરવાનો છે. એ કામ મજૂરોએ અને ખાસ કરીને જાગ્રત મજૂરોએ કરવાનું છે. આ ભારે જવાબદારી મજૂરો અદા કરી શકે, એટલું જ નહીં પણ, તેઓ તેને દીપાવી શકે તે માટે તાજેતરમાં મહાજને આ વિદ્યાલયનો અખતરો શરૂ કર્યો છે. આ વિદ્યાલયમાં મિલોમાં કામ કરતાં પ્રૌઢ મજૂર ભાઈબહેનોને તેમના જીવનમાં ઉપયોગી થઈ પડે એવા વિષયોનું, તેમની ભાષામાં તેઓ ગ્રહણ કરી શકે એ રીતે જ્ઞાન આપવામાં આવે છે. પહેલા વર્ષમાં આ વિદ્યાલયમાં ત્રણસો જેટલાં મજૂર ભાઈબહેનો તાલીમ લેવા આવ્યાં હતાં. પણ વર્ષની આખરે સંખ્યા ઓછી થવા માંડી હતી, કારણ છ દિવસ મિલમાં કામ કર્યા પછી સાતમે દિવસે વિદ્યાલયમાં હાજરી આપવાનો ઉત્સાહ ઠંડો પડી જતો.

વિદ્યાલય તરફથી જુદા જુદા મજૂર લત્તામાં અઠવાડિયાના અમુક દિવસે ગાંધી વિચાર વર્ગ પણ ચલાવવામાં આવે છે. ત્યાં તે દિવસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાલયના આચાર્ય જાય છે અને ગાંધીજીની વિચારસરણીની વાતો કરતાં કરતાં સાહજિકપણે સમજણ આપે છે.

પુસ્તકાલય અને વાંચનાલય :— પુસ્તકાલય અને વાંચનાલય એ શિક્ષણ માટેનું બીજું પગથિયું છે.

માણસને જાગૃત કરવાનું ને કેળવણી આપવાનુ તેમ જ જ્ઞાનને પ્રજામાં વહેંચવાનું કાર્ય પુસ્તકાલયો કરે છે. આમ મજૂર ઉન્નતિનું એક મુખ્ય કેન્દ્ર તે પુસ્તકાલય. પુસ્લકાલય દ્વારા મજૂરોના સંસ્કાર ઘડાય છે તેમ જ તેઓ પ્રફુલ્લિત થાય છે. મજૂર શાળાઓ અને છાત્રાલયો મજૂર બાળકોથી મર્યાદિત થયેલાં હોય છે. જ્યારે પુસ્તકાલયને એવી મર્યાદા હોતી નથી. એનાં દ્વાર બાળક, યુવાન કે વૃદ્ધ, સ્ત્રી કે પુરુષ સર્વને માટે ખુલ્લાં છે. આમ પુસ્તકાલય એ જ્ઞાનની પરબ છે.

આવી જ્ઞાન-પરબોની મજૂરોના લત્તે લત્તે અને મહોલ્લે મહોલ્લે જરૂર છે. એ વગર અને એના જ એક વિશિષ્ટ અંગ વાંચનાલય વગર આજના જમાનામાં ચાલી શકે એમ નથી. દુનિયાના દેશો પરસ્પરની પાસે એટલા આવી ગયા છે કે બધા જ એક બીજાના સખા પડોશી બની ગયા છે. આ સ્થિતિમાં પડોશી પડોશીને ન ઓળખે, પરસ્પરનાં સુખદુઃખ ન જાણે અને ન સમજે, એક બીજાની ખબર ન રાખે તો એ એકલસૂરાનો એકદંડિયો મહેલ રહેતો નથી, પણ કેદખાનું બની જાય છે. આંતરરાષ્ટ્રીય મજૂર સંસ્થાના ઠરાવો, દેશનાં મજૂર સંગઠનો, પરદેશમાં મજૂરોની સ્થિતિ, સર્વોદય યોજના, કારખાનાનો કાયદો વગેરે બધુંય આજે જાણવાની જરૂર છે. પહેલાંની માફક હવે એ પારકી પંચાત રહી નથી. એ બધાય બનાવોની મજૂરો પર પણ સીધી યા આડકતરી ભારે અસર પડે છે; અને તેથી જ તેની નિત્ય ખબર રાખતા રહેવું એ પ્રત્યેક મજૂરનો ધર્મ થઈ પડે છે, એટલું જ નહીં, પરંતુ તેનાં વિવિધ સ્વરૂપો પૂરાં ઓળખાય એ જોવાની જરૂર રહે છે. આ કામ પુસ્તકાલય અને વાંચનાલય દ્વારા ઘણે અંશે થઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી ભણેલા મજૂરો પોતાના ભણતરને તાજું રાખી શકે અને પોતે સમાજની ચાલુ પરિસ્થિતિ અને વાતાવરણથી જાગૃત રહે તે માટે મજૂર લત્તાઓમાં ૭૫ વાંચનાલયો ને ફરતાં પુસ્તકાલયો ચલાવવામાં આવે છે. વળી બીજાં વધારે વાંચનાલયો માટે હંમેશાં નવી નવી માગણીઓ આવતી જ રહે છે. આમાં ૭૫% ખર્ચ સરકાર આપે છે ને બાકીનો મજૂર મહાજન આપે છે. ત્યાં ગ્રંથપાલ તરીકે કામ કરનાર ભાઈઓ ત્યાંના જ મજૂરભાઈઓ હોય છે. તેઓ વગર વેતને ફક્ત સેવાર્થે જ તે કામ કરે છે. તેનો લાભ ફેબ્રુઆરી ૧૯૫૦માં ૫૯,૨૩૮ ભાઈઓએ લીધો હતો. આમ દિન-પ્રતિદિન આ પ્રવૃત્તિ વિકસતી જાય છે તેમ જ મજૂરભાઈઓને પણ આમાં રસ પડતો જાય છે. વળી આ વાંચનાલયો મજૂર લત્તાઓની વચમાં આવેલાં હોવાથી મજૂરભાઈઓ વાંચવાની ટેવ પોતાના નવરાશના સમયમાં વધારે છે, કે જે સમય પહેલાં આળસ કે બીજી ખર્ચાળ પ્રવૃત્તિઓમાં ગુમાવતા હતા.

(ख) આરોગ્ય

આપણા દેશને આજે વધારે ઉત્પાદનની જરૂર છે. મજૂર જો બીમાર રહે અને અવારનવાર કામ પર ન આવે તો આજે દેશને પાલવે એમ નથી. આથી એના આરોગ્યનો પ્રશ્ન એક અગત્યનો પ્રશ્ન છે; અને તેથી કરીને હિંદમાં અને તેમાંયે ખાસ કરીને હિંદના મજૂરના દેહને ઉન્નત કરવામાં કયાં વિરોધી તત્ત્વો વચ્ચે આવે છે એ પ્રશ્ન વિચારવા જેવો છે. એક અગર બધાં જ વિરોધી તત્ત્વો ઓછેવત્તે અંશે ભેગાં મળી મજૂરના દેહને દુર્બળ બનાવતાં જાય છે. એ તત્ત્વોને આપણે ટૂંકામાં જોઈએ:

(૧) પોષણનો અભાવ: એક તો ગરીબી અને બીજી અજ્ઞાનતા, એટલે ખોરાકમાં ઢંગધડો હોતો નથી.

(૨) સ્વચ્છતાનો અભાવ: એમનાં ઘર, એમની ચાલી, એમનાં કપડાં એ બધુંય અસ્વચ્છતાના નમૂનારૂપ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) ખુલ્લી હવાનો અભાવ: કારખાનાં તેમ જ એમના વસવાટો ખુલ્લી હવાને અવરોધે છે.

(૪) કેટલાક અનિષ્ટ રિવાજો: દા. ત. બાળલગ્ન, વૃદ્ધલગ્ન, રમતગમત પ્રત્યેનો તિરસ્કાર.

(૫) વ્યસનો: દારૂ, અફીણ, ચા, બીડી, વગેરે.

આ દૃષ્ટિએ જોતાં, અમદાવાદના મજૂરો પાંગળા જણાય છે. તેમનો બાંધો રોગનો સામનો કરી શકે એવો નથી. મલેરિયાની ઋતુમાં એ સૌથી પહેલાં પટકાવાના. ગામમાંથી જ્યારે એ શહેરમાં કામ કરવા આવે છે ત્યારે તાકાત અને તાજગી સાથે લઈને આવે છે, પણ જ્યારે પાછા ફરે છે ત્યારે શરીર નીચોવીને ઘેર પહોંચે છે.

અમદાવાદના ફક્ત મજૂરોના જન્મ અને મરણના જુદા આંકડાઓ મળતા નથી, પણ સારાયે શહેરના મ્યુનિસિપાલિટીએ કાઢેલા આંકડા મળે છે તે પરથી શહેરની આરોગ્યતાનો આછો ખ્યાલ આવી શકશે:

સાલ	જન્મપ્રમાણ	મરણપ્રમાણ
૧૯૪૩–૪૪	૩૬·૦૪	૨૫·૭૩
૧૯૪૪–૪૫	૩૭·૬૮	૩૭·૮૧
૧૯૪૫–૪૬	૪૦·૪૩	૫૦·૭૮
૧૯૪૬–૪૭	૩૬·૩૫	૩૦·૨૨
૧૯૪૭–૪૮	૩૮·૯૮	૩૬·૬૪

૧૯૪૯ના છેલ્લા ત્રણ માસનું લત્તાવાર જન્મપ્રમાણ અને મરણપ્રમાણ નીચે પ્રમાણે છે:

૧૯૪૯ જાન્યુ૦ ફેબ્રુ૦ માર્ચ

લત્તાનું નામ	જન્મપ્રમાણ	મરણપ્રમાણ
ખાડિયા	૩૬·૧૨	૨૫·૭૩
દરિયાપુર	૩૩·૭૯	૨૭·૪૯
શાહપુર	૩૩·૭૮	૩૭·૮૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમાલપુર	૩૭·૩૮	૫૦·૭૮
કાલુપુર	૩૭·૪૩	૩૦·૨૨
રાયખડ	૪૦·૩૨	૪૩·૬૪

ઉપરના આંકડાઓ પરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે, જ્યાં મજૂરો વધારે પ્રમાણમાં રહે છે તે લત્તાઓમાં–જમાલપુર ને રાયખડ–મોટા પ્રમાણમાં જન્મપ્રમાણ અને મરણપ્રમાણ જોઈ શકીએ છીએ. આમ મોટા પ્રમાણમાં જન્મ અને મરણપ્રમાણ ઉપલી પાંચ ઊણપોની સાક્ષી પૂરે છે.

લત્તાવાર બાળકોનું મરણપ્રમાણ દર હજારની વસ્તીએ નીચે મુજબ છે:

સરસપુર	૪૨૪	રાયખડ	૩૨૭
કાલુપુર	૩૬૩	પરા	૩૧૩
દરિયાપુર	૩૨૮	શાહપુર	૩૦૭
		શહેરમાં કુલ	૩૩૪

આટલા મોટા પ્રમાણમાં બાળમરણ થવાનાં કારણો નીચે મુજબ છે:

(૧) રહેવાની અસ્વચ્છ જગ્યા અને આસપાસની ગંદી જગ્યા

(૨) માતાની અજ્ઞાનતા, બેકાળજી અને ગંદી ટેવો

(૩) માતાની શારીરિક તેમ જ માનસિક ખેંચ-થાક

(૪) ગરીબાઈ અને સુવાવડખાતાની સારવારનો અભાવ

(૫) બાળલગ્નો અને પડદાનો રિવાજ

આમ અતિશય બાળમરણના પ્રમાણથી માતાઓના શરીર ઉપર પણ અસર થાય છે અને એક પ્રકારનું રોગી વાતાવરણ હંમેશને માટે ફેલાયેલું રહે છે. આથી તે અટકાવવા માટે મહાજન, માલિક અને સરકાર ચાંપતા ઉપાયો લે એ ખાસ જરૂરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૪૫માં અમદાવાદની કાપડની મિલોમાં કામ કરતા મજૂરોના સ્વાસ્થ્યની તપાસ થઈ હતી, જે આ પ્રશ્ન પર સારો પ્રકાશ પાડે છે. સદરહુ તપાસમાં ૮૯૫ પુરુષો, ૮૧૫ સ્ત્રીઓ અને ૧૨ વર્ષની નીચેનાં ૧,૦૧૭ બાળકોની ડૉકટરી તપાસ કરી હતી. પસંદ કરેલા લત્તા કલ્યાણગ્રામ, સરસપુર અને અસારવા હતા. મોટા પ્રમાણના પુરુષો જોઈએ એના કરતાં ઓછા વજનના હતા. ૫' ને ૪'' ઊંચાઈવાળા એક ભાઈનું વજન ફક્ત ૯૦ રતલ જ હતું. સ્ત્રીઓ તેમ જ બાળકોનું પણ આવું જ હતું. શારીરિક તેમ જ ચામડીના જાતજાતના રોગો જણાયા હતા. ૧૩ ને ક્ષયનાં ચિહ્ન જણાતાં હતાં. કેટલાક તો પરમિયો (ગોનોરિયા) અને ચાંદીથી (સીફીલિસ) પીડાતા હતા. ૫૧ની શ્વાસનળી કમજોર હતી.

આથી એ શારીરિક નિર્બળતા બને તેટલા શકચ ઉપાયો વડે દૂર કરવાની અને દેહને બળવાન બનાવી ઉન્નતિના મહા સાધન તરીકે તેને ઉપયોગમાં લેવાની જરૂર મહાજનને દેખાઈ અને તેણે તે કામ માટે સંરક્ષક (Preventive) અને નિવારક (Curative) એમ બંને પ્રકારનાં પગલાં લીધાં.

તે માટે મજૂર મહાજન એક ઇસ્પિતાલ, સુવાવડખાનું તેમ જ મજૂર લત્તાઓમાં એક એલોપેથિક, એક હોમિયોપેથિક ને એક આયુર્વેદિક એમ પાંચ દવાખાનાંઓ ચલાવે છે; અને સાથે સાથે જુદા જુદા લત્તાઓમાં વ્યાયામશાળાઓ ચલાવે છે.

૧૯૪૮-૪૯માં સામાન્ય દવાખાનાનો ૧૩,૫૦૭ દરદીઓએ લાભ લીધો હતો; ૪૯૩૫ને ઇન્જેકશનો આપવામાં આવ્યાં હતાં; ૭૧૭ને બીમારીનાં સર્ટિફીકેટ આપવામાં આવ્યાં હતાં; ૮૫ ને સિવિલ ઇસ્પિતાલમાં મોકલી આપવામાં આવેલા, જ્યારે ૮૨નો વાડીલાલ ઇસ્પિતાલનાં બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. ૨૫ને એન્ટી વેનિરિયલ ઇસ્પિતાલમાં (ગુહ્ય રોગોની ઇસ્પિતાલ) અને ૨૫ને ક્ષયનિવારણ ઇસ્પિતાલમાં ખસેડવામાં આવ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આની પાછળ ખર્ચ રૂ. ૧૮,૦૦૦ નો થયો હતો.

મજૂર મહાજન હૉસ્પિતાલમાં બે વર્ષમાં નીચે મુજબના કેસો આવ્યા હતા:

દરદ	૧૯૪૭–૪૮	૧૯૪૮–૪૯
૧. કાન	૫૩૬	૪૭૫
૨. નાક	૩૯	૩૯
૩. ગળું	૨૭૫	૩૨૫
૪. આંખ	૪૬૮	૮૦૨
૫. દાંત	૪૧૯	૪૨૯
૬. ચામડી	૨૯૫૦	૨,૫૮૬
૭. તાવ	૨,૬૫૧	૩,૦૧૬
૮. અન્તંનળી	૧,૪૪૬	૧,૪૫૭
૯. શ્વાસનળી	૯૮૯	૧,૨૧૬
૧૦. રૂધિરાભિસરણ	૧૫૦	૨૦૨
૧૧. પરચૂરણ	૧,૯૯૯	૧,૩૧૪

તાવોમાં મલેરિયાનો નંબર પહેલો આવે છે. મલેરિયાની ઋતુ ચોમાસાથી શરૂ થાય છે અને તે પૂર જોશમાં ઑગસ્ટ ને સપ્ટેંબરમાં આવે છે. મલેરિયાથી સામાન્ય રીતે મજૂરનું કામ અટકતું નથી અને રોજી જતી નથી, પણ તે વારંવાર આવવાથી મજૂર શક્તિહીન ને દૂબળો થઈ જાય છે. આ રોગ થવાનાં મુખ્ય કારણોમાં એમનો વસવાટ અને તેની આગળપાછળ થતી ગંદકી છે. વળી સાથે સાથે અપૂર્ણ અને હલકો ખોરાક, ઠેકાણા વગરનાં ઘરો, સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે તેવી કામ કરવાની જગ્યા, કામની ફેરબદલી અને અસ્વચ્છ પાણી પણ મહદ્ અંશે જવાબદાર છે. ઘરનું ઠેકાણું ન હોય ત્યાં મચ્છરદાનીના ઉપયોગની તો વાત જ શી કરવી?

શ્રી. કસ્તૂરબા સ્મારક પ્રસૂતિગૃહ:–સને ૧૯૪૪ના ફેબ્રુઆરીની ૨૨મી તારીખે પૂ. ગાંધીજીના ખોળામાં માથું મૂકી ભગવતી કસ્તૂરબા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામનામનું રટણ કરતાં પોઢી ગયાં. અમદાવાદનાં મજૂર ભાઈબહેનોએ ભારે હૈયે બાના મૃત્યુના સમાચાર સાંભળ્યા; શોક પાળ્યો અને બા પ્રત્યેની અંજલિ રૂપે પૂ. કસ્તૂરબા સ્મારક ફાળો ઉઘરાવવાનું નક્કી કરી ટૂંક વખતમાં દોઢ લાખ રૂપિયા ભેગા કર્યા. બાદમાં આ રકમનો ઉપયોગ મજૂરબહેનો ને બાળકોની ઉન્નતિ માટે કરવો એવો ઠરાવ કર્યો. અખિલ હિંદ ફાળો કરવાનો વિચાર થયો તે પહેલાં અમદાવાદનાં મજૂર ભાઈબહેનોએ આ નિર્ણય કરેલો હોઈ, અહીં ઉઘરાવેલી રકમ ઠરાવમાં જણાવેલ કામ માટે વાપરવાની પૂ. ગાંધીજીએ છૂટ આપી. આ રકમમાંથી શરૂઆતમાં ત્રણ બાળ ક્રીડાંગણો અને મજૂર વિસ્તારમાં પ્રસૂતિ કૂટિરો ખોલવામાં આવ્યાં હતાં.

ત્યાર બાદ વધારામાં મજૂરબહેનોમાં શી પ્રવૃત્તિ શરૂ કરવી તેનો વિચાર થઈ રહ્યો હતો; અને છેવટે એ નિર્ણય કરવામાં આવ્યો કે, મજૂરબહેનો માટે પૂજ્ય બાના નામથી પ્રસૂતિગૃહની સ્થાપના કરવી. આ નિર્ણયને તા. ૧૮મી સપ્ટેમ્બર ૧૯૪૫ને રોજ અમલમાં મૂકવામાં આવ્યો; અને તે દિવસે મિરઝાપુર રોડ પર આવેલ મજૂર ઇસ્પિતાલના મકાનમાં સાદી વિધિથી પૂ. કસ્તૂરબા સ્મારક પ્રસૂતિ-ગૃહની આઠ ખાટલાઓ સાથે શરૂઆત કરવામાં આવી. જે સમય આ પ્રસૂતિગૃહ ખૂલ્લું મૂકવા માટે નક્કી કરવામાં આવેલો હતો તે જ સમયે પ્રસૂતિગૃહમાં પહેલી પ્રસૂતિ એક બાળકીની થઈ. જન્મ લેનાર બાળકીનું નામ પ્રસંગને અનુરૂપ 'કસ્તૂરી' રાખવામાં આવ્યું હતું.

આઠ ખાટલાની સગવડ સાથે શરૂ કરેલ પ્રસૂતિગૃહ એપ્રિલ ૧૯૪૯માં મજૂર ઑફિસવાળા જૂના મકાનમાં બદલવામાં આવ્યું અને ત્યાં અનુકૂળતા હોવાથી ખાટલા વધારવામાં આવ્યા છે. આજે પ્રસૂતિગૃહમાં ૨૨ ખાટલા છે.

આ પ્રસૂતિગૃહનો લાભ કોઈ પણ બહેન લઈ શકે છે. સામાન્ય નિયમ એવો છે કે, જે કોઈ બહેન આ પ્રસૂતિગૃહમાં પ્રસૂતિ કરાવવા ઇચ્છતી હોય તે બહેને સાત મહિના પૂરા થતાં પોતાનું નામ નોંધાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાનું હોય છે. નામ નોંધાવવાની ફી એક રૂપિયો રાખવામાં આવી છે. નામ નોંધાવનારે નામ નોંધાવ્યા પછી દર અઠવાડિયે એક વાર –મંગળ કે શુક્રવારે–તેને માટે નક્કી થયેલા દિવસે દવાખાને આવી તબિયત બતાવી જવાની હોય છે. તે વખતે તેને જરૂરી સલાહસૂચના તથા સારવાર આપવામાં આવે છે. નામ નોંધાવ્યાથી તે જ્યારે પણ પ્રસૂતિ માટે પ્રસૂતિગૃહે આવે ત્યારે તેને દાખલ કરવાની જવાબદારી સંસ્થા સ્વીકારે છે. સુવાવડ પહેલાં આ રીતે દર અઠવાડિયે દવાખાને આવી જવાથી પ્રસૂતાને જરૂરી સલાહસૂચના અને ઉપચાર મળે છે. આનું શુભ પરિણામ એ આવ્યું છે કે, પાંચ વર્ષના ગાળામાં લગભગ બધી જ સુવાવડો સારી રીતે થઈ છે. આ સમય દરમિયાન માત્ર ત્રણ બાઈઓનાં મરણ થયાં છે, પણ તે કેસો બગડી ગયા પછી છેલ્લી સ્થિતિએ દવાખાને આવવાને કારણે થયાં હતાં.

મહાજનના સભ્યોના ઘરવાળા પાસેથી પ્રસૂતિગૃહમાં દાખલ કરવાની ફીના રૂપિયા પાંચ લેવામાં આવે છે. તે સિવાય કશું લેવામાં આવતું નથી. જ્યારે બીજાઓ પાસેથી દાખલ ફીના રૂપિયા પાંચ ઉપરાંત ખાટલાના રોજના આઠ આના લેવામાં આવે છે.

પ્રસૂતિગૃહની શરૂઆત ૧૮ સપ્ટેમ્બર ૧૯૪૫માં થઈ. ત્યારથી તે ૧૯૪૯ના ડિસેમ્બર સુધીમાં આ પ્રસૂતિગૃહનો ૧,૯૦૪ સ્ત્રીઓએ લાભ લીધો હતો. પ્રસૂતિગૃહ મજૂર ઑફિસવાળા જૂના મકાનમાં બદલ્યા પછીના છેલ્લા નવ માસથી આ પ્રસૂતિગૃહનો લાભ માસિક સરાસરી ૬૫ સ્ત્રીઓ લે છે.

પ્રસૂતિગૃહનો લાભ લેવા આવતી મજૂર-સ્ત્રીઓના કેસો પરથી માલૂમ પડ્યું છે કે, મોટા ભાગની સ્ત્રીઓને જરૂરી પોષક ખોરાક મળતો ન હતો અને તેથી તેમની તંદુરસ્તી બરોબર જણાતી ન હતી. કેટલીક બહેનો એનીમિયા અને મલેરિયાથી હેરાન થતી માલૂમ પડી હતી. જ્યારે કેટલીક ક્ષય અને ગરમીના રોગોથી રીબાતી જણાઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધી બહેનો સુવાવડ પહેલાં મહિનો બે મહિના અગાઉ દવાખાને આવતી હોઈ, તેમને જરૂરી સારવાર અપાતી હતી અને દવા, યોગ્ય ખોરાક અને ઉપચારથી આ બધી તકલીફો ઘણે અંશે નિવારવામાં આવતી હતી.

આ પ્રસૂતિગૃહ દિવસે દિવસે વધુ ને વધુ લોકપ્રિય બનતું જાય છે અને મજૂર-સ્ત્રીઓ તેનો સારા પ્રમાણમાં લાભ લે છે. પ્રસૂતિ માટે આવતી બહેનો સાથે પૂરી સહાનુભૂતિથી વાતચીત કરવામાં આવે છે. તેમની તકલીફનું યોગ્ય નિવારણ કરવામાં આવે છે અને જરૂરી સલાહસૂચનો આપવામાં આવે છે. દવાખાનામાં રહેતી બહેનો પ્રત્યેનો વર્તાવ કશા ભેદભાવ વિનાનો એક સરખો રાખવામાં આવે છે. વળી દવાખાનામાં પૂરતી સ્વચ્છતા રહે, બધાને જરૂરી સગવડ મળી રહે તે પર ખાસ ધ્યાન અપાય છે; અને ગૃહના બધા નિયમોનું ચીવટ-પૂર્વક પાલન કરવામાં આવે છે.

આજે ત્યાં એક બાઈ ડૉક્ટર છે. ત્રણ વર્ષમાં વાર્ષિક ખર્ચ નીચે મુજબ થયું છે:

૧૯૪૫-૪૬	રૂ. ૭,૫૬૧-૧૨-૯
૧૯૪૬-૪૭	રૂ. ૧૦,૩૩૦-૪-૬
૧૯૪૭-૪૮	રૂ. ૧૪,૨૭૩-૬-૦

આજે આ પ્રસૂતિગૃહ મજૂર-બહેનો માટે આશીર્વાદ સમાન છે.

વૈદકીય તપાસ :– વળી મજૂરોમાં બીમારી ઘણી રહે છે અને તે ઉપરાંત ક્ષયમાં દર વર્ષે ઘણાં પટકાય છે. આથી મજૂર મહાજને વિચાર્યું કે, સમય સમય પર મજૂરો તેમ જ તેમનાં કુટુંબોની વૈદકીય તપાસ કરાવવી. તેનો હેતુ નીચે પ્રમાણે છે :

(૧) ખોરાક તેમ જ આરોગ્ય અંગે વ્યક્તિગત સૂચનો આપવાં.

(૨) ઘરમાં સારવાર માટે સલાહ આપવી અને બહાર મોકલવાની જરૂર હોય તો તેની વ્યવસ્થા કરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) ખાસ કેસોમાં લેબોરેટરી તેમ જ વૈદકીય સંસ્થાઓની મદદ અને સારવાર માટેની જોગવાઈ કરવી.

(૪) મજૂર લત્તાઓનો સ્વાસ્થ્યની દૃષ્ટિએ અભ્યાસ કરવો અને તેમાં કરવા જોઈતા સુધારા માટે જરૂરી સૂચનાઓ કરવી અને પગલાંઓ લેવાં.

(૫) ઘર-સુધારણા અંગે વ્યક્તિગત રીતે મજૂર કુટુંબોને જરૂરી સૂચનાઓ આપવી.

(૬) સ્વાસ્થ્ય અને જાહેર સુખાકારી અંગે જરૂરી સાહિત્યનું પ્રકાશન કરવું અને પ્રચાર કરવો.

(૭) સ્વાસ્થ્ય અને સ્વચ્છતાનો પ્રચાર પ્રવચન, સ્લાઈડ, ફિલ્મ કે પ્રદર્શન દ્વારા કરવો.

વ્યાયામશાળા :—મજૂર મહાજન મજૂરોને થતા રોગો અટકાવવા માટે અને એટલાં ચાંપતાં પગલાંઓ ભરે છે તેની સાથે સાથે મજૂરો પોતાનું સ્વાસ્થ્ય સાચવી રાખે તેની પણ તકેદારી રાખે છે. આમ રોગ અટકે અને તંદુરસ્તી બક્ષે એવું પગલું તે મજૂર મહાજનની વ્યાયામ પ્રવૃત્તિ.

આ પ્રવૃત્તિને સાધારણ રીતે ત્રણ વિભાગમાં વહેંચી શકાય :

(૧) રમતગમત

(૨) કસરત

(૩) કવાયત

રમતગમત દેહચાપલ્યને માટે જરૂરની છે તથા કસરત દેહને કસવા અને દેહના સ્નાયુઓનો વિકાસ કરવા જરૂરી છે. કવાયત સમૂહકાર્ય વ્યવસ્થિત રીતે કરવા માટે જરૂરી છે. ત્રણે પરસ્પરનાં ઉપકારક છે, વિરોધી નથી. ત્રણેના સમપ્રમાણમાંથી જ સુંદર પરિણામ ઉપજાવી શકાય.

આપણી જૂની રમતગમતો અદૃશ્ય થતી જાય છે. ગેડીદડા અને ગીલીદંડા હવે ઓછા થતા જાય છે. તેમનું સ્થાન વૉલીબૉલ, ફૂટબૉલ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેનિસ લે છે. આવી ખર્ચાળ રમતો ગરીબ મજૂરોને પાલવે કે કેમ એ મોટી શંકા છે. પરંતુ હનુમાન કૂદકો, અંગદ કૂદકો, દોડ, ગજગ્રાહ, હુ તુ તુ તુ, લંગડી, ખો ખો વગેરે રમતો વ્યવસ્થિત રીતે રમાડી શકાય છે. આવી રમતોને અહીં ઉત્તેજન આપવામાં આવે છે.

વળી આજે મજૂરોમાં સમૂહજીવનને દૃઢ કરવાની બહુ જ જરૂર છે. દરેક હિંદીનું ને તેમાંયે મજૂરોનું સમૂહજીવન ઘણું શિથિલ અને અવ્યવસ્થિત બની ગયું છે. એથી જીવનનું જોખમ પણ વધી ગયું છે. બે માણસને સાથે ચાલતાં પણ ન આવડે. ગીરદી હોય તો ધક્કામુક્કી કરી આગળ ધસવાની અતંત્રવૃત્તિ સમૂહજીવન જીવવાની નાલાયકી દરરોજ સાબિત કરે છે. સ્ટેશનની ટિકિટ ઑફિસ, મિલનો દરવાજો, સભાઓ, જલસા, લગ્નપ્રસંગ એ બધાં અવ્યવસ્થાનાં – સમૂહજીવન જીવવાની અપાત્રતાનાં – દર્શકો છે. જ્યાં ત્યાં ધીરજનો અભાવ જણાય છે.

આ પરિસ્થિતિ મજૂરોને આગળ વધવા નથી દેતી. સમગ્ર જાહેરજીવનમાં તેના આઘાત પ્રત્યાઘાત પડે છે. આ સ્થિતિ સુધારવાનો એક ઉપાય કવાયતમાં રહેલો છે. કવાયતથી વ્યક્તિ સમૂહજીવનમાં — ટોળામાં — વ્યવસ્થિત બની એક સુયોગ્ય વિભાગ તરીકે પોતાનું કુતૂહલ, પોતાનું બળ, પોતાનું ચાંચલ્ય, પોતાની ઉગ્રતા અને પોતાનો ઘમંડ અંકુશમાં રાખતાં શીખે છે. પ્રત્યેક પ્રસંગે સમૂહજીવનમાં કેમ ગોઠવાઈ જવું એ જ્ઞાન તેમને કવાયતથી મળે છે.

આવી દૃષ્ટિથી વ્યાયામશાળાઓ મજૂર લત્તાઓમાં ચલાવવામાં આવે છે. તેનો રોજના ૨૦૦ થી ૨૫૦ માણસો લાભ લે છે. ત્યાં આગળ રમતગમત, કસરત, કવાયત તેમ જ વ્યાયામની પ્રવૃત્તિઓ વ્યવસ્થિત રીતે ચલાવવામાં આવે છે. આમાં તાલીમ પામેલા મજૂરોની ટુકડીઓ અમદાવાદમાં થતી ઓલિમ્પિક એથલેટિક સ્પોર્ટ્સમાં દર વર્ષે ભાગ લે છે અને શિલ્ડ પ્રાપ્ત કરી પોતાની પ્રવૃત્તિને પ્રતિષ્ઠા અપાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ग) વસવાટ

ઇંગ્લન્ડના સર વિલિયમ બેવરિજે પોતાના રિપોર્ટમાં રાષ્ટ્રીય પુનર્રચના કરવા માટે પાંચ રાક્ષસોને જીતવા માટે કહ્યું છે — ચીજ-વસ્તુની તંગી, રોગ, અજ્ઞાનતા, ગંદકી અને આળસ. ખરાબ વસવાટ આમાંથી બેને માટે — રોગ અને ગંદકી — માટે જવાબદાર છે. આથી દરેક નાગરિકને સુઘડ ઘરની જોગવાઈ કરી આપવી એ સમાજની સૌથી પહેલી ફરજ છે.

ઘર એ દરેક કુટુંબની પ્રાથમિક જરૂરિયાત છે; અને તેમાંયે સારુ અને આરોગ્યદાયક ઘર એ સ્વાસ્થ્ય, સુખ અને નીતિમત્તાને પોષે છે. છતાંયે શહેરોમાં ઉદ્યોગ વધતાં વધેલી વસ્તી માટે જે પ્રકારની ચાલો અને વસવાટો ઊભાં થયાં છે તે તદ્દન કરુણાજનક સ્થિતિનું ચિત્ર રજૂ કરે છે. તેનો પ્રત્યક્ષ દાખલો અમદાવાદના મજૂર લત્તાઓ છે. કાપડ ઉદ્યોગનો ઝડપી વિકાસ (જે ૧૮૯૧ ની ૯ મિલમાંથી ૧૯૪૧માં ૭૫ મિલ સુધી પહોંચ્યો તે) વસ્તીના વધારા માટે જવાબદાર છે. હજારોની સંખ્યામાં બહારથી એટલે કે વડોદરા, કાઠિયાવાડ, રજપુતાના, મારવાડ, મધ્યપ્રાંત, આંધ્ર તેમ જ હિંદના બીજા પ્રાંતોમાંથી કારીગરો અમદાવાદમાં મજૂરી માટે ઊતરી પડ્યા. આથી થોડા જ સમયમાં વસ્તીનો તેમ જ ઉદ્યોગનો વધારો થયો, જે નીચેના આંકડાઓ પરથી સ્પષ્ટ માલૂમ પડે છે :

વર્ષ	વસ્તી	દશ વર્ષે વસ્તીમાં વધારો ટકામાં	મિલો	મજૂરોની સંખ્યા
૧૮૭૧	૧,૨૫,૭૦૬	—	—	—
૧૮૮૧	૧,૩૪,૧૮૭	૬·૭	—	—
૧૮૯૧	૧,૫૫,૪૦૪	૧૬·૦	૯	૭,૪૫૧
૧૯૦૧	૧,૯૫,૪૯૪	૨૫·૮	૨૯	૧૬,૩૩૭
૧૯૧૧	૨,૩૦,૦૦૦	૧૬·૭	૫૦	૩૧,૩૧૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૨૧	૨,૭૦,૭૭૫	૧૭.૭	૫૩	૪૮,૫૪૭
૧૯૩૧	૩,૮૨,૭૫૭	૪૧.૪	૭૬	૬૯,૫૬૨
૧૯૪૧	૫,૯૧,૬૪૩	૫૪.૬	૭૫	૭૫,૫૧૭

આ રીતે શહેરની વસ્તી ઘણી વધી છે. છતાંયે વસવાટમાં નહીં જેવો જ વધારો થયો છે, જે નીચેના આંકડાઓ બતાવે છે:

વર્ષ	વસ્તી	ઘરો	ભાડૂતો
૧૮૨૪	૮૦,૦૦૦	૨૯,૧૯૯	૨૭.૦૦૦
૧૯૩૧	૨,૭૦,૭૭૫	૪૦,૩૦૦	૭૦,૮૭૬
૧૯૪૧	૫,૯૧,૬૬૩	૫૧,૭૪૦	૧,૩૪,૩૯૮
વધારો ટકા	૬૪૦.૦	૭૭.૦	૩૯૮.૦

ઉપરના આંકડાઓ પરથી સારાયે અમદાવાદનો ખ્યાલ આવે છે, જ્યારે નીચેના આંકડાઓ મજૂર લત્તાનો ચિતાર આપે છે:

	ભાડૂતોના ટકા			ઓરડીઓમાં સરેરાશ		
	૧૯૨૧	૧૯૩૧	૧૯૪૧	૧૯૨૧	૧૯૩૧	૧૯૪૧
એક ઓરડી	૫૫	૬૦	૫૩.૫	૩.૩૯	૩.૬૧	૩.૮
બે ઓરડી	૨૨	૨૨	૨૪.૫	૧.૮૪	૧.૮૯	૨.૧
ત્રણ ઓરડી	૯	૭	૬.૯	૧.૩૧	૧.૪૨	૧.૬
ચાર ઓરડી	૭	૫	૪.૧	૧.૦૭	૧.૨૩	૧.૪
પાંચ ઓરડી	૩	૨	૨.૭	૦.૯૨	૧.૦૪	૧.૨
૭ ને તેથી વધારે	૪	૪	૭.૩	—	—	—

આ ઉપરથી વિચારો કે અમદાવાદની રોનકને સર્જનારા મજૂરોની ચાલીઓની પરિસ્થિતિ કેવી છે?

એ ચાલીઓમાંની મોટા ભાગની ખાનગી વ્યક્તિની માલિકીની છે. જ્યારે કેટલીક મિલમાલિકોની છે અને કેટલીક મિલમાલિક મંડળના વહીવટ નીચે છે. આ ચાલીઓના માલકીપણામાં સમાનતા નથી એ સાચું, પણ જર્જરિતતા, ગંદકી અને અગવડોની બાબતને જ્યાં સુધી લાગેવળગે છે ત્યાં સુધી, મોટા ભાગની ચાલીઓમાં સમાનતા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓછામાં ઓછી અરે . . . સાવ કંઈ જ નહીં એવી સગવડો આપવી અને લઈ શકાય તેટલું વધુમાં વધુ ભાડું લેવું એ એમનો મુદ્રાલેખ છે. વળી આ ચાલીઓ એવા વિસ્તારમાં આવેલી છે કે ત્યાં મિલનાં ગંદાં પાણી ફરી રહેલાં રહે છે. ચાલીની અંદરની ગંદકી નિયમિત દૂર કરવા યા કરાવવા માટે ભાગ્યે જ કોઈ સગવડ કે પ્રયાસો થતા હોય છે. ગંદકીના થર થયેલા જ હોય છે. આમ ચારે બાજુ ગંદકીના સામ્રાજ્ય વચ્ચે અમદાવાદ શહેરની રોનકના સર્જનારા મજૂરો વસે છે.

આ તો થઈ ફક્ત ગંદકીની વાત. તેમના વસવાટો જોઈએ તો ખ્યાલ આવે કે કેવી નિરાશ્રિત જેવી હાલતમાં તેઓ રહે છે. ભાગ્યે જ કોઈ ચાલી એવી હશે કે તેમાં જાજરૂ કે પીવાના પાણીની સોઈ સારી કહી શકાય તેવી હશે. ત્યાં છે તૂટેલાં ફૂટેલાં, સ્ત્રીપુરુષોનો મલાજો પણ ન જળવાય તેવાં જાજરૂ, પાણી ન આપતા નળ, ચોમાસામાં ઓરડીની અંદર વરસાદના ધધૂડા ઊતરે તેવાં છાપરાં યા કાણાં કાણાં પડી ગયેલાં પતરાં. કોઈ ચોર આસાનીથી ઘૂસી શકે તેવાં અડીને ઊભાં રહેલાં બારણાં, લૂણો લાગવાથી ખવાઈ ગયેલી ભીંતો, ભેજથી ઊખડી ગયેલાં ભોંયતળિયાં અને ચોમાસાના દિવસોમાં તો પગ મૂકવાનું પણ મન ન થાય તેવા રસ્તાઓવાળી ચાલીઓ અમદાવાદમાં ઠેર ઠેર નજરે પડે છે.

પાણીની વ્યવસ્થા: શહેર બહાર ૧૫ % ચાલીઓને મ્યુનિસિપાલિટીએ પાણીની વ્યવસ્થા કરી આપી છે. બાકીની ચાલીઓમાં કૂવા હોય છે. કોક જગ્યાએ ઇલેક્ટ્રિક પંપની વ્યવસ્થા છે. પાણીનો પ્રશ્ન મે માસમાં ભયંકર બને છે. તે સમયે સ્ત્રીઓનો સારોયે વખત પાણી પાછળ જ જાય છે.

હવા ઉજાસની વ્યવસ્થા: મોટે ભાગે ઝૂંપડાંઓ અથવા તો ખોલીઓ એક બીજા સાથે બાંધેલાં હોય એટલે હવા ઉજાસનું તો નામ જ નહીં. ઘણાં ઝૂંપડાંને અંદર જવા માટે ફક્ત એક જ

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારણું હોય. આથી બિચારી બહેનોના તો ભોગના જ વારા હોય, કારણ કે રસોઈ થતી હોય તે દરમિયાન કલાકો સુધી તેમને ધુમાડાના ઝેરના ઘૂંટ પીવાના હોય છે.

જાજરૂ પેશાબખાનાં :- આજે શહેરમાં ૧૭૦૦ જેટલી ચાલીઓ છે અને તેમાં ૭૦,૦૦૦ મજૂર કુટુંબો વસે છે. તેમાં જાજરૂનાં ઠેકાણાં નથી હોતાં તો ખાનગી પેશાબખાનાંઓની વાત જ ક્યાં કરવી? આથી પુરુષો અથવા સ્ત્રીઓ મજૂર લત્તાઓમાં આંખ મીંચીને ગમે ત્યાં બેસી જાય છે અને ગંદકીમાં વધારો કરે છે.

સ્નાનગૃહો :- ઘણી ઓછી ચાલોમાં સ્નાનગૃહો છે. ૨૯૭ ચાલીઓમાં અને તે પણ ૫૭,૭૧૬ માણસો વચ્ચે ૨૨૩ સ્નાનગૃહો છે, જેમાંથી ⅓ બહેનો માટે ખાસ જુદાં રાખવામાં આવેલાં છે. આમાંનાં કેટલાંકને બારણાં નથી. કેટલાંકમાં જગ્યા નાની છે તો કેટલાકને ઉપર છાપરું જ નથી.

દીવાબત્તીની સગવડ :- ફક્ત ૧૦ થી ૧૨ ચાલીઓમાં વીજળીની દીવાબત્તી છે.

વસવાટની તંગી હોવાથી મજૂરો પોતાના કુટુંબ સહિત રહી શકતા નથી; અને એક જ ઓરડીમાં પાંચ થી ૭ મજૂરો સાથે રહેતા હોય છે. મજૂર લત્તાઓમાં પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓના કેટલા ટકા હોય છે તે નીચેના આંકડાઓ પરથી સ્પષ્ટ થશે :

લત્તો	વસ્તીમાં સ્ત્રીઓના ટકા
રેલવેપરા	૪૯
ગોમતીપરા	૬૪
ચમનપરા	૬૦
અસારવા	૫૯
ખોખરા–મહેમદાવાદ	૬૨
રખિયાલ	૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ કેટલેક ઠેકાણે પુરુષોનું પ્રમાણ સ્ત્રીઓ કરતાં લગભગ બે ગણું છે. આની અસર મજૂરના નૈતિક જીવન પર પડે છે અને એ વ્યભિચાર જેવા સામાજિક સડાનો ઉત્પાદક બને છે. આમ વસ્તીની ગીચતા, વસવાટની તંગી અને કુટુંબનો અભાવ મજૂરને દારૂના પીઠામાં, જુગારના અડ્ડામાં કે અનીતિના ધામમાં ખેંચી જાય છે. આથી તેના સ્વાસ્થ્ય પર અસર પહોંચે છે અને તે અસર કાર્યક્ષમતા પર પહોંચી ગેરહાજરીમાં પરિણમે છે. આ બાબત નીચેના આંકડાઓ પરથી જણાશે :

	૧૯૩૯	૧૯૪૦	૧૯૪૧	૧૯૪૨	૧૯૪૩
ગેરહાજરીના ટકા	૩.૩૦	૩.૮૯	૪.૧૮	૫.૨૦	૪.૮૩
	૧૯૪૪	૧૯૪૫	૧૯૪૬	૧૯૪૭	
ગેરહાજરીના ટકા	૫.૬૯	૭.૧	૭.૦	૬.૪	

આમ વર્ષ પ્રતિ વર્ષ ગેરહાજરી વધતી ગઈ છે, જેની અસર આખરે કામ ઉપર પડે છે અને ઉદ્યોગને સરવાળે સોસવું પડે છે.

આ સ્થિતિમાં સુધારો કરવા મજૂર મહાજને મજૂરોને અનુરૂપ ચાલીઓ બાંધવાનું કામ યથાશક્તિ ઉપાડ્યું અને નીચે મુજબનાં મકાનો બાંધ્યાં :

૧૪½'×૧૦' અને ૧૪'×૧૮' એવી બે ખોલીઓ, તથા ૮'×૭'નું રસોડું, ૧૯½'×૭'નો વરંડો અને ૧૯½'×૧૮'નાં વાડાવાળાં મકાનો બંધાવ્યાં. તેમાં શાળા માટે પણ એક જુદું મકાન ઊભું કરવામાં આવ્યું છે; અને દુકાનો માટે ૩ મકાનો રાખેલાં છે. રમતગમતનું મેદાન પણ રાખ્યું છે. છતાંયે મકાનની કિંમત રૂ. ૧૨૦૦ પડી છે. તે મજૂરોને પોષાય એટલા દરથી ભાડે આપવામાં આવ્યાં છે.

૧૯૩૮ પહેલાં સહકારી ધોરણે ઘર મંડળીઓ બનાવી કેટલાંક મધ્યમ વર્ગનાં કુટુંબોએ મકાનો બનાવ્યાં. ત્યારે મજૂરોમાં ફક્ત આ રીતના પ્રયત્નો ચાર મંડળીઓએ જ કર્યા. પણ લડાઈમાં મોંઘવારી ભથ્થું ને સારું બોનસ મળવાથી તેમ જ દારૂબંધી થવાથી કેટલાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂરોએ પૈસા બચાવ્યા. તેમને મકાનો બાંધવાની ઇચ્છા થઈ અને તેર સહકારી ઘર મંડળીઓ ઊભી થઈ; અને તેમાંથી ૬ એ ૪૦૦ મકાનો ઊભાં કર્યાં. આમાં પ્રીતમપરામાં વણકરો માટે ૨૨ મકાનોનું એક સુંદર ઝૂમખું ઊભું કરવામાં આવ્યું છે, કે જેમાં બે ભાગમાં રહેઠાણ બનાવવામાં આવ્યાં છે. દરેકમાં ૧૫'×૮'નો એક ઓરડો અને ૮'×૧૦'નો બીજો ઓરડો છે. છૂટું ૮'×૮'નું રસોડું છે અને વરંડા છે.

બીજાં સસ્તાં, સગવડવાળાં અને સારાં મકાનોનું એક ઝૂમખું મજૂરો માટે શાહપુરમાં બનાવેલી કલ્યાણગ્રામની ચાલી છે.

આથી મજૂરોના વસવાટના પ્રશ્નનો છેડો આવતો નથી. હજી ઘણો માર્ગ કાપવાનો બાકી છે. તે માટે વધારે જોરથી મહાજન, સરકાર અને માલિકોએ બધાએ મળી, માનવતાની દૃષ્ટિ ખ્યાલમાં રાખી ખરા દિલથી પ્રયત્નો કરવા જોઈએ અને અમદાવાદની રોનકને સાચી રીતે શોભાવવી જોઈએ.

(ઘ) આર્થિક વિકાસ

મજૂર સહકારી બેંક લિ: — હિંદભરમાં મજૂરોએ પોતે જ પોતાને માટે બેંક શરૂ કરીને ચલાવી હોય તો તે મજૂર સહકારી બેંક, અમદાવાદ છે. હિંદભરમાં એ પહેલી જ મજૂરોની બેંક છે. સને ૧૯૪૭ના ઑગસ્ટ માસમાં દેશ આઝાદ થયો અને રાજકીય આઝાદી પ્રાપ્ત કરી: પણ મજૂર મહાજન સમજતું હતું કે, જ્યાં સુધી સામાજિક અને આર્થિક આઝાદી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી રાજકીય આઝાદી પ્રાપ્ત કરી કે ન કરી એ બેય સરખું જ છે.

આથી સામાજિક આઝાદી પ્રાપ્ત કરવાની દિશામાં પગલાં ભરીને મજૂર મહાજન સંઘ બેસી નથી રહ્યું. મજૂરોની આર્થિક ઉન્નતિ પણ તેને તો કરવી છે. જ્યાં સુધી મજૂરો આર્થિક રીતે દબાયેલા છે ત્યાં સુધી સામાજિક ઉન્નતિ ક્યાંથી શક્ય બને? એટલે કે સામાજિક અને આર્થિક આઝાદી પ્રાપ્ત કરવાના પ્રશ્નો એકબીજા સાથે સંકળાયેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેથી એ બંને પ્રશ્નો સાથે જ ઉકેલવાના પ્રયાસો કરવાના રહ્યા. મજૂર મહાજન સંઘના કાર્યકર્તાઓ આ સત્યથી જરાયે અજાણ નહોતા; પણ પરદેશી સત્તાના અમલમાં આવું કોઈ કાર્ય કરવામાં રહેલી મુસીબતોનો તેમને પૂરેપૂરો ખ્યાલ હતો. તેથી જ્યારે પરદેશી સત્તા ગઈ અને દેશમાં પ્રજાના પ્રતિનિધિઓની બનેલી સરકાર આવી કે તરત જ મજૂર મહાજન સંઘના કાર્યકર્તાઓએ મજૂરોની આર્થિક અવદશા સુધારવાના પ્રથમ પગલાં તરીકે ધી મજૂર સહકારી બેંકની સ્થાપના કરી.

તા. ૫ ઑક્ટોબર ૧૯૪૭ નો દિવસ અમદાવાદના મજૂરો કદી નહિ ભૂલે. આ દિવસે હિંદભરમાં પ્રથમ એવી મજૂરોની, મજૂરો માટે અને મજૂરોના સંચાલન હેઠળ ચાલતી તેમની પોતાની બેંક શરૂ થઈ. મજૂરોને હાલ જે પગાર મળે છે તે જીવન-નિર્વાહ માટે પૂરતો નથી. મજૂરોને જીવન-નિર્વાહ પૂરતા પગાર મળે, તેમનું જીવન ધોરણ ઊંચું આવે તે માટે મજૂર સંસ્થા કાર્ય કરે એમાં કંઈ નવું નથી. પણ મજૂરોને જે નાણાં મળે તેનો તેઓ સદ્‌ઉપયોગ કરે, એટલે કે ખોટી રીતે વ્યય ન કરે અને કંઈક ને કંઈક બચત કરે તે માટે કંઈક કરવું જરૂરી છે. આટલા માટે જ મજૂર સહકારી બેંક સ્થપાઈ છે. મજૂરો જ તેના શૅરહોલ્ડરો છે અને મજૂરોના પ્રતિનિધિઓ તેના ડિરેક્ટરો છે.

જ્યારે નાણાંની જરૂર પડે ત્યારે માનવી બીજાની પાસે હાથ ધરવા જાય. એ હાથ નાણાં તો મેળવે પણ એ નાણાં પર તેને ભારે વ્યાજ આપવું પડે છે. એવા કેટલાયે દાખલાઓ મજૂરોમાં બનેલા છે, કે જેમાં કરજે લીધેલાં નાણાં પર વ્યાજ ભરવામાંથી ઊંચા જ ન આવે. મૂડી કરતાં વ્યાજની રકમ એટલી બધી ભરવાની હોય કે એક વાર કરજે નાણાં લીધા પછી દેવાદાર આદમી દેવાના વિષચક્રમાંથી બહાર જ ન નીકળી શકે. પઠાણી અને મારવાડી વ્યાજથી મજૂર આલમ ભાગ્યે જ અજાણ છે. મજૂર મહાજન સંઘના કાર્યકર્તાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ હકીક્ત જાણતા હતા. દેવામાં ડૂબેલા મજૂરોની દુર્દશા તેમના દિલમાં ડંખી રહી હતી. એટલે મજૂર બૅંક સ્થાપી મજૂરોને સસ્તા વ્યાજે કરજે નાણાં મળે એ વ્યવસ્થા કરવામાં આવી. મજૂર બૅંક સ્થપાતાં મજૂરોએ આ વ્યવસ્થાનો સારા પ્રમાણમાં લાભ લીધો છે. એ હકીકત તો બૅંકના ધીરાણ અંગેના આંકડા જ બોલી રહ્યા છે. આમાં મુંબઈ સરકારના ઋણ રાહત ધારાએ સારો ભાગ ભજવ્યો છે એ વાત સાચી છે.

મજૂરો ધીરાણની વ્યવસ્થાનો લાભ લે છે એ સાચું, પણ કંઈ બધા જ મજૂરો વ્યાજે નાણાં નથી લેતા. કેટલાય મજૂરો બચત કરી બૅંકમાં નાણાં જમા કરાવતા હોય છે. તા. ૨૯–૪–૫૦ સુધીના આંકડાઓ બોલી રહ્યા છે કે બૅંકના સેવિંગ્સ ખાતામાં રૂ. ૩,૧૬,૬૩૦, ચાલુ ખાતામાં રૂ. ૧,૫૦,૬૬૬, બાંધી મુદતના ખાતામાં રૂ. ૧,૩૨,૧૭૫, અને બૅંકના શેર સર્ટિફિકેટોમાં રૂ. ૨૭,૩૫૭ મળી કુલ રૂ. ૬,૨૬,૮૨૮ ની રકમ મજૂરોએ બૅંકમાં જમા કરાવી છે.

આ ઉપરાંત શેરોમાં જે રકમ મજૂરોએ રોકી છે તે જુદી. ૧૭,૦૦૦ સભ્યોએ થઈ રૂ. ૩,૦૦, ૦૦૦ ની કિંમતના શેર ખરીદ્યા છે. જ્યારે બૅંકે આ બધાં નાણાં પર મજૂરોને લૉન પેટે રૂ. ૧૧, ૫૦,૦૦૦નું ધીરાણ કર્યું છે. તેમાંથી અર્ધી રકમ નિયત કરેલા હપતા ભરીને મજૂરોએ પરત પણ કરી દીધી છે. આ પરથી એ વાત પણ સાબિત થાય છે કે, મજૂરો જેમ લોન લે છે તેમ નિયત કરેલા હપતા ભરીને એ નાણાં પાછાં પણ ચૂકવી દે છે. આજ સુધીમાં ભાગ્યે જ એવો બનાવ બન્યો હશે કે જેમાં કોઈ મજૂરે હપતા ન ભર્યા હોય. મજૂરોની પ્રામાણિકતાની આ પારાશીશી છે.

ધી મજૂર સહકારી બૅંકની બહાર પાડેલી શેર થાપણ રૂ. ૫,૦૦,૦૦૦ની છે. છેલ્લી મળેલી બૅંકના ડિરેક્ટરોની સભાએ ઠરાવ કર્યો છે કે બૅંકની શેર થાપણ વધારીને રૂ. ૧૦,૦૦,૦૦૦ની કરવી. મજૂર મહાજન સંઘના સંયુક્ત પ્રતિનિધિમંડળે પણ થોડા સમય પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠરાવ કરી પોતાનાં મકાનો બાંધવાના હેતુથી મજૂર સહકારી બેંકનો એક એક વધુ શેર લેવો એમ નક્કી કર્યું છે. આમ બંને બાજુથી એક જ દિશામાં થતા પ્રયાસો કામિયાબ નીવડવાની વધારે શક્યતા છે.

એટલે આ મજૂર સહકારી બેંક જે ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલી તે ઉદ્દેશો એક પછી એક બર આવી રહ્યા છે અને દિનપ્રતિદિન બેંક પોતાની પ્રગતિ સાધી રહી છે. તેના કેટલાક સૂચક આંકડા નીચે પ્રમાણે છે :

બેંકની પ્રગતિના બોલતા આંકડા

	તા. ૩૦–૬–૪૮ સુધી	તા. ૩૦–૬–૪૯ સુધી
વ્યક્તિગત શેર સભાસદ	૭,૬૯૬	૧૩,૬૭૭
મહાજનો	૭	૭
રજિસ્ટર્ડ સોસાયટી	૪	૮
	૭,૭૦૭	૧૩,૬૯૨
ભરાયેલી શેર થાપણ	૧,૦૫,૮૮૦	૨,૨૦,૮૬૦

થાપણો	ખાતેદાર		ખાતેદાર	
સેવિંગ્સ ખાતે	૨૮૧	૨૧,૧૧૮	૧,૫૪૩	૧,૯૨,૬૯૮
ચાલુ ખાતે	૧૭	૧૭,૬૫૩	૫૪	૧,૪૨,૬૩૯
લાંબી મુદત ખાતે	૭	૫૬,૭૭૫	૨૮	૯૯,૨૭૫
કૅશસર્ટિફિકેટ ખાતે	—	—	૨૫	૯,૯૮૧
કૅશસર્ટિફિકેટ ખાતે	૩૦૫	૯૫,૫૪૬	૧,૬૫૦	૪,૪૪,૫૬૩
બેંકોમાં તથા હાથ પર સિલક		૫૮,૬૭૩		૧,૨૬,૬૯૧

ધીરાણ	તા. ૩૦–૬–૪૮ સુધી	તા. ૩૦–૬–૪૯ સુધી
જાતજામીન પર	૧,૨૨,૩૦૦	૫,૮૬,૫૮૦
મકાન ઉપર	૧૨૦૦	૫૫,૭૨૦
બાંધી મુદતની	....	૨૦૦૦
	૧,૨૩,૫૦૦	૬,૪૪,૩૦૦
કરજ લેનારની સંખ્યા	૪૭૯	૨,૧૩૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂડીનું રોકાણ

અમદાવાદ મ્યુનિ૦ ડિબેન્ચર્સ	૨૫,૦૦૦	૨૫,૦૦૦
અમદા૦ સેવિંગ્સ બેન્કનો શેર	૬૦	૬૦
ધી ઈન્ડી. ફાયર. કોરપો૦ શેર	......	૫,૦૦૦
પોસ્ટલ નેશનલ સે૦ સર્ટિ૦	......	૧૫,૦૦૦
	૨૫૦૬૦	૯૦,૦૬૦
કુલ ચાલુ મૂડી (વર્કિંગ કેપિટલ)	૨,૧૦,૦૫૮	૬,૮૫,૬૧૩

ङ સામાજિક તેમ જ સાંસ્કારિક પ્રવૃત્તિઓ

સમાજસુધારણા વિભાગ:—મજૂરોને આર્થિક બાબતમાં તો અનેક લડાઈઓ લડવાની અને જીતવાની છે; પણ સાથે સાથે સામાજિક જીવનમાં પણ અનેક યુદ્ધો કરવાનાં છે. મજૂરસમાજ પોતાની રહેણીકરણીનો ઊંડાણથી વિચાર કરે, તે રહેણી પ્રમાણે વપરાશની વસ્તુઓ કેવી હોવી જોઈએ તે નક્કી કરે, જીવનના આદર્શ પ્રમાણે વર્તનના નિયમો, શિષ્ટાચારની પદ્ધતિ, સામાજિક ધર્મો અને સામાજિક કર્તવ્યો ઘડે એ આ વિભાગનો હેતુ છે.

મજૂરોની ટેવો, રિવાજો અને તેમના રોજિંદા જીવનમાં અનેક ફેરફારો કરવાના છે. જો તેમના સ્વાસ્થ્ય અને આરોગ્યની સંભાળ રાખવામાં ન આવે, જો તેઓ પોતાના પૈસા વ્યસનોમાં વેડફે, જો તેઓનું અજ્ઞાન દૂર કરવામાં ન આવે, તો તેઓને મળેલ ગમે તેટલો આર્થિક લાભ તેઓની ઉન્નતિ કરી શકવાનો નથી. આથી જ મહાજને જ્યારે કામની પરિસ્થિતિ અને પગાર અંગે ચળવળ ચલાવી તે વખતે સાથે સાથે મજૂરના સામાજિક જીવનને પણ ઉન્નત બનાવવા માટે યોગ્ય અને વ્યવસ્થિત પગલાં ભરવાનાં શરૂ કર્યાં.

સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ અને તપાસ, સુધારણા વિભાગ, શારીરિક વિકાસ કેન્દ્રો, વાંચનાલયો, પ્રૌઢવર્ગો, સભાઓ, સમૂહ વાર્તાલાપો અને સિનેમા એ આ વિભાગની મુખ્ય પ્રવૃત્તિઓ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતસંગ મંડળ:—સમાજસુધારા વિભાગ તરફથી અમુક અમુક ચાલીઓમાં 'સત્સંગ મંડળ' ચલાવવામાં આવે છે. તેમાં સામાન્યજ્ઞાનના વિષયોનું શિક્ષણ રસભરી રીતે આપવામાં આવે છે.

લત્તા વિભાગ:— મિલોમાં સાંચા સાથે જીવન અફળાવી અફળાવી સાંચા જેવા જડ બની ગયેલા મજૂરોને ગંદા વસવાટોમાં રહેવાનું હોય તો તેમાં તેઓને કેવી રીતે વધુ ને વધુ મદદરૂપ થઈ શકાય એ હેતુથી મજૂર મહાજન સંઘ તરફથી લત્તાખાતું ચાલે છે. આ વિભાગ વસવાટો અંગેની, પાણી અંગેની, જાજરૂ-મુતરડી અંગેની, ગંદકી અંગેની વગેરે ફરિયાદો જુએ છે અને તેમાં મજૂરોને ન્યાય મળે તે માટે સતત પ્રયત્ન કરે છે. આ માટે લત્તાખાતા તરફથી દરેક લત્તામાં ઇન્સ્પેક્ટરો રાખવામાં આવ્યા છે.

૧૯૨૭માં આ ભાઈઓની મદદથી જ મજૂરોનાં ઘરોની તપાસ કરવામાં આવી હતી અને નવાં રહેઠાણો બનાવવા અમદાવાદ મ્યુનિસિપાલિટીનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ ખાતું મિલની કામ કરવાની પરિસ્થિતિ પણ વિચારે છે, જુએ છે અને સૂચનો કરે છે. સાથે સાથે સમાજશિક્ષણના તેમ જ સંસ્કાર કેન્દ્રોના વર્ગો પણ ચલાવે છે.

આ ખાતાના ભાઈઓએ ૧૯૪૫માં કેટલાક ડૉક્ટરોની સહાયથી મજૂરોના સ્વાસ્થ્ય અને આરોગ્યની તપાસ કરી હતી. તે ઉપરથી મજૂરોના સ્વાસ્થ્ય ઉપર સારો પ્રકાશ પડ્યો હતો.

હાલમાં એ ભાઈઓ મજૂરોના આર્થિક જીવનની એટલે-આવક જાવકની તપાસ કરી રહ્યા છે. આ તપાસથી એમના જીવનવિકાસ માટે ઘણા જરૂરી આંકડાઓ અને સૂચનો મળી શકશે.

દારૂબંધી પ્રચાર:— પૂ. ગાંધીજી જાણતા હતા કે દારૂએ મજૂરોનું સત્યાનાશ વાળ્યું છે. આથી આ કામ માટે ખાસ વિભાગ ખોલાવેલો ને તેનાં કાર્યકરો લત્તે લત્તે ફરી દારૂના ગેરફાયદા સમજાવી મજૂરોને સાચે રસ્તે વાળવા પ્રયત્ન કરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૩૦માં એ માટે ખૂબ પ્રયત્નો થયા. કેટલાકો જેલમાં ગયા, પિકેટિંગ કર્યું અને અનેક મજૂરોને સમજાવી એમાંથી મુક્તિ અપાવવાના પ્રયત્નો કર્યા.

૧૯૩૮માં પ્રજાકીય પ્રધાનમંડળના હાથમાં સત્તા આવતાં જ તેણે આ પુણ્યકાર્યને હાથમાં લીધું અને તે માટે સૌથી પ્રથમ ઔદ્યોગિક કેન્દ્ર તરીકે અમદાવાદને પસંદ કર્યું. મજૂર મહાજન આ કાર્યની અગત્ય સારી રીતે પિછાણતું હોવાથી, તે વખતે એણે એનો સારોયે સમય, શક્તિ ને માણસો સરકારના કામમાં મદદ માટે આપ્યાં. પ્રજાકીય સરકાર જતાં કાર્યક્રમ ઢીલમાં પડ્યો અને બીજા વિશ્વયુદ્ધ પછી ફરી પ્રજાકીય પ્રધાનમંડળના હાથમાં સત્તા આવતાં, ૧ લી એપ્રિલ ૧૯૫૦માં સંપૂર્ણ દારૂબંધી કરી લેવી એ હિસાબે સરકાર તરફથી ચાંપતા ઉપાયો લેવાવા માંડ્યા.

આજે દારૂબંધીના પ્રચારાર્થે સ્થપાયેલી અમદાવાદની સમિતિમાં મોટા ભાગના સભ્યો મહાજનના કાર્યકર્તાઓ છે. આમ સરકાર અને મહાજન મળી એ દારૂના દૈત્યનો નાશ કરવા સતત પ્રયાસ કરી રહ્યા છે.

તે ઉપરાંત મહાજન મજૂરોને ઊંચનીચ ભાવ દૂર કરવા સમજાવે છે. સામાજિક ઉત્કર્ષ માટે મંડળો સ્થાપવાની સલાહ આપે છે. આથી આ કાર્ય માટે આજે કેટલાંક જ્ઞાતિસુધારક મંડળો મહાજનની દેખરેખ નીચે ચાલી રહ્યાં છે. દા. ત. પટણી વાઘરી સુધારક મંડળ, ઉ. ગુજરાત પાટીદાર મંડળ, ક્ષાત્રય ઠાકોર સુધારક મંડળ વગેરે.

વળી મહાજને જુદા જુદા લત્તામાં ૭ વિકાસ મંદિરો અથવા સામાજિક કેન્દ્રો ખોલેલાં છે. ત્યાં મજૂરો આરામ લે છે, દૈનિકો અને માસિકો વાંચે છે, અવારનવાર મજૂર કાર્યકર્તાઓ સાથે ચર્ચા કરી તેમને મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ શોધે છે. આમ અનેક રીતે શક્ય એટલા પ્રયાસોથી મજૂરોના જીવનમાં રસ લઈ તેમનો વિકાસ કરવાના પ્રયત્ન કરવામાં આવે છે. આ કેન્દ્રોમાં મજૂરોની સમિતિઓ નીમવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે, કે જે કાર્યકર્તાઓની સલાહથી આ કેન્દ્રોમાં દેખરેખ રાખે છે. તે ઉપરાંત આ કેન્દ્રોમાં શિક્ષણ તેમ જ મનોરંજનના કાર્યક્રમો, સમૂહ વાર્તાલાપ, પ્રાર્થનાઓ, સામાજિક ઉત્સવો, નાટ્ય પ્રયોગો અને રમતગમતો વગેરે અવારનવાર ગોઠવવામાં આવે છે, કે જેથી તેઓને જ્ઞાન સાથે ગમ્મત મળી શકે.

ટૂંકમાં આ કેન્દ્રો સામાજિક, નૈતિક તેમ જ કેળવણીના વિકાસ માટેનાં મજૂરોનાં સાચાં આદર્શ ગૃહો છે. આમ તે પોતાનાં કાર્યો દ્વારા વિકાસમંદિરના નામને યોગ્ય રીતે શોભાવે છે.

માહિતી અને સંશોધન વિભાગ:—મહાજનમાં આ એક અનોખો વિભાગ છે. આનો મજૂરો સાથે સીધો સંબંધ નથી, છતાંયે આ વિભાગના મજૂરોના કલ્યાણના ઘણા પ્રશ્નો ઉકેલવામાં આડકતરો ફાળો છે. કારણ કે અહીં મજૂરોના ઉદ્યોગના, પગારના, કામના વગેરે અનેક પ્રકારના આંકડાઓ એકઠા કરવામાં આવે છે અને તે દ્વારા ઉદ્યોગની સાચી સ્થિતિ જનતા સમક્ષ રજૂ કરાય છે.

વળી મહાજનને મજૂરોના ઘણા કેસો ઔદ્યોગિક કચેરીમાં લડવાના હોવાથી, મજૂર કાર્યકર્તાઓને ઉદ્યોગ અને મજૂરીનાં જરૂરી સાધનો, સાચી હકીકતો, આંકડાઓ વગેરેથી તૈયાર રહેવું પડે છે, જે આ વિભાગ પૂરા પાડે છે.

મજૂર સંદેશ:—મજૂર મહાજનના સભ્યો અને કાર્યકરો એક બીજાના પરિચયમાં રહે અને શહેર તેમ જ સ્થાનિક ઉદ્યોગના સમાચાર અવારનવાર જાણે તે માટે મહાજન અર્ધ અઠવાડિક 'મજૂર સંદેશ' ૨૬ વર્ષથી કાઢે છે. આ અખબાર મુખ્યત્વે મજૂર પ્રશ્નને ચર્ચે છે; અને મજૂરોને ઔદ્યોગિક, રાજકીય, સામાજિક તેમ જ જીવનને લગતા ઘણા પ્રશ્નોની મહત્ત્વની માહિતી અને સમજણ આપે છે.

તે ઉપરાંત મજૂરોને ઉપયોગી એવી મહત્ત્વની પત્રિકાઓ લાખોની સંખ્યામાં અવારનવાર મહાજન બહાર પાડે છે અને તે પ્રચારાર્થે મજૂરજગતમાં મફત વહેંચે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાજેતરમાં જ મજૂરોને ઉપયોગી એવું સાહિત્ય બહાર પાડવાનું ઠરાવ્યું છે. તેમાં 'કારખાનાનો કાયદો' ૧૯૪૮ અને 'આંતરરાષ્ટ્રીય મજૂર સંસ્થા' ગુજરાતીમાં બહાર પડ્યાં છે, જે મજૂરોને માટે અતિ ઉપયોગી છે.

મજૂરો પોતાનો હિસાબ યોગ્ય અને વ્યવસ્થિત રીતે લખે એ માટે ખાસ 'મજૂર ડાયરી' બહાર પાડવામાં આવેલી. મજૂર ડાયરીએ મજૂર વર્ગમાં જે લોકપ્રિયતા મેળવી છે તે પરથી આવતી વખતે એ ડાયરીને વધારે સમૃદ્ધ બનાવવા વિચાર ચાલે છે.

સેવાદળ:—સાંચા સાથે જીવન અફાળતા મજૂરો ચેતનવંતા રહે, તેઓ તંદુરસ્તી જાળવી શકે, દુનિયાના વહેતા પ્રવાહોથી વાકેફ રહે અને એ બધાના પરિણામે સુખી સામાજિક જીવન જીવતા થાય એ માટે મજૂર મહાજન તરફથી જે અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે તે આપણે જોઈ. મજૂર યુવાનો શિસ્ત શીખે અને પરાયાની સેવા કરવાની તાલીમ મેળવે તે માટે મજૂર સેવાદળ સ્થાપવામાં આવ્યું છે.

આ મજૂર સેવાદળની પ્રવૃત્તિ ઘણાં વર્ષોથી સંતોષકારક રીતે આગળ ધપી રહી છે. આજે એમાં ૨૫૦ સભ્યોએ કાયમને માટે પોતાની સેવા આપવા નામો નોંધાવ્યાં છે. આ ભાઈઓનો શારીરિક તેમ જ બૌદ્ધિક વિકાસ થાય તે માટે તાલીમ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તે ઉપરાંત તેઓને અવારનવાર પર્યટનો ઉપર પણ લઈ જવામાં આવે છે. ગયા વર્ષ દરમિયાન સેવાદળે પોતાનું બૅન્ડ વસાવ્યું છે અને સેવાદળની એક ટુકડીએ બૅન્ડ વગાડવાની તાલીમ પણ લીધી છે.

ગ્રામવિકાસ વિભાગ:—અમદાવાદની મિલોમાં કામ કરતા મજૂરોની ફરિયાદો તો મજૂર મહાજન સંઘ દ્વારા હલ કરવામાં આવે છે. પણ આ મજૂર ભાઈબહેનોનાં સગાંસંબંધીઓને તેમના વતનમાં—ગામડામાં—જે હાડમારીઓ વેઠવી પડે છે, તે દૂર કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કરાવવા માટે શક્ય પ્રયાસો કરવાના હેતુથી મજૂર મહાજન સંઘ તરફથી ગ્રામ વિકાસ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે અને તે માટે ખાસ કાર્યકર્તાઓ રોકવામાં આવ્યા છે. વતનની ફરિયાદો નોંધવા માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

પ્રકરણ ૫મું

સરકાર તરફથી ચાલતી પ્રવૃત્તિઓ

મુખ્ય પ્રવૃત્તિઓ

કલ્યાણકેન્દ્રો	દારૂબંધીપ્રચાર
દવાખાનાં-	ઔદ્યોગિક તાલીમ
વસવાટો	કામદારભરતી

રાજ્યનું અસ્તિત્વ સમગ્ર પ્રજાના ઉત્કર્ષ માટે છે. પરંતુ પ્રજાનો અમુક વર્ગ જો વિશિષ્ટ પ્રકારની મુશ્કેલીઓ અને અગવડો વેઠતો હોય તો તે દૂર કરવાના અને પ્રજાને વધારે સુખી વર્ગની હરોળમાં લાવવાના પ્રયાસો કરવા એ રાજ્યની ફરજ થઈ પડે છે. આપણી આજની સમાજરચનામાં મજૂરવર્ગની સ્થિતિ અમુક અંશે એવા પ્રકારની છે કે જેની સુધારણા માટે રાજ્ય તરફથી ખાસ પગલાં લેવાં જરૂરી ગણાય. હરેક પ્રકારનું શોષણ અટકાવી સામાજિક ન્યાયની સ્થાપના કરવાનું ધ્યેય ધરાવતી લોકશાહી પ્રજાકીય સરકારે તો સમાજના નીચલા થરની સ્થિતિ સુધારવાના પ્રયત્નો વિશેષ કરવા ઘટે.

આમ હોવાથી મજૂરકલ્યાણની દિશામાં હિંદમાં સરકારે શું કર્યું છે તે જોઈએ. કારખાનાના કાયદા દ્વારા કામગીરીની સ્થિતિ, હવાઉજાસ, વાજબી સલામતીઓનો પ્રબંધ, જમવાના માંડવા, ઘોડિયાંઘર, દવાખાનાં વગેરે નિયત કરવામાં આવ્યાં છે. સને ૧૯૧૯ની વર્સેલ્સ સંધિએ આંતરરાષ્ટ્રીય મજૂરસંસ્થાને જન્મ આપ્યો. તેણે સ્ત્રીઓ અને બાળકોને રાતે કામે ન રોકવાં એવી ભલામણ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદ સરકારે સને ૧૯૩૪માં કાયદામાં સુધારો કરી તેમને રાતે કામે રોકવાનો નિષેધ કર્યો.

કારખાનામાં કામ કરતી મજૂર સ્ત્રી સુવાવડ પર જતી ત્યારે તેને આર્થિક મદદ આપવાની જવાબદારી ફક્ત આંગળીના વેઢા પર ગણી શકાય એટલા જ માલિકો અદા કરતા. પરિણામે સ્ત્રી કામદાર છેક છેલ્લા દિવસો સુધી કામ કરતી અને સુવાવડ પછી વહેલામાં વહેલી તકે તે કામે ચઢતી. તેથી તેની શારીરિક તંદુરસ્તી જોખમાતી. સને ૧૯૧૯માં વૉશિંગ્ટનમાં ભરાયેલી આંતરરાષ્ટ્રીય મજૂરસંસ્થાની ભલામણ પછી દસ વર્ષે સને ૧૯૨૯માં મુંબઈ સરકારે સ્ત્રીઓને સુવાવડ દરમ્યાન રાહત આપવાનો કાયદો કરી આ દિશામાં શરૂઆત કરી. ત્યાર પછી જુદા જુદા ધોરણે કાયદા પસાર થયા છે. મુંબઈ પ્રાંતમાં સુવાવડની આઠ અઠવાડિયાંની રજા હકથી મળે છે અને તે દરમ્યાન નક્કી કરેલી આર્થિક સહાય આપવામાં આવે છે.

કારખાનામાં કામ કરતાં મજૂરોને અકસ્માત નડે તો શું? શરૂઆતમાં અપવાદરૂપે ભલા અને સજ્જન માલિકો અકસ્માતમાં મજૂરને ઇસ્પિતાલમાં મોકલી આપતા અને સારવાર નીચે હોય ત્યાં સુધી પરોપકાર અને દયાની દૃષ્ટિએ પગાર આપતા. સને ૧૯૨૩માં વડી સરકારે કામદારો માટે અકસ્માતમાં વળતરનો કાયદો પસાર કરી મજૂરકલ્યાણની દિશામાં વધુ પગલું ભર્યું.

સને ૧૯૩૬માં પગારનો કાયદો કરી મિલો અને કારખાનાં માટે અમુક ધોરણવાળી પગારનીતિ શરૂ કરી. માલિકો અને મજૂરોના સંબંધો મીઠા અને સારા રહે અને ઔદ્યોગિક ઝઘડાઓની શાંતિપૂર્વક પતાવટ થાય એ માટે મુંબઈ સરકારે ઔદ્યોગિક સંબંધો બાબતનો ધારો પસાર કર્યો.

પરંતુ કાયદાઓથી કામ પૂરું થતું નથી. આ તો મજૂરો કારખાનામાં હોય ત્યાં સુધીની વાત થઈ. કાળી મજૂરી કરી છૂટ્યા પછીનું મજૂરજીવન જાગ્રત સરકાર ન ભૂલી શકે. કોઈ પણ દેશની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકાર પોતાના મજૂરવર્ગના કલ્યાણને ભૂલી લોકશાહીની સફળતાની આશા ન રાખી શકે. ઇંગ્લંડ, અમેરિકા, સ્વિટ્ઝર્લેન્ડ વગેરે દેશોમાં મજૂરો માટે સંસ્કારકેન્દ્રો ચાલે છે, અને તેમનો પૂર્ણ વિકાસ સાધવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

ભારતમાં રાષ્ટ્રીય મહાસભાએ સને ૧૯૩૭માં પ્રજાકીય પ્રધાનમંડળો રચ્યાં ત્યારે જનકલ્યાણની અનેક પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. મુંબઈ પ્રાંતનું ઔદ્યોગિક મહત્ત્વ લક્ષમાં લઈને મુંબઈના પ્રજાકીય પ્રધાનમંડળે રાષ્ટ્રીય મહાસભાનાં ધ્યેયોને અનુરૂપ એક સ્વતંત્ર મજૂરનીતિ ઘડી કાઢી હતી. આ નીતિ અંગેનું જે નિવેદન બહાર પડેલું તેમાં મજૂરવર્ગના સર્વાંગીણ વિકાસની આછી રૂપરેખા દોરવામાં આવી હતી.

મજૂરવર્ગના સામાજિક અને સાંસ્કારિક જીવનને સમૃદ્ધ બનાવવા સરકારે જે યોજનાઓ ઘડી તેનો અમલ કરવા સને ૧૯૩૯ માં મજૂરકલ્યાણ ખાતાની સ્થાપના કરવામાં આવી. આ ખાતા દ્વારા પ્રાંતનાં મુખ્ય ઔદ્યોગિક શહેરોમાં કલ્યાણકેન્દ્રો શરૂ કર્યાં. આ ઉપરાંત મજૂરોની કાર્યકુશળતા વધારવા અને સહાયક ઉદ્યોગોની તાલીમ આપવા અમદાવાદમાં એક ઔદ્યોગિક કલાભવન સને ૧૯૪૦માં સ્થાપવામાં આવ્યું. આ બધી મજૂરકલ્યાણની પ્રવૃત્તિઓ વિકાસ પામે તે પહેલાં વિશ્વયુદ્ધની શરૂઆત થઈ ચૂકી હતી. ભારતમાં રાજકીય મડાગાંઠ પડી. પ્રજાકીય પ્રધાનમંડળોએ પોતાનાં સ્થાન છોડ્યાં. આ બનાવોને પરિણામે જે પરિસ્થિતિ ઊભી થઈ તેને લીધે મજૂરકલ્યાણપ્રવૃત્તિઓનો વિકાસ થંભી ગયો. વિશ્વયુદ્ધને અંતે સને ૧૯૪૬માં ફરીથી જ્યારે રાષ્ટ્રીય મહાસભાએ સત્તાનાં સૂત્રો સંભાળ્યાં અને મુંબઈ પ્રાંતમાં પ્રજાકીય પ્રધાનમંડળ રચાયું ત્યારે આ પ્રવૃત્તિને વધુ વેગ મળ્યો. મુંબઈ સરકારે મજૂર કલ્યાણની જુદી જુદી ૩૧ યોજનાઓ મંજૂર કરી અને મજૂરકલ્યાણનો અટકી ગયેલો પ્રવાહ ફરી આગળ વધ્યો. ધીમે ધીમે પ્રાંતનાં નાનાં નાનાં મથકોમાં પણ મજૂરકલ્યાણકેન્દ્રો શરૂ થયાં. આજે મુંબઈ, અમદાવાદ, ભરૂચ, નડિયાદ, વિરમગામ, પૂના, સોલાપુર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુબલી, બારસી, ગડગ, જળગાંવ, અમલનેર, ધૂળિયા, ચાલીસગાંવ, વગેરે સ્થળોએ મળી કુલ ૫૦ મજૂરકલ્યાણકેન્દ્રો અસ્તિત્વમાં આવ્યાં છે. એ ઉપરાંત મજૂરજીવનનાં તમામ પાસાંઓને આવરી લેતી મજૂરોની સર્વાંગીણ વિકાસની વિવિધ યોજનાઓનો અમલ થઈ રહ્યો છે. મજૂરવર્ગના ઉત્કર્ષ માટે આરોગ્ય, શિક્ષણ, ધંધાદારી તાલીમ, સંસ્કારસિંચન, ઘરો, ઔદ્યોગિક સંબંધો અને સામાજિક સુધારણાની અનેક પ્રવૃત્તિઓ આજે ચાલી રહી છે,

શ્રમથી મજૂરોનાં શરીર કસાય છે એ ખરું; પરંતુ વ્યાયામ વગર સપ્રમાણ વિકાસ સંભવતો નથી. તેથી કારખાનામાં આઠ કલાક કામ કરવા છતાં પણ શારીરિક વિકાસ માટે મજૂરવર્ગને માટે વ્યાયામ અને રમતગમતની સગવડો જરૂરી છે. સરકારે કલ્યાણકેન્દ્રો દ્વારા આ જરૂરિયાત કેટલેક અંશે પૂરી પાડી છે; અને પ્રથમ વર્ગનાં મજૂર કલ્યાણકેન્દ્રોમાં વ્યાયામ, કુસ્તી, મેદાની રમતો અને બાળક્રીડાંગણ માટે જોગવાઈ કરવામાં આવી છે. આં ઉપરાંત વખતોવખત રમત-ગમતની હરીફાઈઓ પણ યોજવામાં આવે છે.

મજૂરોને વૈદ્યકીય મદદ માટે કલ્યાણકેન્દ્રો પર દવાખાનાંઓ ચાલે છે અને મજૂરોની શારીરિક તપાસ માટે એક યોજના ઘડવામાં આવી છે. ઉપરાંત ક્ષયનિવારણ આરોગ્યભવનની સ્થાપના અંગે પગલાં લેવાઈ રહ્યાં છે. માંદગીમાંથી ઊઠ્યા પછી આરોગ્યપ્રાપ્તિ માટે વિશ્રામભવનો સ્થાપવાની વિચારણા ચાલી રહી છે. વળી રજાના દિવસો મજૂરો આનંદવિનોદમાં ગાળી શકે એ માટે હવા ખાવાનાં સ્થળોએ આનંદભવનો ખોલવાના વિચારો પણ થાય છે. આ બધાં કામોનો મુંબઈ સરકારે પ્રથમ પંચવર્ષીય યોજનામાં સમાવેશ કર્યો છે.

શિક્ષણ અને તાલીમ :— શિક્ષણ અને તાલીમના ક્ષેત્રમાં પણ મુંબઈ સરકારની પ્રવૃત્તિ નોંધપાત્ર છે. મજૂરોનો શારીરિક વિકાસ થાય અને આરોગ્ય વધે એટલું જ પૂરતું નથી. તેઓને માનસિક અને બૌદ્ધિક વિકાસ માટે પણ સગવડો મળવી જોઈએ. આ ઉદ્દેશ લક્ષમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખીને મજૂરકલ્યાણકેન્દ્રોમાં વાંચનાલય, પુસ્તકાલય, ચર્ચાસભા, હસ્તલિખિત માસિક, અભ્યાસયોગ્ય વ્યાખ્યાનો, અક્ષરજ્ઞાન અને સમાજ-શિક્ષણના વર્ગો, નાગરિક-શાસ્ત્ર અને મજૂરસંગઠન પ્રવૃત્તિના વર્ગો, કાર્યકર તાલીમ વર્ગો વગેરે ચલાવવામાં આવે છે. આ ઉપરાંત શિક્ષણનો મજૂર લત્તાઓમાં વધારો થાય એ હેતુથી ફરતાં પુસ્તકાલયો અને વાંચના-લયોની યોજના શરૂ કરવામાં આવી છે. આ પ્રવૃત્તિ લોકપ્રિય નીવડી છે. ફક્ત અમદાવાદમાં જ આવાં ૧૨૫ વાંચનાલયો અને પુસ્તકાલયો ચાલે છે. દર વર્ષે આ સંખ્યામાં વધારો થયા કરે છે.

મજૂરોમાંથી અજ્ઞાન અને નિરક્ષરતા નિવારવા માટે સરકારે મુંબઈ, અમદાવાદ, સોલાપુર વગેરે ઔદ્યોગિક વિસ્તારો માટે પ્રૌઢશિક્ષણ કામદાર સમિતિઓ સ્થાપી છે. આ સમિતિ મારફત મજૂરવર્ગમાંથી નિરક્ષરતા નાબૂદ કરવાની ઝુંબેશ ચાલી રહી છે. પ્રદર્શનો અને સિનેમા સામાજિક શિક્ષણનાં અસરકારક સાધનો હોવાથી મજૂરકલ્યાણખાતા તરફથી આ અંગેના કાર્યક્રમોને વધુ મહત્ત્વ આપવામાં આવે છે.

મજૂરો માટે ધંધાદારી તાલીમ આવશ્યક છે. તેઓ પોતપોતાના ધંધામાં વધુ કાર્યકુશળ બને અને કોઈ એક સહાયક ઉદ્યોગ શીખી લે એ જરૂરી છે. સહાયક ઉદ્યોગ બેકારીના સમયમાં ખૂબ ઉપયોગી નીવડે છે. સહાયક ઉદ્યોગનો આશરો લઈ મજૂર સમાજને બોજારૂપ નહીં બનતાં સ્વમાનપૂર્વક પોતાનો જીવનનિર્વાહ ચલાવી શકે છે. આ હેતુથી સરકાર તરફથી કલાભવનો ચલાવવામાં આવે છે.

મનોરંજન અને સંસ્કારસિંચન :— મજૂરો જીવનનો ઉલ્લાસ અને આનંદ માણી શકે એ માટે મનોરંજન અને સાંસ્કારિક પ્રવૃત્તિઓ જરૂરી છે. તે માટે સાહિત્ય, સંગીત, નાટક ઇ૦ના કાર્યક્રમો અવારનવાર યોજવામાં આવે છે. જ્યાં મજૂરો તૈયાર હોય ત્યાં સંગીત ઇ૦ના વર્ગો ચલાવવાની સગવડો કરી આપવામાં આવે છે. કેન્દ્રોમાં અવનવી બેઠી રમતો માટે સાધનો આપવામાં આવ્યાં છે. દરેક કેન્દ્રમાં એક એક રેડિયો પણ મૂકવામાં આવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂર ભાઈબહેનો આજુબાજુનાં સૌંદર્યધામો અને ઐતિહાસિક સ્થળો જોઈ આનંદ અને જ્ઞાન મેળવે એ હેતુથી પર્યટનો યોજવામાં આવે છે. મજૂરકલ્યાણકેન્દ્રોની પ્રવૃત્તિઓમાં નિયમિત ભાગ લેતાં ભાઈબહેનોને આ કાર્યક્રમોનો લાભ મળે છે.

નૈતિક :—મજૂરનું નૈતિક જીવન ઊંચું બને એ ધ્યાનમાં રાખીને ભજનસમારંભો, કીર્તનો અને કથાવાર્તાઓના કાર્યક્રમો પણ વખતોવખત રાખવામાં આવે છે.

સ્ત્રી-પ્રવૃત્તિ :—મજૂરકલ્યાણપ્રવૃત્તિઓમાં મજૂરબહેનોના વિકાસને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે. મજૂરવર્ગનું જીવન તો જ સુખી થાય જો તેમની સ્ત્રીઓ આદર્શ ગૃહિણી બને. એ દૃષ્ટિએ બપોરના નવરાશના સમયમાં બહેનો ભરત, ગૂંથણ, સીવણ, સંગીત, અક્ષરજ્ઞાન, વાંચન, રમતગમત, કાંતણ, વગેરે વિષયોનું ઉપયોગી જ્ઞાન અને આવડત મેળવે એ માટે મજૂરકલ્યાણકેન્દ્રો પર સ્ત્રી પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. બહેનો માટે રાસ, ગરબા અને પર્યટનોના કાર્યક્રમો યોજવામાં આવે છે. પ્રથમ વર્ગનાં કેન્દ્રો પર બાલમંદિરો ચાલે છે. સોલાપુરમાં તો ઘોડિયાંઘરો પણ ચલાવવામાં આવે છે.

રહેઠાણો : — રહેઠાણોનો પ્રશ્ન ખૂબ જ મહત્ત્વનો છે. મજૂરોનાં રહેઠાણોની સ્થિતિ મુશ્કેલીભરી છે. ઘરોની તંગીનો પ્રશ્ન સરકાર અને પ્રજા બંનેને મૂંઝવી રહેલો છે. આ પ્રશ્નના ઉકેલ માટે પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ આ પ્રશ્ન લાંબા ગાળાનો હોઈ સમય માગી લે છે. છતાં ઘરોની તંગી હળવી કરવાના હેતુથી ઔદ્યોગિક વસવાટો બાંધવાનું કાર્ય સરકારે હાથ ધર્યું છે અને અમદાવાદ, મુંબઈ વગેરે ઔદ્યોગિક શહેરોમાં મજૂરો માટે ઘરો બાંધવામાં આવ્યાં છે. આ ઘરો પૂરતા પ્રમાણમાં અને સસ્તાં થયાં નથી. એટલે મજૂર પ્રતિનિધિઓના સહકારથી સારાં, સસ્તાં, અને સગવડભર્યાં ઘરો બાંધવાની યોજના ઘડાઈ રહી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઔદ્યોગિક સંબંધ :— મજૂરોના ઉદ્યોગ સાથે સંકળાયેલા પગારનાં ધોરણ માટે કામદારોની સ્થિતિ અંગે ઉપસ્થિત થતા પ્રશ્નોના યોગ્ય નિકાલ થાય એ માટે સરકારે ઔદ્યોગિક સંબંધ ધારો ઘડ્યો છે. મજૂર માલિક વચ્ચેના તમામ ઝઘડાઓ આ ધારાથી નિયંત્રિત થાય છે. વાટાઘાટ અને ઔદ્યોગિક અદાલત દ્વારા મજૂરોને યોગ્ય ન્યાય મળે, ઔદ્યોગિક શાંતિ જળવાય અને કામ બંધ પડવાના પ્રસંગો નિવારી શકાય, એ હેતુથી આ ધારો ઘડાયો છે. મજૂરહિતના અન્ય ધારાઓમાં પણ જરૂરી સુધારાવધારા વખતોવખત કરવામાં આવે છે.

કામદારભરતી યોજના :— કામદારભરતી યોજના એ મજૂરો માટેની કલ્યાણપ્રવૃત્તિનું એક બીજું મહત્ત્વનું અંગ છે. માનવ-શક્તિનો દુર્વ્યય અટકે, કારખાનામાં જોબર-મુકાદમ મારફતે થતી મજૂરોની ભરતીથી અસ્તિત્વમાં આવેલ લાંચરુશવત અને અનીતિનાં અનિષ્ટો દૂર થાય અને સારા કાર્યકુશળ કારીગરો ઉદ્યોગને મળી રહે એ માટે મુંબઈ સરકારે અમદાવાદ અને મુંબઇના સૂતર-કાપડના ઉદ્યોગ માટે ભરતીખાતાં શરૂ કર્યાં છે. આ યોજનાથી કારીગરોમાં સલામતી અને સ્થિરતાની ભાવના જન્મશે અને ઔદ્યોગિક શાંતિ અને ઉત્પાદનમાં વધારો થશે. આ બધી પ્રવૃત્તિઓનો જો મજૂર વર્ગ જાગ્રત બનીને પૂરેપૂરો લાભ ઉઠાવે તો તેઓનો વિકાસ ઝડપી બને. પરિણામે મજૂર વર્ગને, ઉદ્યોગ-ને અને સમગ્ર દેશને લાભ થાય એ દેખીતું છે. મુંબઈ પ્રાંતમાં સરકાર તરફથી ચાલતી આં વિવિધ પ્રવૃત્તિઓ હવે વિગતવાર જોઈએ.

મુંબઈ ઇલાકા તેમ જ અમદાવાદમાં સરકાર તરફથી ચાલતી મજૂર કલ્યાણ પ્રવૃત્તિ

મુંબઈ સરકાર એક કામદાર કલ્યાણવિભાગ ચલાવે છે. તેની શરૂઆત મુંબઈમાં એપ્રિલ ૧૯૩૯થી શ્રી. રામનારાયણ આનંદીલાલ પોદ્દાર લેબર રિક્રીએશન સેન્ટર વડે કરવામાં આવી હતી. (આજે એ કેન્દ્ર ડીલાઈલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોડ "અ" વર્ગના મજૂર કલ્યાણકેન્દ્ર તરીકે ઓળખાય છે.) લડાઈનાં સાત વર્ષ દરમ્યાન આ કાર્યમાં જોઈએ તેટલી અને ધારેલી પ્રગતિ થઈ નહિ, પણ બધાં મળીને જુદા જુદા વર્ગનાં ૨૩ કેન્દ્રો લડાઇના અંત સુધીમાં ચાલુ થઈ શક્યાં હતાં. પ્રજાકીય પ્રધાનમંડળે ૧૯૪૬માં ફરી સત્તા ધારણ કર્યા પછી એણે પોતાનો વિશ્વાસ વિકાસ પામતી મજૂર ચળવળમાં બતાવ્યો અને યુદ્ધોત્તર પુનર્રચના યોજનાઓ, જે મજૂરકલ્યાણ માટે ઘડવામાં આવી હતી તેને હાથ ધરી. સૌથી પહેલાં રૂા. ત્રણ કરોડ આ યોજનાઓ માટે જુદા કાઢયા કે જેનો ઉપયોગ ૧૯૪૭થી પાંચ વર્ષમાં કરવો એમ ઠરાવ્યું; અને મજૂરકલ્યાણ વિભાગને મજૂરકલ્યાણ અંગેની યોજનાઓ રજૂ કરવા જણાવ્યું. એવી ૩૩ યોજનાઓમાંથી મજૂરકલ્યાણ વિભાગે ૨૯ યોજનાઓ મંજૂર કરી. તેમાંથી આર્થિક તંગીને કારણે ચાર યોજનાઓને હાલ તુરત માટે મુલતવી રાખવામાં આવી છે અને રૂા. ત્રણ કરોડને ઘટાડી રૂા. બે કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

આગળ જણાવ્યા પ્રમાણે મજૂરકલ્યાણ વિભાગનું કામ ઘણી પ્રવૃત્તિઓ અને વિવિધ રીતે ચલાવવામાં આવે છે. તે માટે अ, ब, क, ड એમ ચાર જાતનાં કેન્દ્રો ચલાવવાની યોજના કરવામાં આવી છે.

"अ" વર્ગનું કેન્દ્ર:—એ સરકારના પોતાના મકાનમાં હોય છે. મુખ્ય ભાગમાં એક મોટો ઓરડો હોય છે, જેમાં એક બાજુએ સ્ટેજ અને બીજી બાજુએ ગેલેરી હોય છે. પૂરતા પ્રમાણમાં રમતો માટેનું મેદાન પણ હોય છે. બીજા સમયે આ ઓરડાઓનો તેમ જ સ્ટેજનો નર્સરી સ્કૂલ માટે ઉપયોગ થાય છે. મુખ્ય ઓરડો સામાન્ય રીતે બેઠાડુ રમતો માટે અને પ્રસંગોપાત ખાસ કાર્યક્રમો જેવાં કે નાટકો, મનોરંજન કાર્યક્રમો, મેળા, સભા, ભજન, પ્રદર્શન, સિનેમા, પ્રવચનો, ચર્ચાસભા વગેરે માટે વપરાય છે. મકાનના બીજા છેડાના ઓરડાઓ ઑફિસ માટે, વાંચનાલય, ગ્રંથાલય, સીવણવર્ગ, બાલવાડી અને પ્રૌઢ વર્ગો માટે વપરાય છે. વ્યાયામશાળા માટે ખાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદું મકાન બાંધવામાં આવે છે, જેમાં નીચેના વિભાગમાં અખાડો તેમ જ આધુનિક સાધનોથી સજ્જ એવું સ્નાનગૃહ હોય છે; અને ઉપરના ભાગમાં શારીરિક તાલીમ માટેની જોગવાઈઓ; જેવી કે ડમ્બલબાર, વેઈટ લિફ્ટીંગ, સ્પ્રીંગ વગેરે રાખવામાં આવે છે. મજૂરો પોતાને ઘેર કે ચાલીઓમાં વ્યવસ્થિત સાધનોને અભાવે સ્નાન કરી શકતા નથી. આથી વ્યાયામશાળાના મકાન પાસે 'શાવર બાથ'થી સજ્જાયેલાં સ્નાનગૃહો–બ્હેનો તેમ જ ભાઈઓ માટે, જુદાં જુદાં– બાંધવામાં આવે છે. આ સગવડનો લાભ ઘણાં મજૂર ભાઈબહેનો લે છે; અને તેઓને આ સગવડ આશીર્વાદ સમાન થઈ પડી છે. મેદાની રમતો જેવી કે હુતુતુ, ખોખો, લંગડી, હોકી, વૉલીબૉલ, બાસ્કેટ-બૉલ, ફૂટબૉલ, વગેરે માટે પૂરતા પ્રમાણમાં મેદાન રાખવામાં આવે છે, જેનો લાભ લઈને બાળકો સ્વચ્છ હવા અને રમતો વડે પોતાનો શારીરિક વિકાસ કરી શકે છે.

"ब" વર્ગનું કેન્દ્ર "अ" વર્ગના કેન્દ્રનું નાનું સ્વરૂપ હોય છે.

"क" વર્ગનું કેન્દ્ર:—આ કેન્દ્ર ભાડાના મકાનમાં ચલાવાય છે. ત્યાં મેદાની રમતો માટે સગવડ નથી હોતી. જ્યાં જ્યાં સગવડ મળે ત્યાં અથવા તો કેન્દ્રની પાસેની જગ્યામાં બાહ્ય પ્રવૃત્તિઓ ચલાવવા-માં આવે છે. જગ્યાની મર્યાદિતતાને લીધે પ્રવૃત્તિઓને પણ મર્યાદિત કરવામાં આવે છે. છતાં પણ ઉપર બતાવેલાંમાંથી ઘણી પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે.

"ड" વર્ગનું કેન્દ્ર ફક્ત ખુલ્લી જગ્યામાં રમતના મેદાન તરીકે હોય છે. એના એક ખૂણામાં બાળકો માટેનાં સાધનો ઝૂલા, લપસણી વગેરે હોય છે. ત્યાં સાધનો સાચવનાર ચોકીદાર અને નોકરને ખોલીઓ આપવામાં આવે છે. વહીવટની સરળતા માટે "ड" વર્ગનું કેન્દ્ર "क" વર્ગના કેન્દ્રની નજીક રાખવામાં આવે છે.

અત્યાર સુધીમાં મુંબઈ ઇલાકામાં જુદી જુદી જગ્યાએ ચાલતાં આવાં ૫૦ કેન્દ્રો નીચે મુજબ છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થળ	अ	ब	क	ड
મુંબઈ	૩	–	૧૩	૨
અમદાવાદ	૧	–	૭	–
સોલાપુર	૧	–	૮	–
જલગાંવ	–	૧	૧	–
ચાલીસગાંવ	–	–	૧	–
ધૂળિયા	–	૧	૧	–
અમલનેર	–	–	૧	–
હુબલી	–	૧	૧	–
પૂના	–	૧	–	–
ગડગ	–	૧	–	–
બારસી	–	૧	–	–
વીરમગામ	–	૧	–	–
ભરૂચ	–	૧	–	–
સુરત	–	૧	–	–
નડિયાદ	–	૧	–	–
	૫	૧૦	૩૩	૨=૫૦

દરેક 'अ' અને 'क' વર્ગના કેન્દ્રને સુંદર ગ્રંથાલય અને વાંચનાલય પૂરું પાડવામાં આવે છે. આ ઉપરાંત કેન્દ્રો તરફથી મજૂર લત્તાઓ માટે ફરતાં પુસ્તકાલયો રાખવામાં આવે છે. આ ફરતા પુસ્તકાલયની પેટી કે કબાટમાં ૫૦ થી ૧૦૦ પુસ્તકો રાખવામાં આવે છે. તે મજૂર લત્તામાં વસતા ઉત્સાહી અને પ્રતિષ્ઠિત મજૂર ભાઇને સોંપવામાં આવે છે, જે એનો વહીવટ કરે છે. કેટલીક જગ્યાએ તે મંદિર, કલબ, ભજન મંડળી કે ત્યાં ચાલતી નિશાળમાં ગોઠવવામાં આવે છે. આવી દરેક જગ્યાએ પાંચ ૭ માણસની સમિતિ નીમવામાં આવે છે, જેનું કામ યોગ્ય સૂચનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને સલાહ આપવાનું હોય છે. મુંબઈ અને અમદાવાદમાં ફરતાં પુસ્તકાલયોનું કામ અવૈતનિક ઉત્સાહી કાર્યકરો કરે છે, જ્યારે સોલાપુર, ખાનદેશ અને હુબલીમાં ચાર ચાર કાયમી ગ્રંથપાલો રાખવામાં આવે છે. દરેક ગ્રંથપાલને પાંચથી દસ ફરતાં પુસ્તકાલયનો વહીવટ કરવાનો હોય છે. તે માટે પ્રાદેશિક ભાષાઓનાં નવાં નવાં પ્રકાશનો દર વર્ષે ખરીદાય છે. "अ" વર્ગના વાંચનાલય માટે માસિક સરાસરી રૂા. ૨૫) અને "क" વર્ગના વાંચનાલય માટે રૂા. ૧૫) ખર્ચવામાં આવે છે. તેમાંથી સાધારણ રીતે તે તે સ્થાનનાં આગળ પડતાં માસિકો ને દૈનિકો મંગાવવામાં આવે છે.

દરેક अ, ब અને क વર્ગના કેન્દ્રોમાં બેઠાડુ રમતો માટે સગવડ કરવામાં આવે છે; જેવી કે ડ્રાફ્ટ, કેરમ, સાપનિસરણી, ટેબલ-ટેનિસ વગેરે. આમાંથી કેરમ ખૂબ લોકપ્રિય બની છે.

દરેક કેન્દ્રને રેડિયો આપવામાં આવે છે, જેથી મજૂરો મનોરંજનના કાર્યક્રમો તેમ જ આકર્ષક સમાચારો સાંભળી શકે. હારમોનિયમ અને તબલાંપેટી પણ દરેક કેન્દ્રને આપવામાં આવે છે, જેનો ઉપયોગ મનોરંજન કાર્યક્રમ, ભજનમંડળી કે નાટ્યસમારંભ વખતે થાય છે. વળી તે ઉપરાંત ત્યાં સંગીતના વર્ગો પણ ચલાવવામાં આવે છે.

મજૂરકલ્યાણ વિભાગ પાસે ૧૬ m. m ને ૩૫ m. m મૂંગી તેમ જ બોલતી ફિલમનાં પ્રોજેક્ટરો તેમ જ સામાજિક અને શિક્ષણવિષયક ફિલમોનો નાનો સરખો જથ્થો હોય છે. કેન્દ્રોમાં અવારનવાર સિનેમાની ફિલમો બતાવવામાં આવે છે. કેટલીક વખતે સારી ફિલમો ભાડે પણ લેવામાં આવે છે. આ સિનેમાપ્રવૃત્તિ મજૂરોને ખાસ ગમે છે.

દર વર્ષે દરેક મજૂરકલ્યાણકેન્દ્રમાં પ્રદર્શનો ગોઠવવામાં આવે છે. તેમાં મુખ્યત્વે નીચેના પ્રશ્નોને આવરી લેવામાં આવે છે. પ્રૌઢ-શિક્ષણ, દારૂના ગેરફાયદા, સ્વાસ્થ્ય અને આરોગ્યના નિયમો, બાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉછેર, યોગ્ય ખોરાક, અને એવા બીજા જીવનઉપયોગી વિષયો ઇ૦નો તેમાં સમાવેશ થાય છે. મજૂરકલ્યાણ વિભાગે વિષયવાર ખાસ પ્રકારના અનેક નકશાઓ, ચિત્રો, પોસ્ટરો તૈયાર કરાવેલાં છે; અને તેમાં સમયે સમયે ઉમેરો થતો જાય છે.

આ વિભાગ તરફથી મજૂરોમાં સાર્વત્રિક સાક્ષરતા તેમ જ સમાજશિક્ષણ ફેલાય તે માટે યોજના કરવામાં આવી છે. આવા વર્ગો કલ્યાણકેન્દ્રોમાં, મિલોમાં અને મજૂરલત્તાઓમાં ચલાવવામાં આવે છે, જેથી મજૂરો સંસ્કાર પામી સામાન્ય જ્ઞાન પ્રાપ્ત કરી શકે.

દરેક ‘अ’ વર્ગના કેન્દ્રમાં એક કાયમી ટ્રેઈન્ડ નર્સ નર્સરી સ્કૂલના વર્ગો રોજ ચલાવે છે. ૩ થી ૬ વર્ષનાં મજૂર બાળકો માટે બાલવાડી ચલાવવામાં આવે છે. એમાં પૂરતાં સાધનો પૂરાં પાડવામાં આવે છે. કેન્દ્રમાં બાળક આવે કે તરત જ તેને નવડાવી સાફ કરી કેન્દ્રમાંથી આપવામાં આવતાં સ્વચ્છ કપડાં પહેરાવવામાં આવે છે. દરેક બાલવાડીને બાળકના નાસ્તાખર્ચ માટે રૂા. ૧) આપવામાં આવે છે, જેમાંથી તેઓ ચણા, મમરા, સીંગ ઇત્યાદિ આપે છે.

‘अ’ કેન્દ્રના મેદાનમાં બાળકોની રમતગમત માટે ખાસ સાધનો રાખેલાં હોય છે; જેવાં કે લપસણી, ઝૂલા, મેરી–ગો–રાઉન્ડસ, જાયન્ટ સ્લાઇડ વગેરે. અહીં દેખરેખ રાખવા માટે એક ચોકીદાર રાખવામાં આવે છે, જે બાળકો પર દેખરેખ રાખે અને સાધનોનો વ્યવસ્થિત ઉપયોગ કરતાં શીખવે.

સોલાપુરમાં ‘अ’ વર્ગના કેન્દ્રમાં તેમ જ ‘क’ વર્ગના કેન્દ્રમાં ઘોડિયાંઘર રાખવામાં આવ્યાં છે. ત્યાં દરેકમાં સરાસરી ૧૫ ઘોડિયાં રાખવામાં આવ્યાં છે; અને તેની દેખભાળ માટે નર્સ રાખવામાં આવી હોય છે જે બાળકોને નવડાવવા, ધોવડાવવા, ખવડાવવા તેમ જ સફાઈના કામમાં મદદ કરી શકે.

જુદાં જુદાં કેન્દ્રોમાં નીચે પ્રમાણે કાર્યકર્તાઓ રાખવામાં આવે છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'अ' વર્ગનું કેન્દ્ર

(આખા સમય માટે)

૧ વેલ્ફેર સુપરિન્ટેન્ડન્ટ
૧ ,, ઑર્ગેનાઈઝર
૪ ,, ઈન્સ્પેક્ટર્સ (એમાં એક બહેન, જે બહેનોની પ્રવૃત્તિ સંભાળે)
૧ નર્સરી સ્કૂલમાસ્તર
૧ આયા; ૧ પટાવાળો ૨ ઝાડુવાળા
૧ પહેરેગીર; ૧ ચોકીદાર

'ब' વર્ગનું કેન્દ્ર

(આખા સમય માટે)

૧ વેલ્ફેર ઑફિસર, ૧ સ્ત્રી વેલ્ફેર કાર્યકર્તા, ૨ ઝાડુવાળા

(થોડા સમય માટે)

૧ ચીલ્ડરન્સ પ્લેગ્રાઉન્ડ ઓવરસિયર
૧ ઈન્ડૉર ગેઈમ્સ ટીચર, ૧ આઉટ ડૉરગેઈમ્સ ટીચર
૧ ગ્રંથપાલ

"क" વર્ગનું કેન્દ્ર

(આખા સમય માટે)

૧ સંચાલક, ૧ પટાવાળો
(થોડા સમય માટે)
૨ પુરુષ કાર્યકર્તા; ૧ સ્ત્રી કાર્યકર્તા

"ड" વર્ગનું કેન્દ્ર

(આખા સમય માટે)

૧ રમતગમત માટે છોકરો, ૧ ચોકીદાર, ૧ ઝાડુવાળો

अ વર્ગનાં અને ब વર્ગનાં કેન્દ્રો વેલ્ફેર સુપ્રિન્ટેન્ડન્ટના તેમ જ "क" વર્ગના વેલ્ફેર ઑર્ગેનાઈઝરના સંચાલન નીચે હોય છે. આ માણસો ત્યાંનાં સાધનો માટે તેમ જ કાર્યો માટે જવાબદાર હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારાએ કેન્દ્રની પ્રવૃત્તિઓ એ ગોઠવે છે, ચલાવે છે, અને ત્યાંના કાર્યકર્તાઓ પર સીધી દેખરેખ રાખે છે. આગળ પાછળની ચાલોની મુલાકાતો માટે બધા જ કાર્યકર્તાઓ રોજ એક કલાક આપે છે, જેથી મજૂરજનતા કેન્દ્રની પ્રવૃત્તિ તરફ આકર્ષાય.

દરેક ચાલમાં સેવાસંઘ ઊભો કરવામાં આવે છે, જેથી તેઓ સમૂહમાં કામ કરવાની અને સેવા કરવાની ટેવ પાડી શકે. આ સંઘ આઠ મજૂરભાઈઓનો બનેલો હોય છે. તેને ટુકડીવાર કામ સોંપવામાં આવે છે. એક ટુકડી ચાલની આરોગ્યસંબંધી દેખભાળ રાખે છે, અને તે અંગે જરૂરી સલાહસૂચનો આપે છે તથા કેન્દ્રમાંથી મદદ મેળવે છે.

બીજી ટુકડી વૈદકીય મદદ માટે ઉપાયો લે છે, માંદા માણસોનું સૂચિપત્ર રાખે છે, મ્યુનિસિપલ દવાખાનામાં દવા માટે મોકલે છે અને ચાંપતા ઉપાયો લે છે.

ત્રીજી ટુકડી શિક્ષણસંબંધી દેખરેખ રાખે છે. તેઓ અભણ માણસોનું સૂચિપત્ર બનાવે છે અને પ્રૌઢશિક્ષણવર્ગો ગોઠવે છે.

ચોથી ટુકડી ન્યાયસંબંધી કામ કરે છે અને રોજબરોજ મજૂરોમાં થતી તકરારોનો નિકાલ લાવે છે. આવા ૪૩ સેવાસંઘો મુંબઈમાં છે. આ સેવાસંઘો ચાલીએ ચાલીએ રચવાનું ધ્યેય છે. તે માટે પ્રચાર કરવામાં આવે છે.

મજૂરો પોતાની બુદ્ધિ અને શક્તિ ખીલવી શકે તેમ જ બેકારીના સમયમાં ઉપયોગી થઈ શકે એવા ધંધા ઔદ્યોગિક કલાભવનમાં શીખે છે. અમદાવાદમાં આવું એક કલાભવન ચાલે છે, તેમાં નીચેના વિષયો શીખવવામાં આવે છે: સુથારી, લુહારી, ફિટિંગ, ટર્નિંગ, રાઉન્ડિંગ, સ્પ્રે, ચિત્રકામ અને દરજીકામ. આ ઉપરાંત ચામડાનું અને કાગળકામ તથા વણાટ શીખવવાની વ્યવસ્થા થવાની છે.

કલાભવન રોજ બે સમયમાં ચાલે છે: સવારે ૧૧–૩૦ થી ૪ ને સાંજે ૬–૩૦ થી ૮–૩૦. દર વર્ષે ૧૫૦ માણસોને તાલીમ આપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામાં આવે છે. આવાં ૫ કલાભવનો મુંબઈમાં, ૨ અમદાવાદમાં, ૧ સોલાપુરમાં અને ૧ હુબલીમાં ખોલવાની સરકારી યોજના છે.

૧૯૩૯માં મજૂરકલ્યાણવિભાગ માટે એક લાખ રૂપિયા જુદા રાખવામાં આવ્યા હતા. પણ વિવિધ પ્રવૃત્તિઓ માટે હવે દર વર્ષે રૂ. સાત લાખ કરતાં વધુ ખર્ચવામાં આવે છે.

તાલીમ વર્ગો

મજૂર કલ્યાણ કાર્યકર્તા તાલીમ શાળા (સ્કૂલ ફોર ટ્રેનિંગ ઓફ લેબર વેલફેર વર્કર્સ):— ૩૧ મી ઑગસ્ટ ૧૯૪૭થી આવી એક તાલીમ શાળા વર્લીમાં મુંબઈમાં ખોલવામાં આવી હતી. તે ડિસેમ્બર ૧૯૪૮થી નાયગાંવ મજૂરકલ્યાણકેન્દ્રમાં ચાલે છે. તેમાં મજૂરોમાં રસ લેતા કાર્યકર્તાઓને યોગ્ય તાલીમ આપવામાં આવે છે.

૧૯૪૮થી મુંબઈ, અમદાવાદ અને સોલાપુરમાં એક એક મજૂર કાર્યકર્તા વર્ગ ચલાવવામાં આવે છે. તેમાં સામાજિક વિષયો તેમ જ મજૂર પ્રવૃત્તિના સિદ્ધાંતો તેમ જ નાગરિકશાસ્ત્ર શીખવવામાં આવે છે.

અમદાવાદનાં મજૂર કલ્યાણ કેન્દ્રો

ઉપરના કોઠામાં બતાવ્યા પ્રમાણે અમદાવાદમાં આઠ કલ્યાણ-કેન્દ્રો ચાલે છે, જેમાં "अ" વર્ગનું એક રાયપુરમાં છે. બાકીનાં સાત 'क' વર્ગનાં અશોકપુરા, જહાંગીરપરા, અસારવા, રખિયાલ, દરિયાપુર, શાહપુર ને ઈટવાડામાં છે. ત્યાં ચાલતી પ્રવૃત્તિઓનો નીચે પ્રમાણે મજૂરોએ લાભ લીધો છે:—

એઠાડુ રમત:—'अ' અને 'क' વર્ગનાં મજૂરકલ્યાણ-કેન્દ્રોમાં આ રમતો સારા પ્રમાણમાં રમાય છે. દા૦ ત૦ કેરમ, ચેસ, ડ્રાફ્ટ, સોલાઘાટ, સાપનિસરણી, ચોપાટ વગેરે.

અહીંનાં દરેક કેન્દ્રમાં કેરમ ખૂબ રમાય છે. કેટલાંક કેન્દ્રોમાં ચોપાટ અને ડ્રાફ્ટ વધારે પ્રમાણમાં રમાય છે. આ નિર્દોષ રમતો થાકેલાં મજૂર બાળકો અને પુરુષોને માનસિક આરામ તથા આનંદ પૂરો પાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેદાની રમતો:—મેદાની રમતો પૂરતું મેદાન ફક્ત રાયપુર કેન્દ્રમાં જ છે. વધારે પ્રમાણમાં રમાતી રમતોમાં હુતુતુતુ, ખોખો, લંગડી, વૉલીબૉલ, ફૂટબૉલ, હૉકી અને બીજી રમતો જેવી કે ગજગ્રાહ, સર્કલ-ચેઝીંગ અને પીકનીક છે. ૧૯૪૭–૪૮માં ૨૧,૧૯૫ માણસોએ એનો લાભ લીધો હતો. આ રમતોની અવારનવાર હરીફાઈ ગોઠવવામાં આવે છે.

અખાડા:—રાયપુર કેન્દ્રમાં વિશાળ પાયા પર એક વ્યાયામશાળા ચાલે છે. તેમાં કુસ્તી, મલખમ, વેઈટ લિફ્ટિંગ અને આસનો એ મુખ્ય પ્રવૃત્તિઓ છે. એમાં વાર્ષિક લાભ લેનાર ૩૪,૧૧૨ હતા. કુસ્તીની હરીફાઈ પણ ગોઠવાય છે.

બાલક્રીડાંગણ:—રાયપુર કેન્દ્રમાં બાળકો માટે સારી સગવડ છે. એનો લાભ ૧,૩૬,૬૮૦ બાળકોએ લીધો હતો.

સ્ટેજ પ્રવૃત્તિઓ:—આ એક બીજા પ્રકારનું આરામ માટેનું સાધન છે. નીચેની પ્રવૃત્તિઓ જુદે જુદે વખતે થાય છે: નાટ્યસમારંભ, ફેન્સી ડ્રેસ, કૉમિક, સંગીત, ભજન-કીર્તન, રાસ, ગરબા, દુહા, કહાની, કહાવત, સિનેમા, જાદુઈ ફાનસ વગેરે.

પ્રવાસ અને પર્યટન:—ઐતિહાસિક, ધાર્મિક અને કલામય સ્થાનોનાં પર્યટનો ગોઠવવામાં આવે છે.

બાલવાડી:—સવારે ૯–૦થી સાંજે ૫–૦ સુધી આ નિશાળ ખુલ્લી રહે છે. એમાં ૩ થી ૬ વર્ષનાં બાળકોને દાખલ કરવામાં આવે છે. મૉન્ટેસરી પદ્ધતિથી શિક્ષણ અપાય છે. ૭,૫૫૪ બાળકોએ આનો લાભ લીધો હતો.

સ્ત્રી-પ્રવૃત્તિ:—૧–૦ થી ૪–૩૦ સુધી બહેનો માટે ખાસ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. તેમાં અક્ષરજ્ઞાનવર્ગ, ભરત-ગૂંથણ-વર્ગ અને રમતો હોય છે. કેન્દ્રની આસપાસના લત્તામાંથી સારા પ્રમાણમાં બહેનો આનો લાભ લે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંચનાલય અને ગ્રંથાલય :—સવારે ૮ાા થી ૧૧ાા ને સાંજે ૫ાા થી ૯ાા સુધી ખુલ્લાં રહે છે. ૪૮ ફરતાં પુસ્તકાલયો છે.

કુદરતી ઇલાજ–દવાખાનું :—વૈદકીય રાહત કેન્દ્રની પાસે વસતા મજૂરોને એનો લાભ મળે છે. ગઈ સાલ ૫,૩૨૭ માણસોએ લાભ લીધો હતો.

સામાજિક સુધારણા :—સામાજિક સુધારણા અને જીવનવિકાસ માટે પ્રયત્નો થાય છે. દારૂબંધી અંગે પ્રચાર પણ કરવામાં આવે છે. રેડિયો સેટ દરેક કેન્દ્રમાં છે.

બીજા અ વર્ગના કેન્દ્ર માટે જમીન રાખવામાં આવી છે.

અક્ષરજ્ઞાન સમિતિ :—૧૫થી ૪૦ વર્ષના મજૂરો ભણે તે માટે આ સમિતિ વર્ગો ચલાવે છે. ગયા વર્ષમાં આવા ૩૦૦ વર્ગો ચાલ્યા હતા.

આડધંધા :—ચરખાવર્ગ દરેક કેન્દ્રમાં ચલાવવામાં આવે છે.

કાર્યકર્તાવર્ગ :—મજૂરોમાંથી એમના કાર્યકર્તાઓ પેદા થાય એ માટે બે વર્ગો ચલાવવામાં આવે છે.

માસિક તારણ :—માર્ચ ૧૯૫૦માં રોજની પ્રવૃત્તિઓનો તેમ જ વખતોવખત થતા કાર્યક્રમોનો લાભ લેનાર મજૂર ભાઈ-બહેનોની સંખ્યા નીચે મુજબ હતી :

	૧૫ વર્ષની ઉપરના	૧૫ વર્ષની નીચેના
રોજ,ચાલતી પ્રવૃત્તિઓમાં	૬૭,૧૧૩	૬૪,૪૮૫
વખતોવખત થતા કાર્યક્રમોમાં	૧૫,૦૨૩	૧૪,૯૮૧
	૮૨,૧૩૬	૭૯,૪૬૬

લાભ લેનારની કુલ સંખ્યા ૧,૬૧,૬૦૨

અમદાવાદનાં મજૂરકલ્યાણકેન્દ્રોમાં ડિસેમ્બર ૧૯૪૯થી ફેબ્રુઆરી ૧૯૫૦ સુધીમાં લાભ લેનારાઓની સંખ્યા નીચે મુજબ હતી :

મ–૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવૃત્તિઓનાં નામ	ડિસે. ૧૯૪૯	જાન્યુ. ૧૯૫૦	ફેબ્રુ. ૧૯૫૦
રેડિયો સાંભળવા	૧૬,૮૭૭	૧૫,૦૮૩	૧૨,૪૮૮
બેઠાડુ રમતો	૪૫,૫૫૮	૪૬,૪૮૮	૪૭,૬૫૧
રમતો	૨,૧૬૦	૨,૭૫૫	૩,૫૨૫
વ્યાયામશાળા	૩,૦૫૩	૨,૩૭૩	૨,૩૮૪
બાલક્રીડાંગણ	૨,૦૬૦	૨,૨૫૩	૨,૪૧૦
વૈદકીય મદદ	૭૨૦	૫૬૭	૪૯૯
વાંચનાલય અને ગ્રંથાલય	૪૩,૫૬૫	૩૯,૬૬૪	૩૯,૪૫૬
ફરતાં પુસ્તકાલય	૯,૫૦૨	૭,૨૭૮	૬,૦૫૪
પ્રૌઢશિક્ષણ	૨,૦૦૧	૯૯૭	૧,૨૦૭
રેંટિયાકાંતણ	૧,૧૬૬	૧,૧૫૩	૮૭૪
બાળકો અને બહેનો માટે ખાસ પ્રવૃત્તિઓ			
બહેનોમાં રેંટયાકાંતણ	૨,૦૩૯	૧,૭૯૫	૧,૬૫૬
સીવણ	૪,૩૯૦	૩,૫૦૧	૪,૧૫૫
અક્ષરજ્ઞાન	૨,૮૪૦	૩,૭૧૯	૩,૫૩૭
રમતો	૩,૨૪૨	૩,૦૫૨	૩,૫૨૨
નર્સિંગવર્ગ	૧,૦૧૫	૮૮૬	૫૪૨
અવારનવાર થતી પ્રવૃત્તિઓ			
નાટકો	—	૨,૨૯૦	—
મેળાવડા	૧,૫૦૭	૭,૪૨૩	૧,૧૨૫
સિનેમા	—	૭૦૦	૭,૩૦૦
પ્રદર્શન	—	—	૫,૯૩૯
પ્રવાસ	૨૫૯	૨૨૬	૨૩૨
ચર્ચાસભા	૨૮૭	૧૫૪	૧૮૨
હરીફાઈ	૧,૦૬૨	૬૮૯	૧,૦૬૯
સમૂહ વાર્તાલાપ	૧,૯૫૨	૨,૧૭૩	૨,૨૪૦
ખાસ કાર્યક્રમ	—	૫૧૭	૩૮૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાસ કાર્યક્રમ			
(બહેનો અને બાળકો માટે)	૨૮૩	—	—

અમદાવાદમાં ચાલતાં મજૂરકલ્યાણ કેન્દ્રોના ઉપરના આંકડાઓ જોતાં અહીંના મજૂર ભાઈઓ બેઠાડુ રમત તેમ જ વાંચનાલયમાં વધુ રસ લેતા હોય એમ લાગે છે. બહેનો સીવણમાં વધારે રસ લે છે.

૧૯૫૦ના એપ્રિલની કેન્દ્રવાર પ્રવૃત્તિઓની હકીકત:—

પ્રવૃત્તિઓનાં નામ	રાયપુર	અશોકપરા	જહાંગીરપરા	અસારવા
બેઠાડુ રમતો	૬,૧૬૦	૮૦૫૦	૩૫૯૨	૪૯૨૩
મેદાની રમતો	૧,૮૫૦	—	—	—
વૈદકીય સારવાર	૧૨૧	૬૨	૬૨	૯૮
વાંચનાલય	૩,૩૭૦	૭,૭૬૭	૩,૬૭૬	૨,૯૨૨
કથાવાર્તા	૨૮૫	—	૩૭૬	૧૮૬
ચરખાવર્ગ	૨૩૦	૧૦૬	૬૧	૫૬

બહેનો અને બાળકોની ખાસ પ્રવૃત્તિઓ

સીવણ	૬૨૨	૩૪૭	૨૫૯	૬૮૩
શિક્ષણવર્ગ	૩૩૦	૩૧૯	૨૮૯	૬૩૨
વાંચનાલય	૬૪	૧૪૨	૩૧	૧૫૦
ગ્રંથાલય	૨૦	—	૩૫	૨૫૦
બેઠાડુ રમતો	૪૮૪	૩૯૭	૧૦૩	૬૪૪
રેંટિયાવર્ગ	૨૦૯	૧૫૨	૧૪૮	૨૭૨
કથાવાર્તા	૪૩	૧૦૦	૬૭	૩૦૦

	રખિયાલ	શાહપુર	દરિયાપુર	ઈંટવાડા
બેઠાડુ રમતો	૩,૬૪૫	૬,૨૭૬	૩,૪૭૩	૨,૯૯૦
મેદાની રમતો	—	—	૬૮૪	૬૧૫
વૈદકીય સારવાર	૮૭	૪૮	૩૫	૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંચનાલય	૩,૩૨૫	૬,૧૩૭	૩,૫૩૧	૨,૬૩૫
કથાવાર્તા	૩૩૭	૨૫૫	૮૯૫	—
ચરખાવર્ગ	૧૩૫	૧૯૪	૧૩૪	—

બહેનો અને બાળકો માટેની ખાસ પ્રવૃત્તિઓ

સીવણ	૫૩૬	૪૨૧	૨૫૨	૩૬૬
શિક્ષણવર્ગ	૧૯૨	૩૦૨	૨૭૪	૬૬૯
વાંચનાલય	૧૨૨	—	૧૦૬	૫૬૬
ગ્રંથાલય	૧૮૩	—	૧૪૩	૨૧૧
એદાડુ રમતો	૨૮૧	૪૩૦	૨૬૭	૭૨૪
રેંટિયાવર્ગ	૩૨૪	૧૨૭	૧૬૬	—
કથાવાર્તા	૧૬૯	—	૧૦૫	૬૬૬

ઉપરના આંકડાઓ જોતાં માલૂમ પડે છે કે, અશોકપરામાં એદાડુ રમતો અને વાંચનાલયનો લાભ સારા પ્રમાણમાં લેવાય છે. જ્યારે બહેનો અને બાળકોની પ્રવૃત્તિઓમાંથી શિક્ષણવિષયક પ્રવૃત્તિમાં વધુ રસ ઇંટવાડામાં લેવાય છે.

સરકાર તરફથી મજૂરકલ્યાણપ્રવૃત્તિને શરૂ કર્યાને માંડ ૧૫ વર્ષ થયાં છે. શરૂઆતમાં તો સાધારણ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવતી હતી. પાછળથી ઘણી નવી નવી પ્રવૃત્તિઓ તેમાં ઉમેરાઈ; અને આજે એ ઘણી જ ઉપયોગી અને ઉત્તેજન આપવા જેવી પ્રવૃત્તિ બની છે.

પણ તે અંગે વિચારવા જેવું એ છે કે, એ પ્રવૃત્તિ આપણે ત્યાં વિદેશથી આવી છે. એથી એમાં કેટલાંક એવાં તત્ત્વ રહેલાં છે કે જે આપણા દેશને અનુકૂળ નથી. આપણે આ બહારની પ્રવૃત્તિને "હંટલી અને પામર"ના બિસ્કિટના પડીકાની જેમ જેવી ને તેવી સ્વીકારી છે એટલે એનો પૂરતો લાભ આપણા મજૂરસમાજને મળતો નથી. એ ઉપરના આંકડા જોતાં જણાય છે. ખરી રીતે આ પ્રવૃત્તિનો ઉદ્દેશ તો મજૂરસમાજમાં સંસ્કાર રેડવાનો છે. પણ એમાં કંઈક એવું ખટકે છે કે જે મજૂરસમાજને એના તરફ આકર્ષી શકતું નથી. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્યોમાં — પ્રવૃત્તિઓમાં એવું વાતાવરણ ફરી વળે છે કે, એ પ્રવૃત્તિઓમાં મજૂરો નિઃસંકોચપણે ભાગ નથી લેતા. એ પ્રવૃત્તિઓ અને તેના સંચાલકો ભલેને ગમે તેટલી કલ્યાણકારી અને સંસ્કાર આપવાવાળી પ્રવૃત્તિ લઈને બેઠા હોય, પણ મજૂરો મોટે ભાગે તેનાથી દૂર રહેતા દેખાય છે. જ્યાં સુધી તેમને અનુકૂળ વાતાવરણ બનશે નહીં ત્યાં સુધી લોકો તેના તરફ તમાશાની દૃષ્ટિથી જોશે, બે ઘડી ઊભા રહેશે અને 'કેવું વિચિત્ર' કહીને ચાલ્યા જશે. લોકોમાં આમ જ્યાં સુધી કુતૂહલની વૃત્તિ રહેશે ત્યાં સુધી એના પ્રત્યે ઊંડો રસ કેળવાવાનો નથી. આથી મજૂરકલ્યાણકેન્દ્રના કાર્યકર્તાઓએ કેન્દ્રમાં ન બેસી રહેતાં મજૂરચાલીમાં જઈ મજૂરો સાથે ભળી એમનાં સુખદુઃખમાં ભાગ લઈ તેમનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન કરવો જોઇએ. 'સાહેબ' ન બનતાં એક કુટુંબીજન બની જવું જોઈએ. તે માટે શુદ્ધ હૃદય, નિઃસ્વાર્થ સેવા અને ત્યાગની જરૂર છે. વળી તે ઉપરાંત ચાલીઓના રસ્તા સુધારવા, કૂવાઓ ચોખ્ખા રાખવા, ચાલીઓમાં સ્વચ્છતા રાખવી, જાજરૂ અને મુતરડી સ્વચ્છ રાખવાં, બાળવાડી તેમ જ પ્રૌઢ-વર્ગ ચલાવવા, વિકાસકેન્દ્ર અને ભજનમંડળીઓ કાઢવી વગેરે અનેક કામો ત્યાં જઈ શરૂ કરવાની જરૂર છે. મજૂરો જ્યારે આવું કામ પોતાને આંગણે જુએ છે ત્યારે એમને એ કાર્યમાં તેમ જ કાર્યકર્તામાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. તેઓ તેમાં પ્રત્યક્ષ રસ લેતા થાય છે અને મન મૂકીને મદદ કરે છે. માત્ર મજૂરલત્તાઓમાં કેન્દ્રો ખોલી, છાપાંઓ રાખી, રેડિયો વગાડી, ગ્રંથાલયો ચલાવી, આપણે એમની સાથે ભળી શકવાના નથી તેમ જ સહાનુભૂતિ મેળવી શકવાના નથી. આથી આ પ્રવૃત્તિને સાચી સેવાના પાયા પર મૂકવી જોઈએ; અને અહીંના વાતાવરણનો ખ્યાલ કરી તેની યોજના કરવી જોઇએ. સુધારણાનો પાયો આયાત કરેલી સંસ્કૃતિ પર નહિ, પણ ભારતભૂમિની સંસ્કૃતિ પર રચવો જોઈએ. સેવાનું ક્ષેત્ર એ કેન્દ્ર નહિ, પણ મજૂરલત્તો થવો જોઈએ. સેવાભાવનાનું ઝરણું પગાર અને ભાડાંભથ્થાંમાંથી નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ મજૂરો પ્રત્યેના પ્રેમમાંથી ફૂટવું જોઈએ. સેવાનું સ્વરૂપ ફક્ત વ્યવસ્થા કરવામાં નહિ, પણ જાતમહેનતમાં પ્રગટ થવું જોઈએ.

અમદાવાદના વસવાટો

અમદાવાદ શહેરમાં મકાનોનો પ્રશ્ન અતિ ઉગ્ર બની ગયો છે. ૧૯૪૦ની સાલમાં અમદાવાદમાં લગભગ ૫ લાખની વસ્તી હતી, પણ અમદાવાદમાં હવે લગભગ બમણી વસ્તી થઇ ગઈ છે. જ્યારે એ સમય દરમિયાન એટલે કે લડાઈ જાહેર થયા પછી અમદાવાદ શહેરમાં વસવાટોની સંખ્યામાં નહીં જેવો જ વધારો થવા પામ્યો છે. ૧૯૪૭ની સાલમાં અમદાવાદ મ્યુનિસિપાલિટીએ વસવાટોની તપાસ કરી હતી તે પરથી માલૂમ પડ્યું હતું કે, એ સમયે પણ અમદાવાદમાં લગભગ ૬૦,૦૦૦ વસવાટો બાંધવાની જરૂર હતી. એ સમય પછી પણ વસ્તીમાં વધારો થયો છે, જ્યારે વસવાટોમાં વધારો થયો નથી એ જાણીતી વાત છે.

સને ૧૯૩૭માં મહાસભાવાદી પ્રધાનમંડળે મુંબઈ સરકારનું તંત્ર હાથમાં લીધું ત્યારે અમદાવાદના આ પ્રશ્ન પ્રત્યે તેમનું ધ્યાન ખેંચાયું હતું; અને ત્યારે મુંબઈ સરકારે અમદાવાદની મકાનની તંગી દૂર કરવા નિર્ધાર કર્યો હતો. સરકારનો મકાનો બાંધવા અંગેનો ભૂતકાળનો ઇતિહાસ બહુ ઉજ્જવળ નથી. વળી અમદાવાદના ઉદ્યોગપતિઓએ પોતાના મજૂરો માટે પૂરતાં મકાનો બાંધી પોતાની જવાબદારી અદા કરી નથી. ખાનગી માલિકીની ચાલીઓનું વર્ણન કરી અમદાવાદની તે કાળી બાજુ વધુ એક વાર ઉખેળવાની અત્યારે જરૂર નથી. અમદાવાદ મ્યુનિસિપાલિટીએ આ દિશામાં કામ શરૂ કર્યું અને મજૂર મહાજનના આગ્રહને વશ થઈ ૧૯૩૬–૩૭ માં ૧૦૦ રહેઠાણો રૂ. ૫૦,૦૦૦)માં ઊભાં કર્યાં.

પરંતુ થોડા સમયમાં લડાઇના પરિણામે જે આર્થિક મૂંઝવણો ઊભી થઈ તેમાં મ્યુનિસિપાલિટી સપડાઈ ગઈ અને વધુ મકાનો બાંધવાના તેના મનોરથો મનમાં જ રહ્યા. છેવટે સરકારે બીડું ઝડપ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને હિંદની આઝાદી બાદ મુંબઈ પ્રાંતની કોંગ્રેસ સરકારે મજૂરોના વસવાટોનો પ્રશ્ન ઉકેલવાનો નિર્ણય કર્યો. મધ્યસ્થ સરકારે તેમાં મદદ આપવાની જાહેરાત કરી.

તે વખતના મુંબઈ પ્રાંતના મજૂર પ્રધાન શ્રી. નંદાજીથી મજૂરોના વસવાટની સ્થિતિ અજાણી ન હતી, એટલે તેઓશ્રીએ એ પ્રશ્નનો ઉકેલ ઝડપી અને તે માટે યોજનાઓ ઘડી અને એ યોજનાઓ પાર પાડવા 'હાઉસિંગ બોર્ડ'ની સ્થાપના કરી. એવી જાહેરાત પણ કરવામાં આવી કે, મુંબઈ સરકારે પાંચ વર્ષની અંદર પ્રાંતનાં જુદાં જુદાં ઔદ્યોગિક મથકોમાં મજૂરોના વસવાટો બાંધવા પાછળ કરોડો રૂપિયાનું ખર્ચ કરીને ૧૫,૦૦૦ રહેઠાણો બાંધવાનો કાર્યક્રમ હાથ ધર્યો છે. તેમાંથી ૫,૦૦૦ રહેઠાણો અમદાવાદમાં બાંધવાનું નક્કી હતું. આ જાહેરાત થયા પછી બે વર્ષ દરમિયાન પ્રાંતમાં ૫,૩૪૪ મકાનો બંધાયાં, જેમાં મુંબઈ ખાતે ૪,૨૪૮, અમદાવાદ ખાતે ૮૭૨ અને સોલાપુર ખાતે ૨૨૪ બંધાયાં છે.

ત્યાર બાદ અટપટા સંજોગો પેદા થયા. મુંબઇ સરકારે જે જાતનાં મકાનો બાંધવાનું કામ શરૂ કર્યું તે જાતનાં મકાનો પૂરતી સંખ્યામાં બાંધવાનું તેને અશક્ય જણાયું. લડાઈ પછીની દેશની આર્થિક દુર્દશાને કારણે માલસામાનની તંગી અને સામાન્ય નાણાં-ભીડ વગેરે કોયડા સરકાર સામે ઊભા થયા. આંતરરાષ્ટ્રીય નાણાંકીય પરિસ્થિતિને સમાલી લેવા સરકારને રૂપિયાનો ભાવ ઘટાડવો પડ્યો; અને દેશના આર્થિક તંત્રને પગભર રાખવા માટે કરકસરનો કાર્યક્રમ અપનાવ્યા વિના છૂટકો ન રહ્યો. આથી તે કામ ઢીલમાં પડ્યું.

આમ છતાં પણ મુંબઈ સરકારના તે વખતના મજૂરપ્રધાન શ્રી. નંદાજીએ પ્રાંતની સરકાર પાસે જે પૈસા હતા તેમાંથી મજૂરો રહી શકે તેવાં વધુ મકાનો બાંધવા માટે જુદી જુદી યોજનાઓ કરી. તેમાં તેઓશ્રીએ માલિકોનો સાથ માગ્યો અને તેમને વિનંતિ કરી કે, થોડી થોડી 'લેવી' ઉઘરાવી આ કાર્યક્રમ પાર પાડવા માટે પૈસા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપો. તેમાં પણ તેઓશ્રીને સફળતા ન સાંપડી. આમ ઔદ્યોગિક મજૂરો માટે રહેઠાણો બાંધવાનો પ્રશ્ન જટિલ બની ચૂક્યો. પણ એથી કાંઈ મુંબઈ પ્રાંતની સરકારે રહેઠાણો બાંધવાનો પ્રશ્ન સાવ પડતો મૂક્યો નથી; ચોક્કસ રકમ તો રહેઠાણો બાંધવા પાછળ સરકાર ખર્ચવાની છે.

મુંબઈ સરકાર જો અમદાવાદમાં રહેઠાણો બાંધવા પાછળ પૈસા ખર્ચવાની જ છે તો એ પૈસા એવી રીતે ખર્ચવા જોઈએ કે, તેનો લાભ વધુમાં વધુ મજૂરોને મળી શકે. અત્યાર સુધી સરકારે જે મકાનો બાંધ્યાં છે અને તેનું જે ભાડું નક્કી કર્યું છે તે જોતાં લાગે છે કે, સરકારે એ જૂની પદ્ધતિને છોડી મજૂરોનેં રહેવા માટે, તેઓની તાત્કાલિક જરૂરિયાતો પૂરી પાડે તેવાં જ મકાનો બાંધવાં રહ્યાં. અત્યારે જે મકાનો બંધાયાં છે તેમાં જમીન સિવાય એક મકાનની કિંમત વધુમાં વધુ રૂ. ૧૦,૬૦૨ અને ઓછામાં ઓછા રૂ.. ૩,૦૬૬ પડી છે. એમાં મકાનોનું વધુમાં વધુ ભાડું રૂ. ૪૮॥। અને ઓછામાં ઓછું ભાડું રૂ.૧૪) નક્કી કરાયું છે. અમદાવાદના મજૂરો આટલું ભાડું ભરી આવાં મકાનોનો કેવો અને કેટલો લાભ લઈ શકે તેમ છે એ સવાલ સામાન્ય સમજણ, જાતઅનુભવ અને વિવેકબુદ્ધિનો ઉપયોગ માગી લે છે. અત્યારે જે મકાનો બંધાયાં છે તેમાં જે રહેવા ગયા છે તેઓ ચાલીઓમાં રહેતા હતા તેનાથી કાંઈ સારી સ્થિતિમાં રહેતા જણાતા નથી. એક રહેઠાણમાં બે કે ત્રણ ભાડવાતોનું ભેગા રહેવું અહીં પણ ચાલુ જ છે. એક રહેઠાણમાં એક જ જણ પોતાના કુટુંબ પૂરતો લાજમલાજો અને મોકળાશ જળવાઈ રહે તેવી રીતે રહે તો જ એ યોગ્ય રહેઠાણ કહી શકાય. ચાલીઓમાં મકાનને અભાવે વધુ ભાડવાતો ભેગા રહેતા હોય છે. ત્યારે આ સરકારી મકાનોમાં નક્કી થયેલું ભાડું ભરી શકવાની અશક્તિને લીધે વધુ ભાડવાતો ભેગા રહેતા હોય છે. એટલે એનો અર્થ એ થયો કે સારાં, સગવડવાળાં ને હવા ઉજાસવાળાં મકાનોમાં રહેવાનું મજૂરોને જરૂર ગમે છે, પણ નક્કી થયેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાડું ભરવાની શક્તિના અભાવે એવાં મકાનોમાં રહેવું મજૂર કુટુંબને પરવડતું નથી.

આ હકીકત તેના સત્ય સ્વરૂપમાં જાણ્યા પછી જેવાં બાંધ્યાં છે. તેવાં મકાનો બાંધવા માટે આગ્રહ રાખવો એ યોગ્ય ન કહેવાય. આથી મજૂરો માટે એવાં મકાનો બાંધવાં જોઈએ કે જેનું ભાડું તે ભરી શકે. સાધારણ રીતે માણસ પોતાની કમાણીના વધુમાં વધુ ૧૦% ભાડા પેટે ભરે ત્યાં સુધી તે ચલાવી શકે. એથી વધુ ભાડું ભરવું એ ગજા ઉપરવટની વાત થઈ કહેવાય. અમદાવાદના મજૂરો હાલમાં જે ભાડું ભરે છે અને તેઓના મોંઘવારીભથ્થાનો આંક ગણવામાં સરકાર ભાડા પેટે જે આંકડો માંડે છે તે રૂ. ૪થી રૂ. ૫ છે. અમદાવાદના મજૂરોની સરેરાશ કમાણી જોતાં સરકારે નક્કી કરેલું ઓછામાં ઓછું રૂ. ૧૪ જેટલું ભાડું આપવું તેઓને પરવડે તેવું નથી. તેથી તેમને પરવડે તેવાં જ મકાનો બાંધવાં જોઈએ.

આથી સરકારસ્થાપિત હાઉસિંગ બોર્ડ સમક્ષ મજૂર મહાજન સંઘના મંત્રીએ આ હકીકત રજૂ કરેલી જ છે; અને સાથે સાથે મજૂરો માટે કેવાં મકાનો હાલ તુરત બાંધવાં જોઈએ તે અંગે રચનાત્મક સૂચનો પણ કર્યાં છે. તેનો મહત્ત્વનો ભાગ નીચે મુજબ છે:—

મકાનો બાંધવાનું કામ સહકારી મંડળીઓને સોંપો અને તેને નડતી મુશ્કેલીઓ દૂર કરો.

મકાનો બાંધવાનું કામ સહકારી મંડળીઓને સુપરત કરી દેવું જોઈએ. મકાનો બાંધવા માટે જે મંડળીઓ ઊભી થાય છે તેમની મુશ્કેલીઓનો અત્યારે કંઈ પાર નથી. સહકારી કાયદાની રૂએ રજિસ્ટર્ડ થવાથી માંડીને જમીન ખરીદવામાં, ચીજ વસ્તુઓ મેળવવામાં, મ્યુનિસિપાલિટી અને ટાઉન પ્લાનિંગના અવળચવળિયા નિયમોનું પાલન કરવામાં, સરકારે ઊભા કરેલા કન્ટ્રોલના નિયમો સમજવામાં અને તેનું પાલન કરવામાં જે ઢીલ, મુશ્કેલી અને ખર્ચ થાય છે તે સહકારી મંડળીને જન્મતાં વેંત જ રૂંધી નાખે છે. જો સરકારે સહકારી મંડળી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓને ઉત્તેજન આપવું હોય તો સહકારી મંડળી તરત જ રજિસ્ટર થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ; અને સહકારી મંડળીઓનાં બાંધકામ મંજૂર કરવા માટે, તેને જોઈતી ચીજવસ્તુઓ પૂરી પાડવા માટે અલાયદી વ્યવસ્થા હોવી જોઈએ, જેથી કામ તુમારે ન ચઢતાં જલદી તેનો નિકાલ થાય. સરકાર જો આવી વ્યવસ્થા કરી આપે તો મજૂરોએ ઘણી મોટી સંખ્યામાં સહકારી મંડળીઓ ઊભી કરવી જોઈએ. વળી સાથે સાથે મજૂરોએ પણ સમજી લેવાનું છે કે, પોતાનાં મકાનો બાંધવાં હોય તો શહેર બહાર થોડે દૂર જ્યાં જમીનો કંઈક સસ્તી મળતી હોય ત્યાં જ બાંધવાં પડશે. પછેડી પ્રમાણે સોડ તાણવી હોય તો મજૂરોએ સમજી લેવું જોઈએ કે, ચારસોએક રૂપિયા જમીન પાછળ અને હજારેક રૂપિયા મકાનની પાછળ એમ કરીને પંદરસોએક રૂપિયામાં તેમણે મકાન બાંધવું રહ્યું. તેમાં એક ઓરડો, એક રસોડું અને એક નાની ઓસરી અને આગળ પાછળ થોડું ખુલ્લું ફળિયું એટલી સગવડોથી જ મજૂર કુટુંબે સંતોષ માનવો રહ્યો. વળી આમાં પાંચ મકાન વચ્ચે એક જાજરૂ અને ૫૦ મકાન વચ્ચે એક કૂવો હશે. આવા મકાનનું ભાડું મજૂરોને પાલવે એટલું, એટલે કમાણીના વધુમાં વધુ ૧૦ ટકા રાખી શકાય.

(૨) સહકારી મંડળીઓને ઉપર જણાવ્યા પ્રમાણે ઉત્તેજન આપવા ઉપરાંત સરકાર પોતે પણ આવાં નાનાં અને સસ્તાં મકાનો બાંધે તો એવાં બાંધેલાં મકાનો પણ હપતાથી ખરીદી લેવા માટે સંખ્યાબંધ સહકારી મંડળીઓ ઊભી થશે. આ માર્ગ વધારે હિતકર છે. જો એ મકાનો સસ્તાં બંધાય તો સહકારી મંડળીઓ એવાં મકાનો લેવાને આકર્ષાશે, કારણ ઉપર જણાવ્યા પ્રમાણેની મકાન બાંધકામ અંગેની મુશ્કેલીઓમાંથી તે બચી જશે.

(૩) જે મજૂરો ઉપર જણાવેલાં બંને સૂચનો પ્રમાણે સહકારી મંડળીમાં સામેલ થવા ન ઇચ્છતા હોય, જેમને વતનમાં મકાન હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને જેઓ થોડી રકમ પણ ફાજલ કરી શકતા ન હોય, તેમને માટે સરકારે મોટી સંખ્યામાં ઉપર મુજબનાં મકાનો બાંધી ભાડે આપવાં જોઈએ. એની કિંમત એક હજારથી પણ ઓછી આવવા સંભવ છે; અને એવા મકાનનું ભાડું પણ મજૂરોને પરવડી શકશે.

ટૂંકમાં વસવાટોની જે તંગી અત્યારે મજૂરો સહન કરી રહ્યા છે, તે તંગી જલદી દૂર થાય તો જ મજૂરોને રાહત મળે અને ઉદ્યોગને પણ રાહત મળે. મોટી અને ખર્ચાળ યોજનાઓ કે જેનો અમલ થતાં દાયકો કે બે દાયકા ચાલી જાય અને જેના પરિણામે ૨૫ વર્ષ પછી મજૂરોને ખૂબ સારાં મકાનો મળવાનાં હોય તેમાં મજૂરોને રસ નથી. જે કાંઈ આજે થઈ શકે તે જ આવકારદાયક છે. જો સરકાર ઉપર મુજબનો કાર્યક્રમ હાથ ધરે તો રૂ. ૫ થી ૬ કરોડમાં અમદાવાદમાં વધુમાં વધુ બે વર્ષમાં ચાલીસ હજાર જેટલાં મકાનો ઊભાં થઈ જાય; અને આ મકાનો ઠીક ઠીક પ્રમાણમાં સહકારી મંડળીઓ મારફત ખરીદાઈ જાય અને સરકારની આર્થિક જવાબદારી પણ ઓછી થઈ જાય.

અમદાવાદમાં દારૂબંધી

દારૂ પીવો અને પાવો એ પ્રજાને નૈતિક તેમ જ આધ્યાત્મિક અધોગતિએ લઈ જવાનું કામ છે. દારૂની લતે ચઢેલાઓ પૈસે ટકે પાયમાલ થાય છે, શારીરિક તંદુરસ્તી ખોઈ બેસે છે તથા બુદ્ધિ અને ચારિત્ર ગુમાવી બેસે છે. આથી લોકકલ્યાણ અર્થે જ્યારે કોંગ્રેસે પ્રાંતીય પ્રધાનપદાં ૧૯૩૭માં સ્વીકાર્યાં ત્યારે દારૂબંધીની નીતિનો અવસર આવી ઊભો. કોંગ્રેસ સરકારે સૌથી પ્રથમ ઔદ્યોગિક શહેરોમાં દારૂબંધી કરવાનું નક્કી કર્યું, અને તે માટે અમદાવાદ શહેરને પસંદગી આપી; કારણ એક તો અમદાવાદ એટલે પૂજ્ય ગાંધીજીનું નિવાસસ્થાન, બીજું અમદાવાદમાં પીઢ અને કસાયેલા સમાજસેવકનું જૂથ, ત્રીજું સત્ય અને અહિંસાના સિદ્ધાંત અનુસાર મજૂરોમાં કામ કરતી મજૂરસંસ્થા, ચોથું કાપડ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદ્યોગના મજૂરો, જે મોટે ભાગે દારૂ પીનારા હતા, અને તે ઉપરાંત મજૂર મહાજન પણ વર્ષોથી સમાજસુધારણાના એક અંગ તરીકે દારૂનિષેધનું કાર્ય કરતું હતું. આમ અનેક રીતે દારૂબંધીની સફળતા માટે વાતાવરણ અમદાવાદમાં તૈયાર હતું.

આથી અમદાવાદ શહેર અને તેની આજુબાજુ ફરતા પાંચ માઈલના વિસ્તારમાં સરકારે ૨૧મી જુલાઈ ૧૯૩૮થી દારૂબંધી ફરમાવી. દારૂબંધીનો અમલ મુખ્યત્વે આબકારી ખાતાને કરવાનો હતો. પરંતુ પ્રજાસંપર્ક સાધી આમજનતાનો સક્રિય સાથ અને સહકાર મેળવવા માટે શ્રી નંદાજીની સીધી દેખરેખ અને વહીવટ નીચે દારૂબંધી ખાતાની શરૂઆત કરવામાં આવી. ખાતાએ દારૂબંધીને સફળતા મળે તે માટે પ્રચાર અને લોકશિક્ષણનું કાર્ય ઉત્સાહભેર ઉપાડી લીધું. પરિણામે અમદાવાદમાં દારૂબંધીને સારી સફળતા મળી.

અમદાવાદ શહેરમાં ચાલતા દારૂબંધીના સુંદર કાર્યમાં બે વિઘ્નો આવી પડ્યાં. એક તો અમદાવાદના એક મિલમાલિક સામે દારૂબંધીના ભંગ માટે અદાલતમાં કેસ થયો. એમના તરફથી એવો કાનૂની પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો કે વિલાયતી દારૂની બંધી ફરમાવવાની પ્રાંતિક સરકારની સત્તા નથી. વરિષ્ઠ અદાલત સુધી આ બાબત પહોંચી. તેનો ચુકાદો સરકારની વિરુદ્ધમાં પડ્યો. આથી અમદાવાદમાં વિલાયતી દારૂની છૂટ થઈ. દરમિયાન બીજું વિઘ્ન પણ ઉપસ્થિત થયું. સપ્ટેમ્બર ૧૯૩૯માં યુરોપમાં મહાવિગ્રહ ફાટી નીકળ્યો. ભારતમાં આ પ્રશ્ન અંગે રાજકીય મડાગાંઠ ઊભી થઈ. રાષ્ટ્રીય મહાસભાનાં પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં. સરકાર યુદ્ધ જીતવાના કાર્યમાં લાગી પડી. પરિણામે દારૂબંધી જેવું આમજનતાના કલ્યાણનું પવિત્ર કાર્ય ખોળંબે પડ્યું. સરકારે દારૂબંધી ખાતું સમેટી લીધું, પરંતુ શાણપણ વાપરી બંધ પડેલી દેશી દારૂની દુકાનો ફરી ચાલુ ન કરી. પ્રજાકીય પ્રધાનમંડળે તેમના અમલ દરમિયાન શરૂ કરેલા મજૂર કલ્યાણ ખાતામાં દારૂબંધીના કેટલાક સામાજિક કાર્યકરોને સમાવી લેવામાં આવ્યા. આથી આ ખાતા મારફત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂરોમાં દારૂનાં અનિષ્ટ પરિણામો વિશે પ્રચાર થતો રહ્યો; તેથી દારૂબંધીની અસર જળવાઈ રહી.

અમદાવાદમાં દારૂબંધીને પરિણામે આમજનતાની સામાન્ય સ્થિતિમાં જે મહત્ત્વના ફેરફારો થવા પામ્યા તેની બારીક તપાસ કરવાની જરૂર સરકારને જણાવાથી, તે અંગેની કિંમતી માહિતી એકઠી કરવા અને તેનાં પરિણામો વિશે એક ચોક્કસ અભિપ્રાય વ્યક્ત કરવા, ૧૯૩૯માં એક સંશોધન સમિતિ નીમવામાં આવી. એના પ્રમુખ શ્રી. નંદાજી હતા. આ સમિતિએ અથાગ પરિશ્રમ ઉઠાવી દારૂબંધીનાં પરિણામો વિશે એક માહિતીપૂર્ણ અહેવાલ તૈયાર કર્યો. આ અહેવાલ લડાઈના સંયોગોને લીધે વરસો સુધી સરકારી કચેરીમાં પડી રહ્યો. તે છેવટે ૧૯૪૮માં પ્રસિધ્ધ થયો... આ અહેવાલ દારૂબંધીની સફળતા અને તેનાં સુંદર પરિણામો વિશે રસિક અને મહત્ત્વની વિગતો પૂરી પાડે છે.

આ હેવાલના નિર્ણયો નિષ્પક્ષપાતપણે મેળવેલા આંકડાઓ, હકીકતો અને અભિપ્રાયોના આધારે કરેલા છે. આ તપાસમાં ૫.૨૭૯ દારૂ પીનારા અને ૧,૩૦૫ દારૂ નહીં પીનારા તેમ જ સહાયક તપાસમાં ૨,૫૮૨ માણસો પાસેથી માહિતી એકઠી કરેલી. આ રીતે આ હેવાલ નવ હજાર ઉપરાંત માણસોની હકીકતો અને અભિપ્રાયોનો હેવાલ છે.

દારૂબંધી પહેલાં અમદાવાદમાં કુલ ૩૭,૦૦૦ શરાબીઓ હતા. આમાંનો પોણો ભાગ મિલમજૂરો હતા. બાકીના રેલવે મજૂરો, ભંગી, કડિયા, મોચી, લુહાર, ધોબી જેવા કારીગરો, હોટેલોના નોકરો અને અન્ય વર્ગના હતા. મજૂરોમાં પણ થોડાક અપવાદ સિવાય કોઈક જ આ બદીમાંથી મુક્ત હતા. વાઘરી, હરિજન અને ઠાકોર જ્ઞાતિના મજૂરોમાં આ બદીનો ફેલાવો વધુ પ્રમાણમાં હતો. ભીલોમાં તો ભાગ્યે જ કોઈ એવો હશે જે દારૂ નહીં પીતો હોય. દારૂ પીવાની ટેવ પાડવાનાં કારણોની તપાસમાં જણાયું હતું કે, ૬૧.૫% નઠારા સોબતને લીધે, ૮.૭% નાતના રિવાજ મુજબ વિવિધ પ્રસંગે દારૂ પીવાને લીધે, ૮.૭% શોખને ખાતર, ૭.૮% માબાપ કે વડીલોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાદેખીથી, ૩.૮% લગ્નપ્રસંગોમાં, ૩.૭% થાક ઉતારવા માટે અને ૩.૪% દવા તરીકેના ઉપયોગને લીધે શરાબની લતમાં પડ્યા હતા.

દારૂનો વપરાશ સામાન્ય દિવસોએ ઓછો, રજા અને પગારના દિવસોએ બમણો, અને તહેવારો જેવા કે દિવાળી, બેસતું વર્ષ, ભાઈ-બીજ, હોળી, જન્માષ્ટમી, દિવાસો, ઈદ, મહોરમ વગેરે દિવસોમાં ચાર ગણો રહેતો. કેટલીક જ્ઞાતિઓમાં તો સગાઈ, સીમંત, આણું, લગ્ન, મરણ, નાતનું પંચ વગેરે સામાજિક પ્રસંગોએ તો દારૂ વગર ચાલે જ નહીં, એવી સ્થિતિ હતી. મિલમાં નોકરી મેળવવા માટે કેટલાક જોબરોને દારૂ પિવડાવવો પડતો.

દારૂની બદીનું મૂળ ગરીબી અને અજ્ઞાનતામાં છે. દુઃખી જીવનનાં કષ્ટો ભૂલવા માટે માણસો આશ્રય શોધતા અને વધુ દીનહીન બનતા. આમ ગરીબીમાંથી શરાબ અને કંગાલિયતનું વિષચક્ર ચાલુ થતું. મજૂરોની એકખંડવાળી, અંધારી, સગવડ વગરની અને ગંદી ચાલીઓ પણ આ બદી ફેલાવવામાં સહાયભૂત થાય છે. બેકારી પણ આ લતને રોકી શકતી નથી. બેકારોએ કરજ કરીને પણ દારૂ પીધાના કિસ્સા નોંધાયા છે.

દારૂબંધીના આર્થિક લાભો દેખીતા છે. અમદાવાદમાં દારૂબંધી ફરમાવીને સરકારે આશરે પંદર લાખ રૂપિયાની આવક જતી કરી. પરંતુ દારૂ પીનાર વર્ગના તો ૩૦ લાખ રૂપિયા બચ્યા. એ ઉપરાંત કામ પર વખતસર હાજર થવાથી અને કામ કરવાની શકિત વધવાથી કમાણીમાં પણ વધારો થયો. આ રીતે શરાબબંધીથી દારૂ પીનારાઓને વાર્ષિક રૂા. ૩૧,૩૭,૦૦૦ની બચત થઈ એવી ગણતરી કરવામાં આવી છે. આ બચતનો ઉપયોગ સારો થયો. રૂા. ૧૯,૨૬,૦૦૦ ખોરાક કપડાં વગેરેમાં, રૂા. ૭,૨૨,૦૦૦ કરજ ચૂકવવામાં ને રૂા. ૪,૮૯,૦૦૦ પરચૂરણ ખર્ચમાં ગયા. દારૂબંધી પછી મજૂરોનાં ઘરમાં નવાં ગાદલાં, ગોદડાં, કામળા, ઓશીકાં, ચાદર, ખાટલા, ખુરશી, તાંબા પીતળનાં વાસણો, ફોટાઓ, ઘડિયાળો, ટ્રંક વગેરે ઘરવખરી વધુ દેખાવા માંડી. આ બચતમાંથી સ્ત્રીઓને દરદાગીના ઠીકઠાક પ્રમાણમાં મળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દારૂનો માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂા. ૫૬–૯–૧૦ આવતો હતો. દારૂને લીધે થતો બીજો ખર્ચ ગણીએ તો કુટુંબની કુલ આવકના ૧૮% જેટલી રકમ દારૂ પાછળ તણાઈ જતી હતી.

દારૂને લીધે દેવું થતું. કોઈ કોઈ કિસ્સામાં તો બધું જ દેવું દારૂને આભારી હતું. કેટલાકમાં ⅔ દેવું દારૂને લીધે હતું. એકંદર ગણતરી કરતાં દેવાનો ⅓ ભાગ શરાબની બૂરી ટેવને પરિણામે હતો. દારૂબંધીથી ઘણા શરાબી મજૂરો કરજમાંથી મુક્ત થયા.

દારૂબંધીથી ઉદ્યોગને થયેલા બધા જ લાભો આંકડાઓ વડે દર્શાવી શકાય નહીં. સંશોધન સમિતિને ઘણી મિલો તરફથી સ્પષ્ટ અભિપ્રાય મળ્યો હતો કે દારૂબંધીથી ઔદ્યોગિક ઉત્પન્નમાં વધારો થયો છે, કારીગરોમાં નિયમિતતા આવી છે અને ગેરહાજરીનું પ્રમાણ ઘટયું છે.

વળી આને પરિણામે ઊધડકામ કરતા મજૂરોને પગારમાં ફાયદો થયો હતો. મજૂરોની કાર્યકુશળતા વધી હતી. કામ સારું થતું હતું. કારીગરોના વર્તન અને શિસ્તમાં નોંધપાત્ર સુધારો થયો હતો.

દારૂબંધીથી શરાબીનો ઘણો સમય બચે એ દેખીતું છે. આ સમયનો ઉપયોગ કઈ રીતે થાય છે એ સંબંધમાં સંશોધન સમિતિએ તપાસ કરી. પરિણામે માલૂમ પડયું કે ભજનકીર્તન, ખરીદી, પુસ્તક-વાચન, ભણવું, ફરવું, આરામ અને મનોરંજનમાં મોટા ભાગનો સમય વ્યતીત થતો હતો. સ્ત્રી બાળકો એટલે કે કુટુંબીઓ સાથે હળવા-મળવામાં કે વાતો કરવામાં પહેલાં કરતાં વધારે સમય અપાતો હતો. કેટલાક દુકાનદારોએ જણાવ્યું હતું કે, હમણાં ખરીદી વખતે નવા નવા ચહેરાઓ નજરે પડતા હતા. જે માણસો પહેલાં પીઠાંમાં સમય અને પૈસા બગાડતા તેઓ હવે તેમની સ્ત્રીઓ સાથે બજારમાં ખરીદી કરવા નીકળતા હતા.

શરાબ આરોગ્યને અત્યંત હાનિકારક છે એમ અનેક તલસ્પર્શી તપાસને અંતે પુરવાર થયું છે. દારૂ પીનારની જે તપાસ સંશોધન સમિતિએ કરી તેમાં એમ જણાયું હતું કે, દારૂબંધી પહેલાં

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરાબીઓની માંદગીનું પ્રમાણ ૨૪·૭% હતું તે ઘટીને ૧૪·૧% થયું. માંદગીના દિવસ દારૂબંધી પહેલાં ૨૮ હતા તે ઘટીને ૧૮ થયા. દારૂબંધીને લીધે શરાબની લતે ચઢેલા મજૂરોના આરોગ્યમાં સારો સુધારો થયાના અને રોગ સામે ટક્કર ઝીલવાની શક્તિ વધ્યાના અભિપ્રાયો મજૂરલત્તામાં ધંધો કરતા દાક્તર અને વૈદ્યોએ આપ્યા છે.

દારૂબંધીનો સૌથી વિશેષ લાભ તો શરાબીના કુટુંબ પરિવારને મળ્યો. સ્ત્રીઓ પર થતો જુલમ, મારામારી અને ગાળાગાળી અટકી. આમ દારૂબંધી જો કોઈને વધુમાં વધુ આશીર્વાદરૂપ નીવડી હોય તો તે સ્ત્રીવર્ગને છે. સંશોધન સમિતિની તપાસ વખતે સ્ત્રીઓએ દારૂબંધી અંગે જે કેટલાક ઉદ્‌ગારો કાઢેલા તે ધ્યાનમાં લેવા જેવા છે:

'દારૂબંધી કરનારનું ભગવાન ભલું કરે.'

'દારૂબંધીએ અમારે માટે સ્વર્ગ ઉતાર્યું છે.'

'દારૂબંધી કરીને તમે કસાઈવાડેથી ગાય છોડાવી છે.'

'સાચું સ્વરાજ હવે જોયું. હવે તો મારપીટ ગાળાગાળી અને કજિયાનાં મોં કાળાં થયાં.

'અમે નવો અવતાર પામ્યાં એમ લાગે છે, કારણ દારૂબંધીએ અમને સારા દી દેખાડ્યા.'

'હવે સુખે રોટલો ખાઈએ છીએ. ઈશ્વર ગાંધીજીનું ને કૉંગ્રેસનું ભલું કરે.'

આમ દારૂબંધીથી કુટુંબપ્રેમ વધ્યો, સ્ત્રીઓ દુ:ખદર્દમાંથી બચી અને બાળકોના જીવનમાં આનંદ પ્રગટ્યો. કારણ શરાબી એ શરાબી મટી પ્રેમાળ બન્યો. વળી પડોશીઓને દારૂ પીનાર ત્રાસરૂપ હતા. શરાબીના પડોશી સાથેના સંબંધો ભાગ્યે જ સલુકાઈભર્યા રહેતા. દારૂબંધીથી કજિયા કંકાસ ગયા, એટલું જ નહીં પણ, જ્યાં પરસ્પર વેર હતાં, ત્યાં લોકો સાથે બેસીને ભોજન કરતા થઈ ગયા. ચોરી છિનાળીને શરાબ સાથે સીધો સંબંધ હોય છે. એ દિશામાં પણ ઠીક ઠીક સુધારો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ દારૂબંધીનું પગલું ભરીને સરકારે મજૂરોના જીવન-વિકાસમાં બહુ મોટો ફાળો આપ્યો છે. મજૂરકલ્યાણ માટેનું એ મોટામાં મોટું પગલું છે.

ધંધાદારી શિક્ષણ

આજથી લગભગ ૩૦ વર્ષ ઉપર અમદાવાદના કાપડ ઉદ્યોગમાં રોકાયેલી મૂડી અને મજૂરી વચ્ચે અથડામણ થતાં મજૂરોને ત્રણ મહિના બેકાર રહેવું પડેલું. આ બેકાર કામદારોને મદદ આપવા પ્રયત્ન થયેલો. તેમને જુદાં જુદાં કામ આપવામાં આવેલાં. આ ઉપરથી પૂ. ગાંધીજીએ સૂચવ્યું કે, મજૂરોને તેમના મુખ્ય ધંધા ઉપરાંત બીજા સહાયક ઉદ્યોગોની પણ તાલીમ આપવી જોઈએ. પણ આવી તાલીમ માટે અભ્યાસનાં કેન્દ્રો ખોલવામાં તથા શાળાઓ ચાલુ કરવામાં પૈસાની પુષ્કળ જરૂર પડે. પરદેશી સરકાર તો આવા કાર્યમાં શાની જ મદદ કરે ! પરિણામે આ દિશામાં કંઈ પણ પગલાં લઈ શકાયાં નહીં. પરંતુ ૧૯૩૭માં જ્યારથી કોંગ્રેસે ધારાસભામાં પ્રવેશ કર્યો અને પ્રાંતોની લગામ હાથમાં લીધી ત્યારથી આ દિશામાં પગલાં લેવાયાં; અને અમદાવાદ શહેરમાં એક કલાભવનની તા. ૧-૧-૧૯૪૦ થી સ્થાપના કરવામાં આવી. આનો યશ તે વખતના પાર્લામેન્ટરી મંત્રી અને હાલના મધ્યસ્થ સરકારમાં આયોજન સમિતિના ઉપ-પ્રમુખ અને હિંદના જાણીતા મજૂર કાર્યકર માનનીય શ્રી. નંદાજીને ફાળે જાય છે.

આ ધંધાદારી તાલીમની યોજના બે મુખ્ય ધોરણો ઉપર કરવામાં આવી છે:

(૧) મજૂર તેના ફુરસદના સમયમાં કંઈક ઉત્પાદક કામ કરી પોતાની રોજીમાં વધારો કરી શકે.

(૨) બેકારીના સમયમાં મજૂર નિરાધાર ન થઈ જતાં પોતાના પગ ઉપર ઊભો રહી સ્વતંત્ર રીતે જીવનનિર્વાહનું સાધન મેળવી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા ઉદ્યોગોમાં કામ કરતા મજૂરો મોટે ભાગે ગામડાંમાંથી આવે છે અને ઉદ્યોગની મંદીના સમયમાં ગામડે ચાલ્યા જાય છે; માટે આ શિક્ષણ યોજનાઓમાં ગામડાના ઘરગથ્થુ ઉદ્યોગો શીખવવાની આવશ્યકતા રહે છે, જેથી કરીને બેકારીના સમયમાં આ મજૂરો ગામડામાં પોતાને ઘેર કંઈ ધંધો – વ્યવસાય કરી સરળતાથી જીવનનિર્વાહ ચલાવી શકે. આથી નીચે મુજબ ગૃહોદ્યોગો શીખવવાની ખાસ જરૂર છે:

ટોપલીઓ ગૂંથવાની કળા, દોરડાં બનાવવાની કળા, સુથારી કામ, કાગળ બનાવવાનું કામ, હાથસાળનો ઉદ્યોગ, ચંપલ વગેરે ચામડાનો સામાન બનાવવાનું કામ, રમકડાં બનાવવાનું કામ, અગરબત્તી બનાવવાનું કામ વગેરે.

આ દૃષ્ટિએ અમદાવાદમાં ઔદ્યોગિક કલાભવનની સ્થાપના કરવામાં આવી છે. હાલ તેમાં મિકેનીક કામ જેવું કે કટિંગ, ટર્નિંગ મોલ્ડિંગ, અને લુહારી તથા હસ્તઉદ્યોગો જેવા કે સુથારી, દરજી, સ્પ્રે, ચિત્ર અને ખરાદી કામ શીખવવામાં આવે છે.

આમાં ત્રણ પ્રકારના વિદ્યાર્થીઓને લેવામાં આવે છે:

(૧) મિલમાં કામ કરતા મજૂરભાઇઓ તેમના ફાજલ સમયમાં સહાયક ઉદ્યોગની તાલીમ લેવા આવે.

(૨) મિલોમાંથી એક યા બીજે કારણે બેકાર બન્યા હોય તેઓ આખો સમય તાલીમ લેવા આવે.

(૩) મજૂરવર્ગના ભાઇઓ ધંધાદારી તાલીમ લેવા આવે. (બેકાર કારીગરો તાલીમ લે તો તે વખતે પણ તેમને થોડી રોજી મળે એવી વ્યવસ્થા છે.)

અભ્યાસક્રમના બે વિભાગ પાડવામાં આવ્યા છે:

(૧) પ્રાથમિક અભ્યાસક્રમ (૨) બીજી શ્રેણી. બંને માટે ૭ માસનો સમય રાખવામાં આવ્યો છે. કલાભવનમાં કામગીરીની તાલીમ અંગે બે પાળીઓ ચલાવવામાં આવે છે. પહેલી પાળી સવારના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧-૩૦ થી ૪-૦ સુધીની હોય છે. તેમાં પૂરી અને આખા સમયની તાલીમ લેનાર દાખલ થાય છે. જ્યારે ૬-૩૦ થી ૮-૦ની બીજી પાળીમાં કામ કરતા મજૂરો જોડાય છે. રાતપાળીમાં કામ કરતા મજૂરો પહેલી પાળીના સમયમાં ગમે ત્યારે બે કલાક આવી તાલીમ લઈ શકે છે.

અભ્યાસનાં બે સત્રો કરવામાં આવ્યાં છે: જાન્યુ૦થી જૂન અને જુલાઈથી ડિસેમ્બર. નવા વિદ્યાર્થીઓને જાન્યુઆરી અને જુલાઈમાં લેવામાં આવે છે.

પંદર વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવતા નથી. દાખલ થનાર વિદ્યાર્થીને લખતાં વાંચતાં આવડવું જોઈએ એવો નિયમ છે. તાલીમ માટે કાંઈ ફી લેવામાં આવતી નથી.

સને ૧૯૪૦ થી ૧૯૪૯ દરમિયાન દસ વર્ષના ગાળામાં આ કલાભવનમાં ૧,૦૭૬ ભાઈઓએ જુદા જુદા ઉદ્યોગોની તાલીમ મેળવી હતી અને તેમાંથી ૯૨૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હતા. કલાભવનમાં તાલીમ પામેલા વિદ્યાર્થી કારીગરોને કામ આપવાની કોઈ જવાબદારી કલાભવન લેતું નથી, પણ અનુભવે જણાયું છે કે, ત્યાંથી તાલીમ પામેલા અને નવો ધંધો કરતા ભાઈઓ રોજના ચારથી સાત રૂપિયા કમાય છે. કેટલાક ભાઈઓ તો મિલની પોતાની કામગીરી છોડી આ નવા ધંધામાં લાગી ગયા છે.

તાજેતરમાં એક યા બીજે કારણે બંધ પડતી મિલોના બેકાર કારીગરોમાંથી જેઓ સહાયક ધંધાની તાલીમ લેવા ઇચ્છતા હોય તેમને સુથારી કામ શીખવવામાં આવે છે. આમાં ૭૫ કારીગરોને તાલીમ આપવાની વ્યવસ્થા છે. અહીં ચાર મહિના તાલીમ લીધા બાદ કારીગરો રોજના ચાર પાંચ રૂપિયા કમાતા થઈ શકે છે. વળી આ કલાભવનમાં તાલીમ લેતા વિદ્યાર્થીઓ જે કાંઈ વસ્તુઓ બનાવે છે તે રોજના ઉપયોગની હોય છે અને તે બધી તુરત વેચાઈ જાય છે. એટલે એક વખતે કલાભવનની સ્થાપનામાં મકાન તથા સાધનસામગ્રીમાં જરૂરી રકમ રોકાયા પછી સરકારને તે અંગે ખાસ ખર્ચ ઉઠાવવો પડતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, જ્યારે અનેક માણસોને તાલીમ આપવા સાથે ઉપયોગી ચીજ વસ્તુઓનું ઉત્પાદન થાય છે.

આ કલાભવનમાં હાલ તો થોડા જ વિદ્યાર્થીઓ માટે સગવડ છે. પણ સુથારીકામ, દરજીકામ, લુહારીકામ જેવી સમાજને ઉપયોગી અને કમાઉ કારીગીરીમાં વધુમાં વધુ કેટલા વિદ્યાર્થીઓ માટે તાલીમની વ્યવસ્થા કરી શકાય એની વિચારણા થઈ રહી છે.

આ કલાભવનનો વધુ ને વધુ લાભ લેવાય અને વધુ કારીગરોને આજની સગવડમાં જ તાલીમ આપી શકાય તે હેતુથી સવારના નવથી સાડા અગિયાર સુધીની નવી પાળી કલાભવનમાં શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત સાંજના ચારથી સાડા છ વચ્ચે એક વધુ ટુકડીને તાલીમ આપવાની વિચારણા થઈ રહી છે.

કામદાર ભરતી યોજના

દુનિયાના આગળ પડતા બધા દેશોમાં ઔદ્યોગિક કારખાનાંમાં કામદારોની ભરતી અમુક પ્રકારે જ કરવામાં આવે છે. સાધારણ રીતે કામદારોની ભરતી, તે માટે ખાસ નિયત કરવામાં આવેલી સંસ્થાઓ મારફતે જ થાય છે. આપણો દેશ આજ સુધી અને હજુ પણ ઔદ્યોગિક બાબતોમાં પછાત હતો અને છે. વળી કારખાનાંમાં જ કામ કરે અને બીજું કાંઈ પણ કામ ન કરે એવો કામદારવર્ગ પણ આપણા દેશમાં હજુ સુધી ઊભો થયો નથી, કારણ કે હિંદુસ્તાનના કામદારો અનેક કારણોસર ઔદ્યોગિક શહેરોમાં કાયમી વસવાટ કરીને રહેવા ઇચ્છતા હોતા નથી. તેથી કારખાનાંના માલિકોને પોતાને યોગ્ય લાગે તેવા કારીગરોને કારખાનાંમાં કામે રાખવાની છૂટ હતી. પરંતુ અમુક અંશે આ સ્થિતિ હવે બદલાઈ ગઈ છે. કાપડઉદ્યોગ એક એવો વિકાસ પામેલો ઉદ્યોગ છે કે જેમાં કારીગરોની સંખ્યા ઉદ્યોગની જરૂરિયાત જેટલી છે. એટલું જ નહીં પણ, જરૂરિયાત કરતાં અમુક અંશે વધારે છે એમ કહી શકાય. અત્યારે કાપડઉદ્યોગ કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. મિલો બંધ થઈ રહી છે અને રેશનેલાઈઝેશન આવી રહ્યું છે; તેથી કારીગરોને મિલોમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓછા કરવામાં આવે છે. આ રીતે બેકાર થયેલા કારીગરોને કામ મળે એવો પ્રબંધ થવો જરૂરી છે; તેમ જ એવા કારીગરોની સંખ્યાના આંકડાઓ પણ સત્તાવાર જાણી શકાય એવી યોજનાની આવશ્યક્તા છે.

મુંબઈ સરકાર આ વસ્તુસ્થિતિ બરાબર સમજે છે; તેથી બેકાર થયેલા કારીગરોને વ્યવસ્થિત રીતે કામ મળી રહે તે માટે સરકારે મુંબઈ, અમદાવાદ જેવાં મોટાં ઔદ્યોગિક શહેરોમાં કાપડઉદ્યોગમાં મિલમાલિકોના ઐચ્છિક સહકારથી કામદાર ભરતી યોજના દાખલ કરવાનો નિશ્ચય કર્યો છે અને અખતરા રૂપે આ યોજના અમદાવાદમાં ૧૫મી સપ્ટેંબર ૧૯૪૯ થી દાખલ કરી છે.

આ ભરતીની યોજનાના મુખ્ય ઉદ્દેશો શા છે તે જોઈએ:

(૧) માનવશક્તિનો બગાડ ન થાય તે માટે કામદારોની ભરતી વ્યવસ્થિત કરવાનો.

(૨) કામદારોની અદલાબદલી (લેબર ટર્નઓવર) ઓછી કરી ઉત્પાદન વધારવાનો અને મજૂરોની કાર્યદક્ષતા વધારવાનો.

(૩) કાપડઉદ્યોગમાં બેકાર થયેલા કામદારોને કામ વગર બેસી રહેવાનો સમય અને એટલો ઓછો કરવાનો.

(૪) કામદારોને કામે રાખવામાં ચાલતી લાંચરુશ્વતની બદી નિર્મૂળ કરવાનો અને લાગવગ, પક્ષાપક્ષી અને મામા–માશીપણાનો નાશ કરવાનો.

(૫) કાપડઉદ્યોગને કુશળ કારીગરો પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે કામદારોના પદ્ધતિસરના શિક્ષણને ઉત્તેજન આપવાનો.

આ યોજનાનો અમલ કેવી રીતે થાય છે તે જોઈએ : અમદાવાદ શહેરમાં મુંબઈ સરકારે કાપડના ઉદ્યોગમાં ભરતીની યોજના દાખલ કરી છે અને અમદાવાદના ‘ ડેપ્યુટી ડિરેક્ટર ઓફ લેબર એડ્મિનિસ્ટ્રેશન ’ને આ યોજનાના મેનેજર નીમ્યા છે. મેનેજર સાહેબની ઑફિસ એ મુખ્ય અને મધ્યસ્થ ઑફિસ છે. એમના હાથ નીચે બીજી ચાર ઑફિસો ખોલવામાં આવી છે, જેને વિભાગીય ઑફિસો કહેવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરતીયોજનાનું કામ સરળતાથી ચાલે એ માટે અમદાવાદ મિલવિસ્તારને ચાર વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યો છે.

બંધ પડેલી મિલના કામદારને અથવા બીજી રીતે બેકાર થયેલા મજૂરને મિલોમાં આ ભરતીયોજના પ્રમાણે નીચે જણાવેલી રીતે કામ મળે છે :

બેકાર થયેલા મજૂરોએ પોતાનાં નામ નક્કી કરેલી જગ્યાએ નોંધાવવાનાં હોય છે. બેકાર કામદારને પોતાનું નામ 'એમ્પ્લૉયમેન્ટ એક્ષચેંજ'ની ઑફિસમાં નોંધાવવાનું હોય છે. મજૂરનું નામ ઑફિસમાં નોંધવામાં આવે તે માટે તેણે જે મિલમાં કામ કર્યું હોય ત્યાંથી નોકરી કર્યાનો દાખલો મેળવવાનો હોય છે. કારીગર આ દાખલો નોંધણી ઑફિસે બતાવે એટલે તેનું નામ નોંધવામાં આવે છે. પોતાને ત્યાં કામ કર્યું હોય તે કારીગરને દાખલો આપવાનું મિલો માટે ફરજિયાત કરવામાં આવ્યું છે. આ રીતે બેકાર કારીગરોએ જે નામ નોંધાવ્યાં હોય તેમનું ધંધાવાર અને વિભાગવાર મુખ્ય પત્રક–રજિસ્ટર મધ્યસ્થ ઑફિસમાં તૈયાર કરવામાં આવે છે. બેકાર કામદારને કામ મેળવી આપવા બાબતમાં પ્રથમ પસંદગી બંધ પડેલી મિલોના મજૂરોને આપવામાં આવે છે.

વળી ઉદ્યોગમાં કેટલા મજૂરો કામ કરે છે તે જાણી શકાય એ માટે દરેક મિલને પોતાને ત્યાં સપ્ટેમ્બર માસની પહેલી તારીખના રોજ કેટલા કાયમી અને કેટલા બદલીના કારીગર કામે હતા તે દર્શાવતી વિગત ભરતીયોજનાના મેનેજરને મોકલી આપવાની હોય છે. આ રીતે મુંબઈ ઔદ્યોગિક સંબંધ–ધારા હેઠળ નક્કી થયા મુજબ મુખ્ય મુખ્ય ધંધાવાર કારીગરોનાં પત્રક મોકલી આપ્યા બાદ તે પત્રકમાં કોઈ ફેરફાર થયો હોય તો તેની ખબર મેનેજરને આપવાની હોય છે.

આ ભરતીયોજના વ્યવસ્થિત રીતે ચાલે અને સફળ થાય એ માટે સરકારે મિલોને પોતાને ત્યાં નવા કારીગરો સીધા કામે નહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખવાનો હુકમ કર્યો છે. આથી આ યોજના અમલમાં આવી ત્યારથી કોઇ પણ મિલ પોતાની મેળે નવો કારીગર કામે લઇ શકતી નથી કે રાખી શકતી નથી. હવે પ્રશ્ન એ ઊઠે છે કે, જો મિલોને નવા કારીગરોની જરૂર પડે અથવા તો કારીગરો કામ પ્રસંગે રજા પર રહે અને તેથી જો મિલને પૂરતા પ્રમાણમાં કારીગરો ન મળે તો શું મિલે એ ખાલી પડેલી જગાઓ ન પૂરતાં એમને એમ ચલાવી લેવું?

જો એમ હોય તો તે બાબતની ખબર આ યોજના માટે નીમવામાં આવેલા મેનેજરને આપવાની હોય છે. મેનેજર મિલને જે જાતનો કારીગર જોઇએ તે જાતનો કારીગર મોકલી આપવાનો બંદોબસ્ત કરે છે. આ કામદારોને મિલોએ રાખવાના હોય છે અને બદલી-કાર્ડ આપવાનું હોય છે. જો કારીગર સારો અને હોશિયાર લાગે તો મિલ રાખી શકે છે. પણ જો કારીગર બિનઆવડતવાળો અને નકામો હોય તો તેને રજા આપી નવા કારીગર માટે ભરતીખાતાને ખબર આપવાની હોય છે. વળી ભરતીખાતું કામદાર મોકલી આપવામાં ઢીલ કરે તો મિલ ભરતીખાતાનો કારીગર ન આવે ત્યાં સુધી કામ-ચલાઉ તરીકે પોતાને જે કારીગર મળે તેને રાખી શકે છે.

હવે હડતાળ પડે તો ભરતીખાતું શું કરી શકે તે જોઇએ. જો હડતાળ ગેરકાયદેસર હોય તો મિલ તરફથી માગણી થયે ભરતીખાતું કારીગરો મોકલી આપશે. પણ જો હડતાળ કાયદેસરની હશે તો એવી હડતાળ તોડવા ભરતીખાતું કારીગરો મોકલી શકશે નહીં. જો મિલને આવી કાયદેસરની હડતાળ તોડવી હોય તો મિલને પોતાને મળી આવે તેવા કારીગરો રાખવાની છૂટ છે. એ વખતે ભરતીખાતું મિલની વચમાં આવશે નહીં. આ પરથી સ્પષ્ટ થાય છે કે, ભરતીખાતું હડ-તાળના પ્રસંગોએ હડતાળ–તોડુનો ભાગ ભજવી કામદારોની કાયદેસરની હડતાળ પાડી પોતાના હક માટેની લડત લડવાના માર્ગમાં આડે આવશે નહીં, તેમ જ વિરોધક બનશે નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬ઠ્ઠું

મિલમાલિકો તરફથી ચાલતી કલ્યાણ પ્રવૃત્તિઓ

જુદી જુદી જગ્યાએ મજૂરો માટે માલિકો તરફથી ચાલતી કલ્યાણ પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે જુદા જુદા હેતુથી ચાલતી હોય છે: (૧) મજૂરો પ્રત્યે માનવતા દાખવવા (૨) સમૂહભાવના કેળવવા (૩) ઉત્પાદન અને કાર્યદક્ષતા વધારવા (૪) મજૂરોને પ્રોત્સાહન આપવા (૫) ઊંચા વેતનથી મજૂરોને આકર્ષવા (૬) મૂડી અને મજુરી વચ્ચેના સંબંધો સુધારવા (૭) માલિકોમાં મજૂરો પ્રત્યે માન અને મમતાની લાગણી પેદા કરવા.

આમ હેતુઓ ગમે તે હોય પણ જો કલ્યાણ પ્રવૃત્તિઓ બુદ્ધિપૂર્વક યોજાઈ હોય અને શુભ હેતુથી તેનું સંચાલન થયું હોય તો તેનાં સારાં પરિણામો આવે છે. તેના વડે કામદારોમાં સંતોષની લાગણી પેદા થાય છે; અને સાથે સાથે તે માલિક અને મજૂર વચ્ચેનાં ઘર્ષણ અને આપત્તિઓને નિવારે છે અને પરસ્પર સાચી સમજ ઊભી કરે છે.

હવે આપણે અમદાવાદના માલિકો તરફથી ચાલતી કલ્યાણ-પ્રવૃત્તિઓનું વિહંગાવલોકન કરીએ.

આજે માલિકો તરફની કહી શકાય અને ગણી શકાય એવી કોઈ પ્રવૃત્તિઓ થતી હોય તો તે વસવાટ, સહકારી ધીરાણ મંડળીઓ, હોટલો અને કેન્ટીનો, જમવાના માંડવા, ઘોડિયાં ઘર, દવાખાનાં, શિક્ષણ અને મિલની અંદર અપાતી બીજી સગવડો, પાણીની પરબો અને આરામ માટેની વ્યવસ્થા ગણાવી શકાય.

વસવાટ :—મજૂરોના વસવાટ અંગે કોઈ પણ જોગવાઈ કરવાની માલિકોને કાયદાથી ફરજ પાડવામાં આવી નથી. છતાંયે નૈતિક જવાબદારી તો માલિકોને માથે રહે જ છે; કારણ કે ઉદ્યોગના નફાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધાર મજૂરોની કાર્યદક્ષતા પર છે અને મજૂરોની કાર્યદક્ષતાનો આધાર યોગ્ય વસવાટ પર રહે છે. આ સત્ય ધીરે ધીરે માલિકો સમજ્યા છે અને આ દિશામાં થોડા પ્રયત્નો તેમણે કર્યા છે.

પહેલવહેલું ૧૯૨૧માં મકાનભાડું અને બીજી જીવનને જરૂરિયાતની ચીજોના ભાવો વધતાં મજૂરોએ પગારવધારો માગ્યો ત્યારે તે વખતના પંચના સભ્યો શ્રી. મંગલદાસ શેઠે તેમ જ પૂ. ગાંધીજીએ મિલએજન્ટોને નવી ચાલો બંધાવવા અથવા ખરીદવા સૂચન કર્યું. આ સૂચનને અનુસરીને ૧૯૨૧થી ૧૯૩૦ સુધીમાં ૨૫ મિલોએ મજૂરો માટે વસવાટની વ્યવસ્થા કરી.

વળી જ્યારે ૧૯૩૩માં અમદાવાદના મિલ ઓનર્સ એસોસિયેશને સરકારને ૧,૦૦૦ મકાનો ઊભાં કરવાની બાંહેધરી આપી ત્યારે કેટલાક મિલમાલિકોએ વ્યક્તિગત રીતે પોતાના ભાગે આવતાં મકાનો બંધાવ્યાં; અને લગભગ ૬૦૦ મકાનો મિલવિસ્તારની આસપાસ ઊભાં થઈ ગયાં.

આજે લગભગ ૪૦ કરતાં વધારે મિલોએ પોતાના મજૂરો માટે રહેઠાણની વ્યવસ્થા કરી છે. તેનો કુલ આંકડો ૩,૩૦૦ મકાનો એટલે કે મજૂરોના રહેઠાણની જરૂરિયાતના ફક્ત પાંચ ટકા જ થાય છે.

આમાંની ઘણી ચાલીઓ વર્ષો પહેલાં બંધાયેલી હોવાથી એકખંડવાળી, હવાઉજાસ વગરની અને બીજી અગવડોથી ભરપૂર છે.

કેટલીક મિલોએ ૬ ફૂટના વરંડાવાળી ખોલીઓ ૭ ૭ અગર આઠ આઠ કે તેથી વધારેના ઝૂમખામાં બાંધી, જુદા જુદા દરે ભાડે આપી છે. તેનું ભાડું રૂ. ૨) થી રૂ. ૮) સુધીનું છે. આમાંથી સારી કહેવાય એવી કેટલીક ચાલોમાં એડવાન્સ, અશોક, કેલિકો અને રાયપુર મિલની ચાલીઓનાં નામ ગણાવી શકાય.

આમાં એડવાન્સ મિલની ચાલમાં બે મકાનો વચ્ચે ભીંત છે. દરેક ભાડવાતને એક ઓસરી અને એક ઓરડો છે. ગટરનું જોડાણ નથી. સમૂહ નાવણિયાં, જાજરૂ, પેસાબખાનાં અને બાળકો માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનાં જાજરૂ તેમ જ બાળકોને રમત માટે ચોગાન તથા રમતનાં સાધનો વગેરેની વ્યવસ્થા સંતોષકારક કહી શકાય તેવી છે. આ ઉપરાંત વપરાયેલા પાણીનો નિકાલ ઝાડોને તે પાણી પાઈને ઉછેરવામાં, અને કૂંડીઓ બનાવી ભરાઈ જાય ત્યારે છાંટી નાંખીને કરવામાં આવે છે. વળી ત્યાં બે જાડી વળીઓ વચ્ચે ખીલાથી જડેલું રંગીન પીપ જોડી દઈ ઓછે ખરચે કચરો નાખવા માટે સારી વ્યવસ્થા કરી છે.

સહકારી ધીરાણ મંડળીઓ:— અમદાવાદના ઘણા મજૂરો એમની જિંદગીનો મોટો ભાગ દેવાદાર સ્થિતિમાં જ વિતાવે છે. આથી સહકારી ધીરાણ મંડળીઓ સ્થપાવાથી તેઓ રાહત મેળવી શકયા છે. આ મંડળીઓ આર્થિક જીવનને ઊંચે લાવવામાં મદદગાર બની છે અને તે ધીરાણ કરી મજૂરોને પૈસાના સાચા ઉપયોગનો સાચો રસ્તો બતાવે છે.

અમદાવાદની મિલોમાં સહકારી ધીરાણ મંડળીઓ એ તાજેતરનું સર્જન છે અને તે બહુ જ મર્યાદિત વિસ્તારમાં પોતાની પ્રવૃત્તિ ચલાવે છે. ૧૯૪૫માં જ્યારે મિલોએ મોંઘવારી ભથ્થું આપવાનું નક્કી કર્યું ત્યારે સહકારી મંડળીના આસિસ્ટંટ રજિસ્ટ્રારે મિલ ઓનર્સ એસો૦ ને એક સૂચના કરી કે, મિલોમાં સહકારી મંડળીઓ સ્થાપો અને એસોસિયેશનની નિમાયેલી એક પેટા સમિતિની સલાહ મુજબ કામકાજ કરો. આથી મિલોમાં સહકારી મંડળીઓ મોટા પાયા પર ચાલુ કરવા માટે થોડીક મહેનત કરવામાં આવી.

અમદાવાદની મિલોમાં ૨૧ ધીરાણ કરનાર મંડળીઓ છે, જે ૧૦ લાખ કરતાં વધારેનું કામકાજ કરે છે. ખાસ ધ્યાન ખેંચે એવું કામ જ્યુબિલી મિલની મંડળીએ કર્યું છે. તેના ૧,૧૦૨ સભ્યો છે અને થાપણ રૂ. ૧,૬૨,૯૫૨ ની છે. તેજ પ્રમાણે કેલિકો સ્પીનિંગ સહકારી મંડળી, અરવિંદ મિલ સહકારી મંડળી, અને રાયપુર મિલ સહકારી મંડળીએ પણ સંતોષકારક કામ કર્યું છે અને તેમણે રૂ એક લાખથી વધુ રકમ પોતાના સભ્યોને દેવું ચૂકવવા માટે ધીરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી સહકારી મંડળીઓ સ્થાપવા માટે બીજી મિલોમાં પણ ખૂબ અવકાશ છે.

ઘોડિયાઘર:– કારખાનામાં કામ કરતી સ્ત્રીઓ, કામદાર તરીકેની તેમની ફરજો તો બજાવે છે. પરંતુ માતા તરીકેની તેમની ફરજો સમાજ અને દેશહિતની દૃષ્ટિએ અતિ મહત્ત્વની ગણાય. બાળકો દેશની સંપત્તિ છે અને ઉદ્યોગનો સાચો આધાર આજનાં બાળકો, કે જેઓ ભવિષ્યના નાગરિકો અને કામદારો છે, તેમના યોગ્ય ઉછેર પર અવલંબે છે. આ સાચી સંપત્તિ તરફ સમાજ અને સરકાર બેદરકાર રહે તે કેમ પાલવે? તેના ઉછેર માટે પૂરતી સગવડો આપવામાં સમાજનું સાચું હિત રહેલું છે. એમાંની સૌથી પહેલી જરૂરી સગવડ તે બાળકોને માટે સુસજ્જ ઘોડિયાઘરોની છે.

કારખાનાંમાં સ્ત્રી કારીગરો આઠ કલાક કામ કરે છે. આ સમય દરમિયાન તેમનાં નાનાં બાળકોનું શું? આ નાનાં બાળકોની યોગ્ય સંભાળ માટે ઘોડિયાઘરની અત્યંત જરૂર છે. જો ઘોડિયાઘર ન હોય તો સ્ત્રીકારીગર તેના નાના બાળકને પોતાને ઘેર ગમે તે કોઈને સોંપે. પરિણામે નાના બાળકનો શારીરિક વિકાસ બરાબર ન થાય, તે રોગનો ભોગ બને અને કદાચ મૃત્યુ પણ પામે. આ સ્થિતિ અટકાવવા ઘોડિયાઘરો આવશ્યક છે.

હિંદમાં મજૂરોની સ્થિતિની તપાસ કરવા ઈ. સ. ૧૯૩૧માં શાહી કમિશનની નિમણૂક કરવામાં આવી હતી. આ કમિશને મજૂરોના બીજા પ્રશ્નો સાથે મજૂરસ્ત્રીઓનાં નાનાં બાળકોની સંભાળ અંગે પણ તપાસ કરી અહેવાલમાં જણાવ્યું છે કે: કેટલાંક કારખાનાંમાં સ્ત્રીઓ કામ કરતી હોય ત્યાં ઘોડિયાઘર હોવા છતાં ઘણો સુધારો થવો જરૂરી છે. કેટલાંક કારખાનાંમાં તો સ્ત્રીઓ કામ કરે છે છતાં ઘોડિયાઘરની કોઈ વ્યવસ્થા નથી. બંગાળનાં શણનાં કારખાનાંનું વર્ણન કરતાં કમિશન જણાવે છે કે: કોથળા પર, અથવા બોબીનની પેટીઓમાં, જ્યાં સંચાઓનો ખૂબ જ અવાજ થતો હોય ત્યાં બાળકોને ધૂળવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ગંદા વાતાવરણમાં રાખવામાં આવતાં હતાં. પરિણામે દર વર્ષે અકસ્માતો થતા અને આવા કેટલાક અકસ્માતો તો મૃત્યુમાં પણ પરિણમતા. આખરે તે જણાવે છે કે: જ્યાં ૨૫૦ સ્ત્રીઓ કામ કરતી હોય ત્યાં ઘોડિયાઘર ફરજિયાત હોવાં જોઈએ. ઘોડિયાઘરની શરૂઆત કરતા પહેલાં તેમાં પૂરતી સગવડો અને યોગ્ય દેખરેખ હોવી જરૂરી છે. જો કાળજીભરી દેખરેખ નીચે બાળકોને રાખવામાં આવે અને જો સ્ત્રીઓને અમુક અંતરે બાળકોને ધવરાવવા માટે મોકલવાનો પ્રબંધ થાય તો ઘોડિયાઘર માટેનો અણગમો કારીગર સ્ત્રીઓમાંથી દૂર થાય.

૧૯૩૭માં પ્રાંતિક સ્વરાજ્યના પરિણામે હિંદમાં સાત પ્રાંતોમાં કૉંગ્રેસ પ્રધાનમંડળો અસ્તિત્વમાં આવ્યાં ત્યારે પ્રાંતિક સરકારોએ પહેલી જ વાર શ્રમજીવીઓને જીવનવિકાસની જરૂરી સગવડો આપવામાં રસ લીધો; અને તેમને માટે સરકાર શું કરી શકે તેનો સારી રીતે વિચાર કર્યો. આથી ૧૯૩૪ના કારખાનાના કાયદાના અન્વયે ૧૯૩૮માં ઘોડિયાઘર માટે કેટલાક નિયમો ઘડાયા. આ નિયમો પ્રમાણે જે કારખાનામાં સો અથવા તેથી વધારે સ્ત્રીઓ કામ કરતી હોય તેને માટે ઘોડિયાઘર ફરજિયાત કરવામાં આવ્યું.

ઘોડિયાઘર: ઉપરના નિયમને આધારે એવું ઠરાવવામાં આવ્યું છે કે, ઘોડિયાઘરના ઓરડા ૧૦′ થી ઊંચા, હવા ઉજાસવાળા અને ગરમીમાંથી બાળકોનું રક્ષણ કરે તેવા હોવા જોઈએ. ભેજ ને વરસાદથી બાળકોનું રક્ષણ થાય તેવું તેનું બાંધકામ હોવું જોઈએ અને તેની સંભાળ માટે એક તાલીમ પામેલી નર્સ અને એક આયા રાખવી જોઈએ.

ઘોડિયાઘરની તપાસ કરતાં અમદાવાદની કેટલીક મિલોનાં ઘોડિયાઘરો પ્રમાણમાં સુંદર, સગવડભર્યાં અને સંતોષકારક માલૂમ પડયાં છે, જ્યારે ઘણીખરી મિલોનાં ઘોડિયાઘરોમાં અપાતી સગવડોમાં સુધારાને અવકાશ છે. ફક્ત ૪૨ મિલોમાં વૈદકીય મદદ આપવામાં આવે છે. ૧૭ મિલોમાં દૂધ તેમ જ ફળોનો રસ આપવામાં આવે છે. જ્યારે ૧૬ મિલોમાં તો કોઈ પણ જાતની સગવડ જ દેખાતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી કેટલીક મિલો જેવી કે વિજય, અજિત, સિલ્વર કોટન વગેરે કે જ્યાં ૧૦૦ કરતાં ઓછી સ્ત્રીઓ છે ત્યાં ઘોડિયાઘર જ નથી. સુંદર ઘોડિયાઘરો અરવિંદ, જ્યુબિલી, અશોક અને એડવાન્સ મિલમાં છે. એમાં એડવાન્સનું ઘોડિયાઘર સૌથી વિશેષ ધ્યાન ખેંચે છે.

સાંચાઓના અવાજથી દૂર, સુંદર બગીચાની વચમાં એડવાન્સ મિલનું ઘોડિયાઘર આવેલું છે. વળી ત્યાં ઘોડિયાઘરની વચમાં વીજળીના પંખાઓ મૂકેલા છે; અને આજુબાજુ ઝાડપાન હોવાથી પૂરતી ઠંડક રહે છે. પારણાના આકારનાં ૫૬ ઘોડિયાં છે. ઘોડિયામાં ગાદી અને ચાદર બિછાવવામાં આવે છે. સરેરાશ ૪૦ બાળકોની ત્યાં સંભાળ લેવાય છે. મચ્છરદાનીઓ પણ રાખવામાં આવી છે. નાનાં બાળકોને જરૂર પ્રમાણે દૂધ તેમ જ ફળોનો રસ આપવામાં આવે છે. મોટાં બાળકો માટે નાસ્તાની તેમ જ રમવાનાં જરૂરી સાધનોની વ્યવસ્થા છે. દરેકને સ્વચ્છ ગણવેશ અપાય છે; અને બાળકોની તંદુરસ્તીની સંભાળ રાખવામાં આવે છે. દર ત્રણ મહિને બાળકોની ઊંચાઈ અને દર અઠવાડિયે બાળકોનું વજન કરવામાં આવે છે; અને તેની શાસ્ત્રીય નોંધ પણ દરેક બાળકના ઘોડિયા પાસે લટકાવવામાં આવે છે. માતાઓને બાળઉછેર સંબંધી અવારનવાર સૂચનાઓ ને માર્ગદર્શન પણ અપાય છે. ત્રણ આયાઓ તેમ જ એક તાલીમ પામેલી નર્સ બાળકોની સંભાળ રાખે છે. ખાસ ધ્યાન ખેંચે તેવી વાત એ છે કે, આ ઘોડિયાઘર ૧૯૨૧માં જ્યારે સરકારે આ અંગે કાયદો પણ કર્યો નહોતો તે પહેલાં જ શરૂ કરવામાં આવ્યું હતું. જ્યાં મિલમાલિકો મજૂર કલ્યાણ પ્રવૃત્તિમાં રસ લે ત્યાં આવી વ્યવસ્થા સહેજે થઈ શકે.

લગભગ એ જ રીતે કેલિકો, જ્યુબિલી, અસારવા મિલોનાં ઘોડિયાઘરો ચાલે છે. પરંતુ ૮૦ ટકા જેટલી મિલોમાં ઘોડિયાઘરોની સ્થિતિ સંતોષકારક નથી. કેટલીક મિલોમાં હજુ પણ કંતાનનાં ગુણપાટ બાંધેલાં છે. ઘોડિયાઘર માટે અલગ વ્યવસ્થા નથી. ઘોડિયાઘરો એવી જગાએ છે કે જ્યાં ગરમીનું પ્રમાણ વિશેષ હોય છે. આજુબાજુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંદકી છે અને સાંચાઓનો અવાજ આવે છે. ઘોડિયા અંગે કોઈ જાતની બીજી સાધનસામગ્રી કે સ્વચ્છતા માટે જરૂરી વસ્તુઓ નથી. કેટલીક મિલોમાં ગણવેશની વ્યવસ્થા છે, પણ ધોવાની વ્યવસ્થા નથી. નર્સ અને આયાનું પ્રમાણ બાળકોની સંખ્યા પ્રમાણે હોવું જોઈએ તેટલું નથી. વળી બાળકોને માટે દૂધ, નાસ્તા, દાક્તરી તપાસ અને સારવાર અંગેની પૂરતી સગવડ હોતી નથી. ખાસ ધ્યાન ખેંચે એવી ખામી તો એ છે કે, થોડીક જ મિલો બાદ કરતાં બાકીની મિલોમાં મહેતરાણીની જ જોગવાઈ નથી. બાળક મેલું કરે કે શરીર બગાડે ત્યારે તે સાફ કરવાની કોઈ સગવડ નથી. પરિણામે ઘણીખરી જગાએ નાનાં બાળકોની સાથે તેમનાં મોટા ભાઈ અથવા બહેન મિલમાં જાય છે અને તેઓને આ કામ કરવું પડે છે; અથવા તેવું ન હોય ત્યાં બાળકની માતા જ્યારે આવે ત્યારે તે બાળકને સાફ કરે છે. આ સ્થિતિ અસહ્ય ગણાય અને તેમાં તાત્કાલિક સુધારો થવો ઘટે.

અત્યારે અમદાવાદની મિલોમાં લગભગ આઠ હજાર સ્ત્રીઓ કામ કરે છે; અને આશરે ૧,૫૦૦ થી ૨,૦૦૦ જેટલાં ઘોડિયાં છે. તેમાં સરેરાશ ૧,૨૦૦ થી ૧,૫૦૦ જેટલાં બાળકોની સંભાળ લેવાય છે. બધાંય બાળકોને માટે જો પૂરતી સગવડવાળી જગામાં ઘોડિયાઘરો પૂરાં પાડવામાં આવે, અને શારીરિક વિકાસ તથા આરોગ્ય માટેનાં બધાં સાધનો આપવામાં આવે તો ઘેર રખાતાં બાળકોને પણ કામદાર-સ્ત્રીઓ ઘોડિયાઘરમાં દાખલ કરે.

જમવાના માંડવા :—દરેક મિલમાં એક યા બીજી રીતે જમવાના માંડવા તો છે જ, પણ કોઈ પણ મિલનો માંડવો એવો વ્યવસ્થિત નથી કે જ્યાં બેસીને મજૂરો આરામથી જમી શકે. મજૂર જ્યારે કામથી કંટાળી પોતાના પેટની પૂજા માટે બહાર નીકળે ત્યારે તેને એવી સગવડ હોવી જોઈએ કે, જ્યાં બેસીને બે ઘડી માટે પોતાનો સર્વ થાક ભૂલી સંતોષપૂર્વક પોતાની સાથે લાવેલો ખોરાક લઈ શકે. માંડવાની આસપાસ બગીચો હોય, ચારે બાજુ સ્વચ્છતા હોય, બેસવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરતી વ્યવસ્થા હોય, પીવા માટે ઋતુ પ્રમાણે પાણી હોય અને ગરમીમાં પંખાની વ્યવસ્થા હોય તો કામદારો અવશ્ય પોતાનું લૂખુંસૂકું ભોજન શાંતિથી લઈ શકે. પણ આજે તો સરકારના નિયમને અનુસરીને માંડવા બાંધવા જોઈએ માટે જ જાણે બાંધ્યા હોય એમ સ્પષ્ટ માલૂમ પડે છે. પોતાનો બંગલો બંધાવતી વખતે જેટલી ચોકસાઈ રસોડા માટેની કરે છે તેટલી જ ચોકસાઈ કેન્ટીન ને જમવાના માંડવા બાંધતી વખતે મિલના સંચાલકોએ કરવી જોઈએ. એ એક બીજાથી બહુ દૂર નહીં પણ પાસે હોવા જોઈએ.

આજે તો માંડવાઓ ઘણી રીતે પહોળાઈ, લંબાઈ અને કદમાં જુદા પડે છે. કેટલીક મિલોમાં વિભાગવાર અને જાતિવાર જુદા જુદા માંડવા ઊભા કરેલા છે. તેનું છાપરું પતરાંનું બનાવેલું હોય છે. અને ભોંયતળિયું પથ્થરનું બનાવેલું હોય છે. બે કે ત્રણ મિલોમાં જ ટેબલ અને બેસવા માટે ખુરશીઓ છે. આથી સાધનોના અભાવે લગભગ બધી મિલોમાં મજૂરો પોતાનો ખોરાક બહાર ખુલ્લામાં લેવાનું વધારે પસંદ કરે છે.

હોટેલો અને કેન્ટીન:—લગભગ દરેક મિલમાં એક યા વધુ હોટેલો મિલના કમ્પાઉન્ડમાં ચા અને નાસ્તા માટે હોય છે.

કેટલીક મિલોમાં આ હોટેલો મિલ જાતે નથી ચલાવતી. દા. ત. ન્યૂ નેશનલ, અનંત, હરિવલ્લભ મૂળચંદ વગેરે. આ મિલો ભારે ભાડાથી તે બીજાને સોંપે છે. નાનકડી જગા માટે મિલ હોટેલ માલિક પાસેથી માસિક રૂપિયા ત્રણસોથી પાંચસો ભાડું લે છે. આ હોટેલમાં મહેતાજી, ચા બનાવનાર, ખોરાકી વસ્તુઓ બનાવનાર, ચા વગેરે પીરસનાર અને સફાઈ કરનાર વગેરેને હોટેલ માલિકે ચારસોથી પાંચસો જેટલો પગાર આપવો પડે છે. વળી માલિક કંઈ દયાદાન કરવા હોટેલ ચલાવતો નથી હોતો. તેને પણ પોતાનો નફો અને તેયે સારો નફો કરવાનો લોભ હોય છે. મહિને દિવસે જે હોટેલમાં આ રીતે ઓછામાં ઓછો હજાર બારસોનો ખર્ચ થતો હોય તે હોટેલમાં મજૂરોને ચા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા ખોરાકી વસ્તુ કેવી અપાતી હશે તેની કલ્પના જ કરવી રહી. પોષક ખોરાકી ચીજોની કે સારાં દૂધ ચા મળવાની અહીં ભાગ્યે જ આશા રાખી શકાય.

આ હોટેલોમાંની અને તેની આજુબાજુની ગંદકીની તો વાત જ શી કરવી? આ હોટેલોની અસ્વચ્છતા જોઇ આપણને કમકમાટી ઊપજે તો પછી અંદર બેસીને ખવાય અથવા ચા તો પિવાય જ શી રીતે? બેસવાના બાંકડાનું પણ ઠેકાણું નહીં. એના પર એટલો મેલ કે સફેદ કપડાંવાળાને તો તરત જ ડાઘ પડે. ટેબલનું પણ ઠેકાણું નહીં. પાનનો ગલ્લો તે પણ અતિશય ગંદો. કેટલાય દિવસ થયાં ચૂના તેમ જ કાથાના લોટા મંજાયેલા જ ન હોય. સોપારી પણ ખોરી તો પછી મસાલાનું તો પૂછવું જ શું?

મ્યુનિસિપલ આરોગ્યખાતાના અધિકારીઓ તેમ જ ફેક્ટરી ખાતું ધારે તો પોતાની મર્યાદામાં રહીને હાલની પરિસ્થિતિમાં ઘણો સુધારો કરી શકે.

ઔદ્યોગિક ક્ષેત્રમાં આગળ વધેલા દેશોમાં તો કારખાનાંમાં કામે આવતા કામદારોને કામગીરીના સમય દરમિયાન સારો પૌષ્ટિક ખોરાક અને તાજગીભર્યાં પીણાં કારીગરોને પોસાઇ શકે તે કિંમતે પૂરાં પાડવામાં આવે છે. બેસવા કરવાની સુઘડ અને આંખને ગમે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. આપણે ત્યાં આવું ન થઇ શકે? આ માટે સૌથી પ્રથમ તો હોટેલોનો વહીવટ મિલે બીજાં ખાતાંઓની માફક પોતે જ સંભાળવો જોઈએ. હોટેલ એ એક આવશ્યક જરૂરિયાત પૂરી પાડવાના હેતુથી ચલાવવી જોઈએ, નહીં કે નફાખોરી માટે. ત્યાં બધી ચીજ વસ્તુ સારી મળવી જોઇએ ને ચોખ્ખી મળવી જોઈએ અને બને તેટલી સસ્તી મળવી જોઈએ.

કારખાનાના કાયદા મુજબ મિલોએ પોતાના કારીગરો માટે કેન્ટીનો કરવાનાં છે. આ અંગે જરૂરી નિયમો થયા ન હોવાથી એ કામ ઢીલમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડ્યું છે. પણ કેન્ટીનો કરવાનાં જ છે તો સારાં કેન્ટીનો કરવાની શરૂઆત મિલો પોતે જ શા માટે ન કરે?

અમદાવાદમાં પણ સારી હોટેલો અને કેન્ટીનોવાળી મિલો છે. કેલિકો, જ્યુબિલી, અરવિંદ, એડવાન્સ અને જયભારતમાં એકંદરે કેન્ટીનો અંગે સારી વ્યવસ્થા છે એમ કહી શકાય. અહીં સહકારી ધોરણે કેન્ટીનો ચાલે છે. ચીજ વસ્તુઓ સારા પ્રકારની મળે છે. અરવિંદ તેમ જ કેલિકોની કેન્ટીનોમાં રાંધેલો ખોરાક આપવાની વ્યવસ્થા થઈ છે અને તે કેન્ટીનો નમૂનારૂપ હોઈ સાચેસાચ બીજા મિલમાલિકોને માટે અનુકરણીય છે.

કેલિકો મિલમાં જે કેન્ટીન ચાલે છે તેની કેટલીક હકીકત નોંધવા જેવી છે. તેમાં માત્ર આઠ આનામાં ૭ તોલા ઘઉંના લોટની આઠ પૂરી, ૩ તોલા ભાત, ૧૦ તોલા જેટલું શાક અને કઠોળ, જોઈએ તેટલી દાળ અને કચુંબર આપવામાં આવે છે. આ ઉપરાંત વધુ પૈસા લઈ ફરસાણ, તળેલો પાપડ, દહીં વગેરે આપવાની વ્યવસ્થા છે. જે કારીગરો ઘેરથી પોતાનું ભાત લઈ આવ્યા હોય અને દાળ, શાક, કઠોળ કે ફરસાણ ખાવા ઇચ્છે તેમને એક આનામાં વાટકી દાળ, બે આનામાં એક ચમચો શાક અને એક ચમચો કઠોળ તથા બે આનામાં ફરસાણ વગેરે આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

સાધારણ સ્થિતિના જે કામદારો આ કેન્ટીનમાં જમતા હતા તેમને પૂછતાં તેમણે જણાવ્યું કે, આઠ આનામાં અમને જે આપવામાં આવે છે તેનાથી સાધારણ રીતે અમારી ભૂખ સંતોષાય છે. મિલ તરફથી કેન્ટીનનું ભાડું, ફરનીચર ખર્ચ, બનાવનાર તથા પીરસનાર વગેરેનું ખર્ચ આપવામાં આવે છે. કેન્ટીનની ચોખ્ખાઈ પણ નમૂનેદાર છે. પરંતુ જે કારીગરો આનો લાભ લે છે તેમની સંખ્યા ઘણી ઓછી છે. આજે તો આ કેન્ટીન સવારે જ ચાલે છે. પરંતુ જો સાંજના પણ વધુ સંખ્યામાં જમનારાઓ થાય તો તેમને માટે પણ ઉપર મુજબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરાક આપવા મિલ તૈયાર થાય. એટલું જ નહીં, પરંતુ સાથે સાથે ઘેરથી ભાત લાવનારને છૂટક ચીજો પણ આપવામાં આવે. આ વ્યવસ્થા કારીગરો માટે ખૂબ લાભદાયક છે.

આવાં ઔદ્યોગિક કેન્ટીનો ચલાવવા માટે જમનારની સંખ્યા પ્રમાણે જરૂરી રેશન, ઘઉં અને ચોખા સરકાર તરફથી આપવાની વ્યવસ્થા છે. બીજી મિલો પણ આવાં કેન્ટીનો શરૂ કરી પોતાના કારીગરો આરામના વખતે સારો, સ્વચ્છ અને ગરમ ખોરાક ખાતા થાય તે દિશામાં પ્રયત્ન કરે એ ઇષ્ટ છે.

પાણીની વ્યવસ્થા:–પાણીની વ્યવસ્થા દરેક મિલમાં હોય છે, પણ તેની ઊણપો ધ્યાન ખેંચે તેવી છે. કેટલીક મિલોમાં પાણી ઠંડું, ચોખ્ખું અને વ્યવસ્થિત રીતે અપાય છે. પરબ પણ ચોખ્ખી તેમ જ કારીગરો સહેલાઈથી પાણી પી શકે એટલી નજીક હોય છે. જ્યારે કેટલીક મિલોમાં તો પૂરતા પ્રમાણમાં પાણી જ નથી હોતું, તો પછી ઠંડા અને સ્વચ્છ પાણીની તો વાત જ શી! વળી કેટલીકમાં પાણીની સગવડ સારી હોય છે; ત્યારે પરબની પાસે પાણીના નિકાલ માટે જે ગટર કરવામાં આવી હોય તે બરાબર સાફ થતી ન હોઈ, અંદર કીચડ ભરાઈ રહે છે અને પરિણામે દુર્ગંધ માર્યા કરે છે. વળી કેટલીક જગ્યાએ નળ પરબથી દૂર હોઈ પાણી ભરી લાવતાં પરબ-વાળાને મુશ્કેલી પડે છે, તો કેટલીક મિલોમાં પૂરતા પ્યાલા તેમ જ પૂરતી કોઠીઓ નથી હોતી.

આમ જે નાની નાની અગવડો છે તે જો સંચાલકો ધ્યાન આપે તો સહેજે દૂર કરાવી શકાય તેવી છે.

જાજરૂ, પેશાબખાનાં અને સ્નાનગૃહ:–ચાલીઓમાં રહેતા મજૂરોની વસ્તીના પ્રમાણમાં ચાલીઓમાં જાજરૂ, પેશાબખાનાં તેમ જ સ્નાનગૃહોની સંખ્યા ઘણી ઓછી છે. આથી મોટા ભાગના મજૂરે મિલોમાં જાજરૂ જવાનું તેમ જ સ્નાન કરવાનું પસંદ કરે છે. આ અંગે તપાસ કરતાં માલૂમ પડ્યું કે કેટલીક મિલોમાં જાજરૂ, પેશાબખાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સ્નાનગૃહોની સંખ્યા પૂરતી છે તો કેટલીકમાં વ્યવસ્થા પૂરતી નથી. કેટલીકમાં સ્નાનગૃહોને નળ નથી. જ્યારે કેટલીક જગ્યાએ સ્નાનગૃહો બંધાયાં છે, પણ હજુ સુધી તે ચાલુ કરવામાં નથી આવ્યાં. કેટલીક જગાએ તે દૂર હોઈ કારીગરો તેનો બરોબર લાભ લઈ શકતા નથી. વળી સ્નાનગૃહોમાં ખૂબ ગંદકી રહેતી હોવાને કારણે સામાન્યપણે તેનો કોઈ ઉપયોગ કરતું નથી. વળી તેમાં બત્તી નહીં હોવાને કારણે રાતપાળીના કારીગરો તેનો લાભ લઈ શકતા નથી.

તે જ પ્રમાણે જાજરૂ અને પેશાબખાનાંની દશા છે. સ્વચ્છતાનો અભાવ તો દરેક જગ્યાએ માલૂમ પડે છે. આ ઉપરાંત કમાડ નહીં હોવાં, બત્તી નહીં હોવી અને ચંબુ નહીં હોવા એ તો જાણે સઘળે ઠેકાણે સર્વસામાન્ય થઈ પડ્યું છે. આમ એકંદરે જોતાં જાજરૂ અને પેશાબખાનાંની સગવડો ખૂબ જ અસંતોષકારક છે.

વળી કેટલીક મિલો–એડવાન્સ, કૅલિકો, અને રાયપુર જેવીએ –આ સગવડો સારી રીતે પૂરી પાડી છે. ત્યાં જાજરૂ, પેશાબખાનાં તેમ જ સ્નાનગૃહો સારી હાલતમાં છે, સ્વચ્છ છે અને પૂરતી સગવડ-વાળાં છે. તેના જેવી સ્વચ્છતા અને સગવડ બધી મિલોમાં હોવી જોઈએ. દરેકને માટે સ્વચ્છ, ગંદકીરહિત અને પૂરતી વ્યવસ્થાવાળાં જાજરૂ, પેશાબખાનાં અને સ્નાનગૃહો હોવાં અતિ આવશ્યક છે.

વળી સાથે સાથે મજૂરભાઈઓએ પણ કાળજી અને સાવધાની રાખવાની છે કે, મિલોમાં જેવી જેવી સગવડો મળે તે સઘળી સગવડો-નો ઉપયોગ બહુ જ કાળજીપૂર્વક કરવો જોઈએ. સાધનો તેમ જ સગવડોનો દુરુપયોગ કરવાથી તેઓ પોતે ઊલટી અગવડમાં મુકાય છે. આવી નાની નાની બાબતોમાં તેઓ જો કાળજી અને વ્યવસ્થા રાખતાં શીખે તો તેમને પોતાને જ સારી સગવડનો લાભ મળે.

દવાખાનાં :— અમદાવાદમાં જે પ્રમાણમાં વસ્તી વધી તે પ્રમાણમાં દવા કરાવવાનાં સાધનો નથી વધ્યાં. આટલી મોટી વસ્તીમાં ફક્ત બે જ મોટી હૉસ્પિતાલો છે : વાડીલાલ તેમ જ સિવિલ. તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાટલાઓ ઓછા છે; અને તેમાંયે વળી ત્યાં સારવાર માટે રહેવાની તક ગરીઓ તેમ જ મજૂરોને માંડ મળી રહે છે.

આથી સૌથી પ્રથમ ફરજ મજૂરોના સ્વાસ્થ્ય માટે માલિકો ઉપર આવે છે; કારણ કે તેઓ એમની જિંદગીનો મોટો સમય ઉપયોગમાં લે છે. આથી તેઓએ જ સુંદર દવાખાનાં નિષ્ણાત ડૉક્ટર રોકીને ચલાવવાં જોઈએ અને આધુનિક સગવડથી સજ્જ એવી ઇસ્પિતાલો ખોલવી જોઈએ. યંત્ર સાથેનો સંબંધ અને લાગલાગટ કામના લાંબા કલાકની ક્રિયા કેટલાક ઔદ્યોગિક રોગો ઊભા કરે છે. તેના પ્રત્યે જો બેદરકારી બતાવવામાં આવે તો તેનું પરિણામ ગેરહાજરી અને કાર્ય-ક્ષમતાના ઘટાડામાં સ્પષ્ટ માલૂમ પડે છે; અને સાથે સાથે તે રોગો મજૂરના શરીરને તોડી નાંખી મૃત્યુના મુખમાં લઈ જાય છે. એ રીતે દેશની મનુષ્યશક્તિનો મોટામાં મોટો હ્રાસ થાય છે. આ સત્ય કેટલાક બુદ્ધિશાળી મિલમાલિકોને સ્પષ્ટપણે દેખાયું અને તેઓએ પોતાના મજૂરો માટે સંપૂર્ણ સગવડોવાળી ઇસ્પિતાલો અને દવાખાનાં ચાલુ કર્યાં.

આ કાર્યમાં સૌથી પ્રથમ પહેલ કરનાર શેઠ અંબાલાલ સારાભાઇ છે. તેઓએ તેમના મજૂરો માટે આધુનિક સગવડોથી સજ્જ એવી એક ઇસ્પિતાલ ચાલુ કરી છે.

આમ એમની શરૂઆત પછીયે આજે અમદાવાદની ૭૦ મિલો-માંથી ૩૩ મિલોમાં જ વૈજ્ઞાનિક ઢબે નિષ્ણાત ડૉક્ટરો દ્વારા દવાખાનાં ચલાવાય છે. ૧૬ મિલોમાં ફક્ત પ્રાથમિક ઉપચારનાં જ સાધનો અને કંઈક થોડીઘણી દવાઓ રાખવામાં આવે છે. ફક્ત ૧૦ જ મિલ કામકાજના પૂરા સમય સુધી દવાખાનાં ખુલ્લાં રાખે છે અને ઇન્જેકશન વગેરેના પૈસા લેતી નથી; અને સાથે સાથે કારીગરોનાં કુટુંબોને પણ દવા પૂરી પાડે છે. જ્યારે મોટા ભાગની મિલોમાં દવાખાનાં અમુક નિયત સમયે જ ખુલ્લાં રાખવામાં આવે છે.

સંતોષકારક અને સગવડવાળી રીતે જો દવાખાનાં ચાલત હોય તો તે નીચેની મિલોમાં છે. દા. ત. તાતાની એડવાન્સ, અરવિંદ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેલિકો અને જ્યુબિલી, સારંપુગર કોટન નં. ૧ અને આર્યોદય સ્પિનિંગ મિલ. આમાંથી એક બે મિલોની વિગત જોઈએ.

એડવાન્સ મિલ: દવાખાનું ચોવીસે કલાક ખુલ્લું રાખવામાં આવે છે. ત્યાં આગળ એક કાયમી ડૉકટર, ૩ દવા આપનાર, ૧ પાટાપટી કરનાર અને ૧ કારકુન રાખવામાં આવ્યા છે. અઠવાડિયામાં ત્રણ દિવસ દાંતના ડૉકટર તેમ જ આંખના ડૉકટર તપાસાર્થે આવે છે. ઇન્જેકશનો મફત આપવામાં આવે છે. કારીગર બીમાર પડે કે તરત ચાંપતા ઉપાયો લેવામાં આવે છે. વળી કારીગરોનાં કુટુંબીઓ તેમ જ આગળ પાછળના બીજા લોકો પણ આ દવાખાનાનો લાભ લે છે. લગભગ દરેક વિભાગ-માંથી સરખા જ દરદીઓ આવે છે. એકંદરે રોજ ૧૦૦ માણસો લાભ લે છે. રોગોમાં મુખ્યત્વે ખસ, ખૂજલી, ફોલ્લા, શરદી, કબજિયાત અને મલેરિયા છે.

અહીં આ સાલથી જ દવાખાના સાથે એક 'સેફટી એન્જિ-નિયરિંગ ડિપાર્ટમેન્ટ' પણ ખોલવામાં આવ્યું છે, જે અકસ્માતો સંબંધી નોંધ લઈ તે ફરી ન બને તે માટેના ચાંપતા ઉપાયો લે છે. દર મહિને સરેરાશ ૨૦થી ૨૫ અકસ્માતો થાય છે. મુખ્યત્વે અકસ્માતો સાળખાતામાં તેમ જ રૂની ગાંસડીઓ તોડતી વખતે બને છે.

આ ઉપરાંત શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ ગ્રુપની અશોક, અરુણ અને અરવિંદ મિલના મજૂરો માટે નરોડા રોડ પર એક ઇસ્પિતાલ ચલાવવામાં આવે છે. આ ઇસ્પિતાલમાં ૩૫ ખાટલાની વ્યવસ્થા છે. તેમ જ એક્સ-રે વગેરે માટે સાધનો પણ છે.

આ ત્રણે મિલોના વહીવટદારો તરફથી તે મિલના મજૂરો માટે અશોક અને ન્યૂ કૉમર્શિયલ મિલ વચ્ચે રૂ. ૪ લાખના ખર્ચે એક નવી ઇસ્પિતાલ બંધાઈ રહી છે. આ ઇસ્પિતાલમાં ત્રણ વિભાગ રહેશે. એક મેડિકલ, બીજો સર્જિકલ તથા ત્રીજો પ્રસૂતિ વિભાગ. પહેલા બે વિભાગમાં સ્ત્રીઓ તથા બાળકો માટે બાર અને પુરુષો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે બાર એમ બંને વિભાગમાં મળીને ૪૮ ખાટલા રહેશે. જ્યારે પ્રસૂતિ વિભાગમાં ૧૨ ખાટલા રહેશે.

આ ઉપરાંત આ નવી ઇસ્પિતાલમાં દવાખાનાનો વિભાગ રહેશે, જ્યાંથી દર્દીઓને દવા મળી રહેશે. ત્યાં એક કાયમી ડૉક્ટર રહેશે. તે ઉપરાંત બાઈ ડૉક્ટર, મદદનીશ ડૉક્ટર વગેરે પણ રહેશે.

અમદાવાદની મિલોના સંચાલકોએ આ ઉપરથી ધડો લઈ દરેકે પોતપોતાની મિલમાં મજૂરો માટે દાક્તરી સારવારની સારામાં સારી વ્યવસ્થા કરવી જોઈએ. જ્યાં વ્યક્તિગત મિલમાં બધી જ વ્યવસ્થા કરવી શક્ય ન હોય કે જગાની મુશ્કેલી હોય ત્યાં તે વિસ્તારની મિલો સંયુક્ત રીતે મોટું દવાખાનું અને ઇસ્પિતાલ ઊભાં કરી શકે અને ત્યાં બધી સગવડો વસાવી શકે.

શિક્ષણ:-મજૂરોમાં શિક્ષણનું પ્રમાણ બહુ જ ઓછું છે. આથી આંખ વિનાનો માણસ જેમ રાચરચીલાથી ભરેલા ઓરડામાં જ્યાં ત્યાં અથડાય તેવી રીતે ગૂંચવાડાઓથી ભરેલી દુનિયામાં તે ડગલે ને પગલે ભટકાય છે. આથી તેઓ ટાળી શકાય તેવાં દુઃખો અને મુશ્કેલીઓથી પણ હેરાન થાય છે.

અભણ અને ઠોઠ મજૂરો પાસેથી હંમેશાં ઓછું જ કામ મળે છે. તે જ માણસોને જો શિક્ષણ—ખાસ કરીને ઉદ્યોગ સંબંધી-આપવામાં આવે તો તેઓ જડ મજૂરો મટી કુશળ કારીગરો બને અને કારખાનાને ઘણો લાભ કરી આપે. પણ કમનસીબે બહુ થોડા માલિકો આ બાબત સમજે છે. કેટલાકને હંમેશાં ડર રહે છે કે, જો મજૂર હોશિયાર અને અક્કલવાળો થશે તો તે વધારે પગાર માગશે, અપમાન અને અન્યાય સાંખશે નહીં. આથી બહુ જ ઓછી મિલોમાં મજૂરો માટે પ્રૌઢવર્ગો ચાલે છે; અને મજૂરોનાં બાળકો માટે બહુ જ ઓછી મિલોમાં બાલવાડીઓ અને કુમારશાળાઓ ચલાવવામાં આવે છે. જે એક બે મિલો એને માટે પ્રયત્ન કરે છે તેમની વિગતો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એડવાન્સ મિલ:—જુલાઇ ૧૯૨૧ માં ડોફર્સ વિભાગમાં આવતા ૧૪–૧૫ વર્ષના છોકરા છોકરીઓ માટે આ શાળા ખોલવામાં આવી હતી. આ લોકો કારખાનાના કાયદા પ્રમાણે અર્ધો દિવસ કામ કરતા. તેઓ બાકીના સમયમાં રખડે નહિ અને કંઇક શીખે એ હિસાબે મિલના સંચાલકોએ અક્ષરજ્ઞાન આપવા માટે શાળાની શરૂઆત કરી. ધીમે ધીમે આ મોટી ઉંમરના કામદાર વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી થતી ગઇ. આથી તેને સ્થાને મજૂર બાળકોને પદ્ધતિસરની કેળવણી આપવાની શરૂઆત કરી. આજે એ શાળામાં પ્રાથમિક કેળવણી ઉપરાંત સંગીત, સીવણ, કાંતણ વગેરે વિષયોની પણ કેળવણી આપવામાં આવે છે. આને માટે ખાસ શિક્ષકો રોકેલા છે. એકથી ચાર ધોરણ સુધીનું શિક્ષણ અપાય છે. ૨૦૪ વિદ્યાર્થીઓ છે. સહશિક્ષણ ચાલે છે. નાતજાતના ભેદ શરૂઆતથી જ આ શાળામાં સ્વીકારાયા નથી. બાલ–પુસ્તકાલયની પણ સગવડ છે.

બાલ મંદિર:— ઘોડિયાખાતું અને પ્રાથમિક શાળા એ બંનેને જોડતું બાલમંદિર અહીં ચલાવવામાં આવે છે. તેમાં બાળકને દાખલ કરાવવાની વયમર્યાદા ૨½ થી ૫ છે. ૭૬ જેટલાં બાળકોની સંખ્યા હોવાથી સવાર–સાંજ બે વિભાગમાં તે ચાલે છે.

આ બાળમંદિર મોન્ટેસરી પદ્ધતિ પ્રમાણે ચાલે છે. બાળકોની શારીરિક સફાઇ કરવી, નખ કાપવા, વાળ ઓળવા વગેરે ક્રિયા પૂરી થયા બાદ બાળકોને પદ્ધતિસર વર્ગમાં લઇ જવામાં આવે છે. મોન્ટેસરી પદ્ધતિનાં બધાં જ સાધનો ત્યાં છે. તે ઉપરાંત તંતુવાદ્ય પર સંગીત શિક્ષક બાલગીતો ઉપરાંત અભિનય ગીતો, ક્રિયાત્મક ગીતો, ડૂચ, ગરબા, નૃત્ય, ભજન, ધૂન વગેરે ગવડાવે છે. બાળકો ખૂબ રસથી એમાં ભાગ લે છે.

સામાજિક તાલીમ જેવી કે હાથપગની સફાઇ, માથાં ઓળવાં, આસનો પાથરવાં, વાળવાં, સાધનોને વ્યવસ્થિત રીતે ફેરવવાં ને સ્થાનાંતર કરવાં વગેરે ક્રિયાઓ બાળકો વડે જ કરાવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષક દૈનિક નોંધ રાખે છે અને સાથે સાથે દરેક બાળકના વાલીઓ સાથે અંગત પરિચય પણ સાધે છે તથા વર્ષની આખરે બાળકનું નિરીક્ષણ કરી દરેક બાળકને વિષે વાર્ષિક નોંધ આપે છે.

આ ઉપરાંત કેલિકો મિલમાં પ્રાથમિક શાળા તેમ જ મજૂર બાળકો માટે બાલવિહાર અને ઑફિસરોનાં તથા કારકુનોનાં બાળકો માટે બાલ મંદિર ચલાવવામાં આવે છે.

મોન્ટેસરી પદ્ધતિએ વર્ગો ચાલે છે. ઉત્સવ, મનોરંજન કાર્યક્રમ તેમ જ પ્રવાસો ગોઠવાય છે. પ્રવાસમાં કેટલીક વાર મિલ ખર્ચ આપે અને કેટલીકવાર બાળકો પોતાને ખર્ચે જાય છે. અહીં ૪ શિક્ષિકાઓ, ૩ આયાઓ અને એક શિક્ષક કામ સંભાળે છે.

આમ બહુ જ ઓછા પ્રમાણમાં શિક્ષણનું કામ મિલોમાં ચાલે છે. તે કામનો ઘણો વધારે વિસ્તાર કરવાની જરૂર છે.

પ્રકરણ ૭ મું

ભારત સરકારનો કારખાનાનો કાયદો

ભારત સરકારે સને ૧૯૪૮માં કારખાનાનો કાયદો અમલમાં મૂકયો હતો. પરંતુ તે અંગે નિયમો ઘડવાના બાકી હતા. તે નિયમો હવે ઘડાઈ ગયા છે અને બહાર પાડવામાં આવ્યા છે. એટલે કારખાનાના નવા કાયદા મુજબ મજૂરોના કલ્યાણ અને સુખાકારી અંગે જે વ્યવસ્થા મિલોએ કરવાની રહે છે તેને લગતા નિયમો મુંબઈ સરકાર તરફથી બહાર પડયા છે. આ નિયમો મજૂરોના કલ્યાણાર્થે જ બનાવવામાં આવ્યા છે. તેનું પાલન કરવાની જવાબદારી માલિકોની છે. આમાંથી કેટલાક મહત્ત્વના નિયમો આપણે જોઇએ :

પીવાના પાણીની વ્યવસ્થા :—કારીગરોની સંખ્યા પ્રમાણે શિયાળા સિવાય સ્વચ્છ અને તંદુરસ્તીને નુકસાન ન કરે એવું ઠંડું પાણી, ભોજનઘરો, જમવાના માંડવા અને આરામઘરો, તેમ જ કાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાનામાં કામ કરતા કારીગરોને કારખાનાના દરેક ભાગમાં સહેલાઈથી પાણી મળે તેવી વ્યવસ્થા કરવી પડશે. આવાં પાણીઘરોને વરસાદ અને હવાથી રક્ષણ આપવા છાપરું હોવું જોઈશે. વળી પરબને સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવી પડશે. પરબવાળાને ચોખ્ખાં કપડાં આપવાં પડશે. કારખાનામાં એકીવખતે કામ કરતા દર ૧૫૦ વ્યક્તિઓ દીઠ એક પરબની વ્યવસ્થા કરવી પડશે.

જાજરૂ, પેશાબખાનાં અને થૂંકદાની:--કારખાનામાં દર ૨૫ સ્ત્રીઓ અને દર ૨૫ પુરુષોએ એક જાજરૂ હોવું જોઈએ. ૧૦૦ કરતાં વધુ કારીગરો કામ કરતા હોય તો પહેલા ૧૦૦ કારીગરો માટે દર ૨૫ કારીગરોએ એક જાજરૂના હિસાબે અને ત્યાર બાદ દર ૫૦ કારીગરોએ એક વધુ જાજરૂની વ્યવસ્થા હોવી જોઈએ. જાજરૂનું બાંધકામ જાહેર તંદુરસ્તીના નિયમો પ્રમાણે કરવું પડશે. પુરુષો અને સ્ત્રીઓનાં જાજરૂ જુદાં હોવાં જોઈશે. તે ઉપરાંત મર્યાદા સચવાય તેવાં બારણાંવાળાં તેમ જ અંદરથી વસાય તેવી સાંકળોવાળાં હોવાં જોઈશે.

જ્યાં ૫૦૦ થી વધારે કારીગરો કામ કરતા હોય ત્યાં દર ૫૦ કારીગર દીઠ એક પેશાબખાનું અને ત્યાર બાદ ૧૦૦ કારીગર દીઠ એક વધુ પેશાબખાનાની વ્યવસ્થા કરવી પડશે. એની રચના પણ જાહેર તંદુરસ્તીના નિયમો પ્રમાણે હોવી જોઈશે. જ્યાં ગટર હોય ત્યાં તે ગટરના જોડાણવાળાં બાંધવાં પડશે.

જાજરૂ કે પેશાબખાનાને દર ચાર માસે ધોળાવવાં કે રંગાવવાં પડશે. તે ઉપરાંત ફેક્ટરી ઇન્સ્પેક્ટરની સૂચના પ્રમાણે થૂંકદાનીની વ્યવસ્થા કરવી પડશે.

અકસ્માતમાં તાત્કાલિક મદદ:—જે કારખાનામાં ૫૦ ઉપરાંત માણસો કામ કરતા હોય ત્યાં પ્રાથમિક સારવારની પેટી અગર કબાટમાં નીચેનાં સાધનો રાખવાં જોઈશે: સ્ટરીલાઈઝડ નાના મોટા તેમ જ મધ્યમ કદના પાટા, છરી, કાતર, ટિંકચર આયોડિન, સાલવોલેટાઈનની ૪ ઔંસની શીશી, સેફ્ટી પીનો, સ્પ્લીટર્સ વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાહવા ધોવાની સગવડ:— દરેક કારખાનામાં કામ કરતા કારીગરને નાહવા ધોવાના ઉપયોગ માટે પૂરતી અને અનુકૂળ સગવડો આપવી પડશે. આ સગવડોમાં સાબુ અને નખ સાફ કરવાનો બ્રશ અગર શરીરને સ્વચ્છ રાખવા માટેનાં બીજાં સાધનો રાખવાં પડશે. આ સાધનો સ્વચ્છ અને વ્યવસ્થિત સ્થિતિમાં રાખવાં પડશે. જે કારીગરોને નુકસાનકારક પદાર્થ સાથે કામ કરવાનું હોય ત્યાં ૧૫ કારીગર દીઠ એક નળની વ્યવસ્થા કરવી જોઈશે. બાકીના માટે નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે:

કારીગરોની સંખ્યા	નળની સંખ્યા
૨૦ સુધી	૧
૨૦ થી ૩૫	૨
૩૬ થી ૫૦	૩
૫૧ થી ૧૫૦	૪
૧૫૧ થી ૨૦૦	૫

બાદ ૫૦૦ સુધી દર પચાસે એક નળ વધારવો ને ત્યાર બાદ દર ૧૦૦ દીઠ એક નળ વધારવો.

સ્ત્રી કામદારો માટે નાહવાની જુદી વ્યવસ્થા હોવી જોઈએ; અને નાહવા માટે કારીગર દીઠ ૬ ગૅલન પાણીની વ્યવસ્થા કરવી જોઈએ.

બેસવા માટેની જોગવાઈ:— જે કારખાનામાં કારીગરોને ઊભાં ઊભાં કામ કરવાનું હોય ત્યાં કામ કરતાં કરતાં બેસવાનો સમય મળે ત્યારે બેસવાની જોગવાઈ કરી આપવી જોઈએ.

કૅન્ટીન અથવા ભોજનઘર:— ૨૫૦ થી વધારે કામદારો કામ કરતા હોય ત્યાં ભોજનઘર અથવા ભોજનઘરોની જોગવાઈ માલિકે કરવી જોઈએ. ખોરાક, પીણું અને બીજી વેચાતી ચીજો સ્વચ્છ, સુઘડ અને સારી, નફા વગર અને ઠરાવેલી કિંમતે વેચાવી જોઈએ. કૅન્ટીન મૅનેજિંગ સમિતિને માન્ય હોવાં જોઈએ, કે જેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેનેજર તેમ જ માલિક ને મજૂરોના પ્રતિનિધિઓ હોય. આ સમિતિ એના ખોરાક, સમય, વહીવટ વગેરે પર ધ્યાન રાખશે.

આરામઘરો તેમ જ જમવાના માંડવા :—જ્યાં ૧૫૦ થી વધુ કારીગરો કામ કરતા હોય ત્યાં સુઘડ અને વ્યવસ્થિત માંડવા તેમ જ આરામઘરો પાણીની વ્યવસ્થા સાથે બાંધવાં પડશે.

ઘોડિયાઘરો :—૫૦ થી વધારે સ્ત્રી કામદારો જ્યાં કામ કરતી હોય એવાં કારખાનાંમાં એમનાં ૬ વર્ષથી નાનાં બાળકો માટે ઘોડિયાઘર બાંધવાં પડશે. તેમાં વ્યવસ્થિત નાની ગોદડીથી સજ્જ એવું ઘોડિયું, સમયે સમયે દૂધ, રમકડાં, તેમ જ કપડાંની વ્યવસ્થા કરવી પડશે. એકાદ ખુરશી અથવા બીજું કાંઈ બેસવાનું સાધન રાખવું જોઈએ, કે જેના પર બાળકની માતા બેસી બાળકને વ્યવસ્થિત રીતે ધવડાવી શકે.

વેલ્ફેર ઑફિસર :—૫૦૦ થી વધારે મજૂર કામ કરતા હોય એવાં કારખાનાંમાં મજૂરોના હિતાર્થે એક વેલ્ફેર ઑફિસરની નિમણૂક કરવી પડશે.

સરકારે આ નિયમો તો કર્યા, પણ આપણે આગલાં પ્રકરણોમાં જોયું તેમ કેટલીક મિલોમાં આ અંગેની સગવડો સારી છે તો કેટલીક મિલો આવી અગત્યની બાબતો પ્રત્યે સાવ ઉદાસીનતા જ સેવી રહી છે. વળી કેટલીક મિલોમાં જે સગવડો અપાઈ છે તેનો જે રીતે લાભ લેવાવો જોઇએ તે રીતનો લાભ મજૂરો નથી લેતા. તે માટે તેમની બેદરકારી અને લાપરવાઈ જવાબદાર હોવાનું જણાયું છે. પણ એકંદરે જોતાં એમ કહી શકાય કે, મોટા ભાગની મિલોમાં આગળ જણાવ્યું તે મુજબ જાજરૂ, પેશાબખાનાં, સ્નાનગૃહો, કેન્ટીનો વગેરે નામે ઓળખાતી જે સગવડો કરી કહેવાય છે તે ફક્ત નામની જ છે; અને તેની પાછળ કેવળ કાયદાનું પાલન કર્યું બતાવવાનો જ એક માત્ર ઉદ્દેશ રહેલો જણાય છે. ભાગ્યે જ એકાદ બે મિલોના અપવાદ સિવાય કોઈ મિલ એવી છે કે, જેમાં ઉપરોક્ત બધી બાબતો પ્રત્યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિલના વહીવટદારોએ સારી ચીવટ રાખી હોવાનું કહી શકાય. કોઇમાં કૅન્ટીનની સગવડ સારી હશે તો પેશાબખાનાં ખરાબ હશે અને પૂરતાં નહીં હોય; કોઈમાં સ્નાનગૃહની સગવડ હશે તો જાજરૂનાં ઠેકાણાં નહીં હોય; કોઇમાં આ બધું ઠીક ઠીક હશે તો પીવાના પાણીની વ્યવસ્થાના નામ પર મીંડું મુકાયેલ હશે. આ માટે મિલોના વહીવટદારોની 'હોતી હય, ચલતી હય' અને મજૂરોના આરોગ્ય બાબતની ઉપેક્ષાવૃત્તિ અગર તો તે પ્રત્યેની અજ્ઞાનતાભરી બિનસમજદારી જવાબદાર ગણી શકાય.

આથી હવે ભારત સરકારના કારખાનાના કાયદાનો અમલ કરવાનો સમય થઈ ગયો છે. આમ કડકાઈ થાય અને તેનું ન છૂટકે પાલન કરવું જ પડે તેવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે જ પોતાના મજૂરોની તંદુરસ્તી સાથે સંકળાયેલ આવી મહત્ત્વની બાબતો પ્રત્યે લક્ષ ધરવું એ ખરેખર માલિકોની પ્રતિષ્ઠાને શોભાવનારું ન ગણાય. તેમણે બીજું કાંઈ નહીં તો પોતાના સ્વાર્થ ખાતર પણ આવી સગવડો આપવી જોઈએ, કારણ કે મજૂર તંદુરસ્ત હશે તો એ વધુ કામ કરી શકશે.

માલિકો આ વાત ચોક્કસ સમજે છે, પણ સંભવિત છે કે મજૂરો પ્રત્યેની તેમની માનસિક નફરત તેમને સાચા રસ્તે જતાં રોકતી હશે. 'મોંઘવારી ખાવી હશે તો એ નહીં તો એના જેવા કંઈક મજૂરો પરસી કરતા આવશે.' એવી કંઈ માન્યતા કદાચ તેમને મજૂરોની તંદુરસ્તી પ્રત્યે દુર્લક્ષ કરવા માટે પ્રેરતી હશે. ગમે તે કારણ હોય પણ એ વાત તો ચોક્કસ છે કે, માલિકોએ મોટે ભાગે મજૂરોના સ્વાસ્થ્ય, તંદુરસ્તી અને આરોગ્ય પ્રત્યે ઉપેક્ષા, ઉદાસીનતા, દુર્લક્ષ અને બેદરકારી જ સેવી છે. પણ માલિકોએ આવી વૃત્તિનો ત્યાગ કરી પોતાના મજૂરો માટે જરૂરી સગવડો આપવી જોઈએ. એ રીતની દીર્ઘ દૃષ્ટિએ વર્તવામાં તેમનું તેમ જ સમાજનું હિત સમાયેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૮મું

સામાજિક સલામતી

આધુનિક કહેવાતા યંત્રોદ્યોગના જમાનામાં એવી સ્થિતિ થઈ છે કે, પ્રત્યેક મજૂરની રોજિંદી આવક માંડ માંડ ગુજરાન ચાલી શકે એટલી જ હોય છે. બીજી તરફથી આખી ઉદ્યોગપદ્ધતિ એવી છે કે તેમાં અકસ્માત અને બેકારીનો સંભવ વધારે છે. વળી ગંદકી અને ગિરદીમાં રહેવાને લીધે માંદગી પણ વખતોવખત આવે અને ઘડપણ પણ વહેલું આવે. આ જમાનાને આર્થિક પ્રગતિનો જમાનો કહેવામાં આવે છે, પણ જેમ જેમ આર્થિક પ્રગતિ થતી દેખાય છે તેમ તેમ વસ્તીના મોટા ભાગનું જીવન ખૂબ જ અનિશ્ચિતતા અને જોખમથી ભરેલું થતું જાય છે. એટલે માંદગી, ઘડપણ, અકસ્માત, મોસમની તેજીમંદી, કામની અનિયમિતતા તથા બેકારી વગેરેની સામે વીમાની યોજના કરવી, એ સલામતીની દૃષ્ટિએ આવશ્યક થઇ પડયું છે.

આથી જેને સામાજિક વીમો અથવા સામાજિક નિશ્ચિંતતા કહેવામાં આવે છે તેમાં તો આખા મજૂરવર્ગને તેના કામની સાથે જ જે અનિશ્ચિતતાઓ અને જોખમો રહેલાં છે તેમાંથી બચાવવાનો આશય છે. આ જાતના વીમાનું નિયમન કાયદાથી થાય છે. વીમાના હપતાનો અમુક ભાગ જ મજૂરને ભરવાનો હોય, વધારે જવાબદારી કારખાનાદાર ઉપર નાખવામાં આવે અને સરકાર પણ વીમાના હપતામાં થોડોક હિસ્સો આપે એવી કલ્પના છે. વળી આ વીમાનું કામ ધંધાદારી વીમા કંપનીઓ દ્વારા ન થાય, પણ એ જવાબદારી સરકાર જ નવું ખાતું ખોલીને ઉપાડી લે એવી માન્યતા જોર પકડતી જાય છે. એની પાછળ વિચાર એ છે કે, આખા સમાજના ઉપભોગ અર્થે સંપત્તિ પેદા થાય છે માટે તે સંપત્તિના ઉત્પાદકો ઉપર જે જોખમો આવે છે તે જોખમોનો બોજો આખા સમાજ ઉપર પડવો જોઇએ. આ હેતુ ધ્યાનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખી કારખાનામાં કામ કરતા દરેક કામદારને અકસ્માત, માંદગી, ઘડપણ, બાળઉછેરનો પ્રબંધ, અપંગ અને અશક્ત માટેની વ્યવસ્થા, વિધવાઓનું રક્ષણ તેમ જ બેકારી માટે કાંઈ ને કાંઇ બાંયધરી આપતા કાયદા સૌથી પહેલાં જર્મનીએ સને ૧૮૮૦ થી ૧૮૯૦ ના દાયકાના ગાળામાં કર્યા; અને ત્યાર પછી ઈંગ્લંડ, ફ્રાન્સ, ઑસ્ટ્રિયા, ઈટાલી વગેરે દેશોમાં થયા. આ બધા જ કાયદાઓમાં વીમાની પધ્ધતિનો આશ્રય નથી લેવામાં આવ્યો. કેટલાક કાયદા તો સરકાર તરફથી સીધી રાહત આપનાર પણ છે. પરંતુ એ બધાનો ઉદ્દેશ કારખાનાંના મજૂરને અનિશ્ચિતતા અને જોખમો સામે લાચાર બની જતો અટકાવવાનો અને તેને મદદ કરવાનો છે.

આપણે આ બધા કાયદાની વિગતોમાં ન ઊતરતાં હમણાં ઇંગ્લંડમાં સર વિલિયમ બીવરીજે ગ્રેટબ્રિટનની આખી પ્રજા માટે સામાજિક સલામતીની જે યોજના ઘડી છે તેની બહુ આછી રૂપરેખા જોઈશું, જે ઉપરથી સામાજિક સલામતીમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે તેનો ખ્યાલ આવશે.

સર વિલિયમ બીવરીજે મુખ્ય ધોરણ એ રાખ્યું છે કે, આખા રાષ્ટ્રમાં તમામ સ્ત્રી પુરુષને તે કામે હોય કે ન હોય, તે માંદાં હોય કે સાજાં, જુવાન હોય કે ઘરડાં, પણ ઓછામાં ઓછી અમુક આવક તો સૌને મળવી જ જોઇએ. નિરાધાર દશામાં કોઈને ન રહેવા દેવું જોઈએ તેમ જ આખા કુટુંબને પૂરેપૂરી દાક્તરી મદદ મળવી જોઈએ. તેમાં દાંત તથા આંખોને લગતી દાક્તરી મદદ આવી જાય છે અને હૉસ્પિટલની તથા નર્સિંગ હોમની સારવારનો તથા રોગમુક્ત થયા પછી શકિત આવતાં સુધી આરોગ્યભવનમાં રહેવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શરીરને તાજગી અને આરામ આપવા માટેની સગવડો પણ દરેકને મળે એવી વ્યવસ્થા એ યોજનામાં રાખી છે. વળી ગમે તેવા શ્રીમંત માણસોને પણ એ યોજનામાંથી બાતલ રાખવામાં આવ્યા નથી. એ યોજના પ્રમાણે મળતા લાભો તમામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ગના માણસો માટે, તેમના પગાર અથવા આવકથી નિરપેક્ષ રીતે સરખા રાખવામાં આવ્યા છે. દરેક પુખ્ત વયના માણસનો વીમો ઉતરાવવાનું ફરજિયાત છે. વીમાના હપતાની રકમ સ્ત્રી કરતાં પુરુષને માટે સહેજ વધારે રાખવામાં આવી છે. તે દર અઠવાડિયે જણ દીઠ સરેરાશ ૪ શિલિંગ ૩ પેન્સ આવે છે જે પુખ્ત વયનાં સ્ત્રીપુરુષો બેકાર, અથવા માંદાં અથવા ઘરડાં હોય તેમના વીમાના હપતાની રકમ તેમને મળતા લાભની રકમમાંથી કાપી લેવામાં આવે છે.

હિંદમાં આ દિશામાં હજુ કશું થયું નથી તેમ કહીએ તો ખોટું નથી. સ્ત્રીઓને સુવાવડ દરમિયાન કાંઈને કાંઈ રાહત આપવાના કાયદા સને ૧૯૨૯ પછી જુદા જુદા પ્રાંતમાં જુદા જુદા વર્ષમાં પસાર થયા છે. વળી તે ઉપરાંત કારખાનાંમાં કામ કરનારા મજૂરોને કામ ઉપર હોય ત્યારે કાંઈ અકસ્માત નડે તો નુકસાનીના બદલામાં અમુક રકમ આપવાનું ઠરાવવામાં આવ્યું છે. માંદગી, બેકારી, ઘડપણ, બાળઉછેર વગેરે બાબતો અંગે કશોયે વિચાર કરવામાં નથી આવ્યો હમણાં હમણાં મધ્યસ્થ સરકાર તરફથી 'રાષ્ટ્રીય આરોગ્ય અને વીમાની યોજના', નક્કી કરવામાં આવી છે. તેમાં મજૂરોને માંદગી વખતે દેખરેખ અને કંઈક રોકડ મદદ આપવાનું ઠરાવવામાં આવ્યું છે. આથી ૨૦ થી ૨૫ લાખ મજૂરોને લાભ મળશે એવી કલ્પના છે. આ ફંડના $\frac{1}{3}$ પૈસા મજૂરો પાસેથી અને $\frac{2}{3}$ માલિકો પાસેથી ભરાવવામાં આવશે. રાજ્યની સ્થિતિ ગરીબ હોવાથી તે ફક્ત વહીવટ સંભાળશે અને વહીવટી ખર્ચ આપશે; અને શરૂઆતમાં ખોટ જાય તો રાજ્ય તેમાં ઉમેરશે. આ રીતે સદ્ધરતાની જામીનગીરી પોતાના હાથમાં રાખી રાજ્યે એક સુંદર કાર્યની શરૂઆત કરી છે. દિનપ્રતિદિન મજૂરોની સામાજિક નિશ્ચિંતતા વધતી જાય તો જ સુરાજ્ય તરફ દેશ જલદી આગળ વધી શકે એ સ્પષ્ટ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૯મું

નવરાશની વૃદ્ધિ

સો વર્ષ ઉપર ઈ. સ. ૧૮૪૭માં દશ કલાકના કામનો કાયદો પાસ થયો. તેમાં એમ ઠર્યું કે, કારખાનામાં કામ કરતી સ્ત્રીઓ તથા નાના છોકરાઓના કામના કલાક દસથી વધારે નહીં હોય... આમાં એ જ વર્ગના કામદારોની વાત છે, પણ બધા જ કામદારો માટે એ નિયમ બનતો ગયો...... ૭૦ વર્ષ ઉપર એમાં ઘટાડો થયો અને એમ ઠર્યું કે, કામદારોના અઠવાડિક કામના કુલ કલાક સરેરાશ લગભગ ૫૪ હોવા જોઈએ. આ નિયમ પહેલા વિશ્વયુદ્ધ સુધી ચાલ્યો. આજે ઘણાખરા ઉદ્યોગોમાં અઠવાડિક કામના કલાક ૪૪ છે. એટલે કે ૭૦ વર્ષના ગાળામાં ૧૦ કલાકની નવરાશ મજૂરો પામ્યા. પૂરા પાંચ દિવસ ગણી આ કલાકો ફાળવીએ તો એમ થયું કે રોજ પહેલાં કરતાં બે કલાકની નવરાશ મળવા લાગી. આ થઈ યુરોપના દેશોની વાત.

હવે અહીંની–અમદાવાદની સ્થિતિ નિહાળીએ. ૧૯૧૭–૧૮માં મજૂરોને ૧૨ થી ૧૩ કલાક મિલોમાં સતત કામ કરવું પડતું. આ અસહ્ય સ્થિતિ પૂ. ગાંધીજી સહન ન કરી શક્યા. એટલે તેઓએ પંચ દ્વારા કામના કલાકો દિવસના ૧૦ કરાવ્યા. આજે હવે અહીં પણ અઠવાડિક કામના કલાક ૪૮ થયા છે. આથી અહીં પહેલાં કરતાં રોજના ૪ કલાકની નવરાશ મળવા લાગી... અને હજી કામના કલાકોમાં ઘટાડો માગતું દબાણ ચાલુ જ છે.

કેટલાક મજૂરોના કેસમાં બીજી એક રીતે પણ નવરાશ વધી છે. આજથી ૩૦–૩૨ વર્ષ પહેલાં લોકો પગે ચાલતા જ કામ પર જતા. આજે બસ જેવાં અનેક સાર્વજનિક વાહનો વધ્યાં છે અને સર્વવ્યાપી સાઈકલ આવી છે. આ જમા બાજુ સામે ઉધાર એ છે કે, મોટાં શહેરો ઢંગધડા કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોજના વગર થયાં છે. તેથી કેટલીક જગાએ નકામું અંતર વધ્યું છે તો કયાંક વખત બચવા છતાં મુસાફરી કરવાની રીત એવી છે કે મન પર વધારે ક્લેશ અને બોજો રહે છે. એટલે મજૂરવસ્તી માટે સારાંશે જમા રહે છે કે ઉધાર એ કહેવું અઘરું છે.

વધારે ચોક્કસ કાયદા તહેવારોની રજાઓનો થયો છે. એને લીધે પણ નવરાશ વધી છે.

આથી પહેલો પ્રશ્ન એ છે કે, મજૂરવસ્તીને તેમના વડવાઓના જમાનાની સરખામણીમાં દર અઠવાડિયે જે નવરાશ મળે છે તે કેવી રીતે વપરાય છે? નવરાશનો ઉપયોગ કેવો થાય છે તેનો વ્યાપક અભ્યાસ થયો નથી. એટલે આ પ્રશ્નનો પૂરો કે વિગતવાર ઉત્તર આપી શકાય એમ નથી. ફક્ત આપણને એટલી ખબર છે કે કેટલાંક ધંધાદારી મનોરંજનો ખીલ્યાં છે ખરાં–ખાસ કરીને સિનેમા ને જુગાર. આ ઉપરાંત આંકફરક અને શબ્દવ્યૂહની હરીફાઈઓ, રેડિયો અને નાટકો, હોટેલો વગેરે. પરંતુ મજૂરોને મળેલી ચાર કલાકની નવરાશ તેઓ કેમ વાપરે છે એતું પૂરું અને સાચું ચિત્ર આપણે દોરી શકતા નથી. સિનેમા, જુગાર, અને હોટેલો એ ત્રણ વેપારી ધોરણે ખીલેલાં સાહસો છે. મનોરંજનના ક્ષેત્રમાં લોકપ્રિય થવામાં આ ત્રણે બીજા બધા હરીફોને કયાંય હંફાવી મૂકયા છે.

આથી નવરાશના ઉપયોગમાં આજે ઠંડું પેટ ચાલે એમ નથી... રાજદ્વારી લોકશાહીએ નવી જરૂર ઊભી કરી છે. આજની ખાવા ધાતી દુનિયામાં જે પ્રજા પોતાની આંતરિક અને બાહ્ય જવાબદારીઓના ભાનને વિષે કેળવાતી નથી, તે ટકી શકવાની અને પોતાના નેતાઓને સમજપૂર્વક ચૂંટી શકવાની તથા પોતાની આઝાદીને સાચવી રાખવાની આશા ન રાખી શકે. લોકશાહી રાષ્ટ્રે જો જીવતા રહેવું હોય તો તેણે અણસમજુ અને અજ્ઞાન રહે ન પાલવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે સૌથી વધારે નવરાશવાળા લોક બે છે—કિસાન અને કામદાર. તેઓ કેવા નાગરિક બને છે તેના પર ભાવિનો આધાર છે. આ લોકની નવરાશનો સદુપયોગ થાય એમ કરવા મથવું એ આજે કદાચ મોટામાં મોટું સમાજસેવાનું કામ છે.

આથી મજૂરોને ફુરસદના ફળદાયી ઉપયોગ તરફ વાળવાની જવાબદારી મજૂર મહાજન, સરકાર તેમ જ માલિકની છે. સ્થાનિક તેમ જ રાષ્ટ્રીય સંસ્કૃતિની ગુણવત્તા એના પર જ નિર્ભર છે. સર્જનાત્મક કલાકારીગરીમાં, વ્યાયામ અને રમતગમતોમાં, સંસ્કાર-વિકાસ અને સામાજિક પ્રવૃત્તિઓમાં પોતાનો સમય ગાળવાની સગવડ અને તક મજૂરોને આપવી જોઈએ. એટલું જ નહીં પણ, સાથે સાથે ફુરસદની પ્રવૃત્તિઓ માટે માર્ગ મોકળો કરી આપવો જોઈએ.

ફુરસદનો સારામાં સારો ઉપયોગ કુશળતા દાખવવી પડે તેવી કોઈ પણ પ્રવૃત્તિ જ હોઈ શકે. કારણ કે એ જાતની પ્રવૃત્તિમાં જે આનંદ અને ઉત્સાહ અનુભવાય છે તે જીવનમાં બીજે કોઈ પ્રસંગે અનુભવાતો નથી. કેળવણીની સારી પદ્ધતિએ પોતાની ફુરસદનો ઉપયોગ કરવાની તાલીમ આપવી જોઈએ. તેણે મજૂરોની સર્જક શક્તિઓને વ્યક્ત કરવાનું અને વિવિધ માર્ગોએ થઈને તેમને સૌંદર્યને રસ્તે વાળવાનું લક્ષ રાખવું જોઈએ. મજૂરોને જો એ રીતે કેળવવામાં આવે, તો મજૂરો ફુરસદનો બહુ ઓછો ભાગ ઇંદ્રિયસુખોનાં સ્થૂળ આકર્ષણોને વશ થવામાં ગાળે અને તેનો મોટો ભાગ પોતાની સર્જક શક્તિઓ વિકસાવવામાં ગાળે. આ કામ સફળતાપૂર્વક નહિ થાય તો નવરું મન ભૂતનું કારખાનું બને; અને પરિણામે કામના કલાક ઓછા થવાથી લાભ થવાને બદલે નુકસાન થાય. વધારે કલાક કામ કરવું એના કરતાં તે વધારાનો સમય નુકસાનકારક પ્રવૃત્તિઓમાં બરબાદ કરવો એ વધારે ખરાબ છે. આથી કામના કલાક ઘટાડવાની સાથે નવરાશના વખતનો સદુપયોગ કરતાં શીખવવાની જવાબદારી મજૂર સંસ્થાઓ અને સરકારની છે. આ મુખ્ય હેતુથી જ કલ્યાણ કેન્દ્રોની પ્રવૃત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચલાવવામાં આવે છે; અને સહાયક ઉદ્યોગો શીખવવાની તથા શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવે છે. આ કામ પરસ્પર સહકારથી જેટલું સારું થશે તેટલું મજૂરજીવન ઉન્નત થશે અને તેમના હિતમાં કરેલા સુધારા સાર્થક થશે.

પ્રકરણ ૧૦ મું

વ્યસનો – મજૂરોનો સામાજિક સડો

આજના મજૂરજીવન પર દૃષ્ટિ નાખીએ તો જણાશે કે, મજૂરોની આર્થિક સ્થિતિ અમુક અંશે હળવી બની હોવા છતાં, તેને સાચા જીવનનો યોગ્ય માર્ગ સૂઝતો નથી. એટલે તે અવળે માર્ગે ચડી જઈ વ્યસનોમાં ફસાઈ પડે છે.

આજે મજૂરોમાં જુગાર, નશો, સટ્ટો એ વ્યસનો તો છે જ; પણ તે ઉપરાંત બીજાં વ્યસનો પણ છે, જેનો ઉપાય કરવાની જરૂર છે. આવાં વ્યસનોમાં કંઈ પણ ધંધો ન કરતાં નકામાં ગપ્પાં માર્યાં કરવાં અને ડાયરામાં કે મિજલસમાં હાજર ન હોય તેવા લોકોની કૂથલી કરવામાં ગમે તેટલો વખત બગાડવો એ મોટામાં મોટું વ્યસન છે. વૈદકશાસ્ત્રે બોલી બોલીને થાકી જનારાઓ વિશે કહ્યું છે કે: वाक्पातो वीर्यपातात् गरीयान् । આ વાત આધ્યાત્મિક અર્થમાં પણ સાચી છે. આથી મજૂરોનું વ્યસન કાઢી નાંખવા માટે મજૂરોમાં એક જબરજસ્ત ચળવળ ચલાવવી જોઈએ અને સંસ્કારનું સિંચન કરવું જોઈએ.

વળી આપણા સમાજમાં સેંકડો પેઢીના કડક આગ્રહથી સ્વચ્છતાની અને સંસ્કારની ટેવો દૃઢ હતી તે પણ હવે ઢીલી થતી જાય છે. શરીરશુદ્ધિ, આહારશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ અને વાણીશુદ્ધિ એ ચારે વસ્તુ માનવવિકાસના પાયાની બાબતો છે. છતાંયે આજે આ બાબતોમાં અતિશય શિથિલતા જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાંક વ્યસનો એટલાં રૂઢ અને દઢમૂલ થયાં છે કે તેમની વિરુદ્ધની મજૂરોની ધર્મબુદ્ધિ જ બૂઠી થઈ ગઈ છે. અશ્લીલ શબ્દો ગમે ત્યારે ગમે તેવા બોલવા, એકબીજાને એઠી ગંદી ગાળો દેવી અને સ્ત્રીઓની આગળ કે છોકરા છોકરીઓ આગળ પણ લાજ વગર અસભ્ય શબ્દો બોલવા, એમાં મજૂર લોકોને કંઈ અજુગતું લાગતું જ નથી. આ દોષ બહુ વ્યાપક છે. તેથી તે કાઢવા જેવો નથી એવું તો નથી જ.

વળી ચા, તમાકુ, અફીણ, ગાંજો વગેરે પદાર્થો તો વ્યસનોના રાજાઓ ગણાય. એમનું સામ્રાજ્ય એટલું વિસ્તૃત છે કે, તેને તોડવાને માટે ધર્મનિષ્ઠ લોકોએ મોટા પાયા પર ઝુંબેશ ચલાવવી જોઈએ.

કેટલાક તો હજુયે દર મહિને રજાના દિવસોમાં દારૂ પીએ છે અને અમુક જગ્યાએ ખાનગીથી ચોરીછૂપીથી દારૂ ગાળે છે. આમ મજૂર ભાઇઓ પોતાની અજ્ઞાનતાને લઈને સરકારી બંદોબસ્ત હોવા છતાં ચોરીછૂપીથી આવાં કાર્યો કર્યા કરે છે. આમાંથી જેમ બને તેમ જલદી છૂટવું એ દરેક મજૂરભાઇની ફરજ છે; અને આવા જે હોય તેને જાણનાર દરેક ભાઈએ તેને એમાંથી છોડાવવા પ્રયત્ન કરવો જોઈએ.

જુગાર એ એમનું મોટું વ્યસન છે. પગાર કે વધારો મળવાનો હોય તે દિવસે તો જાણે કોઈ એક રાજ્યના વારસદાર ન હોય તેમ જુગારીઓ અમુક ઠેકાણે ભેગા મળી કચેરી ભરે છે અને ધૂમ રમે છે. પણ જુગારમાં હારી જતાં ખાખી બંગાળી બની હતાશ થઈ ચીંથરેહાલ દશામાં આમ તેમ ભટકતા ફરે છે. આવાઓને કુટુંબની જવાબદારીનું ભાન નથી હોતું તેમ જ સામાજિક પ્રતિષ્ઠાનો પણ ખ્યાલ નથી હોતો.

વળી અજ્ઞાનતાને લઈને સિનેમા અને નાટક પાછળ પણ તેઓ અતિશય ખર્ચ કરે છે. મિલ કે ફેક્ટરી બંધ હોય તો તે દિવસોએ સિનેમા અને નાટકમાં જગા જ મળવી મુશ્કેલ! કીડીઓની માફક તેઓ ત્યાં ઊમટે છે. કલાકોના કલાકો ટિકિટો માટે લાઈનમાં ઊભા રહે છે. આમ પોતાનાં સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી આંકફરકની બદી પણ શહેરમાં ખૂબ જ વધી ગયેલી છે. શહેરમાં ગમે ત્યાં જાવ, સટ્ટાની એટિંગો લેનારા, તેજીમંદી ખાનારા કે ફીચરની સ્લીપો રમનારા માનવીઓ જોવા મળશે જ. આ બદીમાં હજારો મજૂરો ફસાયેલા છે. એનાં મૂળ ખૂબ ઊંડાં નંખાઈ ગયેલાં છે. આથી એ બદીને નિર્મૂળ કરવા ભગીરથ પ્રયત્ન કરવાની જરૂર છે.

આમ અનેક વ્યસનોથી ઘેરાયેલો મજૂર પોતાનો તેમ જ કુટુંબનો વિકાસ ક્યાંથી સાધી શકે? તેમાંથી મજૂરોને છોડાવવા ખંત, સાવધાની અને ધગશની જરૂર છે. મજૂરવર્ગ ધારે તો પોતાના સંગઠન દ્વારા ઘણું કરી શકે. જાગ્રત મજૂરભાઈઓની તે અંગે સવિશેષ ફરજ છે. તેમણે ખોટે માર્ગે ચઢેલાને પ્રેમથી ઢંઢોળીને જગાડવા જોઈએ અને સાચે માર્ગે વાળવા જોઇએ. તે કામ કર્યા વગર ગમેતેટલા પૈસા મળે તોપણ મજૂર ઊંચે આવવાનો નથી. તેથી સૌએ મળી મજૂરોની આસપાસ જ્ઞાન તેમ જ સંસ્કારની સુવાસ ફેલાવવી જોઈએ અને નુકસાનકારી વ્યસનોમાંથી તેમને બચાવવા જોઇએ.

પ્રકરણ ૧૧મું

ત્રિપક્ષે કરવા જેવાં કામો

ધંધાની તાલીમ વિનાના કામદારો પાસે કામ કરાવવાના દિવસો હવે રહ્યા નથી. હવે તો તાલીમ મેળવી સારું અને વધુ ઉત્પાદન કરવાનો સમય આવી પહોંચ્યો છે. તાલીમ પામેલ કારીગર સહેજે વધુ આશા રાખે, કારણ તાલીમ પામેલ કારીગર વધુ અને સારું ઉત્પાદન કરે તેથી માલિકને વધુ લાભ થાય. આમ હોઈ, તાલીમ પામેલા કારીગરને વધુ પગાર આપવો જોઈએ.

ઔદ્યોગિક ક્ષેત્રમાં આગળ વધેલા દેશોમાં રીતસરની કામગીરી પર મૂકતા પહેલાં, મજૂરને જરૂરી તાલીમ આપવાની સરકાર તરફથી કે માલિકો તરફથી વ્યવસ્થા કરવામાં આવે છે. પરિણામે સાંચા પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ કરનાર કારીગર તેની કામગીરીના પ્રકારથી, તેની ગૂંચો તથા વિગતોથી પૂરો જાણકાર હોય છે અને તેનું કામ પણ સારું અને વધુ આવે છે. આને પરિણામે ઉત્પાદન ખર્ચ પણ પ્રમાણમાં ઓછું આવે છે.

આમ હોઈ, ઉદ્યોગના સંચાલકો પોતાનાં કારખાનાંમાં નવા કારીગરો તાલીમ પામેલા જ રાખે એ ઇષ્ટ છે. તાલીમ પામેલા કારીગરો મળી શકે તે માટે દરેક કારખાનામાં એવી વ્યવસ્થા રાખવી જોઈએ કે, ઉદ્યોગમાં જોડાનાર માણસને તેની પસંદગીના કામની તાલીમ મળી શકે. આ વ્યવસ્થા થાય તો પછી કારખાનાંને નવો કારીગર તાલીમ પામેલો જ મળે.

આવી બધી જ બાબતોમાં સરકાર પર આધાર રાખવો એ બરાબર નથી. ઉદ્યોગપતિઓએ પોતે જ કારીગરોને ઔદ્યોગિક તાલીમ આપવાની પહેલ કરવી જોઈએ.

વ્યક્તિગત માલિક કે કારખાનું આવી વ્યવસ્થા ન કરી શકે તો પછી માલિકમંડળે આ કામ ઉપાડી લેવું જોઈએ. પૂરતી વ્યવસ્થા બાદ તાલીમ વગરના કોઈ પણ નવા કારીગરની ઉદ્યોગના કોઈ ખાતામાં ભરતી ન થાય તેમ કરવું જોઈએ. આમ થતાં ઉદ્યોગમાં જોડાવા ઇચ્છતા કામદારોને તાલીમ લેવી પડશે, અને ઉદ્યોગને તાલીમ પામેલા કામદારો મળવાથી તેનું ઉત્પાદન સુધરશે અને વધશે; તથા એકંદરે ઉત્પાદન ખર્ચ પણ ઘટશે.

કામદારોને તાલીમ આપવાની બાબત એટલી મહત્ત્વની અને મોટી છે, કે તે કામ એકલે હાથે મોટા પાયા પર થઈ શકે તેમ નથી. સરકારે પણ કામદારોને ઔદ્યોગિક તાલીમ આપવાની બને તેટલી વધુ વ્યવસ્થા કરવી જોઈએ.

દવાખાનાં તેમ જ બીજી જરૂરિયાતો: મિલોમાં કામ કરતા મજૂરોને ડૉકટરી સારવાર મળે તેવી વ્યવસ્થા કરવી એ દરેક મિલમાલિકની પવિત્ર ફરજ છે. પણ કાયદાને લીધે એક ઓરડીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે ચાર બાંકડા, એકાદ બે ખુરશીઓ, થોડાક બાટલા રાખવાના ઘોડા, થોડાંક તબીબી ઓજારો અને કેટલીક દવાઓના બાટલાઓ રાખવા અને ડૉકટરી ડિગ્રી પામેલી એક વ્યક્તિ રોકવી, એમાં નથી ફરજ બજાવાતી કે નથી ફરજની પવિત્રતા જળવાતી. પણ મજૂરોનું આરોગ્ય જળવાઈ રહે તે માટે માનવતાના નામે પૂરતી વ્યવસ્થા કરવી એમાં જ ફરજ બજાવ્યાનો સંતોષ રહેલો છે; અને ફરજની પવિત્રતા પણ સમાયેલી છે.

વળી મિલોનાં દવાખાનાંમાં નોકરી કરતા ડૉકટરો એક કરતાં વધુ મિલો વચ્ચે દોડાદોડી કરતા હોય છે. તે ઉપરાંત પોતાના ખાનગી દવાખાનાં પણ સવાર સાંજ સંભાળતા હોય છે. તે સાથે સાથે એવું પણ બને છે કે, આ ડૉકટરોની નિમણૂક તેમના અનુભવ અને આવડત પર થવાને બદલે સગપણ કે ઓળખાણ–પિછાન કે લાગવગને લઈને થતી હોય છે. આ બધી બાબતો એવી છે કે, જે ઉદ્દેશથી મિલમાં ડૉકટર રાખવામાં આવતા હોય છે તે ઉદ્દેશનું મૂળમાંથી જ ખૂન થાય છે. આમાં નથી ડૉકટર મન દઈને દરદીની સારવાર કરી શકતા કે નથી પોતાના ધંધાની ફરજને અદા કરી શકતા. સાચું પુછાવો તો ડૉકટરનું બીજું નામ જીવંત સેવામૂર્તિ હોવું જોઈએ. પણ અહીં ડૉકટરનું બીજું નામ જીવંત ધનમૂર્તિ બની રહે છે. આ બાબત પર મિલસત્તાવાળાઓએ અને સરકારે પણ ગંભીર વિચારણા કરવી જોઈએ અને દરદીને ગમે તે પળે અદ્યતન ડૉકટરી સારવાર મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. સાથે સાથે ડૉકટરોએ પણ પોતાના ધંધાની પવિત્રતા અને ગૌરવ વધારવાં જોઈએ. તેમણે દરદી સાથે સહાનુભૂતિભર્યું વર્તન રાખવા સાથે દરદીને કેમ રીતે અને તેટલો જલદી આરામ થાય તેવી નેમ રાખવી જોઈએ.

આ ઉપરાંત અગાઉ જણાવેલી બાબતોમાંથી વધુ સગવડો માલિકો મજૂરોને આપશે તો સરવાળે ઉદ્યોગને જ ફાયદો થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી સરકારે પણ વધારે જાગ્રત બની કેટલાંક અગત્યનાં કામો હાથમાં લેવા જેવાં છે. દરેક જગાએ સૌથી પહેલો પ્રશ્ન બેકારી અંગેનો છે. કાપડનો જથ્થો ભરાઈ જવાને કારણે મિલો બંધ પડી, પણ સરકારે લીધેલાં જથ્થાના નિકાલનાં ત્વરિત પગલાંથી કેટલીક મિલો ચાલુ થઈ. વળી ફરી રૂની તંગીને કારણે મિલો બંધ થવા લાગી. અત્યારે આ કેન્દ્રમાં ૬ મિલો સાવ બંધ છે; અને ૩–૪ મિલો એવી છે કે, જે બંધ થવા અંગે કાયમની નોટિસ મૂકી બેકારીની તલવાર મજૂરોના શિરે લટકાવી રહી છે. મિલો બંધ થતાં ૨૯,૦૦૦ મજૂરો બેકાર બન્યા હતા અને આજે પણ ૧૦ થી ૧૧ હજાર જેટલા મજૂરો બેકાર છે.

આ બધા બેકાર મજૂરોને પાછા ઉદ્યોગમાં કામ પર લેવા માટે સરકારે ભરતીખાતાની યોજના કરી અને અમદાવાદમાં ભરતી ખાતું ખોલ્યું. આથી કેટલીક રાહત મળી છે એ ખરું, પણ તેથી જોઈએ તેટલી રાહત મળી નથી. મિલમાલિક મંડળ અને મજૂર મહાજન સંઘ વચ્ચે ઐચ્છિક સમજૂતીથી આ યોજના અમલમાં આવી છે, પણ કાયદો થયો છે ખરો? હવે એ વખત આવી પહોંચ્યો છે જ્યારે સરકારે આ યોજનાને કાયદાનું સ્વરૂપ આપવું જોઈએ. બીજું કેટલીક મિલો બુઢાપો, ખરાબ સાંચા, ગેરવહીવટ, અણઆવડત વગેરે કારણોને લઈને બંધ થઈ છે. કોઈક ફડચામાં પણ ગઈ છે. હાલ દેશને કાપડના વધુને વધુ ઉત્પાદનની જરૂર છે. દેશનું અર્થતંત્ર પગભર કરવા માટે પરદેશમાં ખૂબ અને સારું કાપડ મોકલવું જરૂરી છે. ત્યારે મિલો આમ બંધ રાખવી એ દેશના હિત વિરુદ્ધની વાત છે. તેથી આવી બંધ પડેલી મિલો અંગે તપાસ કરાવવી જોઈએ અને જે ચાલે તેમ હોય તેને ચલાવવા માટે તાકીદે અસરકારક પગલાં લેવાં જોઈએ.

હજારો મજૂરો બેકાર બનેલા હોય ત્યારે એકાએક કોઈ વ્યવસ્થા ન થઈ શકે એ સમજી શકાય તેમ છે. અમદાવાદના મજૂરોને ગાંધીજી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની દોરવણી મળેલી છે એટલે તેઓ માનતા આવ્યા છે કે, બેકારી હોય ત્યારે મફતનું દાન લેવાય નહીં, પણ કંઈક કામ કરવું જ જોઈએ. અત્યારના સંજોગોમાં બેકાર મજૂરો પોતાની મેળે ધંધો શોધી કાઢે અને તેમને કામ મળે એ મુશ્કેલ બાબત છે. તેથી તેઓ સરકાર પાસે આ દિશામાં મદદની આશા રાખે છે. દુકાળ સમયે જેમ સરકાર રાહત કાર્ય ખોલે છે અને લોકોને શ્રમ તથા રોજી આપે છે તેમ આવી બેકારીના સમયમાં મજૂરને કામ તથા રોજી મળે તે માટે સરકારે બીજા ધંધા શીખવવાની વ્યવસ્થા કરવી જોઈએ. એકલા અમદાવાદમાં કે અન્ય ઔદ્યોગિક કેન્દ્રોમાં જ નહીં, પણ જ્યાં જ્યાં માનવીઓ મજૂરી કરી ગુજરાન ચલાવતા હોય ત્યાં બધેય ગામડાંઓ-માં પણ, સરકારે મજૂરી કરનારને યોગ્ય કામ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ.

આ ઉપરાંત સરકારે મજૂરભાઇઓને સહાયક ઉદ્યોગ શીખ વવા માટે અમદાવાદમાં કલાભવનની સ્થાપના કરી છે તેજ પ્રમાણે મજૂરબહેનો માટે પણ વ્યવસ્થા કરવાની જરૂર છે. બહેનોને પણ અવારનવાર બેકાર બનવાના પ્રસંગ આવે છે. ચાલુ કામગીરી તૂટી જવાના પ્રસંગો પણ બને છે. તે પ્રસંગે તેમની પાસે કોઈ સહાયક ધંધો હોય તો તેઓ તેમાંથી ઘેર બેઠાં રોજી મેળવી શકે. તેમને માટે સહાયક ધંધા જેવા કે ભરત, ગૂંથણ, સીવણ વગેરેની તાલીમ આપ-વાની વ્યવસ્થા કલાભવનમાં થાય એ જરૂરી છે.

મજૂર પ્રવૃત્તિ અંગે મજૂર મહાજનોએ હવે વધુ ધ્યાન વ્યક્તિ પર કેન્દ્રિત કરવાની જરૂર છે. કારણ કે દુનિયા સમક્ષના ઘણા પ્રશ્નોનો ઉકેલ તેમાં જ રહેલો છે.

જગતનાં બધાં દુઃખો દૂર કરવાં હોય, આપદાઓ—અશાંતિઓનો નાશ કરવો હોય તો માણસની વૃત્તિઓ સુધારવી જોઈએ. તેને ઉચ્ચ કરવી જોઇએ. કારણ કે ખરાબ વૃત્તિઓને પરિણામે જ વેર-ઝેર, અંધાધૂંધી અને દુઃખો પેદા થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી શાંતિ અને વિકાસનો મૂળભૂત ઉપાય એ વ્યક્તિ સુધારણા છે. આ કામ મુશ્કેલ છે, લાંબું છે, પણ તેથી અચકાવાનું નથી. કારણ કે એ જ સાચું કામ છે.

આની શરૂઆત બીજેથી કરવાની નથી. મજૂર મહાજનના કાર્યકરોએ પોતાનાથી જ એની શરૂઆત કરવી ઘટે. તેઓ પોતાની જાત તપાસી જે જે બાબતમાં પાછળ હોય તે તે સુધારવા તેમણે મથવું જોઈએ. પોતે સુધરશે, સારા અને પ્રમાણિક બનશે તો તેની અસર કુટુંબીઓ પર, સમાજ પર અને આસપાસના મજૂરજગત પર પડવાની જ. એક મણ વાતો કરતાં અધોળ આચરણની કિંમત અમૂલ્ય છે. માટે પ્રથમ પોતાની જાત અને પોતાનું કામ સુધારવા પાછળ દરેકે મંડી પડવું જોઇએ. સાચા દિલના એ પ્રયાસોમાં મજૂર સંસ્થા, મજૂર સમાજ અને સમગ્ર સમાજ એ સૌનું હિત રહેલું છે.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ

પુસ્તકોની યાદી

૧. Industrial and Social Security — Abhyankar
૨. Planning For Labour — Acharya
૩. Labour Problems in India — Agrawal
૪. Labour in Indian Industries — Bronjhton
૫. Industrial Evolution in India — Chaudhari
૬. Industry and Human Welfare — Chenery
૭. Factory Labour in India — Das
૮. Labour Movement in India — Das
૯. Labour and Housing in India — Gupta
૧૦. Human Welfare and Industrial Efficiency — Herbenshow & Winterbourn
૧૧. Welfare Work in Mill Villages — Herring Herriet
૧૨. Welfare Work in Industry — Kelly
૧૩. Revolt Against Machine — Jacks
૧૪. Man and Machine — Chase
૧૫. International Labour Organization
૧૬. The Women Worker and The Law
૧૭. The Bombay Factories Rules 1950
૧૮. Industrial Welfare
૧૯. 1946 Report on an enquiry into conditions of Labour in the Cotton Mill Industry in India — Deshpande

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦. એક ધર્મયુદ્ધ — મહાદેવ દેસાઈ
૨૧. 'મજૂર સંદેશ'ની ફાઈલો
૨૨. મજૂર મહાજનના વાર્ષિક રિપોર્ટો (અમદાવાદ)
૨૩. મિલમાલિક મંડળના ,, ,, (અમદાવાદ)
૨૪. Report of the Royal Commission on labour in India — Whiteley
૨૫. Indian Year Books & Who's Who

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મહાદેવભાઈ સ્મારકમાળાનાં બીજાં પ્રકાશનો

ગાંધીજી—એક અધ્યયન

શાંતિલાલ મગનલાલ દેસાઈ

ગાંધીજીના જીવનનાં વિવિધ પાસાંઓની તલસ્પર્શી છણાવટ કરતો મહાનિબંધ, શ્રી મગનભાઈ દેસાઈની પ્રસ્તાવના સાથે.

કિં. રૂ. ૪–૦–૦ ટપાલરવાનગી ૦–૧૦–૦

ગુજરાતનું ગોધન

કમલાપતિ અંબાલાલ શુક્લ

ગુજરાતનાં છ પશુઉછેર ક્ષેત્રોની આ નિબંધમાં તપાસ કરીને ગોઉછેરનો પ્રશ્ન વિચાર્યો છે. સાથે ઉપયોગી કોઠાઓ અને માહિતી જોડ્યાં છે.

કિં. રૂ. ૧–૪–૦ ટપાલરવાનગી ૦–૫–૦

બીજાં પ્રકાશનો

સત્યાગ્રહની મીમાંસા

(સુધારેલી વધારેલી બીજી આવૃત્તિ)

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

સત્યાગ્રહના મૂળ સિદ્ધાંતોની સમજ, સમાજવાદ, સામ્યવાદ વગેરે બીજા સામાજિક સિદ્ધાંતોની દૃષ્ટિએ તેનું પરીક્ષણ, તેની પાછળ રહેલી સામાજિક ફિલસૂફી વગેરે બાબતોની શાસ્ત્રીય રીતે ચર્ચા કરતું પુસ્તક, શ્રી કાકાસાહેબ કાલેલકરની પ્રસ્તાવના સાથે.

કિં. રૂ. ૩–૦–૦ ટપાલરવાનગી ૦–૯–૦

ગ્રામવિદ્યાપીઠ

આર્થર ઈ૦ મૉર્ગન

અનુ૦ **ગોપાળદાસ પટેલ** અને **મુકુલભાઈ કલાર્થી**

આમાંથી આપણા રાષ્ટ્રમાં ગ્રામવિદ્યાપીઠની કેટલી આવશ્યકતા છે, તે કેમ યોજી શકાય, તે વિષે મહત્ત્વનાં સૂચનો અને માર્ગદર્શન મળશે, શ્રી નાનાભાઈ ભટ્ટની પ્રસ્તાવના સાથે.

કિં. રૂ. ૧–૧૨–૦ ટપાલરવાનગી ૦–૫–૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય,
અમદાવાદ–૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar